પુષ્ટિમાર્ગમાં
ભાવનાત્મક શૃંગાર

અહમ્
શૃંગારાસ્મિ

નવોઢાના શૃંગારનું
કલા-વિધાન

શૃંગાર વિમર્શ
વાર્ષિક વિશેષાંક

૩૧ જુલાઈ, ૨૦૨૧ abhiyaanmagazine.com ₹૫૦-૦૦

અભિયાન

The Secrets of Beauty Reloaded

JIDEN®

FOR THE FIRST TIME IN INDIA
combination like never seen before

JIDEN
FACE WASH
RED WINE
VITAMIN B3
PAPAYA
JOJOBA OIL
Anti-Aging
Youthful, Bright & Blemish Free Skin
100ml/3.38Oz

Flush away impurities and keep your glow smiling!

Facewash
FOR ALL SKIN TYPES
from oily to normal skin

visit our WEBSITE

@jideninc
follow & like us on

Jiden brings to you a wide range of skin care products,
with a promise to give you the best that you can TRUST for years.
for inquiry write to us on info@jideninc.com

available at amazon

VISIT…

Since 1929

SKTC

પાંચતારા® — અને — ફાઈવસ્ટાર®

ફરાળ વડે જ વ્રત ફળે

only books magazine

500 g

200 g

કુદરતી પાચક રેષાને કારણે લાંબા સમય સુધી ભૂખ સંતોષાય છે.

પોલીશ ચોખાની અવેજીમાં ઉત્તમ છે.

કુદરતી મિનરલ્સ તથા વિટામીન યુકત છે.

ડાયાબિટીસના દર્દી પણ ચોખાની અવેજીમાં વાપરી શકે છે.

પાંચતારા® મોરૈયો ભગર - MORAIYO Net Weight: 500g નેટ વજન: ૫૦૦ ગ્રામ સાંકળચંદ કરસનદાસ ટ્રેડીંગ કું. નવા માધુપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૪ SKTC

SKTC ફાઈવસ્ટાર® સાંકળચંદ કરસનદાસ ટ્રેડીંગ કું. વરાઈ ભગર મોરૈયો BHAGAR PKD BY SANKALCHAND KARASANDAS TRADING CO. 1437, NAVA MADHUPURA, AMDAVAD - 380004

મોરૈયામાંથી બનતી ફરાળી વાનગીઓ

ઇડલી, ખીર, ખીચડી, ઉપમા, કઢી, સારેવડા, ઢોકળા તથા અન્ય વાનગીઓ

મોરૈયાના ઢોકળા

THE GROUND REALITIES

અમારી અન્ય ફરાળી શ્રેણી ★ રાજગરાનો લોટ ★ સાબુદાણા ★ શિંગોડાનો લોટ ★ સીંધવ પાવડર ★ મખાણા

90 YEARS 90 Years of Experience, Trust & Purity

૩૧ જુલાઈ, ૨૦૨૧ abhiyaanmagazine.com ₹ ૫૦-૦૦

અભિયાન

વાર્ષિક વિશેષાંક

શૃંગાર વિમર્શ

- શ્રીકૃષ્ણનો રાસ-રસ શૃંગાર • પુષ્ટિમાર્ગમાં ભાવનાત્મક શૃંગાર
- જૈન તીર્થંકરોનો આંગી શૃંગાર • અહમ્ શૃંગારાસ્મિ • અનુપમ અમરુશતક
- નવોઢાના શૃંગારનું કલા-વિધાન

• ભૂપત વડોદરિયા • ડો. ગૌતમ પટેલ • જયેશ શાહ • ગૌરાંગ અમીન
• નિસર્ગ આહીર • હર્ષદ ત્રિવેદી • રોહિત શાહ • પ્રિયંકા જોષી
• લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી

RAJANI®
GROUP
Since : 1975

हर ऋतु में रंग लाए ,
RAJANI AGARBATTI

only books magazine

+91-98256 07989
www.rajanigroup.in

Shop Now On
amazon Flipkart

Follow Us

Energetic
Pure and Hygienic

રસોઈમાં લાવે જાન, શુદ્ધતાની એ જ પહેચાન!

આજના સમયમાં દરેક ગૃહિણીના હૈયે પરિવારના સ્વાસ્થ્યની ચિંતા છે.

એટલે જ આપના રસોડામાં ઉમેરો એનર્જેટિક ચક્કી ફ્રેશ આટા – જે આપને આપે સર્વશ્રેષ્ઠ અનાજ અને અત્યાધુનિક, સંપર્કરહિત પ્રોસેસિંગથી શ્રેષ્ઠતાની ખાતરી!

કેમ કે લોટમાં જ્યારે સંપૂર્ણ શુદ્ધતા મળે, ત્યારે જ એમાં સ્વાદ અને સ્વાસ્થ્યનો વિશ્વાસ ભળે.

only books magazine

oneadvt.com

: 6359105353 / 6359205353 | : www.mishkatagro.com | : mishkat@mishkatagro.com

તમારા માટે, તમારી સાથે, સતત...

અભિયાન

૩૧ જુલાઈ **૨૦૨૧**
વર્ષ: ૩૭ અંક: ૦૬ સળંગ અંક: ૧૮૪૨

પથદર્શક: સ્વ. ભૂપત વડોદરિયા

તંત્રી : તરુણ દત્તાણી
(પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર)

કોપી એડિટર : હેતલ ભટ્ટ
મુંબઈ : લતિકા સુમન
અમદાવાદ : હેતલ રાવ
ભુજ : સુચિતા બોઘાણી કનર

રજિસ્ટર્ડ ઓફિસ : સમભાવ હાઉસ,
ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭
ફેક્સ : ૨૬૮૭ ૩૯૨૨

મુંબઈ કાર્યાલય : સમભાવ મીડિયા લિમિટેડ,
૭૧૪, એ વિંગ, ક્રિસ્ટલ પ્લાઝા, ઈનફિનિટી મોલ સામે,
ન્યુ લીંક રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૩

વાચકોના પ્રતિભાવ :
abhiyaan@sambhaav.com

વેબસાઈટ :
www.abhiyaanmagazine.com

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૧૨૭૫/-
Foreign Subscription : Rs. 6375 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં** ઈસ્યુ તારીખ પ્રમાણે મોકલવામાં આવે છે.

સર્કયુલેશન :
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૭૮૬૬૯
circulation@sambhaav.com

Marketing
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે
સમભાવ મીડિયા લિમિટેડ વતી હાઇસ્કેન પ્રા.લિ.,
હાઇસ્કેન એસ્ટેટ, સરખેજ-બાવળા હાઇવે, ચાંગોદર,
અમદાવાદ-૩૮૨ ૨૧૩, ખાતે છાપ્યું અને અભિયાન હાઉસ,
૪ એ/બી, ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - ૬૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

સમભાવ ગ્રૂપ

અનુક્રમ

012	**સંપાદકીય**	
014	**જીવનરસ અને શૃંગારરસથી રસતરબોળ માલવપતિ મુંજ...**	ભૂપત વડોદરિયા
020	**શ્રીકૃષ્ણનો શૃંગારરસ**	ડો. ગૌતમ પટેલ
026	**પુષ્ટિમાર્ગમાં ભાવનાત્મક શૃંગાર**	ડો. જયેશ શાહ
034	**પ્રતિમાને કરવામાં આવતો આંગીનો શૃંગાર**	રોહિત શાહ
042	**અહમ્ શૃંગારાસ્મિ**	ગૌરાંગ અમીન
050	**શૃંગારરસનું બારમાસી ચોમાસું એટલે 'અમરુશતક'**	નિસર્ગ આહીર
060	**શૃંગાર : સાહિત્ય, સિનેમા અને પોર્નો સુધીની સફર**	સ્પર્શ હાર્દિક
066	**નવોઢાના શૃંગારનું કલા-વિધાન**	લતિકા સુમન
071	**ગુજરાતી કવિતામાં શૃંગાર**	હર્ષદ ત્રિવેદી
080	**ભારતીય શાસ્ત્રીય નૃત્યમાં વસ્ત્ર પરિધાન તથા શૃંગાર...**	પ્રિયંકા જોષી
088	**હૃદયસ્પર્શી અને અર્થપૂર્ણ સર્વ શ્રેષ્ઠ રસ :**	લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી
098	**શૃંગારનું સાચું રહસ્ય તો આયુર્વેદમાં છે...**	કાશ્યપી મહા
102	**છલકે છે રૂપ ઓ સુંદરી!**	મુકેશ ઠક્કર
104	**સૌંદર્યની સભાનતા ક્યારે પ્રગટી?**	દેવલ જોષી
108	**શૃંગારરસની સર્વોચ્ચ અનુભૂતિ શૃંગારશતક**	પરીક્ષિત જોશી
111	**દરેકને રૂપાળા, સૌંદર્યવાન, આકર્ષક ગણવાની નવી ફેશન**	વિનોદ પંડ્યા
116	**શૃંગારરસના ઘૂંટડે ઘૂંટડે પરમ ઉત્કાંતિ પામતી...**	અભિમન્યુ મોદી
119	**વાંકી રે પાઘલડીનું ફૂમતું રે...!**	કાલિન્દી પરીખ
122	**કાગળ પર ફરતી પેન્સિલ દ્વારા સર્જાતું ચિત્ર**	સુચિતા બોઘાણી કનર
125	**અખંડ સૌભાગ્યવતી મહિલાના સોળ શૃંગાર**	
126	**'ચાંલ્લા' સાચા શૃંગારની ઓળખ**	હેતલ રાવ
128	**આંતરિક સૌંદર્ય અને બાહ્ય સૌંદર્ય બંને પરસ્પર સંકળાયેલાં છે**	હેતલ ભટ્ટ
130	**અંતિમ સંસ્કાર પહેલાંના અંતિમ શૃંગારની પરંપરા**	
132	**પુરુષ શૃંગાર**	

પ્રૂફ રીડિંગ : દેવેન્દ્ર મારૂ

www.natrajonline.com

NATRAJ
Gharelu Aatachakki

ભારતની સૌથી વધુ વેચાતી
NO.1 ઘરઘંટી
9,50,000 સંતુષ્ટ પરિવાર

બહાર લોટ દળાવવા જવું કદાચ અઘરું લાગે પણ નટરાજ ઘરઘંટીમાં લોટ દળવો એકદમ ઈઝી છે

નટરાજ વેક્યૂ ક્લીન ઘરઘંટી વપરાશમાં સરળ છે અને સાફ કરવામાં મિક્સર ગ્રાઇન્ડર કરતાં પણ સહેલી છે.

- તાજો લોટ, ફાઇબરયુક્ત અને પોષક તત્વો જેવા કે વિટામિન્સ, પ્રોટીન્સ અને કાર્બોહાઇડ્રેટ્સથી ભરપુર
- ભીડમાં ઊભા રહી લોટ દળાવવાની ઝંઝટથી છુટકારો

પાવરફુલ ઇનબિલ્ટ વેક્યૂ ક્લીન સાથે

કોલ્ડ ફોર્જ્ડ ગ્રાઇન્ડીંગ કટર/ લોખંડના કણો રહિત ગ્રાઇન્ડીંગ

4.5/5.25/6.5 Kg હોપર-કન્ટેનર કેપેસિટી

નટરાજમાં દળેલો લોટ સ્વાસ્થ્ય અને ઈમ્યૂનિટી માટે સર્વશ્રેષ્ઠ

Manufacturer:
SCORPIO ENTERPRISE Ahmedabad, Gujarat, INDIA.

અમદાવાદ: 9824045999 • ઉત્તર ગુજરાત: 9824752405 • વડોદરા: 9824752427, 9824752421
• ખેડા-આણંદ: 9824752428 • સુરત: 9737911911, 9824752408 • રાજકોટ-ભાવનગર-ભુજ: 9827740498

દરેક પ્રતિષ્ઠિત ડીલર્સને ત્યાં ઉપલબ્ધ - વધુ જાણકારી માટે: 9824752401, 7359663847, 7359663185 • 079-22149788

માણસને આપવાનું પણ ગમે છે

કોઈ માણસ જૂના સિક્કાઓ અને જૂની ટિકિટોના સંગ્રહ માટે ગૌરવ અનુભવે છે. કોઈ માણસ નવાં સગવડ-સાધનોના પોતાના સંગ્રહનું ગર્વભેર પ્રદર્શન કરે છે, પણ કોઈ માણસ પોતાના જૂના સંબંધોની મૂડી તરફ ધ્યાન દોરે કે ન દોરે, પણ એ ઊંડીને તમારી આંખે વળગે છે. વર્ષો જૂનો નોકર, માળી કે ડ્રાઇવર અગર વર્ષો જૂના રહેઠાણનું એનું નહીં બદલાયેલું સરનામું તમારું ધ્યાન ખેંચે છે. અત્યારે દુનિયા ચાર પગે દોડી રહી છે. લોકો તકવાદી અને તકલાદી સંબંધોની સતત બદલાતી ભાત વચ્ચે આગળને આગળ નીકળી ગયાનો સંતોષ લે છે, ત્યારે કેટલાક માણસો સાદા રોજિંદા સંબંધોમાં પણ અંગત વફાદારીની પાકી ગાંઠ બાંધી દેતા જોવા મળે છે.

માણસ માણસ વચ્ચે આપ-લે તો નિરંતર ચાલતી જ રહેતી હોય છે - આ વહેવાર તો નાનામાં નાનો માણસ નિભાવતો હોય છે. તમે પૈસા લઈને બીજા કોઈને તમારી સેવા કે માલ આપતા હો છો અને તમે પૈસા દઈને બીજાની સેવા કે માલ ખરીદતા હો છો, પણ આ વહેવાર આખરે બે માણસ વચ્ચેનો છે અને માણસો ગમે તેટલા પાકા, કાબેલ અને વહેવાર-ડાહ્યા હોય તો પણ પોતાના વહેવાર-વિનિમયમાં જાણ્યે-અજાણ્યે દિલના ધડકાર ઉમેર્યા વિના રહી શકતા નથી. હમણા એક સદ્‌ગૃહસ્થે ફરિયાદ કરી. એમણે કહ્યું કે, અમારો કરિયાણાવાળો અમારા બિલની ચુકવણીમાં અઠવાડિયાનો વિલંબ થાય તો કચકચ કરવાનો, પણ એ માણસ વિચિત્ર ખોપરીનો છે, પણ તેણે એક વાર અમુક માણસની નોકરી તૂટી ગઈ ત્યારે છ મહિના તેને કરિયાણું ઉધાર આપ્યું હતું! હવે આ વેપારી વિચિત્ર ખોપરીનો જ હશે તેવું માનવાની જરૂર નથી. પેલા માણસે તેની સાથે એક સંબંધ બાંધ્યો હશે.

સ્વાર્થના આટાપાટા વચ્ચે આપણે એવું માની બેઠા છીએ કે માણસોને બીજા પાસેથી લેવું જ ગમે છે - આ વાત ખોટી છે. માણસોને લેવું જરૂર ગમતું હશે, પણ તેમને આપવાનું પણ ગમતું હોય છે અને દિલ થાય ત્યારે તમને આપવાનું તેને મન થાય તેટલી તમારી યોગ્યતા એના મનમાં વસે તો તે આપતી વખતે પહેલાં તમને યાદ કરશે. શેઠ ભામાશા રાણા પ્રતાપને શોધે અને મદદ કરવા દોડે તેમાં શું છે? માત્ર ભામાશાની દેશભક્તિ? દેશભક્તિ તો હશે જ, પણ ભામાશા રાણા પ્રતાપના ચેતક ઉપર લાખો રૂપિયાની બાજી લગાવે ત્યારે રાણા પ્રતાપમાં એવું કંઈક હશે જે એ માણસને લોહચુંબકની જેમ ખેંચતું હશે. માનવસંબંધોના જતનની એક જ કળા આમાં બોલતી હોય છે, એ કળા મહાત્મા ગાંધીએ આત્મસાત્ કરી હતી, એટલે અંગ્રેજો તેમના રાષ્ટ્રીય ધોરણે દુશ્મન, પણ વ્યક્તિગત ધોરણે મિત્ર હતા. એટલે જ જવાહરલાલ નહેરુ જેવા પ્રતિભાસંપન્ન આધુનિક પુરુષ, રાજેન્દ્રપ્રસાદ જેવા જુનવાણી ખ્યાલના લોકસેવક, રાજાજી જેવા ચતુર મુત્સદ્દી અને વલ્લભભાઈ પટેલ જેવા પરમ વાસ્તવવાદી તેમની તહેનાતમાં રહેતા હતા.

મથાઈએ ભલે નહેરુ વિશે ગમે તેવી કિતાબ લખી નાખી, પણ નહેરુના વસિયતનામામાં મથાઈનો પણ આપ્તજન તરીકે ઉલ્લેખ છે અને નોકર હરિનો પણ ઉલ્લેખ છે. માનવસંબંધોમાં કેટલીક વાર એવું બને છે કે માણસો અધિક પ્રેમની મીઠી ગૂંગળામણ અનુભવીને એવો પ્રેમ આપનારના હાથે બચકું ભરી લેતા હોય છે! એવું બતાવવા કે લાગણીની બાબતમાં અમે અમુકતમુકના સાવ ઓશિયાળા કે કહ્યાગરા નથી! પણ તેથી સંબંધની તાકાતમાં કાંઈ ફરક પડતો નથી. રફી અહમદ કીડવાઈ નહેરુને પેટ ભરીને ગાળો દે, પણ તે થાકીને પછી સાંજે તેમની જ ચા પીવા જાય અને રિસાયેલા બાળકની જેમ નહેરુનાં જ મનામણા શોધે!

તમે એવા ડ્રાઇવરો કે માળીઓ કે ઘર-નોકર જરૂર જોયા હશે જેમણે પોતાના માલિકનો પડછાયો બની રહેવામાં ધન્યતા અનુભવી હોય. સત્તાધીશ મટીને એક માણસ બેકાર રાજપુરુષ બની જાય. સરકારી હોદ્દો છોડીને અધિકારી સામાન્ય નાગરિક બની જાય ત્યારેય ઘર-નોકર તેની સાથે જ ચાલી નીકળવામાં પોતાનો ધર્મ નિહાળે, ત્યારે માનવું જ પડે કે પેલા માણસે એક પ્રેમનો અધિકાર ઊભો કર્યો હશે. ઠોઠમાં ઠોઠ માણસો પણ ઊંચા-નીચા થઈ શકતા હોય છે અને ક્યાંય બે પૈસા વધુ ઉપજાવી શકતા હોય છે. ગાંધીજીને પડતા મૂકીને મહાદેવ દેસાઈ ક્યાંક વધુ સારી કારકિર્દી જરૂર કંડારી શક્યા હોત. ત્રીસ વર્ષ સુધી એક જ શેઠની મુનીમગીરી કરનારો માણસ બીજે ક્યાંય વધુ દામ અને વધુ ઊંચું સ્થાન મેળવી શકતો હોવા છતાં તેમ કરતો નથી, કેમ કે તેણે નોકરી ઉપરાંત પેલા શેઠ સાથે એક સંબંધ બાંધ્યો હોય છે. નોકરી તોડવી સહેલી હોય છે, પણ સંબંધ તોડવાનું મુશ્કેલ બની રહેતું હોય છે.

સુજ્ઞ વાચકમિત્રો...

(લેખકના પુસ્તકમાંથી)

RAJANI®
GROUP
Since : 1975

वायरस हो या कीटाणु
में करू सफाया चुटकिओ में!

+91-98256 07989
www.rajanigroup.in

Shop Now On
amazon Flipkart

Follow Us

સંપાદકીય

ભાવ-શૃંગાર જીવનનું સૌંદર્ય પ્રગટાવે છે

'અભિયાન'ના વાર્ષિક વિશેષાંક માટે 'શૃંગાર'ને વિષય રૂપે નક્કી કર્યા પછી તેને માત્ર બાહ્ય ટાપટીપની રીતે મૂલવવાને બદલે તેને વ્યાપક અર્થમાં સમજવા અને તેના અનેકવિધ આયામોને આવરી લેવાનો ઉપક્રમ વિચાર્યો ત્યારે શૃંગારનો ભાવાર્થ અને તેની અર્થછાયાનો વિસ્તાર હરિ અનંત હરિકથા અનંતા જેવો જણાયો. શૃંગારના રસતત્ત્વને સમજવા અને વર્ણવવાના કેટકેટલા પ્રયાસો વિદ્વજ્જનોએ કર્યા છે અને છતાં આ વિષય એટલો જ ગૂઢ, રહસ્યમય અને અવિરત ઉત્સુકતા અને કૌતુકને જન્માવનારો બની રહ્યો છે. શૃંગાર એ માત્ર બાહ્ય સજાવટ નહીં, પણ જીવનનો સર્વોત્તમ રસ છે એવું કહેવામાં આવે ત્યારે વાત તાત્ત્વિક કક્ષાએ પહોંચી જાય છે.

શૃંગારનું શાસ્ત્ર અને તત્ત્વ-વિજ્ઞાન અજોડ છે. ભર્તૃહરિ અને અમરુ જેવા કવિઓ તેની મીમાંસા કરે અને કાલિદાસ જેવા મહાકવિઓના શૃંગાર-નિરૂપણને વાંચ્યા પછી પણ શૃંગાર વિશે ગુજરાતી સહિત ભારતની તમામ ભાષાઓના સર્જકોની કલમ શૃંગારના નવા આયામો પ્રગટ કરતી રહે છે. માનવ જીવનના અસ્તિત્વ સુધી આ પ્રક્રિયા યથાવત્ રહેવાની છે. કેમ કે આપણે શૃંગારરસથી અલિપ્ત થઈ શકવાના નથી. સૃષ્ટિના અસ્તિત્વની જવાદોરી તેમાં રહેલી છે. શૃંગારરસમાં આપણા ભૂત-ભવિષ્ય અને વર્તમાન છે.

શૃંગારને જરા જુદા પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો શૃંગારનું કોઈ એક પાસું આપણા વૈવિધ્યપૂર્ણ માનવ-જીવનની ઓળખ સ્પષ્ટ કરે છે. શૃંગારનું કોઈ એક સર્વસામાન્ય લક્ષણ વ્યક્તિ કે સમુદાયની 'આઇડેન્ટિટી' નક્કી કરી આપે છે. કપાળે તિલકની પરંપરા વિવિધ ધર્મ-સંપ્રદાયની ઓળખ પણ છે. પાઘડી-ટોપી જેવાં શિરછત્ર પણ પ્રાદેશિક અથવા જનસમુદાયની આગવી ઓળખ બની રહ્યા છે. એ બધા તેમના કાયમી શૃંગાર હોય છે. વિવિધ પ્રદેશોમાં સાડી પહેરવાની રીત સહિતના વસ્ત્ર પરિધાન તેની ઓળખ આપનારા પણ છે. વિવિધ નૃત્ય શૈલીના પોશાક અને શૃંગાર ભિન્ન હોય છે અને નૃત્ય શૈલીની આગવી ઓળખ આપનારા છે. પ્રત્યેક દેવી-દેવતાના શૃંગાર પણ અલગ છે. રંગોળી આપણા ઘર-આંગણાનો શણગાર છે. ગામડાંઓમાં માટીનાં ઘરો હતાં ત્યારે દીવાલો ચિત્રોથી સુશોભિત કરવામાં આવતી. આજે પણ ઘણા સ્થળે પાકા મકાનની દીવાલોમાં આવાં ચિત્રો જોવા મળે છે. એ આપણા ઘરનો શૃંગાર છે.

શૃંગારની કોઈ ને કોઈ શૈલીને આપણે જીવનમાં અપનાવતા રહ્યા છીએ. આ પ્રકારનો શૃંગાર આપણા બાહ્ય આચરણ અને ઓળખની સાથોસાથ આપણા અંતર-તત્ત્વનો પરિચાયક પણ બની શકે. એવું થાય ત્યારે શૃંગાર સંસ્કારનું રૂપ ધારણ કરે છે. શૃંગાર આપણી વર્તણૂકનો હિસ્સો પણ બની શકે. કોઈનું મધુર સ્મિત તેના ચહેરાનો પોતીકો શૃંગાર હોઈ શકે છે. એ સ્મિત-શૃંગારની આભા અનોખી હોય છે. એવી જ રીતે કોઈના સૌમ્ય, ઔદાર્યપૂર્ણ વ્યવહારમાં શૃંગારની સુગંધ અનુભવાય છે. રાજનીતિમાં સામસામી છાવણીમાં બેઠેલા નેતાઓના સમૂહમાં બહુ ઓછી માત્રામાં એકબીજા પ્રત્યે વ્યક્તિગત જીવનમાં પરસ્પર આવો વ્યવહાર કરનારા લોકો નજરે ચઢે છે ત્યારે થાય છે કે આ અલ્પ માત્રામાં રહેલા રાજનીતિજ્ઞોનો આવો વ્યવહાર અને તેમનું આચરણ રાજનીતિનો શૃંગાર છે. રાજનીતિની વિદ્રુપતાને એ ઓછી કરે છે. અત્ર-તત્ર-સર્વત્ર શૃંગાર એટલે જ તો ઇચ્છનીય છે. શૃંગારથી જ જીવન અને સૃષ્ટિ રસમય, આકર્ષક બની રહી છે. આપણી આસપાસ વિલસતી પ્રકૃતિ અને જીવનક્રમને આવી શૃંગાર-દ્રષ્ટિથી નિહાળવાની આદત કેળવવા જેવી છે.

- તરુણ દત્તાણી

editor@sambhaav.com



OBM
Only Book & Magazine
Join Our WhatsApp group For Book & Magazine
હવે મેળવો વૉટ્સએપ ગ્રુપ માં બુક & મેગેઝિન શ્રેષ્ઠ ગુજરાતી,હિન્દી,અંગ્રેજી, પુસ્તકો વાંચવા માટે એક માત્ર વૉટ્સએપ ગ્રુપ
Only Book & Magazine
આ ગ્રુપ માં જોડાવવા માટે
જય હિન્દ લખી ને વૉટ્સએપ મેસેજ કરો
9687042373
Or
CLICK HERE

ISO 22000 CERTIFIED COMPANY

રાજાણી ®

ગ્રૂપ

Since : 1975

કયૂ કી અચ્છી ચાય કી બાત હૈ !

રાજાણી ચાય

+91-98256 07989

www.rajanigroup.in

Shop Now On

amazon Flipkart

Follow Us On

વાર્ષિક વિશેષાંક

જીવનરસ અને શૃંગારરસથી રસતરબોળ

માલવપતિ મુંજ ખુદ ક.મા. મુનશી હતા

only books magazine

યુવાવસ્થાને માનવ જીવનની વસંત માનવામાં આવી છે. આ વાસંતી કાલખંડને અને શૃંગારરસને ગાઢ સંબંધ છે. જોકે શૃંગારરસ યૌવનકાળનો મોહતાજ નથી, પરંતુ યૌવનકાળમાં શૃંગારરસથી દિલ અને દિમાગ, તન-મન અને અંતરતમ રસતરબોળ હોય ત્યારે કઠોર સંયમ-નિયમના તમામ આયાસ-પ્રયાસ વિફળ બને છે અને આવી સ્થિતિમાં કોઈ પ્રતિભાવાન સર્જક તેની આત્મ-પ્રતીતિમાંથી અદ્‌ભુત સાહિત્ય કૃતિનું સર્જન કરે છે. આપણા પ્રથિતયશ સર્જક કનૈયાલાલ મુનશી અને તેમની નવલકથા 'પૃથિવીવલ્લભ' આ બાબતનું ઉત્તમ ઉદાહરણ હોવાનું ભૂપત વડોદરિયાએ સુચારુ રૂપે પ્રતિપાદિત કર્યું છે. જીવનરસ અને શૃંગારરસથી છલકાતો માલવપતિ મુંજ વાસ્તવમાં મુનશી પોતે જ હતા એ મુનશીના આત્મકથ્યની સાક્ષીએ માનવું પડે..! સાહિત્યના વિપર્યાસની રમ્યકથા...



ભૂપત **વડોદરિયા**

સ્વ. કનૈયાલાલ મુનશીની 'પાટણની પ્રભુતા' 'ગુજરાતનો નાથ' અને 'રાજા ધિરાજ'ની લોકપ્રિયતા એક સમયે અપ્રતિમ હતી. એ નવલકથાઓમાં નવલકથાકાર મુનશીની પ્રતિભા પૂરેપૂરી ખીલેલી દેખાય છે, પણ ફ્રેન્ચ નવલકથાકાર એલેક્ઝાન્ડર ડુમાની 'કાઉન્ટ ઓફ મોન્ટે ક્રીસ્ટો' 'થ્રી મસ્કેટીયર્સ' વગેરે નવલકથાઓની પિછાની શકાય તેવી છાયા અમુક-તમુક પાત્રો, પ્રસંગો અને સંવાદોમાં દેખાતી હોવાને કારણે તેનો વિવાદરહિત સત્કાર થવાની ખાતરી મને નથી. એ જ રીતે સ્વ. મુનશીની પૌરાણિક નવલકથાઓ બીજી ભાષામાં એટલી પ્રભાવશાળી પુરવાર ના થાય તેવું બને. સ્વ. મુનશીની સામાજિક નવલકથાઓ નિષ્પ્રાણ નથી, પણ એમાંથી કોઈ એક જ નવલકથાની શ્રેવડ અન્ય દેશોના સમૃદ્ધ સાહિત્યના દરબારમાં મોકલવાની હિમાયત કરી શકાય એટલી નથી. સ્વ. મુનશીની 'પૃથિવી વલ્લભ' આમ તો લઘુનવલ છે, પણ એક પ્રાણવાન નવલકથા તરીકે તે કોઈ પણ ભાષામાં ઊભી રહી શકે તેવી છે અને તેમાં સ્વ. મુનશીની પ્રથમ કોટિના નવલકથાકાર તરીકેની ઘણી બધી ખૂબીઓ ખાસ પ્રગટ થાય છે. માલવપતિ મુંજ અને મૃણાલદેવી બંને મુખ્ય પાત્રો સાંગોપાંગ મૌલિક છે અને વાચક જેમાં જીવનને ઊભરતું અનુભવી શકે તેટલા 'જીવંત' છે. ઉપલક નજરે પાત્રો સરળ લાગે, પણ તે એટલાં સરળ નથી. બંને પાત્રો 'જટિલ' છે અને પ્રતીતિજનક છે. સ્વ. મુનશીએ

Harmony Lifestyle

Vadodara's Finest Home Decor Store

#Handicrafts
#God Idols
#Artifacts
#Furniture
#Wooden Statues
#Antique Consoles
#Stone Sculptures
#kitchenware
#Wall Frames
#Gifts & more..

GF 5, Trident Complex, Race Course Road, Vadiwadi, Vadodara
Mon - Sat 10 am to 8 pm | M - 7226092092 | www.harmonyarts.com

માલવપતિ મુંજને 'જીવનશક્તિનો મહાન આસ્તિક' બતાવ્યો છે. મહેલમાં કે કારાવાસમાં મુંજ રહી શકે છે. સુખ તેના વ્યક્તિત્વમાં કશો ભેદ ઉમેરી શકતું નથી. દુ:ખ તેના વ્યક્તિત્વનાં મોરપીંછ વિખેરી શકતું નથી.

સમગ્ર વિશ્વસાહિત્યના પડદા ઉપર અલગ તરી આવે એવું આ પાત્રવિધાન છે. ઇતિહાસમાં માલવપતિ મુંજ આવો હતો કે નહીં તે મુદ્દો અહીં બિલકુલ પ્રસ્તુત નથી. શેક્સપિયરની ક્લીયોપેટ્રા ઇતિહાસની ક્લીયોપેટ્રા કરતાં તદ્દન જુદી જ છે. શેક્સપિયરે પ્લુટાર્ચ કે બીજા જે કોઈ ઇતિહાસવિદોની સામગ્રીનો આધાર લીધો હોય તે, એક વાત ચોક્કસ છે, શેક્સપિયરનું આ પાત્ર તેનું પોતાનું જ છે.

સ્વ. મુનશીનો મુંજ ગુજરાતી નવલકથાના એક પ્રતિભાસંપન્ન કસબીએ સર્જેલી તેજ મૂર્તિ છે. જિંદગીની આંખ સાથે આંખ મિલાવી શકે અને વિકટમાં વિકટ ક્ષણે પણ તેને ચાહી શકે તેવા એક નીડર, રસિક પુરુષની એક પ્રતીતિજનક છબી મુનશીએ ઉપસાવી છે. અધૂરી ઓળખાણે એ 'વિલાસિતા'ની છાપ પાડે પણ તે ખરેખર તો ભર્તૃહરિનો આધ્યાત્મિક વારસ બની શકે એટલું દૈવત ધરાવે છે. સાચા પ્રેમના આત્મપીડનને મૂર્તિમંત કરતાં મુંજ અને અત્યંત આનાકાની સાથે પોતાના જ સભાન પ્રગટ ઇરાદાથી ઊલટી રીતે મુંજને ચાહવા માંડતી - સાચા પ્રેમની પરપીડનવૃત્તિ પ્રગટ કરતી મૃણાલ એક અજબ જોડી રચે છે. મૃણાલનું અભિમાન ઓગળે છે, પણ તેથી મુંજના અભિમાનની જાગીરની સરહદો વિસ્તરતી નથી. હાથી નીચે ચગદાતા મુંજ અને તેની ઉપર ઢળી પડતી મૃણાલ અભિમાન અને દેહદમનની બે અલગ શિખાઓનું પ્રેમ ખાતર બલિદાનની એક જ્યોતિમાં રૂપાંતર અને સંયોજન થાય છે.

અંગ્રેજી ભાષાને વિક્ટોરિયા યુગના અધિક અલંકારો અને લાંબા ઢસડાતાં આવરણોથી મુક્ત કરીને તેને પ્રવાહિતા અને પારદર્શકતા આપવાનો યશ કેટલાક લેખકો-વિવેચકો અમેરિકન નવલકથાકાર અર્નેસ્ટ હેમિંગ્વેને આપે છે. આપણે આવો જ યશ સ્વ. મુનશીને આપવો જોઈએ, કેમ કે તેમણે ગુજરાતી ભાષાને ટૂંકા ધારદાર વાક્યો દ્વારા આધુનિકતાનો આવશ્યક વળાંક આપ્યો. વીર નર્મદ અને મહાત્મા ગાંધી તેમ જ સરદાર વલ્લભભાઈ પટેલની સીધી દેણગી અલબત્ત સ્વીકારવી જ પડે, પણ લલિત સાહિત્યના સંદર્ભમાં જ વિચાર કરીએ ત્યારે સ્વ. મુનશીને એનો ઘણો બધો યશ ફાળવવો પડે. એક બાજુ ભદ્રંભદ્રનો ભેદ અને બીજી બાજુ 'શું શા પૈસા ચાર'ની દુર્બળતામાંથી બહાર કાઢીને તેને રણકો અને જોમ આપવાનું કાર્ય જે સર્જકોએ કર્યું તેમાં મુનશીનો, મેઘાણીનો અને ધૂમકેતુ, ગુણવંતરાય આચાર્યનો વધુ ઓછો પણ સંગીન ફાળો છે. ગોવર્ધનરામ ત્રિપાઠીની સંસાર-મીમાંસા અને તત્ત્વજ્ઞાનની પરીક્ષાની ભાષાને સરળતા અને આધુનિકતા તરફ દોરી જવામાં રમણલાલ વસંતલાલ દેસાઈના ફાળાની પણ ઉપેક્ષા થઈ શકે નહીં, પણ રમણલાલ દેસાઈનું જીવનદર્શન એક સંસ્કારી વ્યક્તિનું પણ મર્યાદિત અનુભવક્ષેત્રનું હોવાથી તેમની અભિવ્યક્તિ-શક્તિ કવિ ટેનિસનની જેમ ઘણી ઊંચી હોવા છતાં તેમની પાસે એટલું જીવનસામગ્રીનું ગાઢ-ગૂઢ ભાથું નથી.



સમગ્ર વિશ્વસાહિત્યના પડદા ઉપર અલગ તરી આવે એવું આ પાત્રવિધાન છે. ઇતિહાસમાં માલવપતિ મુંજ આવો હતો કે નહીં તે મુદ્દો અહીં બિલકુલ પ્રસ્તુત નથી. શેક્સપિયરની ક્લીયોપેટ્રા ઇતિહાસની ક્લીયોપેટ્રા કરતાં તદ્દન જુદી જ છે

ઈ.સ. ૧૮૮૭ના ડિસેમ્બરની ૨૯મીએ (અગર ૩૦મીએ મુનશી પોતે પણ ચોક્કસ નથી) ભરૂચમાં મુનશીના ટેકરા પર આવેલા 'નાના ઘર'માં કનૈયાલાલ માણેકલાલ મુનશીનો જન્મ થયો હતો. દેશી તિથિ પ્રમાણે સંવત ૧૯૪૪ના પોષ માસની પૂર્ણિમાએ બપોરે બાર વાગ્યે જન્મ થયો. મુનશીએ ભાર્ગવ બ્રાહ્મણ કુળમાં પોતે જન્મ્યા હોવાની હકીકતનું ભારે ગૌરવ હતું.

વકીલ-ધારાશાસ્ત્રી, રાજકીય નેતા, પ્રધાન, સમાજસુધારક, સંસ્કાર સેવક-સ્વ. મુનશીના ભાતીગળ વ્યક્તિત્વનાં અનેક પાસાં છે, પણ મૂળભૂત રીતે સ્વ. મુનશીનો આત્મા સર્જકનો છે.

'પૃથિવી વલ્લભ'ની રચના સમયે તેમની ચિત્તની અવસ્થાનો ખ્યાલ તેમના આત્મકથાત્મક 'સીધાં ચઢાણ'માં મળી રહે છે. મુનશીનો પ્રાણ સર્જકનો છે અને વાચનમનનની પ્રબળ અસર નીચે એ સાત્ત્વિક વૃત્તિના માનવ બનવાની સતત મથામણમાં છે.

'સીધાં ચઢાણ'માં મુનશી નોંધે છે: 'મારા વિકાસનું નિરીક્ષણ મેં ૧૯૧૮માં હું એકલો મહાબળેશ્વર ગયો ત્યારે આરંભ્યું. નિરીક્ષણ કરતાં મારા પગ આગળ જ્વાળામુખી ફાટ્યો હતો તેનું મને ભાન થયું. ૧૯૦૭થી હું પ્રાણાયામ કરતો, ગીતાનાં કેટલાંક ચરણો 'ને સૂત્રોનો જપ કરતો 'ને વૈરાગ્ય કેળવવા મથતો હતો. મને પ્રતીતિ થઈ કે દસ વર્ષે હું આ પ્રયોગમાં નિષ્ફળ ગયો હતો. આ પ્રયોગથી મારા અંતરની વ્યથા ઓછી થઈ હતી 'ને મારું આચરણ શુદ્ધ રહ્યું હતું, એ ખરું પણ આ પ્રયોગ સ્વાભાવિક નહોતો. ઉપરનું પરાયું દબાણ હોય એવો કૃત્રિમ અને હાનિકારક હતો. આ અભ્યાસથી સંયમ લાધ્યો હતો, પણ ઉલ્લાસ વિનાનો. કોઈ બાવો કડવું મોઢું કરી, ત્રાસી ત્રાસી, પંચાગ્નિમાં બેસે કે બાણશય્યા પર સૂએ તેમ હું બધું કરતો હતો. એમનું ધ્યાન, શક્તિ કે આનંદ લાવવાને બદલે સોટી લઈ ગભરાવતા જેલરની ગરજ સારતું હતું.

'કર્મેન્દ્રિયાણિ' તો હું સીધી રાખી શકતો

શુકનનું સોનું તો
સારા ગણદેવીકરનું જ...

SARA
SINCE 1927
GANDEVIKAR'S
SARA GOLD PVT. LTD.

SINCE 1927

આપના લોકપ્રિય અને પરંપરાગત જ્વેલર્સ

Gandevikar Jewellers

DANDIA BAZAR, VADODARA
Gold Showroom: Pratap Road, Ph.0265 - 2437743, 2413676
Silver Showroom: Near Ganpati Temple, Ph.0265 - 2430999

WAGHODIA ROAD, VADODARA
Near SBI Bank, Vrundavan Crossing,
Ph.0265 - 2567756, 2569956

• GOLD • SILVER • DIAMOND • PLATINUM

Email info@gandevikarjewellerssara.com | **WEB** www.gandevikarjewellerssara.com **Valet Car Parking Available · Monday Closed**

હતો, પણ વિચિત્ર રીતે ઇન્દ્રિયાર્થોએ મારા હૃદયનો કબજો લીધો હતો. રૂપ, રસ, ગંધ, સ્પર્શ 'ને શબ્દને વશ કરવા મેં ગ્રીક શિલ્પાકૃતિની છબીઓ મારી પાસે હતી તે ફેંકી દીધી હતી; પણ જ્યારે કોઈ સુરેખાંગ સ્ત્રી કે પુરુષ નજરે ચઢે ત્યારે એની શારીરિક અપૂર્વતા કેવી હશે તેનું ચિત્ર કલ્પનામાં ખડું થતું.

'રસ વશ કરવા મેં સાદું 'ને ફિક્કું ખાવાનો ક્રમ આરંભ્યો, પણ તેલ મરચાં વગરના ખાવાનામાં પણ રસની સૂક્ષ્મતા મને પરખાતી 'ને તે વધારે સૂક્ષ્મ કેમ થઈ શકે એના પ્રયોગો કલ્પનામાં થતા. દારૂ તો જ્યારે કોઈ આગ્રહ કરી આપે ત્યારે બે ચમચી હું લેતો, પણ શેમ્પેન કે આસ્ટીસ્પો માટીમાં થોડાં ટીપાંમાં રહેલો રસ વધારે સૂક્ષ્મ કેમ લાગે છે તેનો વિચાર કરતો. માદક કવિતા વાંચવી મેં છોડી દીધી હતી, પણ મારી સ્મરણશક્તિ શેલીના 'ઇપીપસીચીડિઓન' પિયેર લૂઈના 'સોન્ગ ઓફ બિલેટસ' બોઇબલના સોન્ગ ઓફ સોલોમાન જયદેવનું 'ગીત ગોવિંદ' કે મીરાંના કોઈ વિલાસી ટૂકની આસપાસ અનાયાસે સરસ સૃષ્ટિ ઊભી કરી લેતી.

મેં ભોંય પર સૂવાનું છોડ્યું નહોતું. સુંવાળી વસ્તુ બને ત્યાં સુધી મેં વર્જ્ય ગણી હતી. પણ મારી કલ્પના, વાર્તા દ્વારા કે વાર્તામાં આલેખેલા પ્રસંગ દ્વારા મારી સ્પર્શેન્દ્રિયમાં માનવ અંગના માર્દવના સંવાદી નર્તન ઝંખતી.'

- સ્વ. મુનશીના 'પૃથિવી વલ્લભ'ની રચના ઈ.સ. ૧૯૧૯ કે ૧૯૨૦માં થઈ - મુનશી બત્રીસેક વરસના હતા. 'પૃથિવી વલ્લભ' પૂર્વે તેમણે 'પાટણની પ્રભુતા' લખી હતી અને પછી તેમણે 'ગુજરાતનો નાથ' લખી હતી - ઈ.સ. ૧૯૧૮માં તે પૂરી કરી.

સ્વ. મુનશી 'સીધાં ચઢાણ'માં નોંધે છે: 'મારા આ કોયડાને ઉકેલવામાં હું મગ્ન હતો એ અરસામાં 'ગુજરાતનો નાથ' વાર્તા પૂરી થઈ. હાજી મહમ્મદે બીજી વાર્તા માગી. 'ને મારા મનની મથામણમાંથી 'પૃથિવી વલ્લભ' ઉપર તરી આવી.

મુનશી જે કોયડો ઉકેલવાની મથામણમાં હતા તે કોયડાનો ખ્યાલ વાચકને આવી જ ગયો હશે. કૃત્રિમ રીતે સંયમ કેળવવો કે જીવનનો સ્વાભાવિક આનંદ માણવો?

'પૃથિવી વલ્લભ'નો મુંજ કનૈયાલાલ મુનશી પોતે જ છે અને મૃણાલ પણ મુનશી પોતે જ છે. જિંદગીને ઉત્સવ ગણતો અને માણતો મુંજ અને કઠોર તપસ્યા દ્વારા સંયમશીલ જીવનની સિદ્ધિ માટે મથતી મહત્ત્વાકાંક્ષી મૃણાલ.

સ્વ. મુનશી એકરાર કરે છે:

"પૃથિવી વલ્લભ આમ આત્મકથાનું એક પ્રકરણ બને છે. મૃણાલ એ આ ખેંચતાણની એક બાજુ, મુંજ બીજી બાજુ. મૃણાલ હારી. એને અસત્કારાયેલો શુષ્ક વૈરાગ્ય ગુલામગીરીની જંજીર સમો શમી ગયો. મુંજ વિજયી થયો.

"પૃથિવી વલ્લભ મારા હૃદયની જ્વાલામાંથી સર્જાયેલ છે 'ને તેથી જ તે જીવંત છે. મારી બધી વાર્તાઓ કરતાં એ વાર્તામાં વધારે કલાત્મકતા છે એમ કેટલાક માને છે. એનું નાટક થયું, એના પરથી ચલચિત્ર પણ તૈયાર થયું છે. મારા બીજાં પુસ્તકો પહેલાં એનું ભાષાંતર હિન્દી અને મરાઠીમાં થયું, બંગાળી અને કાનડીમાં પણ તેનો અનુવાદ થયો હતો....

"પૃથિવી વલ્લભ' પૂરું થયું ત્યારે ભાવનગરના એક પ્રોફેસરે એની સખત ઝાટકણી કાઢી.

"પૃથિવી વલ્લભ'ને સાહિત્યમાં સરજતાં મેં ગુજરાતમાં પ્રચલિત સાહિત્ય પ્રણાલિકાઓ પર અજાણ્યે આક્રમણ આરંભ્યું હતું. કલાકારના સ્વાતંત્ર્યનો ધર્મધ્વજ મારા હાથમાં આવીને પડ્યો.

"મને મારો રસ્તો દેખાયો. મેં સેક્રોનાં કાવ્યો અને બિલિટસનાં ગીતો આનંદથી વાંચ્યાં હતાં. 'ગીત ગોવિંદ' ને 'જાનકી હરણ' બાળી મૂકવાની મને કોઈ દહાડો વૃત્તિ થઈ નથી. શેક્સપિયરના 'વીનસ ને એડોનિસ'ની રસિકતાથી જગતમાં પ્રલય પ્રવર્ત્યો હોવાનું મેં ક્યાંય વાંચ્યું નથી. જો મારા હૈયામાં 'પૃથિવી વલ્લભ'ના હૈયામાં હતા એવા તરંગો જાગ્યા હોય, જો એ તરંગોએ મારી કલ્પનાના ગર્ભમાં એ પુરુષ સર્જાવ્યો હોય 'ને એ પુરુષને શબ્દો દ્વારા જગતમાં લાવવાની મારામાં શક્તિ હોય અને આમ જીવંત બનેલી વ્યક્તિમાં એવું વ્યક્તિત્વ હોય કે લોકો વાંચીને એ અનુભવી શકે, તો એ 'પૃથિવી વલ્લભ'ને ડામવાનો જગતને શો હક્ક?

"જે સંતાનને મેં કલ્પના ગર્ભમાં પ્રેમથી ધાર્યો 'ને જન્મ દીધો, એ બીજાને પસંદ ન પડે તેથી શું મારે તેનું કચ્ચરિયું કરવું? શા માટે એને જગતમાં વિહરવા ન દેવું? જો એ નાલાયક હશે તો વિલુપ્ત થશે; જીવવા લાયક 'ને કોઈને જીવાડવા લાયક હશે તો જીવશે.

"જુદી-જુદી કોટિના માણસોએ 'પૃથિવી વલ્લભ' પર પોતાનો પુણ્યપ્રકોપ ઠાલવ્યો છે. હું એ પ્રકોપ પાછળ રહેલી દ્રષ્ટિ સમજી શકું છું, પણ સ્વીકારી શકતો નથી.

"મેં સરસ્વતીની પૂજા દીનતાથી, શિશુભાવે સ્વીકારી છે. મેં એને ચરણે મારું હૈયું ચીરી 'પૃથિવી વલ્લભ' ધરેલું છે. એ પુષ્પ કોઈને નીરસ લાગે કે પલકમાં ચીમળાઈ જાય એવું એ હોય તો તેમાં મને શું?

"અંજલિરૂપે થવામાં જ આ પુષ્પની પહેલી 'ને છેલ્લી સાર્થકતા છે."

ગુજરાતી સાહિત્યનું આ પુષ્પ જગત સાહિત્યમાં જઈ શકે તેવું છે. ■



'પૃથિવી વલ્લભ'નો મુંજ કનૈયાલાલ મુનશી પોતે જ છે અને મૃણાલ પણ મુનશી પોતે જ છે. જિંદગીને ઉત્સવ ગણતો 'ને માણતો મુંજ અને કઠોર તપસ્યા દ્વારા સંયમશીલ જીવનની સિદ્ધિ માટે મથતી મહત્ત્વાકાંક્ષી મૃણાલ

Shilpa LIFESTYLE

Graceful & Elegant

Like the timeless bond of generational love

Celebrate your special day with unique, handcrafted Bridal Gold & Diamond Jewellery.

CALL TO BOOK AN APPOINTMENT +91 9713697136 / 9724499909

Address - Shilpa House, Palace Road Opp. Jain Upashray, near Kothariya Naka, Rajkot, Gujarat 360001.

શ્રીકૃષ્ણનો શૃંગારરસ

only books magazine

રાસ પંચાધ્યાયીમાં રાસ દરમિયાન પણ ભગવાનની ભગવત્તાનું રટણ શુકદેવજી વારંવાર કરી રહ્યા છે. પ્રથમ શ્લોકમાં નોંધ્યું છે કે ભગવાનને કામના કાર્યમાં પ્રવૃત્ત થનાર મન હતું જ નહીં, એમણે પોતાની યોગમાયાનો આશ્રય લઈને મન ઉત્પન્ન કર્યું.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણને શ્રીનાથજીનું સ્વરૂપ માનવામાં આવે છે. એમાં દશમસ્કંધ એ હૃદય છે અને ૨૯થી ૩૩ અધ્યાય - રાસ પંચાધ્યાયી એ હૃદયમાં રહેલા પાંચ પ્રાણ છે. અહીં ભક્તિ અને મુક્તિ બંનેને પરિપોષક તેવાં તથ્યો વિદ્યમાન છે, જેને ઉજાગર કરવાનો એક પ્રયાસ અહીં પ્રસ્તુત છે.

ડો. ગૌતમ **પટેલ**

શરદ પૂનમની રાતે ભગવાન શ્રીકૃષ્ણે પોતાની યોગમાયાનો આશ્રય લઈ રન્તુમ્-રમણ કરવાનું મનશ્ચકે-મન કર્યું. શૃંગારને પરિપોષક એવી એ પરિસ્થિતિમાં બંસીનો નાદ સાંભળી સઘળાં કામો વિસારી ગોપીઓ દોડતી આવી. પ્રભુએ સ્વાગત કર્યું અને પાછા જવા સૂચન કર્યું. ગોપીઓએ હૃદયથી વિનંત કરી. પોતે કેવી રીતે કૃષ્ણમય બની ગઈ છે એનું કાવ્યમય પણ પ્રતીતિકારક વર્ણન કર્યું. પ્રભુ માની ગયા. રાસનો આરંભ થયો. વર્ણન અદ્‌ભુત છે, પણ ત્યાં જે શૃંગારરસ પરિપોષક છે એનો અહીં નિર્દેશ કરવામાં આવે છે.

યમુનાના રેતાળ પ્રદેશમાં પધારી ભગવાને ગોપીઓ સાથે રમણ કર્યું.

बाहुप्रसारपरिरम्भकरालकोरु-
नीवीस्तनालभननर्मनगाग्रपातैः ।
क्ष्वेल्यावलोकहसितैर् व्रजसुन्दरीणा-
मुत्तम्भयन् रतिपतिं रमयाञ्चकार ॥

ભા.પુ. ૧૦-૨૯-૪૬

'બાહુઓનું પ્રસારણ. આલિંગન. કર-કેશ-ઊરુ-નીવી ઉરોજના સ્પર્શ. પરિહાસ. નખક્ષત ક્રીડા. નેત્રકટાક્ષ અને હાસ્ય દ્વારા વ્રજસુંદરીઓના કામને ઉદ્દીપિત કરતા ભગવાને રમણ કરાવ્યું. (એવું નથી લાગતું હવે કોઈ ક્રીડા બાકી રહી ગઈ હોય!)

ભગવાન કૃષ્ણ પાસેથી આવું માન મળ્યું અને ગોપીઓ પોતાની જાતને અન્ય સ્ત્રીઓ કરતાં ઉત્તમ માનવા લાગી. તેઓના મદના પ્રશમન માટે અને માનના પ્રસાદન માટે ભગવાન અંતર્ધાન થઈ ગયા. (ભાઈ આ તો કૃષ્ણ છે. એની લીલા ન્યારી છે.) ગોપીઓ સમસમી ગઈ. પ્રેમમાં ભાન ભૂલી. ભગવાનને શોધવા માટે વૃક્ષોને, ધરતીને અને એક અર્થમાં નિર્જીવ પદાર્થોને પ્રશ્નો કરવા લાગી. અહીં મહાકવિ કાલિદાસ યાદ આવી જાય. कामार्ता हि प्रकृतिकृपणा चेतनाचेतनेषु - જે કામાર્ત બને તેઓ જડ અને ચેતનનો ભેદ તારવી શકતા નથી. મેઘદૂતમાં યક્ષે વાદળથી વાતું કરી.


Dhanraj
JEWELLERS
House of Exclusive Gold & Diamond Jewellery
GOLD JEWELLERY | DIAMOND JEWELLERY | GEM STONES | SILVER UTENSILS & ARTICLES
5, Shreemshalini Mall, R. C. Dutt Road, Alkapuri, Vadodara.
M. : 99254 22588 Ph. : 0265 - 2333127
E-Mail : rajendraladla@gmail.com • www.dhanrajjewellers.in
RAJUBHAI
LADLA

રામાયણમાં રામે અશોક વૃક્ષને પોતાને એના નામ જેવો એટલે અ-શોક શોક વિનાનો - બનાવવા વિનંતી કરી. આગળ વધીને આજ પણ પતિ પરદેશ હોય ત્યારે પત્ની ફોટા સામે જોઈને પૂછે છે. 'તમને હું યાદ આવું છું?' આવી ઉન્મત્ત અવસ્થા પ્રેમમાં પાગલ થનારા માટે સહજ હોય છે. મન બહેલાવવાનું હાથવગું હથિયાર!

ગોપીઓ વનમાં ઘૂમી, પણ પ્રભુ ન મળ્યા. યમુનાના કિનારે આવી સહુએ ગાન કર્યું. જે ગોપીગીત કહેવાય છે. વિશ્વની ઉત્તમોત્તમ વિરહ-કવિતાઓનો સંગ્રહ કરવાનો હોય તો ગોપીગીતને ઉવેખી શકાય નહીં. અહીં કેટલાક શૃંગારિક ઉદ્‌ગારો છે જેમ કે-

(૧) फणिफणार्पितं ते पदाम्बुजं
कृणु कुचेषु नः कृन्धि हृच्छयम् ।

ભા.પુ. ૧૦-૩૧-૭

ફણી-કાલિયનાગની-ફણા ઉપર મૂકેલા આપના ચરણ કમળને અમારાં વક્ષ:સ્થળ પર પધરાવો અને હૃદયમાં રહેલા કામનો નિકાલ કરો.

(૨) अधरसीधुनाडप्याययस्व नः ।

ભા.પુ. ૧૦-૩૧-૮

આપના અધરામૃતથી અમને કૃતાર્થ કરો. સંજીવન કરો.

(૩) मनसि नः स्मरं वीर यच्छसि ।

ભા.પુ. ૧૦-૩૧-૧૨

હે વીર! આપ અમારા મનમાં કામનું પ્રદાન કરો છો.

(૪) रमण नः स्तनेष्वर्पयाधिहन् ।

ભા.પુ. ૧૦-૩૧-૧૩

હે રમણ! આપના (ચરણ કમળ) અમારાં ઉરોજો પર પધરાવો.

(૫) वितर वीर नस्तेऽधरामृतम् ।

ભા.પુ. ૧૦-૩૧-૧૪

હે વીર! આપના અધરામૃતનું અમને પ્રદાન કરો.

આવાં અનેક શૃંગાર-ઉઘાડો-શૃંગાર-દર્શાવતાં વિધાનો આ રાસપંચાધ્યાયીમાંથી ગણાવી શકાય.

ભાગવતમાં જ નહીં, અન્યત્ર પણ મુક્ત-શૃંગાર-સંસ્કૃતની પરિભાષામાં સંભોગ-શૃંગાર અને વિપ્રલંભ-શૃંગારમય વર્ણનો કૃષ્ણને માટે પ્રાપ્ત થાય છે. કેવળ એક જ ઉદાહરણ આપું છું.

राधा पुनातु सततं माधवदत्तचित्ता

मंथानमाकलयति दधिरिक्तपात्रे ।
तस्यास्तनस्तबकलोलविलग्नदृष्टि-
र्दैवोडपि दोहनधिया वृषभं बबन्ध ॥

માધવમાં સતત સમર્પિત ચિત્તવાળા રાધા કે જે દહીં નથી એવા પાત્રમાં મંથન કરી રહી છે, એ અમને પવિત્ર કરો. એ સમયે એના હાલતાં ઉરોજની ઉપર ચોંટી ગયેલી નજરવાળા કૃષ્ણે દોહવાની ઇચ્છાથી (ગાયના બદલે) બળદને બાંધ્યો.

આમ કામી અવસ્થામાં ભાન ભૂલાય એ માનસશાસ્ત્રીય સત્યને આવી શૃંગારપ્રધાન રચનાઓમાં સ્થાન મળ્યું છે.

તમને મને અને આપણને પ્રશ્ન થાય કે ધર્મની સ્થાપના માટે અવતરેલા ઈશ્વરે આવું કેમ કર્યું? એક નિયમ એવો છે કે કોઈ પણ કલાસિકલ કૃતિમાં એના માટે ઉત્પન્ન થનારા પ્રશ્નોનો ઉત્તર સમાયેલો હોય છે. અહીં રાસનું વિસ્તૃત વર્ણન સાંભળી એના સર્વ પ્રથમ શ્રોતા રાજા પરીક્ષિતે શુકદેવજીને પ્રશ્ન કર્યો છે કે ભગવાને આવું જુગુપ્સિત કામ કેમ કર્યું? એ તો આપ્તકામ છે. શુકદેવજીએ આપેલા ઉત્તર અહીં અવશ્ય નોંધવા રહ્યા.

(૧) ધર્મમાં વ્યતિક્રમ એ તો ઈશ્વરોનું - સમર્થ હોય, એ જ સાહસ કરી શકે. જે તેજસ્વી હોય એને માટે એ દોષ બનતો નથી. જેમ અગ્નિ સારું-ખોટું બધું જ ભક્ષણ કરી જાય છે. તુલસીદાસે પણ લખ્યું છે-

समरथ कहुँ नहि दोषु गोसाईं ।
रबि पावक सुरसरि की नाईं ॥

(૨) કોઈએ મૂર્ખતાથી ઈશ્વરના સમર્થના કાર્યનું જીવનમાં અનુકરણ કરવું જોઈએ નહીં. જેમ કે ભગવાન શિવે ઝેર પીધું. શું બધા પી શકે? જો તમે કૃષ્ણની જેમ સાપની ફણા ઉપર નૃત્ય કરી શકો કે ગોવર્ધન ઉપાડી શકો તો રાસ કરી શકો, પણ એ સામર્થ્ય ક્યાં છે?

(૩) ઈશ્વરે ઉપદેશ આપ્યો હોય એને સત્ય માનીને ચાલવું જોઈએ. એમના આચરણનું અનુકરણ તો ક્વચિત્ જ કરવું.

(૪) જે નિરહંકારી હોય એને કુશલ કે અકુશલના આચરણમાં કોઈ સ્વાર્થ - ફળની આશા હોતી નથી. ભગવદ્‌ગીતા કહે છે.

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।

ગોપીઓ વનમાં ઘૂમી, પણ પ્રભુ ન મળ્યા. યમુનાના કિનારે આવી સહુએ ગાન કર્યું. જે ગોપીગીત કહેવાય છે. વિશ્વની ઉત્તમોત્તમ વિરહ-કવિતાઓનો સંગ્રહ કરવાનો હોય તો ગોપીગીતને ઉવેખી શકાય નહીં

MJR™
Jewels
Kundan • Polki • Diamond
Antique Designer Collection
A HOUSE OF
PREMIUM
JEWELLERY
Palace Road, Rajkot. 0281-2222514
ADEX

हत्वापि स
इमाँल्लोकान्
न हन्ति न
निबध्यते ॥

ભ.ગી. ૧૭-૧૮

જેનામાં અહંભાવ એટલે અહંકાર હોતો નથી અને જેની બુદ્ધિ લેપાતી નથી એ આ સમગ્ર લોકને હણી નાંખે તો પણ એ માનતો નથી કે એના ફળથી લેપાતો નથી. કૃષ્ણ આ કોટિના અહંકારથી પર વિભૂતિ છે.

(૫) ભગવાન પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરવા માટે એવી લીલાઓ કરે છે કે જે સાંભળી જીવ એમાં તન્મય બને.

અહીં થોડીક તાત્ત્વિક ચર્ચા આવશ્યક છે. શ્રીમદ્ ભાગવત ભક્તિ માર્ગનો આકર ગ્રંથ છે અને એણે કેટલાક અભૂતપૂર્વ સિદ્ધાંતોની અભિવ્યક્તિ અનેક આખ્યાનો વગેરેથી કરી છે અને એ શ્રીમદ્ ભગવદ્ગીતાથી પણ એક પગલું આગળ વધી જાય છે. ભગવદ્ગીતાએ ૧૬-૨૧માં કામ, ક્રોધ અને લોભને નરકનાં દ્વાર ગણાવ્યાં છે અને એનો ત્યાગ કરવો જોઈએ એવું સ્પષ્ટ વિધાન કર્યું છે. જ્યારે ભાગવતે કામ, ક્રોધ, ઈર્ષ્યા, દ્વેષ વગેરે દુર્ગુણોને મુક્તિના દ્વાર ગણાવ્યા છે. ભાગવતમાં કહ્યું છે.

कामं क्रोधं भयं स्नेहमैक्यं सौहृदमेव वा ।
नित्यं हरौ विदधतो यान्ति तन्मयतां हि ते ॥

ભા.પુ. ૧૦-૨૯-૧૫

હરિ-ભગવાન-પ્રત્યે નિરંતર-સતત કામ, ક્રોધ, ભય, સ્નેહ, સંબંધ અને સૌહૃદભાવથી ભક્તિરત તેઓ સાયુજ્યને-મુક્તિને પ્રાપ્ત થયા છે. આનું વિવરણ નારદજીએ યુધિષ્ઠિર સમક્ષ કરતાં સ્પષ્ટ કહ્યું છે કે કામથી ગોપીઓ, ભયથી કંસ, દ્વેષથી શિશુપાલ વગેરે રાજાઓ, સંબંધથી વૃષ્ણિઓ, સ્નેહથી આપ અને ભક્તિથી અમે નારદ વગેરે મુક્તિને પ્રાપ્ત થયા છીએ.

આમ કામ, ક્રોધ વગેરે દુર્ગુણ પણ પ્રભુની ભક્તિ બનીને ઉદ્ધાર કરનાર છે. આ માટે અત્યંત પ્રતીતિકારક તો છે ભગવાનનો પોતાનો મત - જુઓ:-

न मय्यावेशित धियां कामः कामाय कल्पते ।
भर्जिता क्वथिता धाना प्रायो बीजाय नेष्यते ॥

ભા.પુ. ૧૦-૨૨-૨૬

'મારામાં સમર્પિત બુદ્ધિવાળાનો કામ કામ રહેતો નથી. ભૂંજેલા કે રાંધેલા ધાન-દાણા ઘણુખરું ફરી ઊગવા સમર્થ રહેતાં નથી.

કૃષ્ણાર્પણ થયેલો કામ પણ કલ્પનાતીત એવી મુક્તિનો માર્ગ બની જાય છે. રાસ પંચાધ્યાયીમાં અગ્રતગ્રસર્વત્ર રાસ દરમિયાન પણ ભગવાનની ભગવત્તાનું રટણ શુકદેવજી વારંવાર કરી રહ્યા છે. પ્રથમ શ્લોકમાં જે આગળ નોંધ્યું છે કે ભગવાનને કામના કાર્યમાં પ્રવૃત્ત થનાર મન હતું જ નહીં, પણ એમણે પોતાની યોગમાયાનો આશ્રય લઈને મન ઉત્પન્ન કર્યું.

रेमेतया यात्मरत आत्मारामोऽप्यखण्डितः ।
कामिनां दर्शयन् दैन्यं स्त्रीणां चैव दुरात्मताम् ॥

ભા.પુ. ૧૦-૩૦-૩૪

સ્વયં આત્મરત, આત્મામાં જ આનંદ માનનારા, અખંડિત વૃત્તિવાળા, કામીઓની દીનતા અને સ્ત્રીઓની દુરાત્મતાનું દર્શન કરાવતાં કૃષ્ણે રમણ કર્યું.

વળી, ભાગવત કહે છે -

रेमे रमेशो व्रजसुन्दरीभि-
र्यथार्भकः स्वप्रतिबिम्बविभ्रमः ।

ભા.પુ. ૧૦-૩૩-૧૭

જેમ બાળક પોતાના પ્રતિબિમ્બ સાથે (અરીસામાં જોઈને) રમે તેમ રમાના - લક્ષ્મીના પતિ ભગવાન શ્રીકૃષ્ણે વ્રજસુંદરીઓ સાથે રમણ કર્યું.

આમ આત્મારામ અને આત્મક્રીડ કૃષ્ણે જે રાસ કર્યો એ જીવના કલ્યાણ માટે જીવમાં -શિવત્વના સર્જન માટે કર્યો છે, નહીં કે પ્રાકૃત જનોની જેમ કામક્રીડાના ભૌતિક આનંદ માટે. સંતોમાં પ્રચલિત કથા મુજબ રાસના આરંભે કામદેવ અને કૃષ્ણ વચ્ચે શરત લાગી કે જે હારે તે જીતનારનો બેટો થાય. કામદેવ રાસ દરમિયાન હાર્યો. એને કૃષ્ણને પોતાને વશ કરવામાં નિષ્ફળતા મળી. હાર સ્વીકારી અને નવા જન્મે ભગવાનના પુત્ર પ્રદ્યુમ્ન તરીકે ઉત્પન્ન થયો.

સવાલ, મને કે તમને થાય કે કામ ભોગ તો પતનનું કારણ છે, એ મુક્તિનું સાધન બની શકે ખરો? મારા પરમપૂજ્ય ગુરુદેવ અનંતશ્રીવિભૂષિત સ્વામી શ્રીગંગેશ્વરાનંદજીએ સમજાવેલું કે, 'બેટા! તારા હાથમાં એક ચાવી છે. તું એક દિશામાં ફેરવે તો તાળું બંધ થાય અને એ જ ચાવી જો બીજી બાજુ ફેરવે તો તાળું ખૂલી જાય. બસ, એવી રીતે કામને સંસાર બાજુ ફેરવીએ તો આપણે બંધનમાં પડીએ અને એ જ કામ ગોપીઓ જેમ પ્રભુમાં સમર્પિત થાય તો મુક્ત થઈ જવાય. પસંદગી અપની અપની.' ■

આત્મારામ અને આત્મક્રીડ કૃષ્ણે જે રાસ કર્યો એ જીવના કલ્યાણ માટે જીવમાં -શિવત્વના સર્જન માટે કર્યો છે, નહીં કે પ્રાકૃત જનોની જેમ કામક્રીડાના ભૌતિક આનંદ માટે

Radhika
JEWELLERS

(UNIT OF RADHIKA JEWELTECH LTD.)

"Rajshrungi", Palace Road, Rajkot. Ph : 0281 2225066, 2233100. Radhika Jewellers

SARJAN



પુષ્ટિમાર્ગમાં ભાવનાત્મક શૃંગાર

પુષ્ટિસેવામાં ઉપયોગમાં આવતાં તમામ શૃંગાર પાછળ પ્રેમલક્ષણા ભક્તિ આધારિત વાત્સલ્ય અને અનુરાગનો ગર્ભિત ભાવ છુપાયેલો છે. આથી જ પુષ્ટિપ્રભુને બિરાજવાનાં સ્થળોમાં સિમેન્ટ-ચૂના-પથ્થરની દ્રષ્ટિ ન રાખતાં તે સ્થળમાં વ્રજમંડળની ભાવના રાખવામાં આવે છે.

ડો. જયેશ **શાહ**

સન્યાસ-નિર્ણય ગ્રંથમાં પુષ્ટિમાર્ગના સ્થાપક જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે કે भावोभावनयासिद्धः साधनंनान्यदिष्यते અર્થાત્ પુષ્ટિમાર્ગની સેવા અને સાધનમાં ભાવથી સિદ્ધ થયેલ ભાવને જ મુખ્ય અને એકમાત્ર સાધનરૂપે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

અહીં 'ભાવ' શબ્દની વ્યુત્પત્તિ બે પ્રકારે થાય છે - (૧) भूयतेइतिभावः એટલે કે જે ઉત્પન્ન થાય છે તે ભાવ અને (૦૨) भावयतिइतिभावः એટલે કે જે મનને પ્રિય લાગે છે તે ભાવ. ભાવની શ્રીજી વ્યાખ્યા કહે છે કે જે ઉત્પન્ન થઈને વૃદ્ધિ પામવાનો સ્વભાવ ધરાવે છે તે ભાવ છે. આથી જ નારદભક્તિસૂત્રમાં મહર્ષિ નારદ કહે છે, प्रतिक्षणवर्द्धमानम्. તૈત્તરીય ઉપનિષદમાં પરબ્રહ્મ પરમાત્માને रसोवैसः તે નિશ્ચયે રસ છે એમ રસરૂપ જણાવી એ રસનો જે ભક્તને હૃદયમાં લાભ થયો છે અને આવિર્ભૂત થયો છે તે રસ પુષ્ટ થતાં તેની અભિવ્યક્તિને તે ભક્ત પ્રદર્શિત કરે છે અને પછી रसंहिएवअयंलब्ध्वाआनन्दीभवति અર્થાત્ આ રસને જ પ્રાપ્ત કરીને તે આનંદી-આનંદવાળો-આનંદસ્વરૂપ થાય છે. આથી જ પુષ્ટિભક્તિ ભાવાત્મિકા ભક્તિ છે. આથી જ પુષ્ટિમાર્ગની તૃતીય પીઠના ગૃહાધીશ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી પુષ્ટિભક્તિ વિષે કહે છે:

GIHM

Creating Professionals for Hospitality Sectors since 1994

Why to choose GIHM?

1. **Scholarship up to 1.5 Lakhs**
2. Top Hotel Management Institute award by **CSR Survey 2021** & Ranked 2nd in State by **GHRDC Survey 2021**
3. Regular Degree from state government university
4. **Earn while you Learn**
5. Career Opportunities in India & Abroad in Star Hotels (Taj, Oberoi, Hyatt, Marriott, ITC etc.), Airlines, Railways, Cruiseliners

Introducing New Course
Degree/Diploma in Airlines

REGULAR DEGREE IN HOTEL MANAGEMENT
INTERNATIONAL DIPLOMA
SHORT TERM COURSES

• *Easy bank loans available*

APPLY ONLINE **ADMISSIONS OPEN** **SUNDAY OPEN**

GUJARAT INSTITUTE OF HOTEL MANAGEMENT

Vaid House, B/h Sun Pharma Research Centre, Next to Ashwamegh-I, Akota, Vadodara.

(0265) 2331112, 2327060
95102 10604

Email: info.baroda@gihm.in
www.gihm.in

निष्काम
कर्मसंयुक्ततत्त
वज्ञानविशोधिता।

भावनापोषिताभक्तिः
पुष्टिभक्तिः प्रकीर्तिता।।

(જે નિષ્કામ કર્મથી ભરપૂર હોય તથા તાત્ત્વિક જ્ઞાનથી જેનું શુદ્ધીકરણ થયું હોય અને ભાવનાઓથી જે પોષિત થઈ હોય તે ભક્તિ પુષ્ટિભક્તિ કહેવાય છે.)

આ પ્રમાણે વિચારતાં શ્રીવલ્લભાચાર્યજી દ્વારા સ્થાપિત પુષ્ટિમાર્ગના સેવા પ્રકારમાં ભાવવૃદ્ધિ મુખ્ય છે, પણ એનું લક્ષ્યબિંદુ તો પરમાનંદાનુભવ જ છે. તેથી જ ભાવવૃદ્ધિમાં કૃષ્ણસેવા એ જ શ્રેષ્ઠ સાધન છે. સેવાના આ સ્વરૂપને સમજાવતાં શ્રીવલ્લભાચાર્યજી सिद्धान्तमुक्तावली ગ્રંથમાં કહે છે કે चेतस्तत्प्रवणंसेवा - ચિત્તની કૃષ્ણમાં તલ્લીનતા એ જ સેવા છે. આનંદાભિમુખ ચિત્ત જ કૃષ્ણમાં તલ્લીન થઈ શકે છે. આવી સ્થિતિ તરફ પ્રયાણ કરવું હોય તો સેવામાં ઉપયોગમાં લેવાતા સર્વ પદાર્થો, શૃંગાર, વસ્ત્ર વગેરેમાં પણ કૃષ્ણની જ અનુભૂતિ થાય અને કૃષ્ણના સુખનો જ વિચાર થાય તે અનિવાર્ય મનાયું છે.

જે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના ઘરમાં સેવા બિરાજે છે એ नलौकिकः प्रभुः कृष्णः मनुतेनैवलौकिकम् એટલે કે દુનિયાની નજરે લોકવત દેખાય છે, પણ એ લૌકિક નથી. લૌકિક ભાવથી કરેલી સેવા સેવ્ય સ્વરૂપ સ્વીકારતું નથી. લૌકિક વસ્ત્રો ધરતા નથી. લૌકિક શૃંગાર કરતાં નથી. લૌકિક અન્ન આરોગતા નથી. લૌકિક પદાર્થો સ્વીકારતા નથી અને લૌકિક ભાવે કરેલું કંઈ પણ અંગીકાર કરતાં જ નથી. તેથી પુષ્ટિસેવાના ક્રમમાં જે કંઈ પણ છે તે બધું જ ભાવનાત્મક છે. તેથી જ પુષ્ટિસેવામાં ઉપયોગમાં આવતાં તમામ શૃંગાર પાછળ પ્રેમલક્ષણા ભક્તિ આધારિત વાત્સલ્ય અને અનુરાગનો ગર્ભિત ભાવ છુપાયેલો છે. આથી જ પુષ્ટિપ્રભુને બિરાજવાનાં સ્થળોમાં સિમેન્ટ-ચૂના-પથ્થરની દ્રષ્ટિ ન રાખતાં તે સ્થળમાં વ્રજમંડળની ભાવના રાખવામાં આવે છે. પુષ્ટિપ્રભુ જ્યાં બિરાજમાન થાય છે તેને નંદાલય કે ગોકુલ કે વ્રજ કહેવામાં આવે છે.

વૈદિક સાહિત્યમાં તૈત્તરીય ઉપનિષદમાં तस्मात्पुरुषः यन्मनसाभीगच्छतितद्वाचावदतितत कर्मणाकरोति એવું કહેવામાં આવ્યું છે. પુરુષ મન વડે જ્યાં જાય છે તે જ વાણી સ્વરૂપે બોલે છે અને તે મુજબ જ કર્મ દ્વારા કાર્ય સંપન્ન કરે છે. આ સૂક્તમાં મન અને ક્રિયાના મધ્યમાં વાણી હોવાથી વાણીમાં આવેલી વાત મન-ક્રિયા બંનેને પ્રભાવિત કરે છે. એટલે જ પુષ્ટિસેવાના ક્રમમાં ભાવ આધારિત વાણી બોલવામાં આવે છે અને તે અંતર્ગત જ સેવ્યસ્વરૂપની સેવા સિદ્ધ કરવામાં આવે છે.

પુષ્ટિમાર્ગની નિત્ય અષ્ટયામ સેવામાં મંગળાથી લઈને શયન પર્યન્ત નિત્યોત્સવ જ રહેલો છે. શ્રીવલ્લભાચાર્યના દીકરા અને પુષ્ટિમાર્ગના વિસ્તારક શ્રીવિઠ્ઠલનાથજીએ સેવાના પ્રકારમાં રાગ-ભોગ-શૃંગારની

પુષ્ટિમાર્ગમાં વિપરીતિનો શૃંગાર હોય છે જે શિખાથી નખ સુધી તથા નખથી શિખા સુધી કરવામાં આવે છે. શ્રીઠાકોરજી ઝાંઝર શ્રીયમુનાજીના ભાવથી ધરે છે

પ્રણાલિકાના મંડાણ કરીને અષ્ટયામને ઉત્સવ જ બનાવી દીધો. અન્ય માર્ગોમાં જેટલા પણ સેવાક્રમવાળા આચાર્યો છે તેમાં મુખ્યત્વે ગૌડપાદાચાર્ય તથા રાધાવલ્લભ સંપ્રદાય (નિમ્બાર્કાચાર્ય) છે. ગૌડપાદાચાર્ય શ્રીનિત્યાનંદજી દ્વારા અષ્ટયામ વર્ણનમાં નિશાંતથી શરૂ કરીને રાત્રિ - એ રીતે દર્શાવેલ છે જ્યારે રાધાવલ્લભ સંપ્રદાયમાં સ્વકીયા ભાવથી સેવાક્રમને અષ્ટયામ કર્યો છે, જેમાં નિકુંજ વિહારથી શરૂ કરીને શયન સુધીનો ક્રમ છે. આ ઉપરાંત સખી સંપ્રદાયના હરિદાસ સ્વામીએ પણ અષ્ટયામ સેવા પદ્ધતિ અપનાવી હતી.

આ ત્રણે સંપ્રદાયોમાં સ્તુતિ-પ્રાર્થના માન તથા પ્રણય સાથે સંકળાયેલી છે અને પ્રિયા-પ્રિયતમની યુગલ ઉપાસના મુખ્યત્વે રહેલી છે, જ્યારે પુષ્ટિમાર્ગની અષ્ટયામ નિત્યોત્સવ સેવાક્રમમાં નવધા ભક્તિ અને પ્રેમલક્ષણા ભક્તિને સાંકળવામાં આવી છે. આથી જ ગોપીજનો જેવો ભાવ અને તેમને કરેલી ભાવના જ પુષ્ટિસેવામાં મુખ્ય માનવામાં આવી છે. પુષ્ટિભક્તથી સ્વતંત્ર ભાવના ન થાય. એક સ્થળે એક મંદિરમાં મહંતે ભગવાનને ક્રિકેટરનો પોશાક ભગવાનના શૃંગાર તરીકે ધરાવ્યો. તેનું કારણ પૂછતાં તેને જણાવ્યું કે ગઈ કાલે ભારત વર્લ્ડકપ જીત્યું છે તેની ખુશીમાં ભગવાનને ક્રિકેટરના પોશાકનો શૃંગાર કર્યો છે. આવી ભાવના પુષ્ટિસેવામાં કરવામાં આવતી નથી. ગોપીજનો અને વ્રજભક્તોના ભાવથી જ પુષ્ટિસેવા કરવામાં આવે છે.

શ્રીવલ્લભાચાર્યજીના સમયમાં શ્રીઠાકોરજીના શ્રીમસ્તકના શૃંગારમાં માત્ર 'પાગ' અને 'મુકુટ' જ હતા, તેમાં પુષ્ટિમાર્ગના વિસ્તારક શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીઠાકોરજીના શ્રીમસ્તકના શૃંગારમાં આઠનો સમાવેશ કર્યો (૦૧) મુકુટ (૦૨) શહેરા (૦૩) ટિપારા (૦૪) કુલ્હે (૦૫) પાગ (૦૬) દુમાલા (૦૭) ફેંટા અને (૦૮) ગ્વાલ પગા. આની સાથે-સાથે શ્રીમુખ, કંઠ, હસ્ત, કટિ અને ચરણારવિંદના પણ અનેક શૃંગાર કરવાની પ્રણાલી સ્થાપિત કરી. આભૂષણોની સાથે-સાથે જુદા જુદા રંગના, જુદા જુદા પ્રકારનાં વસ્ત્રોની પ્રણાલી પણ સ્થાપિત કરવામાં આવી. ઋતુ અનુસાર વસ્ત્રો ધરાવવાની શરૂઆત કરવામાં આવી. શિયાળામાં ભારે, જાડા, શાટીન, વેલ્વેટ, રૂની ગદલ જેવાં વસ્ત્રો, ઉનાળામાં પાતળા અને હલકા વસ્ત્રો ધરાવવામાં આવે છે. આ વસ્ત્રાભૂષણોનો ઋતુ અને ઉત્સવ અંતર્ગત એક ચોક્કસ ક્રમ નક્કી કરવામાં આવ્યો. વસ્ત્રાભૂષણની સાથે-સાથે મંદિરમાં પડદા, પિછવાઈ, ખંડપાટ ચોકી, પીઠિકા, ચરણચોકી, ગાદી-તકિયાની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી. આ બધા પાછળ કઈ અને કેવી ભાવના રહી છે તે અંગે પણ સ્તોત્ર રચવામાં આવ્યા. શ્રીવિઠ્ઠલનાથજી તથા તેમના પછીના આચાર્યશ્રીઓએ વસ્ત્રાભૂષણ અને સાજ-સજાવટમાં કેવી ભાવના રહેલી છે તે દર્શાવાતા સ્તોત્રની રચના કરી.

શ્રીઠાકોરજીના ભાવનાત્મક શૃંગાર

ભાવનાત્મક શૃંગારમાં બે પ્રકાર છે. પુષ્ટિમાર્ગમાં વિપરીતિનો શૃંગાર હોય છે જે

SATVAM®

મસાલા અને ઈન્સ્ટન્ટ મિક્સ

ફીકા મના હૈ

ખમણ અમારા વખાણ તમારા



સ્વાદિષ્ટ અને નરમ સત્વમ ખમણ

+91 79 4039 4252 | care@satvamnutrifoods.com

Buy Online www.satvamnutrifoods.com | amazon | Flipkart | mall

શિખાથી નખ સુધી તથા નખથી શિખા સુધી કરવામાં આવે છે. શ્રીઠાકોરજી નૂપુર શ્રીસ્વામિનીજીના ભાવથી તથા ઝાંઝર શ્રીયમુનાજીના ભાવથી ધરે છે. સોનું શ્રીસ્વામિનીજી, મણકા શ્રીયમુનાજી, રૂપું શ્રીચંદ્રાવલીજી તથા હીરા શ્રીકુમારિકાજીના ભાવથી ધારણ કરે છે. પીતાંબર ઉપર કંદોરો શ્રીસ્વામિનીજીના ભાવથી ધારણ કરે છે. વૈજયંતી માળા ગ્રીવાથી કટિ સુધી ધારણ કરે છે. તેમાં નવ પ્રકારના ભક્તોનો ભાવ જાણવો. માળામાં સોનાના મણકાની વચમાં મણિ-માણેક પરોવ્યા છે એ બંને નિત્યસિદ્ધા (ગોલોકમાં બિરાજમાન)ના ભાવથી જાણવા. તેના ઉપર ગજમોતીની માળા તથા સોનાની સાંકળ શ્રીઠાકોરજીના હૃદય ઉપર ધરાવવામાં આવે છે. શ્રીકંઠમાં કૌસ્તુભમણિ તથા સોનાની હાંસલી ધારણ કરે છે. સોનાની હાંસલી શ્રીસ્વામિનીજીના ભાવથી ધારણ કરે છે. શ્રીઠાકોરજી ત્રણ, પાંચ, સાત, નવ, તેર તથા એકવીસ સેરની માળાઓ ધારણ કરે છે. ત્રણ સેરની માળા છે તે સાત્ત્વિક, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારના ભક્તોનો ભાવ છે. નવ પ્રકારના ભક્તોના ભાવથી નવ સેરની માળા ધારણ કરે છે. શ્રીકંઠથી ચરણારવિંદ સુધી ધારણ કરેલી બધી માળાઓ ઉપર વનમાળા ધારણ કરે છે. શ્રીઠાકોરજી ભ્રમરરૂપે અનેક રૂપ ધારણ કરી વનમાળા ઉપર બધા ભક્તોના રસનો અનુભવ કરે છે એ ભાવ જાણવો. શ્રીઠાકોરજી કમળમાળા ધારણ કરે છે તેમાં શ્રીસ્વામિનીજીના હૃદયનો ભાવ છે. હવે જુદા જુદા શૃંગારની ભાવના જોઈએ.

પાગ અને મુકુટ

પાગ શ્રીયમુનાજીના ભાવથી શ્રીઠાકોરજી



અંગીકાર કરે છે તો મુકુટ શ્રીસ્વામિનીજીના ભાવથી અંગીકાર કરે છે. પુષ્ટિમાર્ગની સેવામાં શ્રીસ્વામિનીજીરૂપ શ્રીવલ્લભાચાર્યજી મોરપંખનો મુકુટ કરીને તથા ચંદ્રિકાનો મુકુટ કરીને શ્રીઠાકોરજીને નિત્ય ધરાવે છે.

કુલ્હે



કુલ્હે શ્રીચંદ્રાવલીજીના ભાવથી શ્રીઠાકોરજી અંગીકાર કરે છે. ઉત્સવના બધા શૃંગાર શ્રીવિઠ્ઠલનાથજીએ પ્રણાલિકાગ્રત કર્યા છે તેથી જ કુલ્હે ઉત્સવમાં જ ધરાવાય છે.

શહેરા

શહેરા શ્રીકુમારિકાઓના ભાવથી



શ્રીઠાકોરજી અંગીકાર કરે છે. શ્રીકુમારિકાઓ કાત્યાયની પૂજન પછી પ્રાર્થના કરતી કે नन्दगोपसुतंदेवीपतिमकुरु એટલે જ પતિના ભાવથી કુમારિકાઓ શ્રીઠાકોરજીને શહેરા ધરાવે છે.

ટોપી

ટોપી માતા શ્રીયશોદાજીના ભાવથી

શ્રીઠાકોરજી અંગીકાર કરે છે.

ગ્વાલ પગા

ગ્વાલ પગા ગોપબાળકોના ભાવથી શ્રીઠાકોરજી અંગીકાર કરે છે.

ટિપારા-દુમાલા-ફેંટા

તામસી ભક્તોના મદ અને માનને મર્દન કરવા (મસળી નાખવા) માટે ટિપારા, રાજસી ભક્તોના મનોરથસ્વરૂપ દુમાલા અને સાત્ત્વિક ભક્તોના ભાવથી ફેંટા ધરે છે.

ટિપારા ઉપર બે કળશ ધરાવે છે. તેમાં ડાબા ભાગના કતરારૂપ શ્રીસ્વામિનીજીનું શ્રીઠાકોરજી રક્ષણ કરે છે તો જમણા ભાગના કતરારૂપ શ્રીચંદ્રાવલીજીનું શ્રીઠાકોરજી રક્ષણ કરે છે.

કલગી અને શિરપેચ



સોનાની કલગી શ્રીકુમારિકાઓના તથા મોરપંખની કલગી શ્રીસ્વામિનીજીના ભાવથી શ્રીઠાકોરજી અંગીકાર કરે છે. તેવી જ રીતે મીનાકારીનો શિરપેચ ધારણ કરે છે.

એક/ત્રણ/પાંચ ચંદ્રિકા

એક ચંદ્રિકા શ્રીસ્વામિનીજીના ભાવથી, ત્રણ ચંદ્રિકા રાજસી, તામસી અને સાત્ત્વિક



ભક્તોના ભાવથી અને પાંચ ચંદ્રિકા ચાર યૂથપતિ અને શ્રીસ્વામિનીજીના ભાવથી તથા તમામ વ્રજભક્તોના ભાવથી ધારણ કરે છે.

અદાણી
મસાલા
TM
સ્વાદના સર્જકો
SINCE 1955
બાળપણથી આજ સુધીમાં
ઘણું બદલાઇ ગયુ ..
ન બદલાણો, તો ફક્ત
મારા અદાણી મસાલા
નો ઉત્તમ સ્વાદ!
દરેક કિચન માટે "મસ્ટ"
ADANI SPICES
Creators of Taste
TURMERIC POWDER
Net Weight : 500g
SELAM
ADANI SPICES
Creators of Taste
Super KASHMIRI
CHILLY POWDER
Net Weight : 1 Kg
ADANI SPICES
Creators of Taste
CORIANDER CUMIN
POWDER
Net Weight : 500g
SUPER
Serving Suggestions Only
ઓનલાઇન ઉપલબ્ધ :
amazon
Brand Makeover.in
/adanispices
www.adanispices.com
ગુજરાતના વિવિધ સેન્ટર્સમાંથી ડીલરશિપ ઇન્કવાયરી આવકાર્ય છે :
98258 30645, 98251 95856 E mail : info@adanispices.com

વેસરી (નથ/ નાસિકાની વાળી)

વેસરી શ્રીસ્વામિનીજીના ભાવથી શ્રીઠાકોરજી અંગીકાર કરે છે. વેસરીમાં એક ચૂની છે જેમાં સોનાને શ્રીસ્વામિનીજી, મોતીને શ્રીચંદ્રાવલીજીનો ભાવ માનીને શ્રીઠાકોરજી અંગીકાર કરે છે.

કાનનાં કુંડળ



શ્રીઠાકોરજી બંને કર્ણમાં કોઈવાર મકરાકૃત કુંડળ (એટલે કે મગરના આકારનાં કુંડળ) તો કોઈવાર મયૂરાયકૃતિ રત્નજડિત સોનાનાં કુંડળ (એટલે કે મોરના આકારનાં કુંડળ) ધરે છે. મકરાકૃત કુંડળ તે મીન અથવા મકર જળમાં રહે છે અને જળ છે તે રસરૂપ છે. માટે મકરાકૃત કુંડળ રસરૂપ છે. કુંડળ છે તે સાંખ્ય યોગનો પણ ભાવ પ્રકટ કરે છે.

દશ આંગળીઓ પર વીંટી

શ્રીઠાકોરજી દસ પ્રકારના ભક્તોને ધારણ કરવા માટે દસે આંગળીઓ પર રત્નજડિત વીંટીઓ ધારણ કરે છે. શ્રીઠાકોરજી પોતાના ભક્તોના સ્નેહને વશ થઈ ગયા છે, તેથી ભક્તને છોડી દેતાં નથી. જ્યારે શ્રીઠાકોરજી મુરલી બજાવે છે ત્યારે શ્રીહસ્તની દશ આંગળીઓ પર દશ વીંટીરૂપ દશ ભક્તો શ્રીઠાકોરજીના કપોલ (લમણા)ને સ્પર્શ કરે છે. તેથી જ યુગલ ગીતમાં શ્રીગોપીજન કહે છે, વામબાહુકૃતવામકપોલો.

દશ આંગળીઓના દશ નખ

શ્રીઠાકોરજી દશ આંગળીઓના દશ નખ ધારણ કરે છે. આ દશ ચંદ્રરૂપ છે. તેમના પ્રકાશથી ભક્તના હૃદયમાં રહેલો કુભાવ (ખરાબ ભાવ)રૂપી અંધકારનો નાશ કરાવી, રસપાન કરાવી, હૃદયમાં પ્રકાશ તથા શીતળતા પ્રાપ્ત કરાવે છે.

શ્રીઠાકોરજી બંને શ્રીહસ્તમાં શ્રીસ્વામિનીજીના ભાવથી કંકણ તથા સોનાના બાજુબંધ ધારણ કરે છે. કંકણની પાસે જડાઉ પહોંચી છે તે શ્રી યમુનાજીના ભાવથી ધારણ કરે છે

શ્રીહસ્તમાં કંકણ-પહોંચી-કડા-બાજુબંધ



શ્રીઠાકોરજી બંને શ્રીહસ્તમાં શ્રીસ્વામિનીજીના ભાવથી કંકણ તથા સોનાના બાજુબંધ ધારણ કરે છે. કંકણની પાસે જડાઉ પહોંચી છે તે શ્રી યમુનાજીના ભાવથી ધારણ કરે છે. તેની પાસે મોતીની પહોંચી



છે, તે શ્રીચંદ્રાવલીજીએ પોતાના વિવાહના ભાવથી તથા તેની પાસે સોનાના કડા છે તે શ્રીકુમારિકાઓએ વિવાહના ભાવથી શ્રીઠાકોરજીના બંને શ્રીહસ્તમાં પહેરાવ્યા છે.

મુરલી



શ્રીઠાકોરજી અધર ઉપર મુરલી શ્રીસ્વામિનીજીના ભાવથી ધારણ કરે છે. મુરલી જ્યારે પોતાના શ્રીહસ્તમાં ધારણ કરે છે ત્યારે શ્રીકુમારિકાનો ભાવ જાણવો. મુરલીમાં સાત રંધ્ર (છિદ્ર) છે. આ સાત રંધ્ર શ્રીસ્વામિનીજી, શ્રીચંદ્રાવલીજી, સોળ હજાર અગ્નિકુમારિકાઓ, ગાયો, ગોવર્ધન, બધાં પશુ-પક્ષી, દેવતાઓ અને વ્રજના સર્વ લતા-વૃક્ષોને પાન કરાવવા માટે મુરલીના સૂરો નીકળે છે.

ઝારીજી

વાત્સલ્ય ભાવમાં ઝારીજી માતા શ્રીયશોદાજીનું સ્વરૂપ છે. ઝારીજી ઉપર જે લાલ વસ્ત્ર ધરવામાં આવે છે તે માતા શ્રીયશોદાજીની સાડીના સ્વરૂપે છે. આમ ઝારીજીરૂપી માતા શ્રીયશોદાજી લાલ વસ્ત્રરૂપી સાડી પહેરી પોતાના બાળકૃષ્ણને માતા સ્વરૂપે સ્નેહપાન કરાવે છે - આ ભાવ ઝારીજીમાં છે. ■

अच्छी सेहत
के लिए, सबसे
अच्छी चाय!

SEASONS
Tea

ये रिश्ता है कुछ खास

+91 97278 13041
hello@thakarshitea.com
www.thakarshitea.com

પ્રતિમાને કરવામાં આવતો આંગીનો શૃંગાર

પરમાત્માની પ્રતિભાને પ્રભાવક બનાવે છે

‘આંગી’ શબ્દ જૈન પારિભાષિક શબ્દ છે. અંગ ઉપર લાગે તે આંગી. એના માટે પર્યાયવાચી શબ્દ ‘અંગરચના’ પણ છે. દેરાસર અને જિનાલયમાં ભગવાનની પ્રતિમા પર વિવિધ પ્રકારની સજાવટ કરવામાં આવે છે એને આંગી કહેવાય છે.

ગુજરાતી ભાષામાં એક ઉક્તિ છે :
એક નૂર આદમી, હજાર નૂર કપડાં,
લાખ નૂર ટાપટીપ, કરોડ નૂર નખરાં!

રોહિત **શાહ**

વસ્ત્રો, શૃંગાર-સજાવટ અને નખરાં વગેરે બાબતોનો માણસની પ્રતિભા પર કેવો પ્રભાવ પડે છે એની વાત આ ઉક્તિમાં રજૂ થઈ છે.

સામાન્ય વ્યવહારમાં શૃંગાર શબ્દ સ્ત્રી સાથે અનુસંધાન ધરાવનારો શબ્દ છે. પુરુષો માટે વિશેષ શણગાર કે અલંકાર હોતાં નથી. કવિ હરીન્દ્ર દવે આ ગીત દ્વારા મહિલાઓના શૃંગાર પ્રત્યેના અનુસંધાનની વાત ગાય છે :

‘સોળ સજી શણગાર,
ગયાં જ્યાં જરીક ઘરની બહાર
અમોને નજરું લાગી રે...’

અલબત્ત, પ્રાચીન કાળમાં પુરુષોમાં કેટલાક રાજા-મહારાજાઓ સુવર્ણનાં આભૂષણો અને મુગટ વગેરે ધારણ કરતા હતા ખરા.

અધ્યાત્મના જગતમાં જે લોકો મૂર્તિપૂજા સ્વીકારે છે એ લોકો મૂર્તિ કે પ્રતિમાની અંદર સ્વયં પરમાત્માનો સાક્ષાત્કાર અનુભવે છે. એ કારણે તેઓ મૂર્તિને પણ શૃંગાર સજાવવા ઉત્સુક રહે છે. જૈન ધર્મમાં તીર્થંકરની પ્રતિમાને વિવિધ પ્રકારની આંગી દ્વારા સજાવવાની વિશિષ્ટ પરંપરા છે.

વીતરાગી પરમાત્માની પ્રતિમાને આંગી શા માટે?

‘આંગી’ શબ્દ જૈન પારિભાષિક શબ્દ છે. અંગ ઉપર લાગે તે આંગી. એના માટે

ફર્ટીલિટીથી ઈમ્યુનિટી સુધી કેશુભાઈના સંશોધનોનું અર્ક એટલે 'અમૃત કેસર'

રાજકોટમાં મેડિકલ એજન્સી ધરાવતા કેશુભાઈ પટેલે 'અમૃત કેસર' નામક એક આયુર્વેદિક પ્રોડક્ટ સર્જી છે. જેના નોંધપાત્ર પરિણામો મળી રહ્યાનું કેશુભાઈ જણાવે છે. બોટની અને ફાર્મસીનો અભ્યાસ કરી ચુકેલા કેશુભાઈના લગ્ન ૨૭ વર્ષની વયે થયા હતા. ફર્ટીલિટીની સમસ્યાના કારણે તેઓ સંતાનસુખથી વંચિત હતા. અનેક ઉપાયો કર્યા, પરંતુ સફળતા મળી ન હતી. દરમિયાન વૈદરાજ સ્વ. રમેશભાઈ ઝરિયાનો સંપર્ક થયો. તેઓએ કૌંચા, શતાવરી, અશ્વગંધા, સફેદ મુસળી સહિતના ઔષધિઓના પાઉડરનો ઉપયોગ કરવા સુચવ્યું.

કેશુભાઈને આ ઔષધ પ્રયોગનું ત્રણ મહિનામાં પરિણામ મળ્યું. કેશુભાઈ કહે છે કે અમને સફળતા મળતા સંતાન સુખથી વંચિત અન્ય દંપતીઓ પર આ પ્રયોગ કર્યો. ૨૦ વર્ષમાં ૬૦૦ જેટલા યુગલોને વિનામૂલ્યે પાઉડર આપ્યો. મોટાભાગના કેસમાં પરિણામો સારા મળ્યા હતા.

કેશુભાઈ જણાવે છે કે નિઃસંતાન દંપતીઓએ નિરાશ થવાની જરૂર નથી, હંમેશા આયુર્વેદ પાસે તેનો ઉપાય મળી જ રહે છે

કેશુભાઈ પટેલ કહે છે કે, મિત્રો-શુભેચ્છકો-ગ્રાહકોના આગ્રહથી આ પાઉડર 'અમૃત કેસર'ના નામે સરકારી મંજૂરી સાથે માર્કેટમાં મૂક્યો છે. પ્રારંભે ૮૦ વ્યક્તિ પર 'અમૃત કેસર'નો પ્રયોગ કર્યો, જેમાં ૩૩ યુગલોને સુખદ પરિણામો પ્રાપ્ત થયા હતા. આ ક્ષેત્રના નિષ્ણાતોના અભિપ્રાય પણ સકારાત્મક રહ્યા હતા. પ્રોડક્ટ લોન્ચ થયાને છ વર્ષ થઈ ગયા છે, આડઅસરની એક પણ ફરિયાદ મળી નથી અને સફળતાનો રેસિયો વધી રહ્યો છે. કેશુભાઈ આગળ કહે છે કે, આ સફળતા બાદ ઈમ્યુનિટી માટે 'અમૃત કેસર' કેપ્સ્યુલ પણ લોન્ચ કરી છે. આ કેપ્સ્યુલથી મેટાબોલીઝમ સિસ્ટમ મજબૂત થાય છે. ઉપરાંત સ્ફૂર્તિ વધે, સ્ટ્રેશ ઘટે, સ્પર્મ કાઉન્ટ વધે છે. પાચનક્રિયા સુધરે છે. આ કેપ્સ્યુલ એન્ટી ઓક્સિડન્ટ તરીકે પણ કામ કરતી હોવાનો કેશુભાઈનો દાવો છે.

ગુજરાત ઉપરાંત પંજાબ, મહારાષ્ટ્ર અને વિદેશમાં કુવૈત- ઓસ્ટ્રેલિયા સુધી આ પ્રોડક્ટ પહોંચી હોવાનું કેશુભાઈ જણાવે છે. 'અમૃત કેસર'નો કોર્ષ ૩ મહિનાનો હોય છે. જેનો આશરે ખર્ચ ૩ હજાર રૂપિયાની આસપાસ આવે છે. વધુ વિગતો માટે કેશુભાઈ પટેલના મો.નં. ૯૮૭૯૫૪૦૭૯૩ પર સંપર્ક કરવો.

2 દાયકાથી હજારો લોકોનાં સ્વાસ્થ્યમાં લાભ આપતી
આયુર્વેદિક અમૃત કેસર માં
અમૂલ્ય જડીબુટ્ટીનો સંગમ છે

અશ્વગન્ધા - શ્રેષ્ઠ શક્તિવર્ધક છે.	**જાયફળ** - માનસિક તનાવ ઘટાડે છે.
ગુડુચી - રક્તશુદ્ધિ અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે.	**શતાવરી** - વાત, પિત્ત અને કફ પ્રકૃતિનું સંતુલન રાખે છે.
પીપરીમૂળ - સુનિદ્રા આપે છે.	**વિદારીકંદ** - પાચન શક્તિ વધારે છે.
કૌંચા - સકારાત્મક મનોસ્થિતિ લાવવામાં મદદરૂપ થાય છે.	**કેસર** - સર્વગુણસંપન્ન, જ્ઞાનતંતુઓ સ્વસ્થ રાખે છે.
સફેદ મુસળી - સ્ટેમિના વધારે છે.	**ગોખરુ** - હૃદય, કિડની તથા લિવર ને મજબૂત કરે છે.

AMRUT KESAR®
CAPSULE
An Ayurvedic Proprietary Medicine

Marketed by: **AMRUT MEDICAL AGENCY**
"Yogi Tower", Shop no. 101-104, Subhash Road, Rajkot - 360001 (GUJARAT)
Customer Care No. : 98795 40793 | 0281 2466430

દરેક અગ્રણી મેડિકલ સ્ટોર પર ઉપલબ્ધ

પર્યાયવાચી શબ્દ 'અંગરચના' પણ છે. દેરાસર અને જિનાલયમાં ભગવાનની પ્રતિમા પર વિવિધ પ્રકારની સજાવટ કરવામાં આવે છે એને આંગી કહેવાય છે.

આમ તો તીર્થંકર ભગવાનને વીતરાગી માનવામાં આવે છે. વીતરાગી એટલે જેમને કોઈ પણ પ્રકારના મોહ, રાગ-દ્વેષ વગેરે ન હોય તે. સવાલ એ થાય કે જો પરમાત્મા વીતરાગી હોય તો એમની પ્રતિમાને કીમતી આંગીથી સજાવવાનો શો અર્થ? ઊલટું એ આંગી તો તીર્થંકરના વીતરાગપણા માટે બાધક ન ગણાય?

એ સાચું કે તીર્થંકર પરમાત્મા તો પૂર્ણ વીતરાગી જ છે. એમને વસ્ત્રોની પણ જરૂર નથી હોતી, તો પછી આંગી કે અન્ય કોઈ પણ શૃંગારની આવશ્યકતા કેમ હોય? પરંતુ ભક્તોને શૃંગાર આવશ્યક લાગે છે. ભગવાનની મૂર્તિ કે પ્રતિમા સમક્ષ આપણે વિવિધ ફળ-નૈવેદ્ય અને પ્રસાદ વગેરેના થાળ ચઢાવીએ છીએ. એમાંથી ભગવાન કશું ખાતા હોતા નથી અથવા ભગવાનને એવા આહાર કે પ્રસાદની કશી જરૂર પણ હોતી નથી, પરંતુ એ દ્વારા અને એ રૂપે ભક્તો પોતાનો આદર તથા અહોભાવ વ્યક્ત કરે છે... એવી જ રીતે જૈન ધર્મમાં શ્રાવકો પોતાની ભક્તિનો ઉલ્લાસ વધે એ માટે અને એ ઉલ્લાસ વ્યક્ત કરવા સ્વરૂપે તીર્થંકરની પ્રતિમાને આંગીથી સજાવે છે.

બીજી અગત્યની વાત એ છે કે તીર્થંકર ભલે વીતરાગી હોય, ભક્તો તો વીતરાગી નથી હોતા ને! એમની ભક્તિમાં ઉમળકાનો રસ અને રંગ ઉમેરાય એ માટે એમણે તીર્થંકરની પ્રતિમાને સજાવવાનું શરૂ કર્યું. મૂર્તિ-પ્રતિમા કે છબી આંખોને ગમશે તો અંતરને પણ ગમશે અને પછી એને અનુસરવાનું આસાન બનશે એવી ભાવનાથી ભક્તો પોતાના ભગવાનને જુદી-જુદી રીતે આંગી વગેરે દ્વારા શૃંગારિક સજાવટ કરે છે.

જૈન ધર્મમાં શ્રાવકો પોતાની ભક્તિનો ઉલ્લાસ વધે એ માટે અને એ ઉલ્લાસ વ્યક્ત કરવા સ્વરૂપે તીર્થંકરની પ્રતિમાને આંગીથી સજાવે છે આ રીતે ભક્તો પોતાનો આદર તથા અહોભાવ વ્યક્ત કરે છે

વળી પરમાત્માની પ્રતિમાની સજાવટ કરવાની પરંપરા માત્ર જૈનોમાં જ છે, એવું નથી. આપણે જાણીએ છીએ કે ભગવાન રામ, ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન વિષ્ણુ વગેરેની મૂર્તિઓને પણ વાર-તહેવારે ભક્તિ અને ઉલ્લાસથી શણગારવામાં આવે છે, સજાવવામાં આવે છે. મૂર્તિને આપણે અવનવા વાઘા પહેરાવીએ છીએ. ભગવાન કૃષ્ણના બાળસ્વરૂપને તો ભક્તો ભરપૂર લાડ પણ કરે છે.

આંગીની પરંપરા

જૈન પ્રતિમાઓને આંગી રચાવાની શરૂઆત ક્યારથી થઈ અને સૌ પ્રથમ આંગી કયા તીર્થંકરની પ્રતિમાને, કયા શ્રાવકે, ક્યારે, કયા જિનાલયમાં રચી હતી એનો કોઈ ઇતિહાસ ઉપલબ્ધ નથી. છતાં એક પ્રાચીન પરંપરા તરીકે અત્યારે તમામ જૈનો એનો સ્વીકાર કરી રહ્યા છે. અલબત્ત, એ પરંપરા સાથે નવા યુગની કલાત્મક અભિવ્યક્તિઓ સામેલ થતી રહે છે. આંગી ભગવાનની પ્રતિમા માટે માત્ર શૃંગાર છે, પરંતુ એ આંગી બનાવનાર કલાકાર માટે તો કલાની અભિવ્યક્તિ છે.

આંગીની રચના ક્યારે?

મોટા તીર્થમાં કે અન્યત્ર જિનાલયમાં પ્રતિમાને દરરોજ અંગરચના થતી નથી હોતી, પરંતુ ખાસ પ્રસંગે અંગરચના કરવામાં આવતી હોય છે. પર્યુષણ પર્વના દિવસો હોય, ઓળીની આરાધના ચાલતી હોય, જે-તે જિનાલયની સાલગીરા હોય, જિનાલયના ધ્વજારોહણનો કાર્યક્રમ હોય, તીર્થંકર પરમાત્માનો બર્થ-ડે હોય અથવા એમના પાંચ કલ્યાણકો પૈકીનું કોઈ એક કલ્યાણક-પર્વ હોય એ દિવસે પ્રતિમાજીને અચૂક વિશેષ અંગરચના કરવામાં આવે છે. પાંચ કલ્યાણક પર્વો આ રીતે હોય છે : ૧. ચ્યવન-કલ્યાણક (તીર્થંકર પ્રભુ એમની માતાના ગર્ભમાં આવે એ દિવસ), ૨. જન્મ કલ્યાણક, ૩. દીક્ષા કલ્યાણક, ૪. કેવળજ્ઞાન કલ્યાણક અને ૫. નિર્વાણ કલ્યાણક. આ ઉપરાંત કોઈ શ્રાવકના પરિવારમાં કોઈકે મોટી તપસ્યા કરી હોય, કોઈનો બર્થ-ડે હોય, કોઈની લગ્નતિથિ હોય અથવા કોઈ સ્વજનની પુણ્યસ્મૃતિ રૂપે તેમ જ અન્ય ખાસ પ્રસંગે - ખાસ દિવસે એમના તરફથી પેઢીએ નક્કી કરેલો નકરો ચૂકવીને આંગી કરાવવામાં આવે છે.

આંગીની રચના માટે ઉપયોગમાં લેવાતી સામગ્રી :

SINCE 2008

રસોઈ માટે તૈયાર...

શ્રી હરિ®

રેડી-ટુ-કૂક મસાલા

NO onion garlic | NO tuber-roots | 100% natural product

વિવિધ 52 પ્રકારના સંપૂર્ણ તૈયાર મસાલાની વિશાળ શ્રેણી...

સતત ૨૦૧૯ થી ૨૦૨૧ ગૌરવવંતા પુરસ્કારોના વિજેતા...

Mfg. by: SHRI HARI MASALA, Guj., INDIA.

AN ISO 22000 CERTIFIED CO.

E-mail: shriharimasalahalol@gmail.com
E-mail: mktg@shriharimasala.com

CUSTOMER CARE :
94092 00015 / 90235 48349

હવે ઘેર બેઠાં ઑનલાઈન શૉપિંગ કરો, વેબસાઈટ દ્વારા.... www.shriharimasala.com

હવે amazon અને Flipkart પર પણ ઉપલબ્ધ.

આંગીની રચના માટે વિવિધ પ્રકારનાં ગુલાબ મોગરો, જાસુદ, જૂઈ જેવાં રંગબેરંગી પુષ્પોનો ઉપયોગ કરવામાં આવે છે. એની સાથે ડમરો જેવી સુગંધિત વનસ્પતિનો પણ ઉપયોગ થતો હોય છે. આ ઉપરાંત સોનું, ચાંદી, હીરા, માણેક, મોતી, નીલમ વગેરે કીમતી ધાતુઓની આંગી પણ રચવામાં આવે છે. આજકાલ તો ઘણી વખત વિવિધ ડ્રાયફ્રૂટ જેમાં ખાસ કરીને કાજુ-બદામ અથવા ઇલાયચી જેવી સામગ્રીનો ઉપયોગ કરીને કલાત્મક અંગરચના કરવામાં આવે છે. એ ઉપરાંત જડતર, વેલ્વેટના ફ્લોરેસન્ટ કલરના કાપડમાંથી પણ આંગીની રચના કરવામાં આવે છે. આંગી બે રીતે થતી હોય છે : એક તો જે-તે જિનાલયમાં પ્રતિમાજીના માપ મુજબ રેડીમેડ ખોખું તૈયાર હોય એ પહેરાવી દેવામાં આવે છે, જ્યારે બીજા પ્રકારમાં કેટલાક ઉત્સાહી શ્રાવક-શ્રાવિકાઓ સાથે મળીને, કલાકો સુધી સમય આપીને કલાત્મક અંગરચના કરતાં હોય છે.

પ્રતિમા પર આંગી રચતી વખતે મુખકોશ :

અત્યારે કોરોનાની વિશ્વવ્યાપી મહામારીના આ સંકટમાં લોકો માટે માસ્ક પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. જૈન ધર્મમાં કોઈ પણ જિનાલયમાં ભગવાનની પ્રતિમા પાસે એટલે કે ગર્ભગૃહમાં (ગભારામાં) પ્રવેશતી વ્યક્તિએ પોતાના મોઢા પર મુખકોશ ફરજિયાત બાંધવાનો હોય છે. પ્રતિમાની પૂજા કરનાર વ્યક્તિએ પણ ફરજિયાત મુખકોશ બાંધવાનો હોય છે. આપણી આધ્યાત્મિક જગતની મોટા ભાગની પરંપરાઓ પાછળ કોઈક ને કોઈક વૈજ્ઞાનિક રહસ્ય અવશ્ય છુપાયેલું હોય છે. આપણા અજ્ઞાનને કારણે અથવા અભ્યાસના અભાવને કારણે આપણે એ રહસ્ય જાણતા હોતા નથી. એટલે માત્ર પરંપરાનો આદર કરીને એનું પાલન કરતા હોઈએ છીએ.

આંગી કેટલો સમય રાખવાની?

ગર્ભગૃહમાં (ગભારામાં) પ્રવેશતી વ્યક્તિએ પોતાના મોઢા પર મુખકોશ ફરજિયાત બાંધવાનો હોય છે. પ્રતિમાની પૂજા કરનાર વ્યક્તિએ પણ ફરજિયાત મુખકોશ બાંધવાનો હોય છે

સામાન્ય રીતે કોઈ પણ જિનાલયમાં પ્રતિમાજીની પૂજા કરવાનો સમય સવારથી બપોર સુધીનો હોય છે. એ સમય પૂરો થાય પછી એને અંગરચના કરવામાં આવે છે. એ અંગરચના બીજા દિવસે સવારે પક્ષાલપૂજા કરવાની હોય ત્યાં સુધી રાખવામાં આવે છે. તીર્થંકરની પ્રતિમા પર સજાવેલી આંગી સૌથી વધુ આકર્ષક સાંજે આરતી-મંગલ દીવાના વખતે લાગે છે. આરતીના દીવાની સુવર્ણ જ્યોતનાં કિરણો આંગીને વધુ આકર્ષક બનાવે છે અને પ્રતિમાને અધિક દેદીપ્યમાન બનાવે છે.

સોના-ચાંદીની આંગી :

મૂળ પાટણના વતની અને આંગી-રચનાના કલાકાર ગજેન્દ્રભાઈ પંચાલ તથા વિશાલભાઈ પંચાલ ઘણા વર્ષોથી દેશ-વિદેશનાં જિનાલયો માટે અનેક પ્રકારની આંગીઓ રચવાનું કામ કરી રહ્યા છે. તેમની પાસેથી મળેલી માહિતી મુજબ ભૂતકાળમાં આંગી બનાવવા માટે પાટણના કલાકારો જાણીતા હતા. હવે એ કલાકારોની નવી-નવી જનરેશનમાંથી ભાઈઓ અલગ પડ્યા એટલે આંગી બનાવનારા કારીગરો વધ્યા. એ જ રીતે એમની પેઢીમાં કામ કરતા કેટલાક કારીગરો પણ અલગ થઈને પોતે સ્વતંત્ર રીતે આંગી બનાવવાનું કામ કરવા લાગ્યા. આ કારણે હવે આ કામમાં નાની-મોટી કોમ્પિટિશન જેવું પણ લાગે છે. ગજેન્દ્રભાઈ પંચાલે જણાવ્યું કે પ્રાચીનકાળમાં આંગી રચવાની જે શૈલી હતી તેમાં આજે ઘણુ પરિવર્તન આવી ગયું છે. પ્રાચીનકાળમાં પ્રતિમાના મસ્તક પાસે ભામંડળની (દિવ્યતેજ વલયનું આભામંડળ) રચના થતી તથા બંને બાજુ કળશ કે ચામર લઈને ઊભેલી પરીઓ વગેરેની રચના થતી. હવે પ્રતિમા પૂરતી જ આંગી બનાવવાનું ચલણ છે. ગજેન્દ્રભાઈએ ભાભર જૈન સંઘના જિનાલય માટે ચાર કિલો સોનાની આંગી બનાવેલી છે. અત્યારે તેઓ ઊંઝા જૈન સંઘના જિનાલય માટે અઢી કિલો સોનાની આંગી તૈયાર કરી રહ્યા છે. અમદાવાદમાં ગાંધીરોડ પર આવેલા સાંઇબાબાના મંદિર માટે દોઢ કિલો સોનાનો મુગટ એમણે બનાવેલો છે. સામાન્ય રીતે આંગી કે મુગટનું ઘડામણ એક ગ્રામના પાંચથી સાત રૂપિયા જેટલું થતું હોય છે. જો એક કિલોથી ઓછા વજનનું કામ કરવાનું હોય તો એનું ઘડામણ ઉચ્ચક નક્કી કરવામાં આવે છે. પ્રત્યેક જિનાલયમાં મૂળનાયકની પ્રતિમા ત્રણ ઇંચથી એકાવન ઇંચ સુધીની

NK Proteins

Immunity *is what you* Eat

Physically Refined

TIRUPATI®

Rice Bran Oil

Rice Bran Oil

Bano andar se Strong

Rice Bran Oil gives you

ORYZANOL
Lowers Cholesterol

Ideal
PUFA & MUFA
Balance

Vitamin E
Strengthens Immunity

A balanced diet and an active lifestyle can boost your immunity. | Source: Nayik GA and Muzaffar K. Future Edible Oil of India: Rice Bran Oil -"The Wonder Oil". SM J Food Nutri Disord. 2015; 1(2): 1007.

oneadvt.com

To buy, scan this QR code or simply visit **www.shop.tirupatioils.com** and avail a minimum of **10% discount** on the MRP

Also available in: Reliance fresh | Reliance SMART | JioMart | Osia | Star Bazaar | Big Bazaar | bigbasket | flipkart

Available in all retail outlets across Gujarat

ઊંચાઈની હોય છે. કેટલાંક જિનાલયમાં ૬૧, ૭૧ કે ૧૦૫ ઇંચ સુધીની પ્રતિમાઓ પણ જોવા મળે છે! જો પ્રતિમા ૫૧ કે તેથી વધુ ઇંચની હોય તો આંગી ત્રણ, ચાર કે પાંચ ભાગમાં કરવી પડે.

કાયમી અને કામચલાઉ આંગી :

પુષ્પો કે અન્ય સામાન્ય સામગ્રીમાંથી બનાવેલી આંગી, પ્રતિમા પરથી ઉતારી લીધા બાદ એનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવે છે; પરંતુ સોના-ચાંદી વગેરેમાંથી બનેલી આંગી પરમેનેન્ટ સ્વરૂપે વારંવાર ઉપયોગમાં લેવાતી હોય છે. તેથી એવી આંગી ઉતારી લીધા પછી એને સાફસૂફ કરીને, પેઢીની તિજોરીમાં કે અન્યત્ર સલામત સ્થળે મૂકી દેવામાં આવે છે. કેટલાક શ્રાવકો તરફથી દર વર્ષે જિનાલય માટે નવી આંગી કે અન્ય નવાં આભૂષણો ભેટ રૂપે મળતાં હોય છે. એવાં કીમતી આંગી-આભૂષણોની ચોરી ન થઈ જાય એ માટે જે-તે સંઘના વહીવટદારોએ ખૂબ સજ્જતા અને ચોકસાઈ રાખવી પડતી હોય છે.

કલાત્મક આંગી માટે કોમ્પિટિશન :

સમેતશિખર, પાવાપુરી, પાલિતાણા, શંખેશ્વર, કલિકુંડ, શેરીસા, કોબા, રાણકપુર, જેસલમેર, નાગેશ્વર, માંડવગઢ, મોહનખેડા વગેરે વિવિધ તીર્થોનાં જિનાલયોમાં વિવિધ પ્રસંગે પ્રતિમાને સુંદર અને કીમતી આંગીથી શણગારવામાં આવે છે. કેટલાક જૈન પરિવારોમાં ઉત્સાહી યુવક-યુવતીઓ કિશોરવયથી જ કલાત્મક આંગી બનાવવાની તાલીમ પામેલાં હોય છે. કેટલીક જૈન પાઠશાળાઓ અથવા કેટલાંક સાધુ-સાધ્વીજી મહારાજ દ્વારા આયોજિત શિબિરોમાં પણ આંગીની રચના માટેની પ્રેરણા અને કલા શીખવવામાં આવે છે. અમદાવાદ નગરમાં હઠીસિંહ જિનાલય, ઘરણીઘર જિનાલય, પ્રેરણાતીર્થ જિનાલય, ઝવેરીપાર્ક જિનાલય, દાદા સાહેબનાં પગલાં જિનાલય, ધર્મચક્ર વાટિકા જિનાલય, કીકા ભટ્ટની પોળ જિનાલય, પાંજરાપોળ - રિલીફ રોડ જિનાલય, ઝવેરીવાડનાં અનેક જિનાલય વગેરેમાં વિવિધ અવસરે ભવ્ય અંગરચના થતી હોય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ખાસ કરીને પર્યુષણ પર્વના પાંચમા દિવસે એટલે કે ભગવાન મહાવીરના જન્મ કલ્યાણક-વાચનના દિવસે અમદાવાદના વિવિધ જૈન સંઘનાં જિનાલયોમાં શ્રેષ્ઠ આંગીની રચના માટે કોમ્પિટિશન યોજવામાં આવે છે. સૌથી સુંદર આંગી રચનાર સંઘને અનુક્રમે પુરસ્કૃત કરવામાં આવે છે.

ઘર-દેરાસર (ગૃહ જિનાલય)માં આંગી :

માત્ર તીર્થસ્થાનોનાં જિનાલયો કે વિવિધ ગામ-નગરમાં આવેલાં જૈન સંઘનાં જાહેર જિનાલયોમાં જ નહીં, ક્યારેક તો અતિ શ્રદ્ધાળુ શ્રાવકના ઘર-દેરાસરમાં પણ વૈવિધ્યસમૃદ્ધ આંગીની રચના કરવામાં આવતી હોય છે. મુંબઈ, સાન્તાક્રુઝ વેસ્ટમાં પ્રબોધચંદ્ર કેશવલાલ શાહનું ઘર-દેરાસર છે. એમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. આ ગૃહ જિનાલય એટલું બધું જાણીતું થઈ ગયું છે કે અત્યારે દરરોજ દોઢસો-બસો જેટલા બહારના દર્શનાર્થીઓ નિયમિત રીતે સેવા-પૂજા કે દર્શન માટે ત્યાં આવે છે. આ ઘર દેરાસરમાં પર્યુષણ પર્વના આઠે આઠ દિવસ ઉપરાંત અન્ય પ્રસંગોએ વૈવિધ્યપૂર્ણ આંગી એમના પરિવાર તરફથી કરવામાં આવે છે.

ઔચિત્યપૂર્ણ, શુદ્ધ સામગ્રીનો જયણાપૂર્વક ઉપયોગ :

કોઈ પણ તીર્થંકરની કોઈ પણ પ્રતિમા પર જ્યારે આંગી રચવામાં આવે છે, ત્યારે તે શુભ ભાવથી અને શુદ્ધ દ્રવ્યથી રચવાનો આગ્રહ રખાય છે. જે વસ્તુના ઉપયોગથી સૂક્ષ્મ જીવહિંસા થવાની સંભાવના હોય કે આશાત ના લાગે એમ હોય એવી ચીજોનો એમાં ઉપયોગ કરવામાં આવતો નથી. એક સામાન્ય ઉદાહરણ જોઈએ તો આંગીની રચના માટે અથવા પ્રતિમાની સેવા-પૂજા માટે જે ફૂલો વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે, એ ફૂલોને છોડ ઉપરથી તોડવામાં આવતાં નથી. જે-તે ફૂલછોડની નીચે રાત્રે કપડું પાથરવામાં આવે છે. ફૂલછોડ પરથી આપમેળે ખરી પડેલાં પુષ્પો એ કપડામાં ભેગાં કરીને, એના ઉપયોગથી સેવા-પૂજા કે અંગરચના કરવામાં આવે છે. આંગીની રચના માટે ઉપયોગમાં લેવાયેલી દરેક સામગ્રી ઔચિત્યપૂર્ણ અને શુદ્ધ હોય એવો ખ્યાલ જયણાપૂર્વક રાખવામાં આવે છે. ■

કોઈ પણ તીર્થંકરની કોઈ પણ પ્રતિમા પર જ્યારે આંગી રચવામાં આવે છે, ત્યારે તે શુભ ભાવથી અને શુદ્ધ દ્રવ્યથી રચવાનો આગ્રહ રખાય છે જીવ હિંસા થાય એવી ચીજોનો ઉપયોગ આંગીમાં કરાતો નથી

ટ્રીચપ®

MRP: **100ml** - Rs 85/- | **200ml** - Rs 160/- | **400ml** - Rs 300/-

— ALL NEW — VASU naturals | Legacy of 40 YEARS

ટચઅપ નહિ, ટ્રીચપ® કરો.

Trade Info: +91 9227788550 (Mon-Sat, 10AM to 5PM) | info@vasuhealthcare.com | trichup.com

અહીં ઉપલબ્ધ છે VASU STORE.COM | amazon.in | flipkart.com

સર્વ મુખ્ય પ્રોવિઝન અને મેડિકલ સ્ટોર્સમાં પણ ઉપલબ્ધ છે.

Product Info.

અહમ્ શૃંગારાસ્મિ

શૃંગાર શક્તિ છે. શૃંગાર પ્રકૃતિ છે. શૃંગાર જીવંતતા છે. શૃંગારના રાજા ના હોય, રાધાજી શૃંગારના રાણી છે. પ્રેમનું પ્રતીક હોય એ શૃંગાર. પ્રેમનું વહન કરે, પ્રેમનું ઉદ્ગમસ્થાન બને 'ને પ્રેમનું આવકારસ્થાન બને એ શૃંગાર. શૃંગાર મિલન માટેનું સ્તર છે.

રસ 'ને કલા વિના આપણુ જીવન માણવું અઘરું છે
તમામ કડીને જે જોડે છે એ શૃંગાર પામવું અઘરું છે

શૃંગાર અર્થાત્ પ્રેમભાવ કે પ્રીતિ. સ્નેહ ક્યાં ના હોય? સ્નેહ કોનામાં ના હોય? સ્નેહ એટલે ચીકાશ હોય એવું 'ને ચોંટાડે એવું. વિજ્ઞાન કહે છે કે દરેક કણ અન્ય કણને આકર્ષે છે 'ને અન્ય કણ વડે આકર્ષાય છે. પ્રણય આદિ સ્પંદન છે. હેત સૃષ્ટિના જન્મ 'ને હોવાનું કારણ છે. દરેક કણને કશુંક પ્રિય છે. કામ 'ને રતિ વિના ભવિષ્યકાળ નથી. અનુરાગ વિના વર્તમાનકાળ નથી. બાળક રુદન સાથે જન્મે છે, પરંતુ આંખ ખોલતા વિસ્મય પામે છે 'ને સ્પર્શ પામતા મુગ્ધ થઈ જાય છે. આદિમાનવ પુખ્ત થાય છે એવો નવી દ્રષ્ટિથી પ્રકૃતિને નિહાળે છે. કોઈ પૂર્વગ્રંથિ ના હોય 'ને પ્રથમ વાર અગ્નિ સાથે ભેટો થાય ત્યારે તે ભય નથી પામતો, એ પહેલાં તેનાથી વશીભૂત કે ગ્રસ્ત થાય છે. વિશાળ જળપ્રપાત કે કાળા વાદળોની ભાગદોડી માનવીના નયનમાં લાવણ્ય ભરી દે છે. લવ. એડોરેશન. પૂજા, આરાધના કે સાધના, ઉપાસના એટલે શૃંગાર.

ગૌરાંગ **અમીન**

એકવીસમી સદીમાં દૂર હિમાલયના પર્વત જોઈને કે શહેરમાં પસાર થતી નદીમાં ડોલ્ફિન જોઈને ઇન્સાન દંગ રહી જાય છે. ડિજિટલ પટલ પર મેઘધનુષ્ય જોઈને વાઉ બોલી ઊઠે છે. કેમ કે માણસમાં શૃંગાર નામનો રસ સતત તરંગિત થતો હોય છે.

પોપટ જોઈને મનુષ્ય આનંદિત થાય છે. કેમ? પોપટ વિવિધ 'ને વિશિષ્ટ રંગનો હોય તો વધુ અથવા ગેરંટેડ ખુશ થાય. કોઈ પક્ષીની પૂંછડી કે કલગી સુંદર લાગે તો કોઈ પ્રાણીની છટા પ્રભાવક લાગે. પુષ્પની દુનિયાના તો વખાણ કરો એટલા ઓછાં. પાંદડાને હાથમાં લઈને ધ્યાનથી માણ્યા હોય તો કુદરતને માની જવાય. કેવળ દ્રશ્ય વડે જીવંતતા નક્કી થાય છે તે જીવ એટલે પશુ. પશ્યંતી ચાર વાણીમાંથી એક વાણીનો પ્રકાર. પરાથી નીચી, પણ મધ્યમા કરતાં ગૂઢ 'ને આપણે જીભ વડે જે સામાન્ય રીતે કામમાં લઈએ છીએ તે વૈખરી કરતાં તો વિશેષ ગૂઢ વાણી એટલે પશ્યંતી. ચિત્ર વડે ડેટાનો વ્યવહાર થાય. રમણીય એવમ મનોહર દ્રશ્ય જોવા માત્રથી મન મોહિત થઈને રમણ કરે છે. મોર મૌન પાળે તો શું? તેની કળા સ્પષ્ટ દેખાય છે. સુદર્શન. કહે છે સર્વોચ્ચ જ્ઞાન કે બ્રહ્મ પરમ પ્રકાશ રૂપ છે. આજ્ઞાચક્ર કે ત્રીજી આંખથી ઈશ્વરનાં દર્શન થાય. નેત્ર વડે હું આભો બની જાય છે.

કેમ કે માણસમાં શૃંગાર પહેલેથી ભરેલો છે. થોડો કે વધુ શૃંગાર ઇનબિલ્ટ છે 'ને એ

www.theforum.xyz

THE FORUM

CELEBRATIONS & CONVENTIONS

theSALT

WYNDHAM
Ahmedabad Shela | CLUB O7

Grand Banquets | Luxurious Rooms

International Cuisines by Master Chefs

Club O7 Road, Shela, Ahmedabad

70469 99990 / 91

બહારથી એક્ટિવેટ થાય છે. બે શરીરના કમ સે કમ એક ક્ષણ માટેના પ્રેમ ભરેલા ઐક્યને કારણે નવો જીવ જન્મ લઈ શકે છે. જીવને માતા જન્મ આપે ત્યારે ખૂબ પ્રેમ આપે છે. એ પછી આપે એ અલગ. બાળકમાં કમ સે કમ સુષુપ્ત સ્વરૂપે તો શૃંગારના અંકુર હોય જ છે. દર્પણ ના જોયો હોય કે મમ્મી ના જોવા મળી હોય, પણ શ્વાસ લીધા હોય. તરસ લાગી હોય ત્યારે પાણી પીધું હોય કે ભૂખ લાગી હોય ત્યારે જરી ખાધું હોય તેણે પોતાનામાં શૃંગાર ચેતવ્યો છે. લિંગ નર હોય કે નારી, પંખીની સજ્જતા 'ને ફૂલની સજાવટ જોઈને જીવની ભીતરનો શૃંગાર સળવળી ઊઠે છે. એક કે અન્ય સ્વરૂપનો પોતાના પ્રેમનો આકાર આપવા એ આંખથી જોઈ શકાય એવું શૃંગારનું આરોપણ કરે છે. વસ્ત્ર, ઘરેણા, અલંકાર, આભૂષણ. વીર, કરુણ, અદ્‌ભુત, હાસ્ય, રૌદ્ર, ભયાનક, બીભત્સ તથા શાંત રસ બાજુમાં મૂકીને સ્પૃહાને આધીન થાય છે. બીજાના થવાની કે પોતાના કરવાની કે એક થવાની.

બાહ્ય સોળ શૃંગાર મનુષ્યના આંતરિક શૃંગારનું પ્રતિબિંબ છે કે અભિવ્યક્તિ છે. વૈષ્ણવમાં મંગળા 'ને શયનની વચ્ચે એક મહત્ત્વનાં દર્શન હોય છે, શૃંગાર. શ્રીજી બાવા કેવા દેખાય છે? ઠાકોરજીએ શું પહેર્યું છે? એ બધું બહારી ટોક. મૂળ મુદ્દો પ્રેમ. કૃષ્ણનો શૃંગાર જોઈને ભક્ત ઘણુ બધું છતાં મૂળ એક તત્ત્વ અનુભવે છે. દ્વારિકાધીશ કેટલાય બધા પ્રેમાળ જણાય છે. બાંકેબિહારીને જોઈને થાય છે કે એ હમણા ભેટી પડશે. ગોપીનાથજી જુઓ તો લાગે છે હોશ ખોઈ બેસીશું. શૃંગાર શક્તિ છે. શૃંગાર પ્રકૃતિ છે. શૃંગાર જીવંતતા છે. શૃંગાર માતાજીનો મામલો છે. શૃંગારના રાજા ના હોય, રાધાજી શૃંગારના રાણી છે. રાધા એટલે આકાશી પ્રેમની ધારા. સાયન્સ જેને વ્હાઇટહોલ કહે છે, તે પૂર્ણતા જેમાંથી બધો પ્રેમ આવે છે. કૃષ્ણ એટલે બ્લેક-હોલ જેમાં સર્વે પ્રેમ એવમ શૃંગાર સમાઈ જાય. કહે છે કે જે કોઈ નમસ્કાર કરો એ કૃષ્ણને જ અંતે પહોંચે છે. નમસ્કાર મુદ્રા એટલે શૃંગારની આપલે કરવાનું ટાવર કમ એન્ટેના.

પ્રેમનું પ્રતીક હોય એ શૃંગાર. પ્રેમનું વહન કરે એ શૃંગાર. પ્રેમનું ઉદ્‌ગમસ્થાન બને 'ને પ્રેમનું આવકારસ્થાન બને એ શૃંગાર. શૃંગાર મિલન માટેનું સ્તર છે. મીડિયમ છે. હું, ઈશ્વર 'ને શૃંગાર. દ્વૈતવાદ સમજવા જાવ તે કરતાં અનુભવવા માંડો ત્યારે ખરેખર સમજાય. બધું ઈશ્વર છે 'ને બીજું કશું જ નથી એ પ્રકારનો અદ્વૈત સિદ્ધાંત એમાં ના ચાલે. હું ઈશ્વરનો, ઈશ્વર મારો તથા બાકી બધું ઈશ્વરનું 'ને એ રીતે મારું અથવા અમારું. હું, ઈશ્વર 'ને મારા પ્રેમથી હું ઈશ્વરનો જે શૃંગાર કરું તે. સેવા શબ્દ પ્રેમનો સમાનાર્થી છે. શૃંગાર એટલે શોભા. શુભ 'ને શોભનીય સમાનાર્થી છે. જેની કામના હોય તેને ઇષ્ટ કહેવાય છે. બિલવ્ડ એટલે ઇષ્ટદેવ. શૃંગાર રસ એટલે એ રસ જેના દ્વારા પ્રેમ વ્યક્ત થાય છે તે. કોઈ પણ પશુ હોય, શૃંગાર વડે એ પોતાના પ્રેમને અભિવ્યક્ત કરે છે. વ્હાલનું પ્રત્યાયન શૃંગાર વડે થાય. જોડાણની મહોર લગાડવા શૃંગારનો ઉપયોગ થાય. પ્રણવનો શૃંગાર શું? યોગીઓનો જે નિત્ય ધ્યેય છે તે અઉમ કારમાં બિંદુ છે તે સંયુક્ત કરે છે.

ભાવકનો ભાવ ઈશ્વરમાં જોડાયેલો છે એ શૃંગાર છે. રામકૃષ્ણ પરમહંસ કહેતાં કે કામિની 'ને કંચનનો ત્યાગ કરો. તેનો એક મુખ્ય અર્થ થાય છે કે એ બધું ઈશ્વર માટે. વલ્લભાચાર્ય 'ને ચૈતન્ય મહાપ્રભુના પાકા અનુચરોએ સિદ્ધ કર્યું કે એમની કામિની ઈશ્વરમાં હતી 'ને એમનું બધું કંચન ઈશ્વર માટે હતું. પુરુષયોગ થાય એ માટે પ્રકૃતિયોગ એવો કરવામાં આવે છે કે પુરુષ 'ને પ્રકૃતિનું ઐક્ય સધાય. અન્ય કોઈ પણ જીવ સાથેનો જીવયોગ કે અન્ય કોઈ પણ દ્રવ્ય સાથેનો દ્રવ્યયોગ જો સો સાથે અહમ એક કરવા માટેના શૃંગાર માટે ના હોય તો ના ચાલે. સાધુને કોઈ રૂમાલ ભેટ આપે તો એ વિચારે કે મારા ઠાકુરને સ્નાન કરાવું પછી કામ લાગશે. ભક્ત કાજુકતરી જુએ તો વિચાર કરે કે મારા લાલજીને બહુ ભાવશે. સંસારી ભાષામાં આર્થિક રીતે ગરીબ એવો સાધક પોતે ભોંય પર બેસે 'ને માન્ય કહેવાતું ઘાસનું આસન સાચવીને મૂકી રાખે કે રખે અચાનક માધવ આવી ચઢશે તો એમને બેસવા આપવામાં કામ લાગશે.

મોર, પોપટ કે સામાન્ય કૂકડો આદિમ માણસને ઘણુ શીખવાડી ગયા. ભરતનાટ્યમ કે કથકલી જેવા શાસ્ત્રીય નૃત્યની અંગભંગિમા નિશ્ચિત થઈ હશે એ અગાઉ લોકનૃત્ય કે આદિવાસી નૃત્ય હતાં. આજે સોશિયલ મીડિયા પર કાગડો આમથી તેમ ઠૂમકા

સંયોગ 'ને વિયોગ બંનેમાં શૃંગાર હોય છે. વિરહ અર્થાત્ વિપ્રલંભની સ્થિતિ પ્રેમનું વળગણ ઉચ્ચ કક્ષાએ હોય ત્યારે આવી શકે, બાકી નહીં. શૃંગારનું બંધાણ થઈ જ જાય

આધુનિક જીવનશૈલીના પગલે થતી સ્વાસ્થ્ય તકલીફોનું નેચરલ નિવારણ એટલે 'આત્મનીમ નેચર ક્યોર'

નેચરથી નેચરોપેથીનો વૈજ્ઞાનિક અભિગમઃ રાજકોટની સરહદ પર ન્યારી નદીના કિનારે વિશાળ ૧૭ એકર જગ્યામાં, પ્રાચીન વૈદિક વિજ્ઞાન પર આધારિત પ્રાકૃતિક પ્રણાલીઓ અને નિષ્ણાંત ડોકટરો, થેરાપીસ્ટ અને અનુભવી ડાયેટિશિયનો તેમજ લકઝરીયસ રિસોર્ટની સગવડતા સાથેનું પ્રથમ નેચરોપેથી સેન્ટર

હાલના સમયમાં અનિયમિત જીવનશૈલી, પોષક તત્ત્વો વિનાનો ખોરાક અને તણાવયુક્ત વાતાવરણને લીધે થતા અનેક રોગો જડમૂળથી દૂર કરવા રાજકોટના આંગણે ન્યારી નદીના કિનારે કુદરતના સાંનિધ્યમાં ૧૭ એકર જેટલા વિશાળ વિસ્તારમાં 'આત્મનીમ નેચર ક્યોર' એક પ્રીમિયર નેચરોપેથી રીટ્રીટ અને વેલનેસ રીસોર્ટ છે, જે લોકોને આધુનિક જીવનશૈલીના કારણે થતા દર્દોની સારવાર માટે એક ઉમદા વિકલ્પ બની રહે છે. નેચરોપેથી પ્રાચીન વૈદિક વિજ્ઞાન આધારિત પ્રાકૃતિક પ્રણાલી છે, જેમાં લાઇફસ્ટાઇલ મોડિફિકેશન, ડિટોક્સિફિકેશન અને કાયાકલ્પનો સમાવેશ થાય છે, તેના દ્વારા શરીરનાં પાંચેય તત્ત્વોને સંતુલિત કરી પુનઃ સ્થાપિત કરવામાં આવે છે. અહીં નેચરોપેથી ઉપરાંત આયુર્વેદ, યોગ અને પ્રાણાયામ, ફિઝિયોથેરાપી તેમજ સ્પેશ્યલ થેરાપીના માધ્યમથી વિવિધ રોગોનો ઉપચાર કરાય છે.

'આત્મનીમ'માં અત્યંત અનુભવી ડોકટરો, થેરાપિસ્ટ અને ડાયેટિશિયનો દ્વારા વિવિધ બિમારીઓ અને દર્દોના પ્રકાર અનુસાર સ્પેશ્યલ વેલનેસ પ્રોગ્રામ ઘડાય છે. પરંપરાગત આયુર્વેદ પદ્ધતિઓ તથા લેટેસ્ટ આંતરરાષ્ટ્રીય ટેક્નિક્સ સાથે વૈજ્ઞાનિક અભિગમનું સાયુજ્ય સાધી દર્દીઓને કોઇ આડઅસર વિના ઉપચાર માટે 'આત્મનીમ' કટિબદ્ધ છે.

નેચરોપેથીમાં મડ થેરાપી, હાઇડ્રો થેરાપી, થેરાપેટિક મસાજ, એક્યુપંચર, રીફ્લેક્સોલોજી અને હર્બલ થેરાપી જેવી અનેક ટ્રીટમેન્ટ્સ અપાય છે. આયુર્વેદિક ચિકિત્સામાં પંચકર્મ, અભ્યંગમ, પિન્ડિચિલ, પોડિકિઝી, ઉદ્વર્ધનમ, શિરોધારા, બસ્તી, નસ્યમની સારવાર અપાય છે. આ ઉપરાંત યોગ, પ્રાણાયામ, ધ્યાન, વજન ઘટાડવા માટે યોગીક શટક્રિયા જેવા ઉપચારોની શરીર અને મનની શાંતિ મળે છે. સાંધાના દુઃખાવામાં રાહત થાય છે અને રકત પરિભ્રમણમાં સુધારો થાય છે. હાડકાંની ઇજાઓ, ન્યૂરોલોજિકલ સમસ્યા, કાર્ડિયોરેસ્પીરેટરી સમસ્યાઓ અને સંધિવા જેવા રોગોમાં સારવાર માટે શોર્ટ વેવ ડાયથર્મી, સર્વાઇકલ અને લંબર ટ્રેકશન, અલ્ટ્રાસાઉન્ડ થેરાપી, ન્યૂમેટિક કોમ્પ્રેશન થેરાપીની સારવાર અપાય છે. ફાર ઇન્ફ્રા ડિટોક્સ, ઓઝોન થેરાપી, રાગા થેરાપી, કાયોલાઇપોલિસિસ અને ડિલક્સ કોલોન હાઇડ્રોથેરાપી દ્વારા શારીરિક શુદ્ધીકરણ થાય છે.

'આત્મનીમ'માં ગેસ્ટ્રોઇન્ટેસ્ટિનલ (પેટની સમસ્યાઓ), રેસ્પિરેટરી (ફેફસાંની બિમારીઓ), એન્ડ્રોક્રિન (અંતઃસ્રાવી ગ્રંથિઓની સમસ્યા), ત્વચાની તકલીફ, હૃદયની સમસ્યા, માનસિક તણાવ તથા કિડનીની નિષ્ક્રિયતાથી થતા

રોગો માટે નિષ્ણાત ડોકટરોનાં માર્ગદર્શન હેઠળ સારવાર કરાય છે. અહીં સારવાર માટે આવેલી વ્યક્તિઓની સગવડતાની ખૂબ ચોક્સાઇથી કાળજી લેવાય છે. દરેક ગેસ્ટને તેમની સમસ્યાઓ મુજબ નિષ્ણાંત ડોકટરો, થેરાપિસ્ટ અને ડાયેટિશિયનો દ્વારા તૈયાર કરાયેલા ડાયેટ ચાર્ટનું ચુસ્તપણે પાલન થાય છે અને રહેવા માટે એપાર્ટમેન્ટ, પ્રીમિયમ, સુપર ડિલક્સ અને ડિલકસ રૂમ એમ ત્રણ કેટેગરીની સુવિધાઓ ઉપલબ્ધ છે.

અહીં વિવિધ તકલીફો માટે ત્રણ દિવસથી ૬૦ દિવસના પેકેજીસ છે, જેમાં સારવાર ઉપરાંત સાંજની મનોરંજક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો કે પછી લાઇબ્રેરીમાં તમારા મનપસંદ પુસ્તકો સાથે સમય વિતાવવો તેમજ કાર્ડિયો જીમમાં વર્કઆઉટ્સ અને આરામનો સમય હોય ત્યારે લકઝરીયસ રૂમ્સની સુવિધાઓ અહીંની વિશેષતાઓ છે. અહીં વાઇ-ફાઇ તેમજ પિક-અપ અને ડ્રોપ, ફોલોઅપ ઓ.પી.ડી. ટ્રીટમેન્ટ ઉપરાંત ગેસ્ટ્સ માટે વેલનેસ રેસિપી શીખવવાનાં સેશન, વેલનેસ અંગેનાં સેમિનાર અને અવેરનેસ કાર્યક્રમોનાં પણ આયોજન થાય છે.

હાલ કોરોના મહામારીએ સૌને ડરાવી દીધા છે ત્યારે પોસ્ટ કોવિડ સારવાર પણ અહીં શરૂ કરવામાં આવી છે. એટલે કે જેમને કોરોના થયા પછી શારીરિક માનસિક નબળાઇ કે કોઇપણ આડઅસર જણાતી હોય તો તેઓ અહીં સંપૂર્ણ સ્વસ્થતા મેળવી શકે છે. એટલે કે કોવિડ-૧૯ પછીથી આડઅસરો નિવારવા માટે પણ આ સ્થળ તમને આવકારે છે. જે માટે ખાસ અલગ પેકેજ રાખવામાં આવ્યા છે. ઇમ્યુનીટી સિસ્ટમ સુધારવા ઉપરાંત સ્ટ્રેસ દૂર કરવાની ટ્રીટમેન્ટ અપાય છે. જો કે આ માટે કોવિડ નેગેટીવ હોવાનું RTPCR સર્ટીફીકેટ આવશ્યક બની રહે છે.



atmaneem
nature cure

PREMIER NATUROPATHY RETREAT

+91 6356 960 960 +91 6356 961 961 ઉપર સંપર્ક કરો.

www.atmaneem.com

facebook.com/atmaneem instagram.com/atmaneem

ક્રિકેટ સ્ટેડિયમથી પાંચ કિલોમીટર આગળ, રાજકોટ-જામનગર હાઇવે, (રાજકોટ-ગુજરાત)

લગાવતો ચાલતો જુએ તો માણસ આશ્ચર્યમાં પડે છે. નિસર્ગને નિહાળીને નર 'ને નારી ઘણી અદા શીખ્યા છે, ભલે હવે એવું લાગે કે કોઈ પશુ યા પક્ષી માણસ જેવું કરે છે. માછલી હોય કે મેઘધનુષ્ય, માણસને રંગ, આકાર 'ને ત્રિપરિમાણમાં એ બંનેની ગોઠવણ અંગેના અનેકવિધ આઇડિયા કુદરતના ખોળે રહીને આવ્યા છે. જેમ ટેટૂ ઉર્ફે છૂંદણા ઇન્સ્પાયર્ડ આર્ટ છે, તેમ વાળની સ્ટાઇલ, વાળમાં નાખવાની વિવિધ આઇટમ કે ટોપી વગેરે પણ અન્ય નેચરલ બીઇંગને જોઈને અપનાવેલી કલા છે. ઇન્સાનના બ્રેઇનમાં ઢગલો મિરર-ન્યૂરોન્સ છે જે કોપી-પેસ્ટનું જ કામ કરે છે. માણસને પ્રેમ કરવો હોય, પણ કેવી રીતે કરે? કેવળ રતિક્રીડા એ જ પ્રેમની આપલે નથી. ગુસપુસ એ જ લવનું કોમ્યુનિકેશન ના રહી શકે. સ્પર્શ, સુગંધ 'ને શબ્દની મર્યાદા બહાર જવા પ્રેમ કાજે શૃંગાર જન્મ્યા.

સંયોગ 'ને વિયોગ બંનેમાં શૃંગાર હોય છે. વિરહ અર્થાત્ વિપ્રલંભની સ્થિતિ પ્રેમનું વળગણ ઉચ્ચ કક્ષાએ હોય ત્યારે આવી શકે, બાકી નહીં. શૃંગારનું બંધાણ થઈ જ જાય 'ને પ્રેમનું જોડાણ કાયમી બંધન થાય જ. ચૈતન્ય ચરિતામૃતમાં આ ગુણલક્ષણ અંગે ટેક્નિકલ વાત કરેલી છે. શૃંગાર હોય ત્યાં ક્રોધ, ઉદાસી, ભય, ઘૃણા જેવા ભાવ ના હોય. પૂર્વરાગ પછી મિલન 'ને એ પછીના વિરહના અંતે થતાં કાયમી પુનર્મિલન દરમિયાન અવધૂત દશા આવે કે પાગલ દેખાતું વર્તન આવે, પણ એવા નકારાત્મક લાગણી કે વિચાર ના હોય જેમાં પ્રેમનો વિરોધ હોય. ભવભૂતિ શૃંગાર પરથી વૈરાગ્ય પર પહોંચ્યા તેનું રહસ્ય આ છે. મામલો દેહી કે આકાર સહિતનો દ્વૈત પ્રકારનો હોય કે વિદેહી 'ને નિરાકાર તરફી હોય, પ્રેમ ઉર્ફે શૃંગાર વિના સાક્ષાત્કારની સાધના સંભવ નથી. પ્રેમ ઉર્ફે શૃંગાર એટલે આસ્તિકતા. હું 'ને ઈશ્વર બંને નથી એવી ખાતરી કોને હોય? જ્યારે પ્રેમ ઉર્ફે શૃંગાર ગાયબ થાય ત્યારે હું નથી 'ને ઈશ્વર નથી એવી નાસ્તિકતા હાજર હોય.

શૃંગાર હોય ત્યાં ચિત્તની વૃત્તિ એકતાર કે એકલય હોય. શાંતિ હોય. કોલાહલ કે ઘોંઘાટ તો કેવળ અવાજના સંદર્ભની શાંતિ થઈ. યુદ્ધ, તોફાન કે અફરાતફરી તો અમુકતમુક સંદર્ભની અશાંતિ થઈ. જ્યાં મમતા નથી એટલે કે મારું-તારું નથી ત્યાં શાંતિ છે. જ્યાં હુંકાર અતિવિશાળ થઈ જાય છે જાણે કે વિશ્વરૂપ, ત્યાં શાંતિ છે. સાચી કે પાકી શાંતિ છે ત્યાં પૂર્ણ શૃંગાર છે. આંતરરાષ્ટ્રીય વિશ્વવિદ્યાલયમાં સંગીત ભણેલો વ્યક્તિ કોઈ રાગ છેડે તો જરૂરી નથી તેના ગાયનથી શૃંગારની અનુભૂતિ થાય. મીરાં જેવા ભક્ત ઈશ્વર પ્રત્યેના ખરા અનુરાગથી ગાય ત્યારે રોમરોમમાં શૃંગાર ખીલી ઊઠે છે. શૃંગાર સાચો હોય તો હોય, ખરાબ ના હોય. કેમ કે પ્રેમ હોય તો હોય. પ્રેમ બનાવી ના શકાય. પ્રેમની એક્ટિંગ કેવી હોય? બ્યુટીપાર્લરના શૃંગાર જેવી. પ્રેમ 'ને શૃંગાર જીવને તન્મય કરે. હું છું, હું જ છું 'ને કેવળ હું જ છું જેવા ભાવ યા વિચાર સાચો શૃંગાર ના આપે.

કેમ કે શૃંગાર કહે છે, સૌંદર્ય બધે જ છે. સુંદરતા અનુભવવાની 'ને માણવાની હોય. સુંદરતા માપવાની ના હોય કે તોલવાની ના હોય. એમ જ શૃંગાર દિવ્ય લીલા નથી બનતો. પ્રેમ હોય ત્યાં શૃંગાર હોય 'ને શૃંગાર હોય ત્યાં લીલા હોય. લીલા એટલે કૃપા, હર્ષ 'ને વિસ્મય. સંજાણ બંદરે પહોંચેલા પારસીઓના વડાએ દૂધ ભરેલા કટોરામાં કેટલી ખાંડ ઉમેરી હશે? ચપટી. અમૃત કે ઝેરનાં બે-ચાર ટીપાં પૂરતાં હોય છે. બસ, એ જ રીતે શૃંગાર જરી કે થોડો આમતેમ કરવાનો હોય. બે પ્રસાધન કે ઘરેણા એકમેકને પ્રેમ કરે છે? શૃંગારમાં મહોરું ના ચાલે. ચહેરો કે દેહ આરપાર કરવાનો હેતુ હોય ત્યાં નવા પડદા ઉમેરવાના? ભપ્પી લહેરીએ નમકહલાલ ફિલ્મના પગ ઘૂંઘરું ગાયનમાં જોરદાર તબલાં વગાડ્યા છે. આખા ગીતમાં એવા તબલાં હોત તો? મીરાંજીએ ઘૂંઘરું સિવાય આ પહેર્યું તે પહેર્યું 'ને આ વગાડ્યું તે વગાડ્યું ના હોય. શૃંગારમાં ભપ્પી લહેરી પહેરતાં એટલા ઘરેણા ના ચાલે. કેમ કે શૃંગાર બરાબર પ્રેમ થવું જોઈએ. નવમાંથી બીજા એકે રસ લગીર પ્રભાવી ના થવા જોઈએ. અટ્ટહાસ્ય ના ચાલે. પ્રેમ ગુમ થઈ જાય 'ને ધમપછાડા ચાલે એવો ઉન્માદ ના ચાલે.

જીભને ટેસ્ટ ક્યારે આવે? જે-તે સ્વાદની ચીજ જીભને સતત અડેલી રહે ત્યારે ના આવે. જે-તે સ્વાદની ચીજ જીભને ના અડે તો ના આવે. અટકાવ કે નિયંત્રણ સાથે જે-તે ચીજ મળે ત્યારે તે આત્મસાત થાય. ડૂબકી મારવી 'ને ડૂબવું વચ્ચે ફરક છે એમ. એથી આગળ

સુંદરતા અનુભવવાની 'ને માણવાની હોય. સુંદરતા માપવાની ના હોય કે તોલવાની ના હોય. એમ જ શૃંગાર દિવ્ય લીલા નથી બનતો. પ્રેમ હોય ત્યાં શૃંગાર હોય 'ને શૃંગાર હોય ત્યાં લીલા હોય

For All Over India Trade Inquiry Contact on. Mob.+91 77000 43000
www.davatbeverages.com

શૃંગારની ઊંચાઈ પામવા માટે સાક્ષી તરીકે પ્રેમ માણવાનું કહેવામાં આવ્યું છે. અત્રે યાદ રહે કે રામકૃષ્ણ પરમહંસ કહેતાં કે ઈશ્વરની પ્રાપ્તિ પહેલાં સાક્ષી ભાવ જન્મી જ ના શકે. સાક્ષી ભાવ હોય તો શૃંગાર માણવામાં કોઈ મર્યાદા રાખવી જરૂરી નથી. હું એટલે માત્ર હું જ એવું ના હોય 'ને હું અર્થાત્ તું અર્થાત્ તે એમ હોય ત્યાં હૃદયની વિશાળતા બેમાપ થઈ જાય એટલે શૃંગાર પણ અમાપ સંભવી શકે. મુદ્દો એકરસ થવાનો છે. તું વાંસળી વગાડે તો હું ઢોલ વગાડું 'ને તું મોરપિચ્છ માથે લગાવે તો હું કાકાકૌઆનું પીંછું એમ અહંતા કે આડાઈ ના ચાલે. વરસાદ વરસે એ પછી શું થાય? પછી ટીપાં અલગ-અલગ નથી રહેતાં. વહેવું 'ને એય એક થઈને એ શૃંગારનું પરફેક્શન છે.

શૃંગાર રસનો રાજા છે. ફરજિયાત રસ છે. આપણે ત્યાં કાળક્રમે સિવિલાઇઝ્ડ થયેલા માનવી જે સંસ્કૃતિ ઘડી તેના પરિપાક રૂપે જે શૃંગાર જન્મ્યો તેનો અર્થ થાય છે કે જે પ્રેમની વૃદ્ધિ કરી 'ને પ્રાપ્તિ કરાવે છે તે. કહેવત છે કે સોળ વાલ ને એક રેતી એટલે કે સોળ કે સોળે સોળે આની. પરફેક્ટ. સિદ્ધ. સોળ શણગાર હોય કે સંસ્કાર, મુખ્ય મુદ્દો એકમેવ પ્રેમયોગનો છે. ૧૬૦૩માં જન્મેલા બિહારીલાલ ચૌબે કવિએ એક માત્ર કાવ્ય રચેલું, જે રાધા 'ને કૃષ્ણના પ્રેમ પર છે. સાચું સમજીએ તો એ પ્રેમ પર છે. કેવળ શૃંગાર જ. પ્રેમ એવમ શૃંગાર મારો, તારો, પેલાનો એમ ના હોય. એ એક સર્વસામાન્ય શક્તિ છે જેમાં પ્લગ-ઇન થાય એ કૃષ્ણ 'ને રાધાના યોગને પામે. કહત નટત રીઝત, ખીજત, મિલત, ખિલત, લજિયાત ભરે ભૌન મૈં કરત હૈં નૈનન હી સોં બાત. હવે માનવ જગતમાં આંખથી અન્ય જુએ એટલે શૃંગાર થાય છે. વાસ્તવમાં પ્રેમ હોય ત્યાં આંખ શું કરે? ડેકોરેશન એટલે શૃંગાર થાય, પણ શૃંગાર એટલે ડેકોરેશન જ એવું બિલકુલ નથી.

અખિયાં અખિયાં સો સકાઈ મિલાઈ હિલાઈ રિઝાઈ હિલો હરિબો એવું કૃષ્ણના ભગત રાસખાન કહે છે. આઇ લાઇનર, મશ્કરા કે શેડો લગાવવાની વાત નથી. ભૂષણ, આભૂષણ, વિભૂષણ વગેરે સજાવટ નથી. કરત બટકહી અનુજ સન મન સિયરૂપ લુભાન, મુખરોજ મકરંદ છબિ કર મધુપ ઇવ પાન એવું રામચરિત માનસમાં તુલસીદાસજી લખે છે. કુમકુમ, ભસ્મ કે ચંદનની જય હો એની ના નથી. અંજન, તિલક કે અન્ય અભિવ્યક્તિ આવકાર્ય જ હોય. ફક્ત ત્યારે જ્યારે પ્રેમ સાથે પૂર્ણ કનેક્શન હોય. શૃંગાર છેતરપિંડી નથી કે દંભ નથી. જાદુ નથી કે ગિલેટ નથી. સૂર્યને શણગારી શકાય? અગ્નિને કોઈ સ્થૂળ ઘરેણું ના પહેરાવી શકે. ભોજ કહે છે કે અહંકાર જ તમામ રસનું મૂળ છે. અહમ જ્યારે ભાવ 'ને વિભાવ વડે રસપાન કરે છે ત્યારે તૃપ્ત થાય છે. ઈશ્વરને થયું કે હું કોણ છું? એ પોતાને જુએ ત્યારે જે દેખાય એ છે અસ્તિત્વ. અસ્તિત્વ ઈશ્વરનો શૃંગાર છે. દરેક જીવ એવમ કણનો સાચો અહમ્ એટલે ઈશ્વર અને સાચો અહંકાર એટલે શૃંગાર. તે મારો શૃંગાર છે તથા હું તેનો શૃંગાર છું, અર્થાત્ શૃંગાર કેવળ સત્ય છે. શિવત્વ એટલે પ્રેમ 'ને શૃંગાર એટલે શક્તિ ઉર્ફે માતાજી.

ભરત મુનિ જાહેર કરે છે કે, સંસારમાં જે કશું પણ વિશુદ્ધ હોય, પવિત્ર હોય 'ને ઉજ્જવલ તેમ જ દર્શનીય હોય તેની ઉપમા શૃંગાર રસથી કરવામાં આવે છે. અન્યની નહીં. રુદ્રટને ખબર છે કે ઘણા શૃંગાર સાથે યુવાનીને જોડે છે, પરંતુ એમને બરાબર જાણ છે કે શૃંગાર એટલે શું. એ કહે છે કે શૃંગાર બાળ 'ને વૃદ્ધ બધાં માણી શકે છે. જી, શૃંગારનો વ્યાપ ઈશ્વર જેવો વિશાળ છે. આનંદવર્ધન કહે છે કે, શૃંગાર જ સર્વાધિક મધુર 'ને પરમ આહ્લાદક રસ છે. અભિનવગુપ્ત કહે છે કે, શૃંગાર સર્વાધિક કમનીય 'ને સર્વપ્રધાન રસ છે. વિશ્વનાથ કહે છે કે, રસના મૂળમાં જે ચમત્કાર છે તે શૃંગાર છે. આજના જમાનામાં દ્રશ્ય અત્યંત પ્રભાવક થઈ ચૂક્યું છે. દિવસમાં ચોવીસ ઇમેજ વત્તા વીડિયો જોવું એ સામાન્ય ક્રિયા છે. એવામાં મૂળ અહમ્ એટલે સ્વ જાગૃત કરે 'ને સૌનો એક એવો પ્રેમ ઉભરાવે એ શૃંગાર ક્યાં એ પ્રશ્ન જાતકે જાતને પૂછવાનો છે. આંખ ના હોય તો? સૂરદાસ કહે છે કે, સૂર શ્યામ દેખત હી રીઝે, નેન નેન મિલે પરિ ઠિગોરી.

બુઝારો

માનૂષ પ્રેમ ભએઉ વૈકુંઠી અર્થાત્ કેવળ પ્રેમ જ જીવનને વૈકુંઠ બનાવે છે.

- સૂફી કવિ મલિક મુહમ્મદ જાયસીનું કાવ્ય પદ્માવત ■



સંસારમાં જે કશું પણ વિશુદ્ધ હોય, પવિત્ર હોય 'ને ઉજ્જવલ તેમ જ દર્શનીય હોય તેની ઉપમા શૃંગાર રસથી કરવામાં આવે છે. અન્યની નહીં. શૃંગારનો વ્યાપ ઈશ્વર જેવો વિશાળ છે

સુંદર, ઘાટા, કાળા, મુલાયમ અને મજબૂત વાળ માટે.

- વાળ ને સુંદર, મુલાયમ અને રેશમી બનવવામાં મદદરૂપ .
- વાળને પોલ્યુશન સામે રક્ષણ આપે.
- ક્ષતિગ્રસ્ત વાળ ને મૂળ માં થી વધુ મજબૂત બનાવે.
- વાળ ની લંબાઈ માં વધારો કરવામાં મદદરૂપ.
- વાળ ના જથ્થા માં વધારો કરે.
- વાળ ખરતા અટકાવે.
- મગજ ને ઠંડક મળે.
- ખોડો, ખંજવાળ અને ઉંદરીમાટે શ્રેષ્ઠ.

RDC®

RDC® Red Onion Shampoo

RDC® Red Onion Hair Conditioner

RDC® Red Onion Hair Oil

RDC® Charcoal Shampoo

દરેક શૉપિંગ મોલ, આયુર્વેદિક સ્ટોર્સ તેમજ મેડિકલ સ્ટોર્સ અને કોસ્મેટિક સ્ટોર્સ માં મળશે.

Rudra Sales
Shope No. 1 Ishvar villa, Nr. Jivan Twin Bunglows,
Jivan vadi, Nikol Gam road, Ahmedabad
Mo. +91-97233 35352

Manufactured in India by :
Sunrise™ Remedies Pvt. Ltd.
Rising healthcare benchmarks
info@sunriseremedies.in
Customer care: +91-96625 07293

શૃંગારરસનું બારમાસી ચોમાસું એટલે 'અમરુશતક'

દંતકથા અનુસાર શંકરાચાર્યે જ અમરુ રાજાના શરીરમાં પ્રવેશ કરીને 'અમરુશતક'ની રચના કરી છે. 'અમરુશતક' શૃંગારરસની ઉત્તમ કૃતિ છે. શૃંગારરસના આયામ તરીકે નાયકભેદ, નાયિકાભેદ, કામવૃત્તિઓ વગેરેનું મનોરમ આલેખન થયું છે.

સાહિત્યના નવ રસમાં શ્રેષ્ઠ રસ છે શૃંગાર. રસનો રાજા છે એ. જીવનમાં ભાવ હોય પણ કલામાં હોય રસ. ભાવ સુખમય કે દુ:ખમય હોઈ શકે, પણ રસ તો આનંદમય જ હોય. કલા મારું-તારુંના લૌકિક સંબંધથી મુક્ત કરી સર્વસાધારણ અનુભવ કરાવે છે, એટલે જ આપણને નવ રસની સૃષ્ટિ ગમે છે. બધા રસમાં શૃંગારરસ શા માટે ઉત્તમ ગણાય છે એની થોડી તાત્ત્વિક ભૂમિકા સમજી લઈએ.

નિસર્ગ **આહીર**

પ્રેમ જીવનની પ્રાણદાયિની શક્તિ છે. જીવવાનું બળ તો આપે જ એ, જીવનને સુંદર પણ બનાવે. પ્રેમ સહજ રીતે મળતો હોય તો અહેસાસ ઓછો હોય, પરંતુ એનો અભાવ હોય ત્યારે તો જીવવાનું યે મન થતું નથી. 'મારું કોઈક છે' અને 'મારું તો કોઈ જ નથી' એ બે વાક્યોની વચ્ચે પૃથ્વી અને ચંદ્ર કરતાં પણ વધારે અંતર છે. પ્રથમ વાક્ય મમત્વનાં મનલુભાવન ગીતો આપે, બીજું વાક્ય જીવતેજીવ મરશિયાંનો માતમ રેલાવે.

પ્રેમ પામવો અને આપવો એ માણસની પ્રવૃત્તિનું કેન્દ્રબિંદુ છે. આમ છતાં પ્રેમ સાથે સામાજિક બંધનો, સાંસ્કૃતિક પરંપરા, રીતરિવાજ, નીતિઅનીતિના ખ્યાલો સંકળાયેલા હોવાને કારણે જગતમાં પ્રેમની વ્યાપ્તિ અને પ્રાપ્તિ મુક્ત રીતે થઈ શકતી નથી. આપણો સમાજ પ્રેમને સહજ રીતે લઈ શકતો નથી. એટલે જ કોઈ એક સાથે પ્રેમ અને બીજા કોઈ સાથે સંબંધ બંધાયો હોય એવું બની શકે. દરેક સ્થિતિમાં જેને પ્રેમ કરીએ તેનો જીવનમાં સ્વીકાર કરવો શક્ય બનતો નથી. વળી, જેને પ્રેમ ન કરતા હોઈએ એને પણ તરછોડી શકાતાં નથી હોતાં. આ બધી સામાજિક, સાંસ્કૃતિક ગૂંચવણો અને સંકુલતાને કારણે સામાન્ય રીતે બે સ્થિતિ જોવા મળે છે : 'ન ગમતી વ્યક્તિ સાથે જીવવાનું' અને 'ગમતી વ્યક્તિ માટેનો

Bigger the Size, Bigger the Complications

15 Successful years of Obesity Surgery

Now leave your worries and get freedom by Obesity Surgery

Benefits of Surgery

With Obesity also get relief from Diabetes, Blood Pressure, High Cholesterol, Joint Pains, Sleep Apnea

Gastric Bypass Gastric Sleeve

Highly recommended surgery for people having BMI 35 with Diabetes (Type 2)

બેરિયાટ્રીક સર્જરી પછીનું જીવન...

સર્જરી પહેલા

સર્જરી બાદ

હું સ્કુલમાં પ્રિન્સીપલ છુ. ઓપરેશન પહેલા મારું વજન ૯૫ કિલો હતું. પેટ ખુબ મોટું હતું. પેટની ચરબી વધારે હતી. આજથી દોઢ વર્ષ પહેલા સર્જરી કરાવી હતી. ઓપરેશન બાદ મારું વજન ૬૯ કિલો છે. વજન વધારે હોવાથી ચાલતા ચાલતા હાંફ ચઢતો હતો. ૨૫ કિલો વજન ઓછું કર્યા બાદ હવે હાંફ ચઢતો નથી. સ્ફૂર્તિપૂર્વક જીવન જીવું છું.

સર્જરી પહેલા

સર્જરી બાદ

મારું વજન ૧૪૩ કિલો હતું. વધારે વજનને કારણે મને ઘુંટણના દુઃખાવા શરૂ થયા અને શરીરમાં સુસ્તી પણ વધવા લાગી તેથી ચાલવામાં મુશ્કેલી આવવા માંડી. આજ કારણથી મેં ઓબેસીટી સર્જરી કરાવી. સર્જરીના ૧ વર્ષ બાદ મારૂં વજન ૯૫ કિલો છે. ૪૮ કિલો વજનમાં ઘટાડો થવાથી ચાલવામાં સરળતા અનુભવાય છે. સ્ફૂર્તિથી રોજીંદા કાર્યો કરી શકું છું તથા બિઝનેસ સંભાળી શકુ છું.

Call for more details

(0265) 2324128, 9574779070

BARODA LAPAROSCOPY HOSPITAL

Baroda Laparoscopy Hospital

Center for Obesity Surgery

60, Sampatrao Colony, Alkapuri, Vadodara 390005.
(E) blh_123@yahoo.in (W) barodalaparoscopy.com

જીવનભરનો ઝૂરાપો'. વળી, જેને પ્રેમ કરતાં હોઈએ એના તરફથી પૂર્ણ પ્રેમની અપેક્ષા ન સંતોષાય એવું પણ બની શકે.

પ્રેમ કરવાની ઉંમર થાય ત્યારથી જ પ્રિય પાત્ર માટેની સ્વપ્નમય છબિ મનમાં આકાર લેતી હોય છે. એવી પ્રેમીજનની છબિના નિર્માણમાં સૌંદર્યની ભાવના, રસ, રુચિ, અપેક્ષા, રસિકતા, કલામયતા, સંસ્કાર, ઘડતર વગેરે ભાગ ભજવે છે. પ્રેમ માત્ર શારીરિક જ નથી હોતો, આત્મિક પણ હોય છે. કોઈ વ્યક્તિ ગમી જવી, કોઈના માટે આકર્ષણ જન્મવું, વિશેષ ગુણોને કારણે આસક્તિ જન્મવી એ બધી અલગ-અલગ બાબતો છે. સરેરાશ લોકો કોઈ વ્યક્તિ 'ગમી જવા'નાં કારણો જાણતાં નથી. એ તો કોઈક પ્રત્યેના લગાવને 'પ્રેમ'નું નામ આપી દે છે. સ્વપ્નમાં સેવેલી પ્રિયજનની છબિ, કોઈકનું મનલુભાવન સૌંદર્ય, કોઈકના ગુણો અને સિદ્ધિને કારણે જાગેલો આદર એ બધાં કારણોસર કોઈકનું ગમી જવું સહજ હોય છે. એવી ગમતી વ્યક્તિની પ્રાપ્તિ 'પ્રેમી' તરીકે થઈ શકતી નથી. એ અર્થમાં પ્રેમ એક તરસ છે, ખોજ છે, અપૂર્ણ અહેસાસ છે. આ અધૂરપ અને ખાલીપાને પૂરવાનું કામ કરે છે કવિતા, સંગીતમાં ઢાળેલાં લોકગીતો, ફિલ્મનાં ગીતો, ફિલ્મનાં અભિનેત્રી-અભિનેતાઓની તસવીર ઇત્યાદિ. સાહિત્ય, સંગીત, નૃત્ય, નાટક, સિનેમા, ચિત્ર, શિલ્પમાં પ્રેમની અભિવ્યક્તિ થઈ હોય એ દ્વારા પ્રેમભાવને પોષવાની રીતિ માનવજાત માટે ઘણી પ્રાચીન અને ખૂબ સમૃદ્ધ છે. કલાનું આ પ્રકારનું સર્જન સવાયા પ્રેમની અનુભૂતિ કરાવી શકે છે. આ ચર્ચાને અંતે એટલું જ કહી શકાય કે પ્રેમ પામવાની માણસની સહજ ઇચ્છાને કલાના રૂપે પોષવાનું, વિસ્તારવાનું અને સંતોષવાનું કામ સુંદર રીતે કરે એને કહેવાય શૃંગારરસ.

સંસ્કૃત સાહિત્યના ભરત, વિશ્વનાથ, ભોજ વગેરે આચાર્યોએ સાહિત્ય અને નાટકને કેન્દ્રમાં રાખીને પ્રેમ કે રતિભાવને પુષ્ટ કરે તેવા શૃંગારરસની સૌંદર્યશાસ્ત્રીય, મનોવૈજ્ઞાનિક એવી પાયાની ચર્ચા કરી છે. સાહિત્યાદિ કલાઓમાં શૃંગારરસ માણસના પ્રેમના ભાવને જાગૃત કરે છે, પુષ્ટ કરે છે, શુદ્ધ કરે છે અને વ્યાપક કે વિશદ કરે છે.

શૃંગાર બધા રસનો નાયક છે. જીવનમાં પ્રેમ અને કામની ભાવનાને વિસ્તારવાનું, શુદ્ધ કરવાનું અને પોષવાનું કામ શૃંગાર રસ જ કરે છે. રુદ્રટ નામના આચાર્ય કહે છે કે ધર્મથી અર્થ, અર્થથી કામ અને કામથી સુખફલનો ઉદય થાય છે. આ કામસુખફલને જ જીવનમાં સિદ્ધ કરવું યોગ્ય છે અને એની સિદ્ધિ શૃંગારથી થાય છે. શૃંગારની વ્યાખ્યા પણ સમજવી જરૂરી છે : પરસ્પર અત્યંત અનુરક્ત સ્ત્રીપુરુષોની રતિથી ઉત્પન્ન થયેલી ચેષ્ટા એટલે શૃંગાર. ભાવોમાં જે ઉત્તમ કે શ્રેષ્ઠ હોય એને શૃંગ અથવા શિખર કહે

જીવનમાં પ્રેમ અને કામની ભાવનાને વિસ્તારવાનું અને પોષવાનું કામ શૃંગાર રસ જ કરે છે. રુદ્રટ નામના આચાર્ય કહે છે કે ધર્મથી અર્થ, અર્થથી કામ અને કામથી સુખફલનો ઉદય થાય છે

છે. સહૃદયને, ભાવકને એ ઉત્તમ દશા સુધી પહોંચાડે છે શૃંગાર. જીવનમાં તેમ સાહિત્યમાં આ જ કારણસર શૃંગારરસનું પ્રાધાન્ય છે અને મહત્ત્વ છે.

સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં શૃંગારરસની ઉત્તમ કૃતિઓ પ્રાપ્ત થાય છે. વિશેષતઃ મુક્તકોમાં શૃંગારરસની મધુરતા પામી શકાય છે. ભારતીય મુક્તક કવિઓમાં પ્રેમના સૂક્ષ્મ અને વ્યાપક ભાવવિવર્તોને વ્યક્ત કરનાર કવિ તરીકે અમરુની જોડ જડે તેવી નથી. ભર્તૃહરિનું 'શૃંગારશતક', હાલનું 'ગાથાસપ્તશી', ગોવર્ધનનું 'આર્યાસપ્તશતી' જેવું મુક્તક સાહિત્ય ખૂબ જ ઉચ્ચ કક્ષાનું છે, પણ તે સર્વમાં વિવિધ અને વિશિષ્ટતાની દૃષ્ટિએ અમરુ ઉત્તમ સર્જક તરીકે અલગ તરી આવે છે.

અમરુ કે અમરુક તરીકે સર્વસ્વીકૃત આ કવિનાં બીજાં નામો પણ મળે છે. એનો સમય સાતમી સદીનો ઉત્તરાર્ધ માનવામાં આવે છે. તે દક્ષિણ ભારતમાં થયો હશે એમ વિદ્વાનોનું માનવું છે. તે રાજા હતો અથવા સોની હતો. એના જન્મ, સમય કે અન્ય કૃતિ વિશે માહિતી મળતી નથી. 'અમરુશતક'નાં મુક્તકોની સંખ્યા અને ક્રમમાં પણ એકવિધતા નથી. મુખ્યત્વે 'અમરુશતક' પરની અર્જુનવર્મદેવની 'રસિકસંજીવની' અને વેમભૂપાલની 'શૃંગારદીપિકા' ટીકાના આધારે વિદ્વાનોએ અમરુ અને તેના કર્તૃત્વ વિશે શોધ ચલાવી છે. આ અમરુ વિશેની દંતકથા હૃદ્ય છે. દંતકથા અનુસાર શંકરાચાર્યે જ અમરુ રાજાના શરીરમાં પ્રવેશ કરીને 'અમરુશતક'ની રચના કરી છે.

'અમરુશતક' શૃંગારરસની ઉત્તમ કૃતિ છે. શૃંગારરસના આયામ તરીકે નાયકભેદ, નાયિકાભેદ, કામવૃત્તિઓ, કામની દસ અવસ્થાઓ, ઋતુવર્ણન વગેરેનું મનોરમ આલેખન થયું છે. શૃંગારરસના સંભોગ અને વિપ્રલંભ એ બંને પ્રકારનાં અનેકસ્તરીય મનોરમ ચિત્રો અહીં છે. પ્રેમની વિવિધ અવસ્થા, નાયક-નાયિકાની ચિત્તસ્થિતિઓનું અત્યંત માર્મિક અને સૂક્ષ્મ નિરૂપણ થયું છે. પ્રણયોદ્ભવ, દર્શનાભિલાષ, પ્રિયસ્મૃતિ, મિલનોત્સુકતા, પ્રતીક્ષા, મિલન, તડપન, વિરહ, માન, અનુનય, ચાતુર્ય, શઠતા, ઈર્ષ્યા, ઉન્માદ, ઉત્કટતા ઇત્યાદિનાં જે રસચિત્રો છે તે ભાવકને મન એક અત્યંત રમ્ય આનંદતીર્થ બની રહે છે.

'અમરુશતક'માં પ્રેમની નાજુક અને નમણી અનેક અભિવ્યક્તિઓનું ખૂબ સૂક્ષ્મ સ્તરે નિરૂપણ થયું છે. પ્રેમમાં જન્મતા અનેક ભાવ, અનેક અવસ્થાઓ, વિવિધ ક્રિયાઓને અમરુએ કલાત્મક રીતે આલેખીને શૃંગાર રસની એકાંગી નહીં, પણ સર્વાંગી મધુરતા સિદ્ધ કરી છે. પ્રેમીઓનું મિલન, મિલન પછીનો સંયોગ, વિરહ, માન, પ્રવાસ, ક્રોધ વગેરેનું એવું તો મધુર આલેખન છે કે આપણને પ્રેમના અનેક અજાણ્યા અને ભાવસભર પ્રદેશોમાં વિહરવાનું મળે છે. ચિત્ત રતિભાવથી પ્રફુલ્લિત થઈ આનંદસમાધિમાં ડૂબી જવાય છે. પદ્યોમાં સંવાદો છે, નાટ્યાત્મક સ્થિતિઓ છે. સખીઓએ પ્રિયતમાની અવસ્થા પ્રિયતમ આગળ રજૂ કરી હોય કે પ્રિયતમે પોતાની

નિઃસંતાન દંપતીઓ માટે
નિદાન અને સારવારનું વિશ્વસનીય કેન્દ્ર

No.1
VADODARA

DR. GOHIL'S
સામવેદ
IVF અને વુમન્સ હોસ્પિટલ

Total solution under one roof

પતિ-પત્ની થી માતા-પિતા સુધીની સફર

વડોદરા ના શ્રેષ્ઠ આઈ વી એફ સેન્ટર

કયા દંપતીઓ સંર્પક કરી શકે છે ?

ઓછા શુક્રાણુ , વીર્યની તપાસમાં ઓછા શુક્રાણુ , ઓછી (ધીમી), ગતિશીલતા વાળા શુક્રાણુ , ખરાબ ગુણવત્તા વાળા શુક્રાણુ.

બંધ ટ્યૂબ , ઇંડામાં ખરાબી , અનિયમિત માસિક , ગર્ભાશયમાં ગાંઠ હોવી, એન્ડોમેટ્રિઓસિસ, એડિનોમાઓસિસ

EMI સુવિધા ઉપલબ્ધ

0 % વ્યાજે

ઉપલબ્ધ સેવાઓ - ફર્ટિલીટી તપાસ, IUI, IVF, ICSI, લેઝર હેચિંગ, બ્લાસ્ટોસિસ્ટ, હિસ્ટ્રોસ્કોપી, લેપ્રોસ્કોપી, સેરોગસી સર્વિસીસ

+91 99091 48333

www.samvedivf.com
info@samvedivc.com

પૂર્વ અપોંઇન્ટમેન્ટ લેવી ફરજીયાત છે.

સરનામું : એ-૩, ભગવતી પાર્ક સોસાયટી, ટ્યુબ કંપની ની સામે, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા

પ્રિયતમાની વાત મિત્રને કરી હોય એમાં નાજુક ઊર્મિની નાટ્યાત્મક ક્ષણો જોઈ શકાય છે. નાયક અને નાયિકાની જે ચેષ્ટાઓ, ક્રિયાઓ કે પ્રતિક્રિયાઓ છે તેમાં પ્રેમનાં નાજુકનમણા સંવેદનો છે. મુક્તકોમાંથી પસાર થઈએ એટલે શૃંગાર રસથી લથબથ ભીંજાયાનો ભાવ અનુભવાય છે. એવાં કેટલાંક ઉદાહરણો જોઈએ :

જ્યાં જવા માટે જ ખૂબ સમય લાગે એ પરદેશથી, પ્રિયતમ! તમે રાત્રિએ તો પાછા આવી જશોને? - એમ વેદનાથી પ્રિયતમા પૂછે છે એ જ એને પરદેશ જતો રોકી લે છે : 'આ પહોર વીતી ગયા પછી, બપોરના પહોર પછી, ત્રીજા પહોર પછી કે દિવસ વીતી જશે પછી, હે પ્રિય, તમે પાછા આવશોને?' જ્યાં સો દિવસોએ જઈ શકાય એવા દેશ તરફ જવા ઇચ્છતા પ્રિયતમના ગમનને બાલા નિસાસા નાખીને અને આંસુ સારીને રોકે છે. (પ્રહરવિરતૌ મધ્યે... મુક્તક ૧૨)

પરદેશમાં ફરતા કોઈ પથિકને વરસાદી માહોલમાં ગામલોકોએ આશ્રય તો આપ્યો, પણ પછી કદીયે કોઈ પથિકને આશરો ન આપવાનું નક્કી કર્યું. એનું શું કારણ? : અડધી રાતે પાણી વરસાવતા મેઘની ગંભીર ગર્જના સાંભળીને ઊંડા નિસાસાઓ સાથે રડતાં રડતાં પોતાની વિરહિણી પ્રિયતમાનું લાંબા સમય સુધી ધ્યાન ધરતાં ધરતાં પથિક મુક્તકંઠે એવું તો રડ્યો કે ગામના લોકોએ ફરીવાર કોઈ પણ પથિકને ગામમાં ઉતારો આપવાની મનાઈ ફરમાવી દીધી. (દીરં

પાળેલો પોપટ રાત્રિના સમયે બે પ્રેમીઓ વચ્ચે થયેલી રસિક વાતો વડીલો સમક્ષ વ્યક્ત કરી દે તો? આ મુક્તકની નાયિકા તો દાડમના દાણાને બદલે કશુંક ખવડાવીને પોપટને ચૂપ કરી દે છે

વારિધરસ્ય... મુક્તક ૧૩)

પાળેલો પોપટ રાત્રિના સમયે બે પ્રેમીઓ વચ્ચે થયેલી રસિક વાતો વડીલો સમક્ષ વ્યક્ત કરી દે તો શું કરી શકાય? આ મુક્તકની નાયિકા તો દાડમના દાણાને બદલે કશુંક ખવડાવીને પોપટને ચૂપ કરી દે છે : રાત્રે વાત કરતાં દંપતીની પ્રેમભરી વાતચીત ઘરના પોપટે સાંભળી હતી તે વાતોને વડીલો સમક્ષ મોટેથી બોલતાં સાંભળીને શરમની મારી નવવધૂ કાનમાં લટકતા પદ્મરાગમણિના ટુકડાને દાડમના દાણાને બહાને પોપટની ચાંચમાં મૂકીને પોપટને ચૂપ કરી દે છે. (દંપત્યોર્નિશિ... મુક્તક ૧૬)

એકસાથે જ બે પ્રિયતમાઓને પ્રેમ કરી શકતા નાયકની ચતુરાઈ જોવા જેવી છે : એક જ આસન પર બે પ્રિયતમાઓને બેઠેલી જોઈને પાછળથી જઈને એક પ્રિયાની રમત રમતો હોય એ બહાને આંખ બંધ કરી દે છે અને સહેજ નમેલી ડોકવાળો, રોમાંચિત થયેલો ધૂર્ત પ્રેમી પ્રેમથી ઊભરાતાં મનવાળી, મનોમન હસવાથી શોભતા ગાલની લાલીવાળી બીજી પ્રિયાને ચૂમી લે છે! (દ્રષ્ટવૈકાસનસંસ્થિતે... મુક્તક ૧૯)

પ્રેમીઓ વચ્ચેની પ્રણયની લીલા કે વ્યવહાર માત્ર શબ્દોથી જ વ્યક્ત થાય એવું નથી હોતું. રમણીની આ લીલા તો જુઓ! : પ્રિયતમે દાસીને પૂછ્યું કે, 'આ મુગ્ધલોચના સુંદરી કંદોરા સાથે વસ્ત્રના છેડાને કસીને બાંધીને શા માટે સૂતી છે?' ત્યારે 'ઓ મા, તું મને અહીં સૂવા માટે પણ રોકે છે?' એમ જુઠ્ઠો ગુસ્સો કરી પ્રિયાએ પડખું ફરીને સૂવાને બહાને પથારીમાં પ્રિયતમ માટે જગ્યા કરી આપી! (કાઞ્ચ્યા ગાઢતરાવન... મુક્તક ૨૧)

પ્રેમીઓ વચ્ચે કોઈક બાબતે ઝઘડો થાય કે મતભેદ ઊભો થાય તો બંને વચ્ચે વાતચીત ન થાય, પણ હૈયામાં તો પ્રેમ હોય જ. બસ, આંખથી આંખ મળવાની વાર હોય છે : પ્રિયતમ અને પ્રિયતમા એક જ પથારીમાં એકબીજાથી મુખ ફેરવી, સામસામે પીઠ રાખીને, વાતચીત કર્યા વગર પીડાતાં, પરસ્પરના હૃદયમાં મનાવવાની ભાવના રાખીને, પોતપોતાનું ગૌરવ બચાવીને સૂતાં હતાં; ત્યાં આંખના ખૂણા હળવેકથી વળતાં, નયનો મળતાં જ, માનથી જન્મેલો ઝઘડો ટળી ગયો અને હસતાં હસતાં ઝડપથી એકબીજાના બાહુપાશમાં જકડાઈ ગયાં. (એકસ્મિંશ્શયને... મુક્તક ૨૩)

અમરુનો સમય રસિકતાનો, સામાજિક મુક્તિનો સમય છે. એમાં એક કરતાં વધારે

NARAYAN SPINE HOSPITAL

Centre for Spine & Scoliosis surgery

TREATMENTS

- Endoscopic discectomy
- Kyphosis & Scoliosis Corrections
- Spine Trauma
- Spine Infection
- TB Spine
- Spine Tumors
- Osteoporotic Spine Fracture
- Slip Disc & Sciatica treatment
- Cervical & Lumbar Spine Surgery
- Non-Operative Spine Treatment Nerve root & facet block

સુવિધાઓ

- ૧૫ બેડની સુવિધાઓ
- સ્પાઈન સર્જરી માટે બનાવવામાં આવેલ મોડ્યુલર ઓપરેશન થીયેટર
- સ્પેશ્યિલ અને ડીલક્ષ રૂમ
- લેબોરેટરી
- ફાર્મસી
- ફિઝિયોથેરાપી વીભાગ
- ડિજિટલ એક્સ-રે અને ઉચ્ચ આવર્તન આઈ આઈ ટી વી
- કેશલેસ સુવિધા
- અનુભવી નર્સિંગ અને ઓટી સ્ટાફ
- સ્ટ્રેચર લીફ્ટ
- પાવર બેક-અપ

DR. KEDAR PHADKE

SPINE SURGEON (G-52252)

DNB (Orthopaedics, Apollo Chennai), DIP SICOT (Belgium)

Fellowship in Spine Surgery (ISIC, New Delhi)
Fellowship in Spine Surgery (Aarhus, Denmark)
Fellowship in Endoscopic Spine Surgery (South Korea)
Fellowship in Spine Deformity Surgery (San Diego, USA)

93274 19339

narayanspine@gmail.com

www.narayanspine.com

2nd Floor, Trisha Square 2, Opp. Gujarat Kidney Hospital, Jetalpur Main Road, Alkapuri, Vadodara 390007

સામુદ્રિકશાસ્ત્ર અનુસાર શરીરનાં બાહ્ય લક્ષણો અને શૃંગાર

સામુદ્રિકશાસ્ત્ર સુંદરતાની સાથે શુભાશુભને જોડી આપે છે. સામુદ્રિકશાસ્ત્ર અનુસાર શરીર-લક્ષણો આઠ છે : આવર્ત, ગતિ, છાયા, સ્વર, વર્ણ, ગુણ, ગંધ અને સત્ત્વ. શરીરના આંતરિક અને બાહ્ય લક્ષણ અનુસાર સૌંદર્ય પણ આભ્યંતર અને બાહ્ય એમ બંને રૂપે હોય છે. શરીરનાં બાહ્ય લક્ષણો છે : આકાર, ગતિ, છાયા, વર્ણ, સ્વર, ગંધ પ્રમાણ, ભાર, પરિણાહ, સંહતિ વગેરે. જ્યારે આંતરિક લક્ષણો છે. : પ્રકૃતિ, સત્ત્વ, સ્નેહ, શીલ અનૂક વગેરે,

'બૃહત્સંહિતા'માં પુરુષનાં પાંત્રીસ શુભ લક્ષણો દર્શાવવામાં આવ્યાં છે. તદનુસાર પુરુષનાં નીચે પ્રમાણેનાં અંગો શુભ કહેવાય છે :

ત્રણ વિસ્તૃત અંગ : નાભિ, સ્વર, સત્ત્વ

ત્રણ અંગ ગંભીર : હૃદય, લલાટ, મુખ

છ અંગ ઉન્નત : વક્ષ, કાખ, નખ, નાસા, મુખ, કૃકાટિકા

ચાર અંગ લઘુ : લિંગ, પૃષ્ઠ ભાગ, ગ્રીવા, જંઘા

સાત રક્તવર્ણ : નેત્રાંત, પદતલ, કરતલ, તાલુ, અધર, જિહ્વા, નખ

પાંચ અંગ લઘુ : દશન, અંગુલીપર્વ, કેશ, ત્વચા, નખ

પાંચ અંગ દીર્ઘ : ચિબુક, નેત્ર, ભુજા, નાક, સ્તનનું અંતર

પરંપરા પુરુષનાં જે બત્રીસ લક્ષણો કહેવાયાં છે તેમાં શુભ અને સુંદર અંગઉપાંગોનું સૌષ્ઠવ જ કેન્દ્રભૂત છે. નારીના સોળ શૃંગાર આ પ્રમાણે છે :

ચારશ્યામ : નેત્રપૂતળી, સ્તનાગ્ર, તલ, કેશ

ચાર શ્વેત : દંતાવલી, નયનપિંડી, નખ, સેંથો

ચાર ક્ષીણ : નાસિકા, ઓષ્ઠ, અંગુલી, કમલ

ચાર ભારે પૃષ્ઠ : ગાલ, બાહુ, સ્તન, નિતંબ

'શૃંગાર' કે શણગાર આપણે ત્યાં અલંકરણ, વસ્ત્રાભૂષણ માટે વપરાય છે, પરંતુ તેનો વ્યાપક અર્થ તો છે કામભાવના જાગૃત કરવાનો. શૃંગારનો સ્થાયી ભાવ રતિ છે. સ્ત્રીના શૃંગારની મૂળ પ્રેરણા પણ આ રતિમાં જ રહેલી હોય છે. હેવલોક એલિસ શણગારને મનોવૈજ્ઞાનિક માનીને એના બે પ્રકાર આ જ અર્થમાં આપે છે : કામ્ય રૂપ અને સામાન્ય રૂપ.

કાલિદાસના 'મેઘદૂતમ' પરની ટીકામાં મલ્લિનાથ પાંચ પ્રકારનાં પ્રસાધનો દર્શાવે છે : વેણી અથવા કેશરચના, શરીરનો શણગાર, ઓઢવા-પહેરવાનાં વસ્ત્રો, તેલ-અત્તર જેવા અંગરાગ અને દેશપ્રદેશ પ્રમાણેના શૃંગાર. જ્યારે 'ઉજ્જ્વલનીલમણિ'માં રૂપ ગોસ્વામી વસ્ત્રપરિધાન, શરીરશોભા, અંગરાગ અને પુષ્પશૃંગાર એ ચાર પ્રકારનાં શૃંગારમંડન ગણાવે છે.

સ્ત્રીના સોળ શણગારની સુપ્રસિદ્ધ પરંપરા છે. વલ્લભદેવ દ્વારા સંપાદિત 'સંભાષિતાવલી'માં સર્વ પ્રથમ સોળ શૃંગારનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. તેમાં મજ્જન, ચીર, હાર, તિલક, નેત્રાંજન, કુંડલ, નાસામૌક્તિક, કેશપાથ, કંચૂક, નૂપુર, સુગંધ, કંકણ, ચરણરાગ, કટિમેખલા, તાંબુલ અને કરદર્પણ એ સોળ શૃંગાર કહેવામાં આવ્યાં છે.

નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિ સ્ત્રીસૌંદર્યના વીસ યૌવનાલંકારો ગણાવે છે અને એને અંગજ, સ્વભાવજ અને અયત્નજ એ ત્રણમાં વર્ગીકૃત કરે છે. નારીને સૌંદર્યવાન બનાવનારા વીસ અલંકારો આ પ્રમાણે છે: ભાવ, હાવ, હેલા, લીલા, વિલાસ, વિચ્છિતિ, વિભ્રમ, કિલકિંચિત, મોટ્ટાયિત, કુટ્ટુમિત, બિબ્બોક, લલિત, વિહૃત, શોભા, કાંતિ, દીપ્તિ, માધુર્ય, ધૈર્ય, પ્રાગલ્ભ્ય અને ઔદાર્ય.

સૌંદર્ય અંગેની ચર્ચાનો પાર આવે એમ નથી. માણસ આદિમાનવમાંથી સમયના બિંદુએ પહોંચ્યો એ યાત્રામાં સૌંદર્ય વિશેની એની સમજ અને સર્જનપરક કૌશલ્ય સતત વિકસતાં જ રહ્યાં છે. સ્વની સ્થાપનામાં સૌંદર્યનું દર્શન અને સર્જન કાયમ કેન્દ્રસ્થાને રહ્યું છે. સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌ની સૃષ્ટિમાં સક્ય કાયમ આનંદ ન આપે એમ બને. શિવ કે કલ્યાણ પણ કાયમી કેન્દ્રરૂપ નથી. માત્ર સુંદર જ સર્વકાલીન, સર્વદેશીય સત્ત્વ તરીકે માનવને આશ્રયરૂપ બની રહે છે. આપણો આલોક સૌંદર્યના ઐશ્વર્યથી આનંદમય બની રહો.

પ્રેમસંબંધ સ્વીકાર્ય હતા. પુરુષોને એક કરતાં વધારે પત્નીઓ હતી. એક પત્ની પાસેથી બીજી પત્ની પાસે ગયેલો નાયક પ્રિયતમાના ગુસ્સાને કઈ રીતે પ્રેમના આવેગમાં બદલી નાખે છે તેની વાત તે પોતાના મિત્રને કહે છે : 'મારી સપત્નીના ચંદનલેપવાળા પયોધરના ગાઢ આલિંગનની છાપ પડેલી તારી છાતીને તું મારા પગમાં પડવાના બહાને છુપાવે છે?' એમ તે પ્રિયા કહેતી હતી ત્યારે 'તે ચંદનની નિશાની ક્યાં છે?' એમ કહીને તેને ભૂંસી નાખવા મેં આવેગપૂર્વક મારી પ્રિયાને આલિંગી લીધી અને તે પ્રિયા પણ આલિંગનને કારણે અપરાધ ભૂલી ગઈ. (તસ્યા: સાન્દ્રવિલેપન... મુક્તક ૨૬)

પ્રિયતમા પ્રિયને ખૂબ ચાહતી હોય ત્યારે લાંબા સમયનો વિરહ સહન થતો નથી. પ્રિયતમ પરદેશ જઈ રહ્યો છે ત્યારે જીવ પણ પ્રિયતમ સાથે કેમ જતો નથી એવો સવાલ પૂછે એમાં પ્રેમની તીવ્રતા અને વિરહની વેદના છે : પ્રિયતમે જ્યારે પરદેશ જવા માટે નિશ્ચય કર્યો ત્યારે હાથમાંનાં કંકણ સરી પડ્યાં, પ્રિય મિત્ર આંસુઓએ પણ સતત વહી જવા માંડ્યું, ધીરજથી સહેજ પણ ન રહેવાયું, ચિત્ત પ્રિયતમની આગળ જવા પ્રયત્ન કરવા માંડ્યું. આમ, બધા પરદેશ જવા તૈયાર થયેલા પ્રિયતમ સાથે જવા માંડ્યા ત્યારે હે જીવ, જવાનું જ છે તો પ્રિય મિત્રોનો સાથ શા માટે છોડી દે છે? (પ્રસ્થાનં વલયૈ:... મુક્તક ૩૫)

ગમવા છતાં ચુંબનનો નકાર કરતી પ્રિયતમાને બળપૂર્વક ચૂમવી એનાથી વિશેષ મધુરતમ બીજું શું હોઈ શકે? : હોઠ પર પ્રિયતમના દાંતનો આઘાત, દંતક્ષત થવાથી

INFERTILITY - MATERNITY - GYNECOLOGY

PRIYA Hospital & IVF Center

Nurturing Mother, Nurturing Lives

શું તમે સંતાન સુખથી વંચિત છો?
શું આપની ઉમર વધુ છે અને માસિક જતું રહયું છે?
શું આપના ૩ કે તેથી વધુ આઇ.યુ.આઇ ઇ/IVF નિષ્ફળ ગયા છે?

નિ:સંતાનપણા પર લાગશે

પૂર્ણવિરામ

સારવાર
સરળ હપ્તે ઉપલબ્ધ
અને એ પણ
0% વ્યાજ દરે

પ્રિયા હોસ્પિટલ
એન્ડ આઇ.વી.એફ સેન્ટર
છે હંમેશા આપની સાથે

પ્રોસીઝર ખર્ચ મા ભારે રાહત, ફ્રી કન્સલ્ટીંગ

ટેસ્ટ ટયુબ બેબી (I.V.F.)

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો

94090 60112 | 96380 56708 | (02692)299254

ક્રિસેન્ટ હોટલ અને સ્પંદન હોસ્પિટલની પાછળ, રાધાસ્વામી સત્યક સામે,
ઇન્દીરા ગાંધી સ્ટેચ્યુ(પટેલ સર્કલ)ની નજીક, લાંભવેલ રોડ, આણંદ

ચકિત થઈને હથેળીઓ હલાવીને રોકતાં રોકતાં 'હે શઠ, નહિ, નહિ, છોડ...' એમ સીત્કારથી વંકાયેલી આંખોવાળી પ્રિયતમાને જેમણે આવેગપૂર્વક ચૂમી છે, તેમણે જ અમૃત પ્રાપ્ત કર્યું છે. મૂઢ દેવતાઓએ માત્ર મિથ્યા શ્રમ કરીને સમુદ્રમંથન કર્યું છે. (સંદષ્ટેડધરપલ્લવે... મુક્તક ૩૬)

પ્રિયતમાનો પ્રેમ તો મનને અત્યંત આનંદ આપે જ, એણે ધારણ કરેલું માન પણ ખૂબ જ રમણીય લાગે છે એમ નાયક પોતાના મિત્રને કહે છે, એમાં પેલી સુંદરીની ચેષ્ટાઓ કેવી તો મનભાવન લાગે છે: હું પગમાં પડીશ એમ લાગતાં મારું માન જાળવવા માટે વસ્ત્રના છેડાથી પોતાના પગને ઢાંકી દે છે, હસવું આવે તેને કોઈક બહાને રોકી લે છે, મારી સામે સ્પષ્ટપણે જોતી નથી, હું વાતચીત કરું ત્યારે પોતાની સખી સાથે બીજી જ વાતો કરે છે - તે કોમલાંગી સુંદરી સાથે ગાઢ પ્રેમની ચર્ચા રહેવા દો, તેનું માન પણ રમણીયતા અર્પે છે! (આશઙ્ક્ય પ્રણતિં... મુક્તક ૪૭)

સંવાદ અને નાટ્યાત્મક સ્થિતિ દ્વારા અમરુ ખૂબ પ્રભાવક રીતે શૃંગાર માટેની પીઠિકા રચી દે છે. પ્રિયના કોઈક વર્તનને કારણે ખેદ પામેલી પ્રિયા અને પ્રિય વચ્ચેનો આ સંવાદ ટૂંકો પણ હૃદયભેદી છે: 'હે બાલા!' 'હે નાથ!' 'હે માન રાખનારી માનિની, ગુસ્સો ન કર.' 'મેં ક્રોધ કરીને શું કર્યું?' 'મને દુઃખ પહોંચાડ્યું.' 'તમે તો કોઈ અપરાધ કર્યો નથી, બધો જ વાંક મારો છે.' 'તો શા માટે ગદ્ગદ્ વાણીથી રડે છે?' 'કોની પાસે રડી રહી છું?' 'અરે, મારી પાસે!' 'હું તમારી શું થાઉં છું?' 'પ્રાણથી પણ પ્રિય એવી પ્રાણપ્રિયા' 'હું તમારી પ્રાણપ્રિયા નથી એટલે તો રડું છું.' (બાલે નાથ... મુક્તક ૫૭)

જેને ખૂબ પ્રેમ કરતાં હોઈએ એ વ્યક્તિ સામે આવે તો એને જોવા માટે પ્રત્યેક અંગ આંખ બની જાય છે અને એની વાતો સાંભળવા માટે પ્રત્યેક અંગ કાન બની જાય છે! વાહ રે અમરુ! - જ્યારે પ્રિયતમ મારી સામે આવે છે અને મીઠાં વચનો બોલે છે ત્યારે બધાં અંગો શા માટે નેત્ર બની જાય છે અથવા કાન બની જાય છે તે હું જાણતી નથી! (ન જાને સંમુખાયાતે... મુક્તક ૬૪)

ભોળી, મુગ્ધ નાયિકા કોઈને પ્રેમ કરે પછી સંપૂર્ણપણે સમર્પિત થઈ જાય. સખીઓને લાગે કે આટલી બધી પરવશતા સારી નહિ એટલે શિખામણ આપે છે. એ વખતે મુગ્ધા નાયિકા સખીઓને શું કહે છે તે સાંભળો : 'હે ભોળી, તેં મુગ્ધતામાં જ બધો સમય પસાર કરવાનું કેમ શરૂ કર્યું છે? માન ધારણ કર, ધીરજ રાખ, તારા પ્રિય પ્રત્યેની કોમળતા ઓછી કર...' સખી દ્વારા આ પ્રમાણે સમજાવવામાં આવતું હતું ત્યારે ભય પામેલા મુખવાળી તે મુગ્ધાએ કહ્યું કે, 'ધીમે બોલ, મારા હૃદયમાં રહેલો મારો પ્રાણેશ્વર આ બધું સાંભળી જશે!

સંવાદ 'ને નાટ્યાત્મક સ્થિતિ દ્વારા અમરુ ખૂબ પ્રભાવક રીતે શૃંગાર માટેની પીઠિકા રચી દે છે. પ્રિયના કોઈક વર્તનને કારણે ખેદ પામેલી પ્રિયા અને પ્રિય વચ્ચેનો સંવાદ ટૂંકો પણ હૃદયભેદી છે

(મુગ્ધે મુગ્ધત... મુક્તક ૭૦)

લાંબા વિરહ પછી પ્રિયતમ મળે તો નવી પરણેલી પ્રિયા એને મળવા ઉત્સુક હોય જ, પણ પ્રેમીઓની આવી ઉત્કટ પ્રણયાવસ્થાને ન સમજી શકતાં સગાંસંબંધીઓથી છુટકારો મેળવવા કંઈક ઉપાય તો કરવો પડેને? ચતુર નાયિકાએ એવું જ કંઈક કર્યું : પરદેશથી લાંબા સમયે પ્રિયતમ આવવાને કારણે અનેક મનોરથો સેવતાં પ્રિયાએ દિવસ તો જેમતેમ પસાર કરી દીધો, પણ રાત્રે મૂર્ખ સંબંધીજન લાંબીલાંબી વાતો કરતાં હતાં ત્યારે 'મને કોઈક જીવડું કરડી ગયું છે' એમ કહી કૂદકો મારીને રેશમી વસ્ત્ર વડે, પ્રેમ માટે વ્યાકુળ નવવધૂએ દીવડો ઓલવી નાખ્યો. (આચાતે દયિતે... મુક્તક ૭૭)

પ્રેમમાં ભરતીઓટ તો આવતાં રહે. પહેલાં ખૂબ ચાહનારો પ્રિયતમ દૂર થઈ જાય ત્યારે પ્રિયતમા પોતાનો આક્રોશ વ્યક્ત કરે એ કેવો તો ચોટદાર છે! - 'હે પ્રિયતમ, આ કાળું છે.' 'હા, કાળું છે.' 'ખરેખર આ સફેદ છે' 'હા, સફેદ છે.' 'જઈશું?' 'હા, જઈએ.' 'હવે નથી જવું.' 'હા, નથી જવું.' - પહેલાં જેણે મારા ભાવ પ્રમાણે લાંબા સમય સુધી બધું કર્યા કર્યું હતું તે પ્રિયતમ હવે બીજી કોઈકનો બની ગયો છે! હે સખી, પુરુષો કોના મિત્ર હોય છે?? (ઈદં કૃષ્ણં... મુક્તક ૯૪)

પ્રિયતમ પલંગ પર આવતાંની સાથે જ બધું વીસરીને કેવળ પ્રણયાનુભૂતિમાં ઓગળી જવાય એ જ તો છે પ્રેમ. સખી એવા પ્રેમના અનુભવ વિશે પૂછે તો બિચારી નાયિકા એને શો ઉત્તર આપી શકે ? - હે સખી, પ્રિયતમ પથારી પર આવતાંની સાથે જ કમર પરના વસ્ત્રની ગાંઠ ઢીલી પડી ગઈ, ઢીલા પડી ગયેલા કંદોરાની દોરીમાંથી કમર પર થોડુંક જ વસ્ત્ર ટકી રહ્યું. હું તો એટલું જ જાણું છું કે પ્રિયતમ સાથે અંગેઅંગ મળ્યાં ત્યારે આ પ્રિયતમ કોણ છે? હું કોણ છું? સંભોગક્રીડા કેવી રહી? - આ કશું જ મને યાદ નથી! (કાન્તે તલ્પમુપાગતે... મુક્તક ૧૦૧)

પ્રેમ સ્વથી શરૂ થાય અને સર્વ તરફ વિસ્તરે. પ્રેમીજનની પ્રતીતિ તો પ્રત્યેક પદાર્થમાં, પ્રત્યેક પરિસ્થિતિમાં વર્તાયા કરે. આવો એકાત્મ ભાવ જ સંબંધનું સૌંદર્ય બને છે : તે પ્રિયતમા મહેલમાં છે, દિશાએ દિશામાં છે, તે પાછળ છે, સામે પણ તે છે, તે પલંગમાં છે, તેના વિયોગમાં આતુર એવા મારા પ્રત્યેક રસ્તે છે... અરેરે! તે પ્રિયા મારું ચિત્ત કે મારી પ્રકૃતિ નથી, પણ સઘળું તે જ તે છે. આ સમગ્ર જગતમાં તે, તે અને તે જ છે. પ્રેમમાં આ કેવું અદ્વૈત છે?! (પ્રાસાદે સા દિશિ... મુક્તક ૧૦૨)

આવાં તો અનેક પ્રણયઘન મુક્તકો 'અમરુશતક'માં છે. પ્રેમની અનેક અવસ્થાનું કવિ અત્યંત કલાત્મક રીતે આલેખન કરે છે. પ્રેમીઓની ચેષ્ટા અને પ્રેમના ઉત્કર્ષની અનેક રીતો દ્વારા શૃંગાર રસનાં અનેક ફૂલો ખીલે છે અને ભાવકના હૃદયમાં પ્રેમની વસંત બેસે છે. શૃંગારનાં આવાં ચોટદાર મુક્તકો આપણા પ્રેમને વિસ્તારીને વ્યાપક બનાવે, અનુપમ આનંદ આપે અને ભાવસમાધિમાં લીન કરી દે એમાં કોઈ શંકા નથી. ■

How would you like to texture your bath?

JIDEN®

the Creamy way / *the Gel way*

BODY WASH

available in 100ml/300ml

ALL SKIN TYPES

SHOWER GEL

available in 100ml/300ml

connect to all SOCIAL MEDIA platforms

for inquiry write to us on info@jideninc.com

available at amazon



શૃંગાર : સાહિત્ય, સિનેમા અને પોર્નો સુધીની સફર

ક્ષણોનું બરછટપણુ જ્યારે ખાવા દોડ્યું હશે ત્યારે આદિમ મનુષ્યે કલ્પના અને સર્જનશક્તિથી, કુદરતી પ્રેરણા વડે શૃંગારને એક મહત્ત્વના શાસ્ત્ર તરીકે સમજવાની શરૂઆત કરી હશે! આજે એ સમજ ઘણી વિસ્તૃત અને પાકટ થઈ ચૂકી છે.

શૃંગાર શબ્દ સાંભળ્યા પછી બહુધા લોકોના મનમાં તરત જ કે થોડીક ક્ષણો બાદ પણ કામસૂત્ર શબ્દ દોડી આવે. શૃંગાર અને કામ એ રીતે મનુષ્યમનમાં એકમેક સાથે જોડાયેલા રહેવાના. શબ્દકોશ શૃંગારના આવા અર્થ આપે છે: પ્રેમરતિના વર્ણનથી ઊપજતો ઉલ્લાસ. જે રસ દ્વારા સ્ત્રીપુરુષનો પ્રેમ વ્યક્ત થાય છે એ. જેનાથી કામોદ્દીપન થાય એ. વિલાસ કે રતિ માટેની સ્ત્રીપુરુષની એકબીજા પ્રત્યેની સ્પૃહા કે પ્રબળ ઝંખના. માણસની સેંકડો ક્રિયાઓના કેન્દ્રમાં રહેલી આ ભૂખના ઠારણથી મળતી સંતૃપ્તિ માનવજીવનની આનંદદાયક ક્ષણોમાં ટોચ પર બિરાજે છે. શૃંગનો અર્થ જ થાય પર્વતની ટોચ કે શિખર. કામનું અતિશયપણુ જ્યારે શિખરે ચડવાનું શરૂ કરે ત્યારે શૃંગાર મન ખોલીને ખીલે.

સ્પર્શ **હાર્દિક**

વર્ષોથી સાહિત્યે અને મોડર્ન યુગમાં સિનેમાએ પણ શૃંગાર તથા કામને સમજી, એને ચર્ચા માટે જાહેર મંચ પર મૂકવામાં યોગદાન આપ્યું છે. સિનેમા વિશાળ વર્ગ સુધી પહોંચીને એમની સાથે અસરકારક રીતે વાત કરવાની શક્તિ ધરાવતું હોવાને કારણે પાછલી એક સદીમાં શૃંગાર પ્રત્યે જનસામાન્યની સમજ પલટાઈ તો ખરી જ, સાથે એના પ્રત્યેનો જાહેરમાં પ્રગટ થતો અણગમો પણ ઘટ્યો.

વિજ્ઞાન આપણા દિમાગમાં બે પ્રકારની પ્લેઝર સિસ્ટમ આવેલી ગણાવે છે. ઉત્તેજિત કરનારી સિસ્ટમ અને તૃપ્ત કરનારી સિસ્ટમ. શૃંગારનું મુખ્ય કાર્ય ઉત્તેજિત કરનારી સિસ્ટમ એક્ટિવ કરવાનું છે. એ ડોપામાઇનનો પ્રવાહ ઝરતો કરે છે. આગળનું કામ શરીર સંભાળી લે અને પરિણામે તૃપ્ત કરનારી સિસ્ટમ કાર્યરત થઈને એન્ડોર્ફિન્સ ઝરતું કરે.

શૃંગાર એ સેતુ છે, જેના પર ચાલીને મનુષ્ય સ્વની ઉત્તેજનાની ક્રિયાથી પ્રાપ્ત થતો શારીરિક આનંદ ભોગવી શકે છે. શૃંગાર શરીર અને જાતીય આવેગોના સૌંદર્યની અનુભૂતિ કરાવતો રસ કહી શકાય. પ્રાચીન સાહિત્ય એના બે પ્રકાર ગણાવે છે. સંભોગ શૃંગાર અને વિપ્રલંભ શૃંગાર અર્થાત્ વિરહનો ભાવ મુખ્ય હોય એવો રસ. જૂની ગુજરાતીમાં અજ્ઞાત કવિ દ્વારા લખાયેલું ફાગુ કાવ્ય 'વસંતવિલાસ' વિપ્રલંભ શૃંગાર ધરાવે છે. આપણા એક ઉમદા કવિ પ્રિયકાન્ત મણિયારનું 'કંચુકીબંધ છૂટ્યા ને' સંભોગ શૃંગાર ધરાવે છે. 'કંચુકીબંધ છૂટ્યા ને હટ્યું જ્યાં હીર-ગુંઠન, હૈયાનાં લોચનો જેવાં દીઠાં બે તાહરાં સ્તન.' ભર્તૃહરિનું શૃંગારશતક તો એક અદ્વિતીય સર્જન છે. હિન્દી ફિલ્મી ગીતોમાં પણ કળાત્મક રીતે શૃંગાર વ્યક્ત થયો છે. 'ઝ઼ રા ઝ઼ રા બહેકતા હૈ, મહેકતા હૈ આજ તો મેરા તનબદન.. મૈં

WINGS IVF Giving birth to your hope

નિઃસંતાન દંપતીઓમાં "આશાનાં કિરણ સમાન"
સેવા આપતું સૌરાષ્ટ્રનુ અતિ-આધુનિક ઇન્ફર્ટીલીટી હોસ્પિટલ એટલે

"વિંગ્સ આઇવીએફ સ્પેશ્યાલીટી હોસ્પીટલ"

અહીં ૬ વર્ષ માં ૨૦૦૦થી વધુ નિઃસંતાન દંપતીના ઘેર આઇવીએફ સારવાર થી પારણા બંધાયા છે

હાઇટેક લેબ અને નિષ્ણાંત તબીબો ની ટીમ સાથે કાર્યરત આ હોસ્પિટલ

આજકાલ યુગલોમાં વંધ્યત્વનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે. જે માટે ડો. સંજય દેસાઇ (આઇવીએફ સ્પેશ્યાલીસ્ટ)નાં કહેવા પ્રમાણે ભાગદોડ ભરી જીંદગી, સ્ટ્રેસફુલ લાઇફ સ્ટાઇલ, મોટી ઉંમર થયાં પછી લગ્નજીવન તેમજ બાળક રાખવા માટેનું આયોજન, વ્યસન. વગેરે પરિબળો જવાબદાર છે.

હાલનાં તબકકે સરેરાશ ૨૫ ટકા યુગલોને વ્યંધ્યત્વની સારવાર કરાવવી પડે છે. પ્રાથમિક સારવાર થકી સરેરાશ ૫૦ ટકા દર્દીઓ ને સફળતા મળતી હોય છે. જેમાં સફળ ન થાય તેવા દર્દીઓમાં ટેસ્ટ ટયુબ બેબી (આઇવીએફ)ની સારવાર આવશ્યક બને છે.

વિંગ્સ આઇવીએફ હોસ્પીટલ દરેક વ્યંધત્વનાં પ્રોબ્લેમ વાળા યુગલો માટેનું "એ ટુ ઝેડ" સોલ્યુશન છે. અહિ પ્રાથમિક સારવારથી લઇને આઇવીએફની અતિ આધુનિક ટેકનીકસ જેવી કે ટેસ્ટીકયુલર બાયોપ્સી, પ્રી જીનેટીક સ્કીનીંગ, ઇઆરએ ટેસ્ટ, સરોગસી જેવી બધી જ સારવાર ઉપલબ્ધ છે.

છેલ્લા સાડા છ વર્ષથી કાર્યરત વિંગ્સ આઇવીએફ હોસ્પિટલ રાજકોટમાં અસંખ્ય દર્દીઓએ સારવાર મેળવીને સંતાનસુખ મેળવ્યું છે. વિંગ્સ હોસ્પિટલએ સૌરાષ્ટ્રનું એકમાત્ર એકસકલુઝીવ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર છે. જયાં માત્ર નિઃસંતાન દંપતિઓની સારવાર થાય છે. જે માટે ખૂબ જ મોટી અદ્યતન હોસ્પિટલ અનેક ડોકટર્સની ટીમ ખુબ જ બહોળો અનુભવી સ્ટાફ તેમજ અતિ આધુનિક વિશાળ આઇવીએફ લેબ કાર્યરત છે.

નિઃસંતાન દંપતિઓમાં ખુશીની લહેર આપતું આ સેન્ટર હજારો દર્દીઓનાં વિશ્વાસનું પ્રતિક બની રહયું છે. હોસ્પિટલમાં કાર્યરત ડો. સંજય દેસાઇ અત્યંત પ્રતિભાવંત નિપૂણ તેમજ દર્દીઓ માટે હંમેશા લાગણીસભર કાર્ય કરે છે. કોઇપણ વર્ગના દર્દીઓ અહિ આત્મીયતાનો અનુભવ કરે છે. "વિંગ્સ છે તો વિશ્વાસ છે" ખરા અર્થમાં અહીં સાર્થક થાય છે.

શું કહે છે... અહિનાં દર્દી નિશાબેન બઘેકા

નિશાબેન બઘેકા એ વર્લ્ડ આઇવીએફ ડે નિમિતે વિંગ્સ હોસ્પિટલ તેમજ ડો. સંજય દેસાઇ તેમજ તમામ સ્ટાફનો ખુબ ખુબ દિલથી આભાર વ્યકત કર્યો છે. નિશાબેન જયારે સારવાર દરમ્યાન તેમનો રીપોર્ટ પોઝીટીવ આવતા હોસ્પિટલના સ્ટાફની આંખોમાં હરખના આંસુ આવી ગયા હતા. વિંગ્સ હોસ્પિટલમાં કયારેય પણ નિરાશા મળતી નથી. અહીનું વાતાવરણ ઘર જેવું લાગે છે. અહીંનો સ્ટાફ આપણું ઘરના એક સદસ્ય જેવી કાળજી રાખેલ છે. મારે ત્યાં વિંગ્સ હોસ્પિટલના કારણે એક પુત્રી (શિવાની)નો જન્મ થયો જેને અમે પુત્રની જેમજ (શિવા) લાલન પાલન કરીએ છીએ. ઘણા લોકો માને છે કે આઇવીએફ ઘણું ખર્ચાળ છે પરંતુ જયારે તમને સંતાન સુખનો લાભ મળે છે ત્યારે તમો અરબોપતી હોય તેવી લાગણી અનુભવો છો. અંતમા નીશાબેન ડો. સંજય દેસાઇને ભગવાન સમાન ગણે છે તેમજ સ્ટાફનો આભાર પણ માન્યો છે...

પહેલા માળે, જાસલ કોમ્પ્લેક્ષ, નાણાવટી ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. એપોઇન્ટમેન્ટ માટે : ૭૮૭૮૮ ૭૭૨૨૨

પ્યાસી હૂઁ, મુઝે ભરલે અપની બાહોં મેં..' અને 'હાય રામા યૈ ક્યા હુઆ, ક્યોં ઐસે હમેં સતાને લગે.. તુમ ઇતની પ્યારી હો સામને હમ કાબૂ મેં કૈસે રહેં..' વારંવાર માણવા ગમે એવાં ગીતો છે.

સદીઓ સુધી જનસામાન્ય શૃંગારરસથી ઘણે અંશે વંચિત જ રહેલો એમ કહેવામાં પણ કંઈ ખોટું નહીં, કારણ કે આ રસને વ્યક્ત કરતાં માધ્યમો, જેવાં કે ચિત્ર, સાહિત્ય અને નૃત્ય સમાજના એક સીમિત વર્ગ સુધી જ મર્યાદિત રહેલાં. સદીઓ સુધી મનુષ્યના શયનકક્ષમાં શૃંગાર રસની અનુભૂતિનો રસ્તો કલ્પનાઓનો પથ જ રહેલો. ત્યાર બાદ આધુનિક વિશ્વની સૌથી મહત્ત્વની અને મહાન પદ્ધતિની ખોજ થઈ : માસ પ્રોડક્શન. એક જ પ્રોડક્ટનું જથ્થામાં ઉત્પાદન કરીને, એકસરખી પ્રોડક્ટ સેંકડો લોકો સુધી પહોંચાડવાની સિસ્ટમ વિકસી અને વિસ્તરી એટલે ઘણુ બધું સમાજના સીમિત વર્ગની પકડમાંથી મુક્ત થઈને શક્ય એટલા વધારે લોકો સુધી પહોંચતું થયું. તજજ્ઞોના શબ્દોમાં, કળાનું 'ડેમોક્રટાઇઝેશન' અર્થાત્ લોકશાહીકરણ થયું. પ્રિન્ટિંગ આવ્યું અને શરૂઆત થઈ કાગળ પર છાપેલાં કે ચિત્રિત સાહિત્યથી. ઇતિહાસ નોંધે છે કે પશ્ચિમ યુરોપમાં અઢારમી સદીના છેલ્લા દશકાઓમાં કામુક સાહિત્યનો પ્રસાર નોંધ લઈ શકાય એ હદે વધેલો. સન ૧૮૪૨ પહેલાં પોર્નોગ્રાફી શબ્દનો કોઈ લેખિત રેકોર્ડ મળતો નથી. ઓક્સફોર્ડ ડિક્શનરીએ ૧૮૫૭માં એને શબ્દ તરીકે સ્વીકાર્યાની નોંધ મળે છે. ધીમે ધીમે પોર્નોગ્રાફી તરીકે ઓળખાતું થયેલું, ગલીઓમાં છાનુંછપનું વેચાતું એ ઉઘાડું કામુક સાહિત્ય મુખ્ય ધારાના સાહિત્યમાં પણ કલાત્મક રીતે પ્રતિબિંબિત થવા લાગ્યું. ફોટોગ્રાફીના ઉદયથી શૃંગારરસે હવે શબ્દોનો સધિયારો છોડીને ચિત્રો દ્વારા પણ વ્યક્ત થઈને પોતાનો વ્યાપ વધાર્યો. મનુષ્ય, ખાસ તો પુરુષની કલ્પનામાં રહેલું આદર્શ સ્ત્રીનું દૈહિક સૌંદર્ય કેવું હોય એ આંખ સામે સ્પષ્ટ દ્રશ્યમાન થયું. 'ધી ઇરોટિક એન્જિન' પુસ્તક પ્રમાણે વર્ષ ૧૮૬૮ સુધીમાં પેરિસમાં આશરે સાડા ત્રણસો ફોટોગ્રાફી સ્ટુડિયો હતા અને એમાંથી મોટા ભાગનાની આવકનો મુખ્ય સોર્સ કામોત્તેજક ફોટો રહેલા.

ફોટોગ્રાફીના ઉદયથી શૃંગારરસે હવે શબ્દોનો સધિયારો છોડીને ચિત્રો દ્વારા પણ વ્યક્ત થઈને પોતાનો વ્યાપ વધાર્યો. મનુષ્ય, ખાસ તો પુરુષની કલ્પનામાં રહેલું આદર્શ સ્ત્રીનું દૈહિક સૌંદર્ય કેવું હોય એ આંખ સામે સ્પષ્ટ દ્રશ્યમાન થયું

ઊભરતા ચિત્રકારો માટે 'આર્ટ સ્ટડી'ના રૂપાળા કારણ સાથે હજારો કામુક ફોટોગ્રાફ ત્યારે વેચાતા, જે દેખીતી રીતે ચિત્રકાર ન હોય એ પણ ખરીદતા જ.

ફોટોગ્રાફમાં જીવંતતાનો અભાવ હતો, પણ જ્યારે ચિત્રો હલતાં-ચલતાં થયાં ત્યારે સિનેમાના ઉદય સાથે શૃંગારરસ સોળે કલાએ ખીલ્યો. એકવીસમી સદીમાં એન્ટર થયાં પછી સિનેમાએ સ્ત્રીપુરુષ વચ્ચેના શૃંગારથી આગળ વધીને સ્ત્રી-સ્ત્રી અને પુરુષ-પુરુષ વચ્ચેના શૃંગારને પણ સહજ રીતે ચિતરવાનું પ્રમાણ વધાર્યું. હોમોસેક્સ્યુઆલિટીને વર્જિત ગણવાની વૃત્તિમાં બદલાવ આવ્યો. ૨૦૦૫ની 'બ્રોકબેક માઉન્ટેન' ફિલ્મમાં બે પુરુષો એકબીજાના પ્રેમમાં પડે છે. એ પ્રેમ સમાજથી દૂર જંગલો અને પહાડો વચ્ચે પાંગરે છે, જાણે એવો સંદેશ આપવા માટે કે પ્રેમ સંપૂર્ણપણે પ્રાકૃતિક ભાવના છે. ૨૦૧૭માં 'કોલ મી બાય યોર નેમ' પણ બે પુરુષોના પ્રેમની વાત કહે છે. એમાં સજાતીય સંબંધ સામેનાં તમામ વિરોધક પરિબળો સાવ નાબૂદ કરી દેવાયા છે અને પુરુષ-પુરુષ વચ્ચે પાંગરતા રોમાન્સને અત્યંત સહજ રીતે દેખાડવામાં આવ્યો છે. પરંપરાગત રીતે સ્ત્રીના દેહની પેશકશથી શૃંગાર ઉત્પન્ન કરવા ટેવાયેલું સિનેમા આ બંને ફિલ્મોમાં એનાથી દૂર રહીને પણ સુંદર રીતે નવા પ્રકારનો શૃંગારરસ જન્માવી શકી છે.

સિનેમાના વિકાસ અને પ્રસાર સાથે પોર્ન કલ્ચર એની બાયપ્રોડક્ટ તરીકે વિકરાળ થતું ગયું એ ઘણી હદે નકારાત્મક બાબત ખરી. કહેવાય છે કે પોર્નોગ્રાફી અને ઇરોટિકા અર્થાત્ શૃંગારિક સિનેમા વચ્ચે મુખ્ય તફાવત લાઇટનિંગનો છે! પોર્નોગ્રાફી માણસના જાતીય આવેગોમાં તત્ક્ષણ ઊભરો લાવતું સુનામી છે અને ઇરોટિકા આસ્તે આસ્તે કામદેવનું આહ્વાન કરીને રસ ઝરાવતું ઝરણુ. બંને વચ્ચેનો મુખ્ય તફાવત કળાના સ્તર પર હોય છે એટલે બંને વચ્ચેની ભિન્નતા તારવવામાં એને માણનાર મનુષ્યની કળા-સમજ કેવી છે, એ પણ મહત્ત્વ ધરાવે. પોર્નોગ્રાફી અને ઇરોટિકા, બંને ક્ષેત્રે શરૂઆતમાં ઉપભોક્તા તરીકે મોટે ભાગે પુરુષ વર્ગને જ ધ્યાનમાં રખાયેલો. સમય જતા એમાં પણ બદલાવ આવ્યો અને આજે સ્ત્રીઓને કેન્દ્રમાં રાખીને પોર્નોગ્રાફી અને ઇરોટિકા બંનેનું પ્રોડક્શન થાય છે. મોડર્ન સમયમાં એનાએરોસ્મિથ, એરિકા લસ્ટ, એન્જી રાઉનટ્રી જેવી ડિરેક્ટરોએ એની ધુરા સંભાળી છે. એનાએરોસ્મિથ સ્ત્રીની જાતીય અભિવ્યક્તિ અને કામુક સામગ્રીના ઉપભોગના હક વિશે મુક્ત રીતે બોલે છે. ફક્ત શૃંગાર સાહિત્ય અને

ગાયનેક તેમજ મેટરનીટી ક્ષેત્રે સૌરાષ્ટ્રમાં અગ્રેસર નામનાં મેળવતું અતિ આધુનિક હોસ્પિટલ એટલે

પાયલ મેટરનીટી હોસ્પિટલ

ડો. પ્રતિક્ષા દેસાઈના માર્ગદર્શન-સંચાલનમાં જનરલ સર્જરી, એડવાન્સ લેપ્રોસ્કોપી, ફિટલ મેડિસિન, એડવાન્સ આયુર્વેદિક ટ્રીટમેન્ટ, ગર્ભસંસ્કાર, પંચકર્મ, વેઈટ મેનેજમેન્ટ, સ્ટ્રેસ મેનેજમેનટ, બ્યૂટી ટ્રીટમેન્ટ-જેવી સુવિધા ઉપલબ્ધ

રાજકોટ શહેર એ સૌરાષ્ટ્ર-કચ્છનાં પાટનગર સમાન વિકાસની હરણફાળ ભરતાં શહેર તરીકે ઉભરી રહયું છે. છેલ્લા દાયકામાં મેડીકલ ક્ષેત્રે પણ અનેક વિધ સુવિધાઓ પ્રાપ્ત થઇ રહી છે. આવનારા સમયમાં મેડીકલ ટુરીઝમ માટે રાજકોટ શહેર નામાંકિત થશે જ. એમાં કોઇ શંકા નથી. સ્ત્રીરોગ અને પ્રસૂતિ ક્ષેત્રે ઘણી હોસ્પીટલ રાજકોટમાં છે. તેમાંની એક એવી **''પાયલ મેટરનીટી હોસ્પીટલ''** એટલે આધુનિકતાનું અજોડ ઉદાહરણ છે. હોસ્પીટલ એટલે ''હોસ્પીટાલીટીનો પર્યાય'', ''લાગણીનો દરીયો'' અથવા તો ''સગવડતાઓનો સમુદ્ર'' આવા ઉપનામ આપવાં હોય તો તે ચોક્કસપણે **''પાયલ મેટરનીટી હોસ્પીટલ''**ને જ આપી શકાય.

ડો. સંજય દેસાઇ તેમજ ડો. પ્રતિક્ષા દેસાઇ દ્વારા ૨૩ વર્ષ પહેલા કાર્યાન્વીત થયેલી આ હોસ્પિટલ સતત પ્રગતિનાં પંથે છે. લાખો દર્દીઓની માનવતા સાથે સારવાર થકી. આ હોસ્પિટલ અત્યારે સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં પોતાની આગવી સુવિધા, બહોળો અનુભવ વિવેકી સ્ટાફ તેમજ સચોટ સારવાર માટે ખ્યાતનામ છે.

ડોકટર્સની ટીમમાં ડો. અમિત અકબરી. કે જેમણે ખૂબ જ ટુકાં સમયમાં લેપ્રોસ્કોપીક સર્જરી તેમજ હાઇ રીસ્ક પ્રેગનન્સીનાં કેસમાં ખૂબ જ સારી નામનાં મેળવી છે. તેમનું સચોટ નિદાન, પરફેકટ સારવાર અને દર્દીને સમજાવવાની કળાં ઉડીને આંખે વળગે તેવી. અત્યંત મૃદુભાષી, શાંત સ્વભાવ થકી દર્દીઓમાં તેમની અનેરી ચાહનાં છે.

એવા જ ડો. પલ્લવી અકબરી (કાલેવાડ) સૌરાષ્ટ્રનાં પ્રથમ હરોળનાં સોનોગ્રાફી નિષ્ણાંત (Fetal Medicine Specialist) ડોકટર છે. પ્રેગનન્સી દરમ્યાન પેટમાં રહેલા બાળકનું સોનોગ્રાફી માટેનું તેમનું ગહન જ્ઞાન ખૂબજ વખાણવા લાયક છે. પેટમાં રહેલા બાળકના નાનામાં નાના પ્રોબ્લેમ્સનું નિદાન તે સચોટ રીતે કરતાં હોય છે. તેવો જ એક વિષય જીનેટીક અભ્યાસનો છે. તેમાં ડો. પલ્લવી અકબરી (કાલેવાડ) ની નિપુણતાં અત્યંત સરાહનીય છે.

ડો. પ્રતિક્ષા દેસાઇ
M.D. Gynec (Ayu.)

ડો. પલ્લવી અકબરી (કાલેવાડ)
M.S. Gynec
Fetal Medicine Specialist

ડો. અમીત અકબરી
M.B. DGO
Laparoscopic Surgeon

આ હોસ્પિટલનો સ્ટાફ કોઇ ફાઇવસ્ટાર હોટેલનાં દરજ્જાનો છે. ગમે તેવી પરિસ્થિતિમાં દિવસની શરૂઆત સ્ટાફ દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવે છે. દર્દી નાં અંગત પ્રસંગોની ઉજવણી, બાળકનાં જન્મની ઉજવણી, તહેવારોની ઉજવણી. દરેક દર્દી તેમજ તેમનાં સગા-સબંધીઓની મહેમાનગતિ તેમજ આગતા-સ્વાગતા આ બધા જ મુદ્દાઓ અત્યંત આકર્ષક છે. અને હોસ્પિટલની અલગ ઓળખ ઉભી કરે છે ''પાયલ મેટરનીટી હોસ્પીટલ'' We Care For Motherhood સ્લોગનને ખરા અર્થમાં સાર્થક કરે છે.

હોસ્પીટલ સાથે જોડાયેલ સંસ્થા 'Red Stone Ayurveda એકસલુઝીવ આર્યુવેદીક સારવાર કરતું અત્યંત સુવિધાયુકત કિલનીક છે. Life Style Disorder, Wellness Treatment, Weight Management, Beauty Treatment ગર્ભ સંસ્કાર. આ બધી જ બાબતોનો સચોટ ઇલાજ અહિ કરવામાં આવે છે.

WE CARE MOTHERHOOD
પાયલ™
મેટરનીટી હોમ

પાયલ મેટરનીટી હોમ એન્ડ સર્જીકલ હોસ્પિટલ

વેસ્ટગેટ , ફર્સ્ટ ફ્લોર, રૈયા સર્કલ પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ
હેલ્પલાઈન નંબર : ૮૧૦૦૦ ૪૩૦૦૦

સિનેમામાં જ નહીં, દરેક મેઇનસ્ટ્રીમ માધ્યમમાં પુરુષને જ ધ્યાનમાં રાખીને સ્ત્રીને ઓબ્જેક્ટ તરીકે જોવાની વૃત્તિનો એ વિરોધ કરે છે. એનાએરોસ્મિથ એની સામે બળવો પોકારી સ્ત્રીઓ માટે ઋજુ અને કળાત્મક પ્રકારના શૃંગાર સિનેમાનું સર્જન કરે છે.

ઉપર કળાના લોકશાહીકરણ અંગે જે વાત કરી, એ ઘટના ઇન્ટરનેટના આગમનથી વધારે ઝડપી અને વિશાળ બની. જાતીયવૃત્તિને સંલગ્ન આ સૌંદર્યશાસ્ત્ર પ્રકારના શૃંગારમાં વિકૃતિઓ પણ ભળવા લાગી. એની સામે ઘણીવાર લાલ બત્તી અપાઈ છે, પરંતુ ઇન્ટરનેટની શક્તિ નિરંકુશ હોવાથી એને અટકાવવામાં ખાસ કશું થયું નથી. થોડાંક વર્ષો જૂના એક અંદાજ પ્રમાણે ઇન્ટરનેટ યુઝ કરતા દર ચોથા માણસનું લક્ષ્ય પોર્ન શોધવાનું હોય છે. હવે કદાચ દર ત્રીજો કે બીજો માણસ એ શોધવા આવતો હોય! ડો. નોર્મન ડોઇજ 'ધી બ્રેઇન ધેટ ચેન્જીસ ઇટસેલ્ફ' પુસ્તકમાં લખે છે કે પોર્નોગ્રાફી લાખો વર્ષોની ઉત્ક્રાંતિને પરિણામે વિકસેલી સહજવૃત્તિને લગતી બાબત છે; એ રીતે કે કેટલીક કામુક ચીજો જોઈને જાતીય આવેગ ઉછાળો મારે. વીસમી સદી દરમિયાન પોર્ન સાહિત્ય આ જ વાતને નજરમાં રાખીને રચાતું રહ્યું. પણ એકવીસમી સદીનું પોર્ન સાહિત્ય વધારે વિકૃત બન્યું. કેમ કે દિમાગ જમાના પ્રમાણે વિકસિત થયું છે અને આજથી સદીઓ પહેલાં જે કામુક સામગ્રી સામાન્ય માણસને ઉત્તેજિત કરી શકતી, એ હવે એની અસર ઘણે અંશે ગુમાવી બેઠી છે. આજના સામાન્ય મનુષ્યને પોર્ન સાહિત્ય નેક્સ્ટ લેવલનું એક્સ્ટ્રીમ જોઈએ છે. એથી એમાં બળજબરી અને હિંસા દ્વારા આનંદ લેવાનું તત્ત્વ ભરપૂર ઉમેરાવા લાગ્યું છે. શૃંગારરસ ઘટ્યો અને બીભત્સ રસ વધ્યો છે. આ બીભત્સ તરફની ગતિ છેવટે મનુષ્યનું મન વિકૃત કરી નાખે.



આ જ સંદર્ભમાં સાઇકોથેરાપિસ્ટ એસ્થર પેરલની વાત ધ્યાન દેવા જેવી છે. તેઓ સેક્સ્યુઆલિટી અને ઇરોટિસિઝમ વચ્ચે ભેદ સમજાવતા જણાવે છે કે માણસ અને જાનવર વચ્ચેના ઘણા બધા તફાવતમાંનો એક તફાવત છે ઇરોટિક લાઇફ. જાનવરો ફક્ત સેક્સ કરે છે જ્યારે માણસ એનાથી અતિરિક્ત ઇરોટિક લાઇફ પણ જીવે છે. માણસ પોતાની કલ્પના વડે સેક્સ્યુઆલિટીનું એક સૌંદર્યસ્વરૂપમાં રૂપાંતરણ કરે છે. એવી કલ્પનાઓ અને સર્જનાત્મકતા જ ઇરોટિક લાઇફને શક્તિ આપતું ઇંધણ છે. ઇરોટિક પ્રવૃત્તિનું લક્ષ્ય માત્ર ને માત્ર સેક્સ નથી, પરંતુ કુદરતે સહજવૃત્તિ તરીકે બક્ષેલી આ ક્રિયાને અર્થપૂર્ણ બનાવવું એનું ધ્યેય છે. લાગણી, કામેચ્છા, જુસ્સો, વગેરે મનુષ્યની ઇરોટિક લાઇફને જાનવરકક્ષાના સેક્સથી અલગ પાડે છે. એસ્થર પેરલ ઇરોટિક ઇન્ટેલિજન્ટ શબ્દપ્રયોગ દ્વારા રતિક્રીડાનું સૌંદર્યસ્વરૂપ વિકસાવવા માટે એને માણવાની જીવંતતા, ખેલવૃત્તી, જિજ્ઞાસા અને શરીરનાં રહસ્ય પ્રત્યે રોમાંચની ભાવના પર ભાર મૂકે છે.

ફક્ત જાતીયવૃત્તિ જ નહીં, જીવનનાં ભિન્ન-ભિન્ન ક્ષેત્રોમાં શૃંગાર વણાયેલો હોય ત્યારે અસ્તિત્વનો આનંદ અદકેરો અનુભવાય. ક્ષણોનું બરછટપણુ જ્યારે ખાવા દોડ્યું હશે ત્યારે આદિમ મનુષ્યે કલ્પના અને સર્જનશક્તિથી, કુદરતી પ્રેરણા વડે શૃંગારને એક મહત્ત્વના શાસ્ત્ર તરીકે સમજવાની શરૂઆત કરી હશે! આજે એ સમજ ઘણી વિસ્તૃત અને પાકટ થઈ ચૂકી છે. શૃંગારને સમજવાની અને માણવાની પરિપક્વતા, આપણા એક પ્રજાતિ તરીકેના વિકાસને મૂલવવાના ઘણા બધા માપદંડોમાંથી એક ગણી શકાય.

કોફી-સ્ક્રિપ્ટ :

હું તારી ભાગતી નસો અનુભવું છું... જ્વાળાઓ સમી મારી આંગળીઓ તારા સમગ્રપણાને પંપાળે છે. હું તારી કલ્પના છું. તારા સ્ત્રી સ્વરૂપ પર મહેરાબ જેમ વિસ્તરું છું. 'ને ધીમે ધીમે તારામાં પ્રવેશું છું. શબ્દો અને વિચારોથી પણ આગળ વધીને હું તને લલચાવીશ. આજની રાત, આપણુ સ્વપ્ન જોજે. (કેન કૈરોલ) ■

SHETH BROTHERS
BHAVNAGAR
પ્રતિકાર
ડિટોકસ ગ્રીન ટી
રહો એક્ટિવ હંમેશા...
SHETH BROTHERS
SINCE 1972
Pratikar
Refreshing Detox Green Tea
10
Pratikar
GREEN TEA
Pratikar
Refreshing Detox Green Tea
ચુસ્તી, સ્ફૂર્તિ અને તંદુરસ્તી નો ત્રિવેણી સંગમ એટલે
પ્રતિકાર રિફ્રેશીંગ ડિટોક્સ ગ્રીન ટી
Apex Advertising-2021
Toll Free No : 1800 419 0807 | Available in Stores Nearby | Buy online
1mg

નવોઢાના શૃંગારનું કલા-વિધાન

વર્ણવે છે મુંબઈનાં ખ્યાતનામ બ્રાઇડલ મેકઅપ આર્ટિસ્ટ સ્નેહા એસકે

સ્નેહા છેલ્લાં ચાર વર્ષથી મેકઅપ આર્ટિસ્ટ તરીકે કાર્યરત છે. તેઓ રિલિજિયન, કોસ્ચ્યુમ અને જ્વેલરીના આધારે બ્રાઇડલ મેકઅપ કરે છે. ઇન્સ્ટાગ્રામના જમાનામાં બ્રાઇડ સેલિબ્રિટી બ્રાઇડ મેકઅપની ડિમાન્ડ સ્નેહા પાસે કરે છે.

લતિકા **સુમન**

લગ્નની તૈયારીઓ ચાલી રહી છે. વધૂ (બ્રાઇડ)ને તૈયાર થવાનું છે. બ્રાઇડલ મેકઅપ આર્ટિસ્ટ પોતાના કામમાં વ્યસ્ત છે. બ્રાઇડના ઘણા ફોટા લેવામાં આવી રહ્યા છે. મેકઅપ આર્ટિસ્ટ ડિઝાઇન સેટ કરી રહી છે. આ ચહેરા માટે કયો લૂક સારો રહેશે તે સમજવા માટે મેકઅપ આર્ટિસ્ટ બ્રાઇડ સાથે વાત કરીને તેના વ્યક્તિત્વ, સ્વભાવ અને આંખોનો લૂક જોઈને બ્રાઇડને સુંદર બનાવવા માટે ટીમ સાથે મળીને કામ કરવામાં વ્યસ્ત છે. તે બ્રાઇડ, તેના પરિવાર અથવા ફ્રેન્ડ સાથે મેકઅપ અને લૂક બાબતે ચર્ચાવિચારણા કરી રહી છે. એટલામાં કાને કોઇકનો અવાજ સંભળાય છે. મેકઅપ વિશે આટલું બધું શું વિચારવાનું. અમારા જમાનામાં તો અમે ચહેરા પર પાઉડર લગાવીને લગ્નના મંડપમાં હાજર થઈ જતા હતા. મેકઅપ આર્ટિસ્ટને તેમની વાત સાંભળીને હસવું આવે છે. તે કહે છે, તમારા જમાનાની વાત અલગ હતી. હવે તો જેવા લગ્ન નક્કી થાય એટલે તરત જ મેકઅપ આર્ટિસ્ટ બુક કરવામાં આવે છે અને મેકઅપ આર્ટિસ્ટએ પણ નવા ટ્રેન્ડ સાથે કામ કરવા માટે તૈયાર રહેવું પડે છે. આ પ્રકારની

સ્નેહા એસકે

વંધ્યત્વ ની સફળ આયુર્વેદિક સારવાર. સ્ત્રી તથા પુરુષ ના વંધ્યત્વ માટે

હવે આ સેવાઓ અમદાવાદમાં નિયમીત પહેલા અને ત્રીજા રવિવારે

આયુર્વેદ
નિઃસંતાન ઉપચાર કેન્દ્ર
જામનગર /અમદાવાદ

32 વર્ષથી નિઃસંતાન દંપતીઓની સંપુર્ણ આયુર્વેદિક સારવાર

પુરૂષોમાં ઓછા શુકાણું
મૃત શુકાણું અથવા
શુકાણું ન હોવા

નિઃસંતાન દંપત્તિ ?
ટેસ્ટ ટ્યુબ બેબી કે
IVF માં નિષ્ફળતા ?
હવે શું ?

નળીઓનું બંધ હોવું ?
પી સી ઓ ડી ?
ચોકલેટ સિસ્ટ ?
એન્ડ્રોમેટ્રાઇસીસ ?
ગર્ભાશયની દિવાલનું ન બનવું

જામનગર અને અમદાવાદ એપોઇન્ટમેન્ટ માટેઃ 93762 86896,70164 43957

અમારી ટીમની સફળતાના ફુલો

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી તથા એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી

www.ayurved-infertility.in e-mail:ayufert@gmail.com

જામનગર : આયુર્વેદ નિઃસંતાન ઉપચાર કેન્દ્ર, વર્ધમાન એસ.ટી. રોડ, જામનગર. ફોન 0288 2558156 | મો. 94269 66037
અમદાવાદ : આયુર્વેદ નિઃસંતાન ઉપચાર કેન્દ્ર, જજીસ બંગલા, પોલીસ ચોકી સામે, ગોરમો હોટલની બાજુમાં, યુકો બેંકની ઉપર, રૂદ્ર સ્કવેર બોકડદેવ

કોમેન્ટ ઘણા મેકઅપ આર્ટિસ્ટને સાંભળવા મળે છે અને અમે મેકઅપ આર્ટિસ્ટ જવાબ આપીને પોતાના કામને વધુ ને વધુ સારું બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ. નવી મુંબઈમાં રહેવાવાળી બ્રાઇડલ મેકઅપ આર્ટિસ્ટ સ્નેહા એસકે 'અભિયાન'ને કહી રહી હતી.

સ્નેહા છેલ્લાં ચાર વર્ષથી આ પ્રોફેશન સાથે જોડાયેલી છે. તેમણે દેશનાં ઘણા રાજ્યોમાં કામ કર્યું છે. મુંબઈથી લઈને મહારાષ્ટ્ર, ગુજરાત, ઉદેપુર, દિલ્હી, ઉત્તર પ્રદેશ, કેરળ, તામિલનાડુ, કર્ણાટક, આસામ, કોલકાતા અને પંજાબ જેવા રાજ્યોના અનેક ભાગોમાં અલગ અલગ જગ્યાએ જઈને બ્રાઇડનો મેકઅપ કર્યો છે. સ્નેહા 'અભિયાન'ને જણાવે છે કે, હવે બ્રાઇડનો મેકઅપ કરવો એક ચેલેન્જ જેવું બની ગયું છે. સોશિયલ મીડિયાના કારણે લોકોમાં ખૂબ જ અવેરનેસ આવી ગઈ છે. ઇન્સ્ટાગ્રામ અને સોશિયલ મીડિયામાં આવેલા નવા ટ્રેન્ડને જોઈને બ્રાઇડ પોતાની જાતને નિહારવાનો પ્રયત્ન કરે છે. ખાસ કરીને આપણે જો મુંબઈની વાત કરીએ તો અહીં દરેક કલ્ચર સાથે જોડાયેલા લોકો વસે છે. તેથી મહારાષ્ટ્રીયનથી લઈને ક્રિશ્ચિયન, મુસ્લિમ અને અન્ય કોઈ પણ સ્ટેટની બ્રાઇડ હોય, તેનો મેકઅપ કરવાનો મોકો મળે છે. ઇન્ડિયન બ્રાઇડની ખૂબસૂરતી તેની આંખો હોય છે. ખાસ કરીને દરેક બ્રાઇડ ચહેરા સાથે પોતાની આંખોને પણ મહત્ત્વ આપે છે. તેથી હું જ્યારે પણ કોઈ બ્રાઇડનો મેકઅપ કરું છું ત્યારે તેની આંખોનો મેકઅપ કરવામાં વધુ સમય આપું છું, જેથી તેની સુંદરતા નિખરી આવે. જોકે, અહીં પણ આંખોનો આકાર એમના કલ્ચર સાથે જોડાયેલો હોય છે. મહારાષ્ટ્રીયન સાડી પૈઠની સાથે પહેરવામાં આવતી જ્વેલરી જોઈને બ્રાઇડની આંખોનો મેકઅપ કરવામાં આવે છે. એ જ રીતે દ.ભારતીય બ્રાઇડને દક્ષિણી સાડી કાંચીપુરમ અથવા હેવી જ્વેલરી સાથે તેની આંખો અને ચહેરાને જોઈને મેકઅપ કરવામાં આવે છે. તો આસામી ટ્રેડિશનની પોતાની આગવી ઓળખ છે અને તેનો અભ્યાસ કરીને બ્રાઇડને સજાવવામાં આવે છે.

તમે ટ્રેડિશન અને કલ્ચરની વાત કરી રહ્યાં છો તો ગુજરાતી બ્રાઇડની શું વિશેષતા હોય છે? સ્નેહાએ જવાબમાં કહ્યું કે, જો આપણે મુંબઈની વાત કરીએ તો મુંબઈમાં લાઇટ અથવા બ્રાઇટ મેકઅપની ડિમાન્ડ વધુ હોય છે, પણ ઇન્સ્ટાગ્રામને ફોલો કરીને નિર્ણય લેવામાં આવે છે. કેટલીક બ્રાઇડ સેલિબ્રિટીથી ઇન્સ્પાયર થઈને મેકઅપ કરાવે છે. જેમ કે આપણે અનુષ્કા શર્મા અને દીપિકા પદુકોણનાં લગ્ન થયાં તો બ્રાઇડલ મેકઅપમાં એ ટ્રેન્ડ એક વર્ષ સુધી ચાલ્યો હતો, પણ તેઓ એટલું ચોક્કસ કહે છે કે અમે જેવા છીએ એવા જ દેખાઈએ. જ્યારે હું બ્રાઇડનો મેકઅપ કરવા અમદાવાદ ગઈ હતી તો ત્યાં રિલિજિયન પ્રમાણે મેકઅપ કરવામાં આવે છે. બ્રાઇડ ઘરચોળું પહેરે છે. તેની સાથે હેવી જ્વેલરી હોય છે. તેથી તેમને થોડા ગ્લેમ લૂકમાં દેખાવવું પસંદ પડે છે. પરિણામે તેમની આંખોનો મેકઅપ થોડો ડાર્ક અને હેવી કરીએ તો તેમને ગમે છે. બ્રાઇડ જેમ ઇચ્છે છે અમે એવો જ મેકઅપ કરીએ છીએ, કારણ કે એ દિવસ તેમના માટે ખાસ હોય છે, તેથી બ્રાઇડ જેમ કહે અથવા તેના સગાં-વહાલાં જેમ કહે અમે એવું જ કરીએ છીએ.

હિન્દુ ધર્મ જુદા જુદા કલ્ચર સાથે જોડાયેલો છે. તો તમે તેનો અભ્યાસ કરીને મેકઅપ કરો છો, પણ જ્યારે મુસ્લિમ અને ક્રિશ્ચિયન બ્રાઇડનો મેકઅપ કરો છો ત્યારે તમે કઈ વાતોનું ધ્યાન રાખો છો? સ્નેહાએ જણાવ્યું કે, હિન્દુ કલ્ચરમાં ક્યારેક લવમેરેજ અથવા ઇન્ટરકાસ્ટ મેરેજ થતાં હોય તો, ઉદાહરણ તરીકે યુવતી સાઉથ ઇન્ડિયન છે અને યુવક નોર્થનો છે, તો એવા સમયે થોડું ધ્યાન રાખવું પડે છે, કારણ કે સાઉથ ઇન્ડિયન યુવતીને ક્યારેય નોર્થ ઇન્ડિયન યુવતી જેવા કપડાં કે જ્વેલરી પહેરવાનો અનુભવ નથી હોતો. એવા સમયે તેને નોર્થ ઇન્ડિયન બ્રાઇડની જેમ તૈયાર કરવી હોય તો તેમના માથામાં માંગ ટીકો હોય છે. જ્વેલરી પણ હેવી હોય છે. કપડાં મોટા ભાગે લાલ રંગના હોય છે. ચણિયાચોળી અથવા સાડીની ડિઝાઇન સાથે તેના ચહેરા અને રંગની પણ સ્ટડી કરવામાં આવે છે. પછી ડિઝાઇન નક્કી કરીને બ્રાઇડને એક સારો લૂક આપવામાં આવે છે. મતલબ એ કઈ ટ્રેડિશનને પ્રમોટ કરી રહી છે, એ હિસાબે તેને સજાવવામાં આવે છે. તેથી જ્યારે મુસ્લિમ બ્રાઇડનો મેકઅપ કરવામાં આવે છે ત્યારે તેમની ટ્રેડિશન, કલ્ચર અને

ઈન્ડિયન બ્રાઈડની ખૂબસૂરતી તેની આંખો હોય છે. ખાસ કરીને દરેક બ્રાઈડ ચહેરા સાથે પોતાની આંખોને પણ મહત્ત્વ આપે છે. જ્યારે પણ કોઈ બ્રાઈડનો મેકઅપ કરું છું ત્યારે તેની આંખોનો મેકઅપ કરવામાં વધુ સમય આપું છું

sakhiyaskinclinic.com

Reshape your body in one day with

US FDA Approved

Vaser Liposuction.

1ST TIME IN GUJARAT

- Belly Fat
- Waist Fat
- Hips Fat
- Double Chin
- Six Pack
- Arm Fat

Sakhiya Skin Clinic®

Skin I Plastic Surgery I Laser I Dermatosurgery I Hair I Anti Aging

Call : 1800 1200 70000

mid30.in

Ahmedabad | Anand | Vadodara | Ankleshwar | Surat | Bardoli | Navsari | Vapi | Valsad | Rajkot | Mumbai | Pune

ચાલ-ઢાલને ધ્યાનમાં રાખીને તેમના ચહેરાનો મેકઅપ અને હેરસ્ટાઇલ કરવામાં આવે છે. મુસ્લિમ બ્રાઇડ માંગ ટીકાની જગ્યાએ વાળમાં પાસા લગાવે છે અને ઝુમ્મર સાથે તે કાન સુધી લટકે છે. તેમના કોસ્ચ્યુમ ચમકદાર હોય છે. તેથી બ્રાઇડને ડાર્ક મેકઅપ કરવામાં આવે છે જેમ કે લિપસ્ટિક ડાર્ક રંગની હોય છે અને આંખોનો મેકઅપ પણ મોટા ભાગે ડાર્ક જ હોય છે, જેથી તેમનો ચહેરો તેમના આઉટફિટ અને જ્વેલરી સાથે વધુ સુંદર દેખાય. જ્યારે અમે ક્રિશ્ચિયન બ્રાઇડની વાત કરીએ તો તેમના આઉટફિટ ખૂબ જ સાદા હોય છે. તેઓ એક સફેદ ગાઉન અથવા સફેદ સાડી પહેરે છે. જ્વેલરી પણ ખૂબ ઓછી અને સાદી હોય છે. તેથી તેમનો મેકઅપ પણ જ્વેલરીના હિસાબે સાધારણ જ કરવામાં આવે છે. અમે તેમની જ્વેલરી જોઈને મેકઅપ કરીએ છીએ. હા, પણ તેમનો મેકઅપ લોન્ગ લાસ્ટિંગ હોય છે, કારણ કે તેમને ચર્ચમાં જવાનું હોય છે અને એ જ દિવસે સાંજે રિસેપ્શન પણ હોય છે. આ બધી વાતોનું ધ્યાન રાખીને ક્રિશ્ચિયન બ્રાઇડનો મેકઅપ કરવામાં આવે છે.

તમારે બ્રાઇડનો બધો અભ્યાસ કરવા માટે કેટલો સમય આપવો પડે છે અથવા ક્યારેક ક્યારેક અચાનક એસાઇનમેન્ટ આવી જાય તો તમે કેવી રીતે મેકઅપ કરો છો? આ પ્રશ્નના જવાબમાં સ્નેહા જણાવે છે કે, કોઈ પણ મેકઅપ આર્ટિસ્ટ માટે બ્રાઇડ સાથે કનેક્શન હોવું ખૂબ જરૂરી છે, કારણ કે મેકઅપ એક ક્રિએટિવ વર્ક છે. તેથી આ કામમાં બ્રાઇડ સાથે સારું બોન્ડિંગ હોવું જરૂરી છે. હું મારા કામમાં તેમના આઉટફિટ જોઉં છું, જેમ કે એમનાં કપડાં હોય કે જ્વેલરી હોય, પણ તેમની સાથે કનેક્ટ થઈને કામ કરીએ છીએ તો વધારે સારું ઇનપુટ આપી શકીએ છીએ. તેમને સમજ્યા વિના જો હું તેમનું કામ કરવા જઉં તો એ માત્ર એક કામ જ લાગશે. તેમાં કોઈ ક્રિએટિવિટી નહીં દેખાય, કારણ કે અમે જ્યારે કોઈ બ્રાઇડને તૈયાર કરીએ છીએ ત્યારે તેની સુંદરતા ઉભારીને તેનો આત્મવિશ્વાસ વધારવાનું કામ કરીએ છીએ. શૃંગાર સજવા-સંવરવા સુધી સીમિત નથી, પણ પોતાનો આત્મવિશ્વાસ વધારવાનો છે કે આજે હું સૌથી સ્પેશિયલ છું. બ્રાઇડના મનમાં આ ભાવ જગાડવાનું કામ મેકઅપ આર્ટિસ્ટ કરે છે. તેથી માત્ર બ્રાઇડ જ નહીં, પણ તેમના પરિવારને પણ સમજવો પડે છે. આ માટે હું મારો વધારેમાં વધારે સમય આપું છું અને અચાનક જો મારી પાસે કામ આવી જાય અથવા બ્રાઇડ કે તેના પરિવાર સાથે મારી વાત ના થઈ હોય તો હું ત્રણ-ચાર કલાક પહેલાં પહોંચીને બ્રાઇડને સમજવામાં મારો સમય વીતાવું છું અને ત્યાર બાદ મારું કામ શરૂ કરું છું.

કોઈ પણ બ્રાઈડ હોય, જો તે ખુલ્લા દિલથી હસશે નહીં તો ગમે તેટલો સરસ મેકઅપ કરીએ, તેમની સુંદરતા નિખરશે નહીં. આત્મવિશ્વાસ સાથે રહો અને હસતા રહો. તો મેકઅપમાં સુંદરતા વધારે ઊભરીને આવશે

તમારી કોઈ કોઈ મનપસંદ બ્રાઇડ જેનો મેકઅપ કરવાનું તમને ગમ્યું હોય અને તમારા કામથી ખુશ થઈને તેઓ કોઈ પ્રતિક્રિયા આપે છે? સ્નેહાએ ખુશ થઈને જવાબ આપ્યો કે, અત્યાર સુધી મારા કરેલા બધા બ્રાઇડલ મેકઅપ મારા માટે સ્પેશિયલ હતા, કારણ કે મને મારા કામથી ઘણી ખુશી મળે છે. આમ તો હું દક્ષિણ ભારતીય પરિવારમાંથી આવું છું જ્યાં હંમેશાંથી શિક્ષણ અને નોકરીને જ મહત્ત્વ આપવામાં આવે છે. મારી જેમ પરિવારમાં કોઈએ મેકઅપ આર્ટિસ્ટ તરીકે કરિયર નથી બનાવ્યું. મેં પણ બીકોમ કર્યા બાદ એકાઉન્ટ અને એચઆર ફિલ્ડમાં કામ કર્યું, પણ મને પહેલેથી જ ડ્રોઇંગ અને ક્રિએટિવ વર્કમાં ઇન્ટરેસ્ટ હતો. તેથી હું નોકરીની સાથે ફ્રી લાન્સ મેકઅપ આર્ટિસ્ટ તરીકે કામ કરતી હતી. મેં મારો પહેલો મેકઅપ મારી કોલેજની ફ્રેન્ડને તેના લગ્નમાં દિલ્હી જઈને કર્યો હતો. ત્યાર બાદ કેટલાક મોડેલના મેકઅપ કર્યા, પણ બ્રાઇડલ મેકઅપ મારી સ્પેશિયાલિટી છે. મારું કામ વખણાતું હતું અને ધીરે ધીરે મને પણ આ કામ ગમવા લાગ્યું. પછી મેકઅપ સાથે જોડાયેલા પ્રોફેશનલ કોર્સ કરીને મેં આ ફિલ્ડમાં મારું પ્રોફેશન બનાવ્યું, કારણ કે બ્રાઇડ અથવા તેના પરિવારજનોએ કરેલી પ્રશંસા અમને ખુશી આપે છે. જે દિવસે મારા કામની પ્રશંસા થાય છે એ દિવસ મારા માટે સ્પેશિયલ હોય છે. હું ખૂબ ખુશ રહું છું.

તમે બ્રાઇડને કોઈ ટિપ્સ આપવા માગશો અને હાલમાં કોરોના કહેર વર્તાવી રહ્યો છે તો એવા સમયે પણ મેકઅપને મહત્ત્વ આપવામાં આવે છે ખરું? હું એટલું ચોક્કસ કહીશ કે કોઈ પણ બ્રાઇડ હોય, જો તે ખુલ્લા દિલથી હસશે નહીં તો અમે ગમે તેટલો સરસ મેકઅપ કરીએ, તેમની સુંદરતા નિખરશે નહીં. સાથે જ લગ્નના છ મહિના પહેલાં પ્રોટીનયુક્ત આહાર લેવો જોઈએ. આત્મવિશ્વાસ સાથે રહો અને હસતા રહો. તો મેકઅપમાં સુંદરતા વધારે ઊભરીને આવશે. હવે વાત કરીએ કોરોનાની તો હા, એ વાત સાચી કે કોરોનાએ કહેર વર્તાવ્યો છે, પરિણામે કામ ઠંડું ચાલી રહ્યું છે, પણ આ સમયગાળામાં પણ જેટલાં લગ્નો થયાં એ બધામાં બ્રાઇડને સજવા-સંવરવાનું હંમેશાંથી ગમ્યું જ છે, કારણ કે શૃંગાર પણ આપણા જીવનમાં એક ઉત્સવ જેવું કામ કરે છે. આપણો આત્મવિશ્વાસ અને ઉત્સાહ બંને વધારે છે. ■

ગુજરાતી કવિતામાં શૃંગાર

ગુજરાતી કવિતામાં શૃંગારનાં અનેક શિખરો સર થયાં છે. અનેક કવિઓનું એમાં મહત્ત્વપૂર્ણ યોગદાન છે. ઘણી બધી કવિતાઓમાં આવેગપૂર્ણ અને ઇન્દ્રિયગ્રાહ્ય અદ્‌ભુત વર્ણનો એક ગરિમા સાથે અને કવિતામાં કવિતાની શરતે 'ને રીતે આવ્યાં છે.

'નાટ્યશાસ્ત્ર'માં ભરત મુનિએ આઠ પ્રકારના રસો ગણાવ્યા છે. શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્‌ભુત. શાંત રસનો સ્વીકાર પછીથી થયો, એ જુદી વાત. આ બધા રસોમાં શૃંગારને પ્રથમ સ્થાન અપાયું તે જ એનું મહત્ત્વ બતાવે છે. આપણે એ પણ જાણીએ છીએ કે નાટક એ સર્વ કળાઓનું સંગમતીર્થ છે. કોઇ કળા એવી નથી, જેનો નાટકમાં વિનિયોગ ન થઈ શકે. સાહિત્ય અને અન્ય કળાઓમાં પણ 'શૃંગાર' પ્રધાન સ્થાન ભોગવે છે. એટલા માટે તો એને રસરાજ, રસોનો રાજા કહેવામાં આવ્યો છે. ભગવાન વિષ્ણુ જેના અધિષ્ઠાતા છે એટલે એમની જેમ જ, ઉજ્જવળવેશી એવા આ રસના આલંબનવિભાવ છે નાયક અને નાયિકા. ચંદ્ર, ચંદન, નદી-સરોવર, બાગબગીચા, પ્રકૃતિનાં વિવિધ રૂપો વગેરે ઉદ્દીપન વિભાવ છે. મદ, શ્રમ વગેરે એના વ્યભિચારી ભાવ છે. શૃંગારરસ અત્યંત સુકુમાર હોવાથી પ્રત્યેક બાબતમાં ઔચિત્યનો મહિમા કરે છે. સ્હેજ પણ રુચિભંગ થતાં જ તે ખંડિત થાય છે અને બીભત્સમાં પરિણમે છે. આપણે ત્યાં સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ અને પૂરી ગુજરાતી ઉપરાંત બધી જ ભારતીય ભાષાઓમાં શૃંગાર એ સર્વવ્યાપ્ત રસ છે.

હર્ષદ **ત્રિવેદી**

મહાકવિ કાલિદાસે 'કુમારસંભવ'માં મદનદહનના પ્રસંગ પહેલાં પાર્વતીનું વર્ણનચિત્ર આ પ્રમાણે આંક્યું છે : 'જાણે કે સહેજ નમેલી, પ્રાતઃકાળના સૂર્યના (રક્તિમ) રંગનું વસ્ત્ર ધારણ કરતી, ભરપૂર પુષ્પોનાં ગુચ્છોથી નમેલી અને પલ્લવયુક્ત સંચારિણી લતા જેવી પાર્વતી ત્યાં દેખાઈ.' (શ્લોક : ૫૪)એ પછી, સંસ્કૃતના મોટા ભાગના કવિઓએ, ખાસ કરીને કવિ જયદેવે 'ગીતગોવિંદ'માં મનહર અને મનભર રીતે શૃંગાર ગાયો. આમ તો સંસ્કૃતની ઝાંયમાં જ પણ, પ્રાકૃતમાં કેટલુંક આગવી રીતે પણ આવ્યું છે. આપણે હરિવલ્લભ ભાયાણીએ કરેલા અમુક રચનાઓના અનુવાદ જોઈએ. બહુ માર્મિક છે આ વારસો. પ્રેમમાં પ્રથમ નજરે જ નાયક નાયિકા કેવી રીતે લૂંટાય છે તેની વાત -

'એને

CHRIST HOSPITAL
ISO 9001:2015
the joy of well being

ક્રાઈસ્ટ મલ્ટી સુપરસ્પેશ્યાલિટી હોસ્પિટલ

- ડિપાર્ટમેન્ટ ઓફ ઈમરજન્સી અને ટ્રોમાકેર
- ડિપાર્ટમેન્ટ ઓફ મેડિસિન એન્ડ ક્રિટિકલ કેર
- ડિપાર્ટમેન્ટ ઓફ કાર્ડયોલોજી
- ડિપાર્ટમેન્ટ ઓફ કાર્ડયોથોરાસિક સર્જરી
- ડિપાર્ટમેન્ટ ઓફ જનરલ સર્જરી
- ડિપાર્ટમેન્ટ ઓફ લેપ્રોસ્કોપી સર્જરી
- સ્ત્રીરોગની સંપૂર્ણ નિદાન તથા સારવાર
- ડિપાર્ટમેન્ટ ઓફ ઓફથેલમોલોજી (આંખના રોગની સંપૂર્ણ સારવાર)
- ડિપાર્ટમેન્ટ ઓફ ન્યૂરોલોજી એન્ડ ન્યૂરોસર્જરી
- ડિપાર્ટમેન્ટ ઓફ ડાયાબિટોલોજી એન્ડ એન્ડોક્રાઈનોલોજી
- ડિપાર્ટમેન્ટ ઓફ સ્પાઈન સર્જરી
- ડિપાર્ટમેન્ટ ઓફ ઓથોપેડીક એન્ડ જોઈન્ટરિપ્લેસમેન્ટ
- ડિપાર્ટમેન્ટ ઓફ ડર્મેટોલોજી
- ડિપાર્ટમેન્ટ ઓફ રેડિયોલોજી
- ડિપાર્ટમેન્ટ ઓફ પિડીયાટ્રીકસ & નિયોનેટલ ICU બાળકો માટેનું અલગ આઈસીયુ
- ડિપાર્ટમેન્ટ ઓફ યુરોલોજી
- ડીપાર્ટમેન્ટ ઓફ નેફરોલોજી એન્ડ ડાયાલીસીસ
- ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિયોથેરાપી
- ડિપાર્ટમેન્ટ ઓફ ડેન્ટલ -સાઈન્સ (દાંતના રોગનો ડિપાર્ટમેન્ટ)

છેલ્લા દસ વર્ષ થી સૌરાષ્ટ્ર - કચ્છના લોકો માટે સારવાર તથા મેડિકલ ઈમરજન્સી માટે સૌથી શ્રેષ્ઠ એટલે ક્રાઈસ્ટ મલ્ટી સુપરસ્પેશ્યાલિટી હોસ્પિટલ

ક્રાઈસ્ટ હોસ્પિટલ : રાજકોટ, જામનગર રોડ, માધાપર

christhospitalrajkot@gmail.com

CHRIST HOSPITAL
ISO 9001:2015
the joy of well being

ક્રાઈસ્ટ મલ્ટી સુપરસ્પેશ્યાલિટી હોસ્પિટલ CARES

સુવીધાઓ

01 અનુભવી, કુશળ અને ઉત્સાહી ડોકટરોની ટિમ, નર્સિંગ સ્ટાફની ટીમ અને પેરા મેડિકલ સ્ટાફની ટીમ

સુવીધાઓ

02 આધુનિક ઓકિસજન પ્લાન્ટની સુવિધા

સુવીધાઓ

03 આધુનિક લેબોરેટરીની સુવિધા

સુવીધાઓ

04 આધુનિક સીટી સ્કેનની સુવિધા

સુવીધાઓ

05 અત્યાધુનિક મોડયુલર ઓપરેશન થિયેટર

સુવીધાઓ

06 અત્યાધુનિક સાધનો, અનુભવી સ્ટાફથી સુસજજ મેડીકલ આઇસીયુ (ICU)

સુવીધાઓ

07 અત્યાધુનિક સાધનો, અનુભવી સ્ટાફથી સુસજજ બાળકો માટેનું વિશેષ આઇસીયુ (NICU)

સુવીધાઓ

08 અત્યાધુનિક સાધનો, અનુભવી સ્ટાફથી સુસજજ હૃદયરોગ દર્દી માટેનું વિશેષ આઇસીયુ (CardiacICU)

સુવીધાઓ

09 તમામ દવા હોસ્પિટલથી મળી રહે એટલે ૨૪×૭ ફાર્મસી સ્ટોરની સુવિધા

સુવીધાઓ

10 સાત્વિક ભોજન અને નાસ્તા માટે કેન્ટીનની સુવિધા

PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
(ENTRY LEVEL)
PRE ACCREDITED

24×7 Emergency Services

૨૪×૭ કોઇ પણ મેડિકલ ઇમરજન્સીને સારવાર આપવા માટે અત્યાધુનિક સાધનો અને ખુબજ અનુભવી ડોકટર અને સ્ટાફથી સુસજજ ઇમરજન્સી ડિપાર્ટમેન્ટ

8000 936558, 8000 003336/37

જોનારા ને ન જોનારા બંને
લૂંટાયા-
પેલાએ ખોયું હૃદય, બીજાઓએ
નેત્રફળ!'

●●●

'એને જોઉં છું ત્યારે
મને ઇન્દ્ર ન હોવાનું દુ:ખ.
અને ચૂમું છું ત્યારે
મને શેષનાગ ન હોવાનું દુ:ખ.
એને આલિંગુ છું ત્યારે
મને કાર્તવીર્ય ન હોવાનું દુ:ખ!'

●●●

વિરહિણીના મનની સ્થિતિ અત્યંત નાજુક અને નાટ્યાત્મક રીતે નિરૂપવામાં આવી છે. એ વાદળોને કહે છે કે અહીં નિરર્થક ન વરસો. કેમ કે અહીં આ તન્વી નારીનાં આંસુ ન પડ્યાં હોય એવી કોઈ જગ્યા નથી!

'મેઘવૃન્દ! વિરમો-
વરસો કાં અહીંયાં તમે નિરર્થક?
ગમતી કો બીજી દિશે સંચારો :
અહીં તો ના બચ્યું એવું વનસ્થળ
ના કોઈ કેડી, કોઈ શિલાતળ
જે તરબોળ ન, જ્યાં વરસ્યાં નવ
આ તન્વીનાં નયનજળ!'

નરસિંહ મહેતાને ઘણા લોકો માત્ર કૃષ્ણભક્ત તરીકે જ ઓળખે છે. પણ યાદ રહે કે એમણે કૃષ્ણને પૂર્ણરૂપે ઉપાસ્યા છે એટલે શૃંગાર અને રતિરમણા પણ મુક્ત રીતે ગાય છે. નરસિંહની કવિતા સ્વયંસ્પષ્ટ હોવાથી વિશેષ આસ્વાદની જરૂર નથી.

'કુચ-ફળ થાપણ તોરી, તે કેને આપી ન જાયે, હો વહાલા!
એક વારકા મોરે ઘર આવો, તો રસિયા કરી જાણું;
જાતું યૌવન જાવા દીજે, તો કોણ પુરુષને માણું, રે વહાલા?



નરસિંહ મહેતાને ઘણા લોકો માત્ર કૃષ્ણભક્ત તરીકે જ ઓળખે છે. પણ યાદ રહે કે એમણે કૃષ્ણને પૂર્ણરૂપે ઉપાસ્યા છે એટલે શૃંગાર અને રતિરમણા પણ મુક્ત રીતે ગાય છે

ભૂતલ રસિયા વિવિધ પેર જોયા, પણ તું સરખો નવ દીઠો;
નરસૈંયાચા સ્વામી! કહું તમને, અમૃત-પે લાગ્યો મીઠો, રે વહાલા!'

બીજા એક પદમાં, ગોપી કહે છે કે કૃષ્ણની સાથે આજની રાત બરાબર ભોગવી છે, પણ એને સંતોષ નથી. પછી, તો ખુલ્લું વર્ણન પણ કરે છે. અંતે જતાં ગોપી કહે છે કે આ સુખ કેવું છે? એ તો જાણે ચકલીએ સમુદ્રમાં ચાંચ બોળી એટલું જ! આખું પદ જ જોઈએ :

'આજ રજની ભલી ભાત-શું ભોગવી, શ્યામ સેજે રમ્યો મંન મેહેલી;
ભોગવી ભાત-શું, કેળવી ખાંત-શું, શું કરશે અહીં શોક્ય પેલી?
ચીર કટિથી ખસે, નાથ જોઈ હસે, કંઠ બાંહે ગ્રસે લાજ છાંડી;
ઉર ઉપર ભુજ ધર્યો, નાથ સુરતે ભર્યો, અધર ખંડિત કર્યો કેલ માંડી.
એહ રે સુખ, સખી! જાય નવ મુખ કથી, સિંધુમાં ચરકલે ચાંચ બોળી;
નરસૈંયા સ્વામી-શું માંડી સંગત ઘણી, પ્રેમલીલા નહીં જાય તોળી!'

મધ્યકાલીન ગુજરાતી કવિતામાં અનેક કવિઓએ મુક્તપણે સંયોગ અને વિપ્રલંભ શૃંગાર ગાયો છે. એ સમયે આપણે ત્યાં આજે છે એવા શ્લીલ-અશ્લીલના ખ્યાલ નહોતા. સમાજ પણ મુક્ત રીતે આ બધું જોતો, માણતો અને વ્યક્ત પણ થતો. દયારામની ગરબીઓ જાણીતી છે. એકાદ-બે ઉદાહરણ જોઈએ :

'હું શું જાણું જે વ્હાલે મુજમાં શું દીઠું?
વારે વારે સામું ભાળે, મુખ લાગે મીઠું,
જ્યાં જ્યાં જાતી જાણે ત્યાં ત્યાં આડો ઢૂકે.
બહેની! દયાનો પ્રીતમ મારી કેડે નવ મૂકે.'

કોઈ ગોપી અને કૃષ્ણ વચ્ચેનો સંવાદ બહુ સરસ છે. ગોપી કૃષ્ણને પોતાનો ઘડો ચડાવવાનું કહે છે. નટખટ કૃષ્ણ શરત મૂકે છે : 'હું તુંને ઘડૂલો ચડાવું રે લોલ, થાય મારા ઘર કેરી નાર!' ગોપી પણ કંઈ કાચી માટીની નથી એ કહે છે : 'તુજ સરખા ગોવાળિયા રે લોલ, તે તો મારા બાપના ગુલામ!' એ પછી ગોપી કૃષ્ણને કહે છે - તું કંઈક ડાહ્યો થા! તારાં આવાં લક્ષણો જોઈને કોણ તને પોતાની પુત્રી પરણાવશે? ત્યારે કૃષ્ણ નિર્લજ થઈને કહે છે :

'તારું અધારામૃત પા,
તો મારું મન માને શ્યામા, એક વાર કહે હા!'

કૃષ્ણની આતુરતા જોઈ ગોપી પણ કૃષ્ણસ્પર્શનું સુખ પામવા અધીરી બને છે, પણ હવે એ પહેલાં સમી ભોળી ન રહેતાં, ચતુરાઈ પ્રગટ કરે છે :

'મુજને અડશો મા! આઘા રહો અલબેલા છેલા અડશો મા!
અંક ભર્યાના સમ ખાઓ તો અધર તણો રસ પાઉં,
કહાન કુંવર! કાળા છો, અડતાં હું કાળી થઈ જાઉં!'

આ સાંભળીને કૃષ્ણ જે દલીલ કરે છે તે અકાટ્ય અને અદ્‌ભુત છે. એમાં રસિકતા અને શૃંગારિતાની પરાકાષ્ઠા પણ છે :

'તું મુજને અડતાં શ્યામ થઈશ તો હું ક્યમ નહીં થાઉં ગોરો?
ફરી મળતાં રંગ અદલાબદલી, મુજ મોરો તુજ તોરો!'

આ રીતે એક વાર નહીં, પણ બબ્બે વારના ચુંબનની માગણી કરે છે! પછી તો આ સંવાદ વધુ ને વધુ રસિક રીતે આગળ વધે છે... એનું પરિણામ શું આવે છે?

'એક સજ્જામાં બેઉ જણાં, રંગભૂમિ રાજિયાં મારા રાજ!
કરવા માંડ્યા છે શણગાર, પરસ્પર પેં નવા મારા રાજ!
હોજી રે રાધા થયાં નંદલાલ, મોહનજી રાધા થયાં મારા રાજ!
સાડી ચોળી પહેરી શામળે, તે મન લોભીઓ મારા રાજ!
હોજી રે! પહેર્યું પીતાંબર પાગ, શ્યામા શિર પેચ શોભિયો મારા રાજ!

ન્હાનાલાલના જાણીતા કાવ્ય 'રસજ્યોત'માં શૃંગાર ઉપરાંત આધ્યાત્મિક ઊંચાઈ પણ દેખાઈ આવે છે. બે શરીરનું મિલન નથી, પણ

શું આપ ગોઠણનું રીપ્લેસમેન્ટ કરાવવા જઇ રહ્યા છો?

આપણાં શરીરમાં કુલ ૧૪૦ નાના-મોટા સાંધાઓ છે. આ બધામાંથી ગોઠણનો સાંધો સહુથી મોટો સાંધો છે. જો આપ ૫૦ વર્ષ અથવા એથી વધુ ઉંમરના હોવ, અને આપને ગોઠણનો સાંધો દુખતો હોય, તો આપને ગોઠણના સાંધાનો ઘસારો હોય શકે છે. આ પ્રકારના ઘસારાને ઓસ્ટીયો આર્થ્રાઇટીસ OA કહેવામાં આવે છે. આજે સમગ્ર વિશ્વમાં ૬૦ થી વધુ વર્ષની ઉંમર ધરાવતા દર ૪ માંથી ૧ વ્યકિતને આ પ્રકારનો ગોઠણાનો ઘસારો હોય છે. ગોઠણના ઘસારા નું શકય તેટલુ વહેલુ નિદાન અને ત્વરીત સારવાર એટલા માટે અગત્યની છે કારણ કે આ એક એવી પ્રકારની તકલીફ છે જેને એક દિશા છે અને તે આગળ વધવાની છે. વધી ગયેલા આર્થ્રાઇટીસથી પરવશતા અને પરાધીનતા આવી શકે છે, અને તેની સાથે સંકળાયેલ તકલીફો જેવી કે ડીપ્રેશન, ચીડીયાપણું પણ થઇ શકે છે. આ ઉપરાંત આર્થિક દ્રષ્ટિએ પણ વધતા તબક્કે ખર્ચ પણ વધે છે.

આપણા દેશમાં આર્થાઇટીસ અને તેને સંલગ્ન તકલીફો ઘણીજ જોવા મળે છે. તેના મુખ્ય કારણોઃ પ્રમાણમાં ઓલટરનેટીવ ટ્રીટમેન્ટની ઉપલબ્ધી, આર્થિક કારણા, સામાજીક કારણો, સારવાર કરાવવના ડર, છે તેના થી બગાળી જશે તવી ચીંતા અને ભય, રોગ માટે ની અપૂરતી સમજણ અને જાણકારી, સ્પેશ્યાલીસ્ટ ડોકટર, ડેડીકેટેડ હોસ્પિટલ અને સપોર્ટ સીસ્ટમ નો અભાવ માની શકાય. આજના સમય માં આર્થાઇટીસ નું સચોટ નિદાન અને યોગ્ય સારવાર ખુબજ સરળ થઇ ગયા છે, અને તેનું અંત પરિણામ (એન્ડ રીઝલ્ટ) પણ ઘણુંજ સુંદર થઇ ગયું છે. આવો આપણે આ તકલીફ ના થોડા સામાન્ય; પણ મુંજવતા મુદ્દાઓની ચર્ચા કરીએ.

પ્ર. ૧) શું OA આગળ વધે છે?

જ.૧) હા એક વખત ઘસારાની અસર લાગુ પડે પછી તેને એક જ દિશા છે. અને તે આગળ વધવાની. જો કે આગળ વધવાની ગતી પર કાબુ રાખી શકાય છે. જયારે ઘસારો ઘણો વધી જાય ત્યારે સાંધામાં અસહ્ય દુખાવો થાય છે, પગનો આકાર બદલાઇ જાય છે. સાંધાને સીધો કરવો-વાળવો મુશ્કેલ બની જાય છે, સાંધા માંથી અવાજ આવવા લાગે છે અને રોજ-બરોજ ની ક્રિયાઓમાં બાધા આવવા માંડે છે.

પ્ર. ૨) OA ચીન્હો શું છે?

જ. ૨) ગોઠણ દુખવો તે સહુથી વધારે જોવા મળતું ચિન્હ છે. આ ઉપરાંત ગોઠણ ફરતે સોજા રહેવા, ગોઠણ માં થી અવાજ આવવો, પગનો આકાર બદલાવવો, ગોઠણમાં અસ્થિરતા, ગોઠણની જકડાશ, જેવા ચિન્હો જોવા મળતા હોય છે. આથી, રોજ-બરોજની ક્રિયાઓ જેવી કે ચાલવું-ઉભા રહેવું, દાદરા ચડ-ઉતર કરવા, ગાડીમાં બેસવું-બહાર નીકળવું, સોફામાં બેસવું-ઉઠવું, પલંગમાં પણ ગોઠણ સીધો કરવો-વાળવો, ઉબળ-ખાબળ જમીન પર ચાલવું, લાંબા સમય સુધી બેઠા પછી ઉભા થવું વિગેરે માં પણ ખુબજ મુશ્કેલી પડવા લાગે છે.

પ્ર.૩ OA નિદાન કઇ રીતે થાય છે?

જ.૩) સામાન્ય પ્રમાણે OA નું નિદાન આપના ડોકટર આપની તકલીફો અને તેમની તપાસને આધારે સચોટ પુર્વક કરી શકે છે. અમુક પરિસ્થિતીમાં એકસ-રે પણ કરાવવાના હોય છે. જવ્વલે સીટી સ્કેન અથવા એમ.આર.આઇ. જેવી તપાસ કરાવવાની થતી હોય છે.

પ્ર.૪ OA ની સારવાર કેવી થાય છે?

જ.૪) OA ની સારવાર ચાર સ્ટેપમાં થાય છે. (૧) કાળજી (૨) કસરત (૩) દવાઓ (૪) ઓપરેશન.

પ્ર.૫) શું ખોરાક અને શરીરના વજનને OA સાથે નિસ્બત છે?

જ.૫) જી હા, બેલેન્સડ ડાયટ લેવાથી શરીરને ઘણોજ ફાયદો થાય છે. જો આપ થોડું પણ વજન ઓછું કરો, તો સાંધાને તેટલો ઓછો લોડ ઉપાડવો પડે. કેલ્શીયમયુકત ખોરાક લેવાથી હાડકાની મજબુતી ટકી રહે છે અને લીલા શાકભાજી અને વિટામીનયુકત ખોરાક લેવાથી સ્નાયુઓની ફ્લેકસીબીલીટી અને મજબુતી રહે છે. આપ આ માટે ડાયેટીશ્યિન અને ન્યુટ્રીશનીસ્ટને મળી શકો છો.

પ્ર.૬ OA ની અંતીમ અથવા કાયમી સારવાર કઇ?

જ.૬) એન્ડ-સ્ટેડ OA માટે ઓપરેશન ટોટલ-જોઇન્ટ રીપ્લેસમેન્ટ એક માત્ર ઉપાય છે. જો કે ઓપરેશન છેલ્લો ઉપાય છે. અને અમારો હંમેશા પ્રયત્ન હોય કે આપને ઓપરેશન સિવાયના વિકલ્પોથી સારુ થઇ

ડો. કેતન શાહ

જાય.

પ્ર.૭) શું ટોટલ-ની-રીપ્લેસમેન્ટ (TKR) સફળ થાય છે?

જ.૭) TKR અત્યારનું સહુથી સફળ અને પરિણામલક્ષી સર્જરી ગણાય છે. સરેરાશ તેની સફળતા ૯૮% થી વધુ મનાય છે.

પ્ર.૮) શું TKR ના સાંધા ફકત ૧૦ વર્ષ જ ચાલે છે?

જ.૮) ઇમ્પોર્ટ સાંધાઓ અને એડવાન્સ પોલીઇથીલીન ના ઉપયોગથી હવે સાંધાનું આયુષ્ય આશરે ૨૫ વર્ષથી વધુ મનાય છે. પ્રભુકૃપા હોસ્પિટલ ખાતે અમે ફકત ઇમ્પોર્ટેડ સાંધાઓ અને એડવાન્સ પોલીઇથીલીન નો જ ઉપયોગ કરીએ છીએ.

પ્ર.૯) શુ આ પ્રકારના ઓપરેશન ફકત અમદાવાદ, મુંબઇ ખાતે જ થાય?

જ.૯) આ ઓપરેશનનું પરિણામ ટેકનોલોજી અને સાધન ઉપર આધાર રાખે છે. અમારું માનવું છે કે મોટુ સેન્ટર... મોટા પ્રોબ્લેમ. પ્રભુકૃપા હોસ્પિટલ આ ઓપરેશન માટે અધતન ટેકનોલોજી અને અલ્ટ્રામોર્ડન સાધનોથી સુસજજ છે અને તેથી જ આપણા સૌરાષ્ટ્રના દર્દીઓએ અમદાવાદ, બરોડા, મુંબઇ જેવા મહાનગરોમાં જવાની કોઇ જ જરૂર નથી.

પ્ર.૧૦) શું TKR પછી પલોંઠી વાળીને બેસી શકાતું નથી?

જ.૧૦) ઇમ્પોર્ટેડ હાઇફેકલ્સ સાંધાઓ અને એડવાન્સ પોલીઇથીલીનથી ઓપરેશન પછી પલોંઠી વાળી શકાય છે. જો ક જરૂર ના હોય તો આવી પ્રવૃતીઓ ના કરવી તેવી અમારી સલાહ છે.

પ્ર.૧૧) શું TKR પછી લાંબો સમય સુધી આરામ કરવો પડે?

જ.૧૧) અધતન ટેકનીક અને ટેકનોલોજીના સમન્વયથી હવે રીકવરી ઘણીજ ઝડપી અને આરામદાયક હોય છે. પ્રભુકૃપા હોસ્પિટલ ખાતે અમે પ્રભુકૃપા પેઇન મેનેજમેન્ટ સીસ્ટમ અને ફાસ્ટ-ટ્રેક-ઝીરો ટેકનીક પધ્ધતીથી TKR કરીએ છીએ, જેથી દર્દી ઓપરેશનના દિવસથી ચાલી શકે છે અને ઓપરેશન પછી ખુબજ ઓછા સમયમાં તેમની રોજીંદી કાર્યવાહી પણ કરી શકે છે.

પ્ર.૧૨) શું TKR નાની ઉંમરે/મોટી ઉંમરે થાય?

જ.૧૨) TKR ને ઉંમર સાથે કોઇજ નીસ્બત નથી. ઓપરેશનના ચાર મુખ્ય કારણો જેવા કે દુઃખાવો, અસ્થિરતા, ડીફોરમીટી, જકડાશ માંથી કોઇપણ એક કે તેથી વધુ હોય અને તે રોજ-બરોજની જીંદગીમાં બાધારૂપી હોય તો વ્યકિતને ઓપરેશનથી ઘણોજ ફાયદો થાય છે.

પ્ર.૧૩) શું TKR ડાયાબીટીસ, હાઇ બી.પી. વાળા દર્દીઓમાં થાય?

જ.૧૩) ડાયાબીટીસ, હાઇ બી.પી. જેવી સંલગ્ન બીમારીઓ ને પહેલા સંપુર્ણ કાબુમાં લઇને અમે ઓપરેશનની સલાહ આપતા હોઇએ છીએ. ડાયાબીટીસ (ખાસ કરીને જેને કંટ્રોલમાં ના રહેતો હોય) તેવા દર્દીઓને ઓપરેશન પછી ઇન્ફેકશન થવાની સામાન્ય દર્દીઓ કરતા વધારે શકયતા રહે છે.

પ્ર.૧૪) શું TKR પછી ખુબજ કસરત કરવી પડે?

જ.૧૪) ઝીરો ટેકનીકથી થતા ઓપરેશન પછી ખુબજ સરળ અને સહેલી કસરત કરવાની રહે છે. ખાસ તો ફકત સ્નાયુઓ મજબુત કરવાની કરસત આવશ્યક હોય છે. અતીશય દુખાવો થાય તેવી કસરતની અથવા ખુબજ લાંબા સમય માટે કરવાની કસરતની હવે રૂટીન કેઇસમાં જરૂર પડતી નથી હોતી.

પ્ર.૧૫) શું TKR ગમે ત્યા, ગમે તેની પાસે થઇ શકે?

જ.૧૫) આ એક સ્પેશ્યલ સર્જરી છે અને તેથી જ ઉમદા પરિણામ માટે તે એક સ્પેશ્યલ સેટઅપ અને ઇન્ફાસ્ટ્રકચર વાળી હોસ્પિટલ અને એક સુપર-સ્પેશ્યાલીસ્ટ આર્થોપ્લાસ્ટી સર્જન પાસે કરાવવું હિતાવહ છે. પ્રભુકૃપા હોસ્પિટલ તે સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છની એક માત્ર એવી હોસ્પિટલ છે જયાં ફકત જોઇન્ટ રીપ્લેઇસમેન્ટ સર્જરી ઓ જ કરવામાં આવે છે. અહીં અમે રૂટીન ઓર્થોપેડીક, ફેકચર, સ્પોન્ડીલાઇટીસ, સ્નાયુના દુખાવા, કમરના દુખાવા, સાયાટીકા, સ્પોર્ટસ ઇન્જરી, જન્મજાત ખોડખાપણ, ફેટકટીર માં થતી ઇજાઓ વિગેરેની સારવાર કરતા નથી. એકસકુઝીવનેસ અને ડેડીકેશન ને લીધે અમારા રીઝલ્ટ કોઇ પણ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ હોસ્પિટલને સમકક્ષ છે.

વધુ માહિતી :- ડો. કેતન શાહ, એમ.એસ. ડી.એન.બી. (ઓર્થો), જોઇન્ટ રીપ્લેઇસમેન્ટ સર્જન, **પ્રભુકૃપા હોસ્પિટલ,** કસ્તુરબા રોડ, જયુબેલી ગાર્ડન પાસે, રાજકોટ. **ફોન : ૦૨૮૧-૨૨૨૬૬૭૪ મોબાઇલ નં. ૯૮૯૮૭૭૮૫૪૧ પર સંપર્ક કરવો.**

એક આત્માની બીજા આત્મા સાથેની આ ઓળખ છે! કવિ કહે છે :

'એક જ્વાલા જલે તુજ નૈનનમાં,
રસજ્યોત નિહાળી નમું, નમું હું નમું.
એક વીજ જલે નભમંડળમાં,
રસજ્યોત નિહાળી નમું, નમું હું નમું.
મધરાતના પહોર અઘોર હતા,
અંધકારના દોર જ ઓર હતા;
તુજ નેનમાં મોર ચકોર હતા,
રસજ્યોત નિહાળી નમું, નમું હું નમું.'

અંતે લખે છે :

'દ્રગ્બાણથી પ્રારબ્ધલેખ લખ્યા,
કંઈ પ્રેમીએ પ્રેમપથી પારખ્યા;
અને આત્માએ આત્મનને ઓળખ્યો,
રસજ્યોત નિહાળી નમું, નમું હું નમું.'

કવિ કલાપીનો તો અવતાર જ પ્રેમીનો હતો. એમની ઇચ્છા, પ્રવૃત્તિ, પીડા અને પરિણમન બધું જ ઈશ્કે મિજાજી અને ઈશ્કે હકીકીમાં શરૂ થતું 'ને પૂરું થતું. કદાચ એટલે જ એમની પાસેથી ભવ્યોદાત્ત કલ્પનો અને કવિતા પ્રાપ્ત થયાં. એક ગઝલમાં તેઓ કહે છે :

'સનમના ગાલની લાલી હતું ટીપું શરાબોનું!
હમારા ઓઠનું પ્યાલું સદા એ ચૂમતું ચાલ્યું!
ગુલો કાંટા વિનાનાં ને સનમની હાંફતી છાતી,
હમારી બાદશાહીમાં હમારી એ હતી ગાદી!

'પૂર્વાલાપ'ના કવિ 'કાન્ત' સંગીતના પણ અચ્છા જાણકાર હતા. એમનું કાવ્ય 'કાન્તને સંબોધન' વિલક્ષણ છે. અમર ભટ્ટ જેવા સંગીતકાર પોતાના મનમાં કિશોર કુમારને પ્રવેશવા દે અને સ્વરનિયોજન કરે તો ગુજરાતી કવિતાનું આ ઘરેણું સુગમ સંગીતનું પણ સીમાચિહ્ન બની રહે એવું છે.

ન્હાનાલાલના જાણીતા કાવ્ય 'રસજ્યોત'માં શૃંગાર ઉપરાંત આધ્યાત્મિક ઊંચાઈ પણ દેખાઈ આવે છે. બે શરીરનું મિલન નથી, પણ એક આત્માની બીજા આત્મા સાથેની આ ઓળખ છે!

'શાં વ્હાલાં લાગે વેણ તમારાં કોડીલા કુંવરજી!
ઉછાળા મારે શૂર, તનમાં ઘસે પૂર;
નૈનમાં હશે નૂર, ચિંતાઓ કરે ચૂર!
ઓ મારા પ્યારા! મારા પ્યારા! મારા પ્યારા!
રેલાવો રતિધારા! ખેલાવો ખેલ સારા!
કોડીલા કુંવરજી!
અયિ સુવીર! હૃદય કીર! નિકટ નીર! સુખદ તીર!
ઘર ન ઘીર કાં? ઘર ન ઘીર કાં? ઘર ન ઘીર કાં?
અંતરમાંના ઉમળકા શા ખોલું? જાણો છો મરજી!
જાણો છો જી મરજી!'

બલવંતરાય ઠાકોરની ખડકાળ બાની જાણીતી છે, પરંતુ એમણે ય ઘણે ઠેકાણે પ્રણયકલહને આલેખ્યો છે. 'પ્રેમની ઉષા' સોનેટની માત્ર બે પંક્તિ જ જોઈએ :

'દહાડે યે શું?' ઉચરી પણ મંડ્યા દૃગો નૃત્ય કરવા,
'એ તો આવ્યો કુજન કુમળું આ મીઠું શ્રોત ભરવા.'

'તે રમ્ય રાત્રે'માં કવિ સુન્દરમ્ કહે છે :

'ક્યાં સ્પર્શવી?
ક્યાં ચૂમવી? નિર્ણય ના થઈ શક્યો.
ને આવડી ઉત્તમ કામ્ય કાયા આલિંગવાને સરજાઈ, માની
શક્યું ન હૈયું. જડ થીજી એ ગયું
એ હૈમ સૌન્દર્યતણા પ્રવાહમાં!'

ઉમાશંકર-સુન્દરમ્ પછીની અને રાજેન્દ્ર શાહ-નિરંજન ભગત પહેલાંની પેઢીના કવિ 'મીનપિયાસી' તો સીધું જ પૂછે છે :

'ક્યમ ના ચૂમું?.... ક્યમ ના ચૂમું?
જો ના ચૂમું...તો તો પછી
લાવણ્ય ઝરતા આ પ્રિયે! સૌન્દર્યનું સાર્થક્ય શું?
નારીત્વ ને પુરુષની પ્રીતિ તણું માધુર્ય શું?'

રાજેન્દ્ર શાહનું ગીત 'ઇંધણાં વીણવા ગૈતી' પણ આછેરી રીતે સંયોગ શૃંગાર પ્રગટ કરે છે :

'ઇંધણાં વીણવા ગૈતી મોરી સૈયર,
ઇંધણાં વીણવા ગૈતી રે લોલ;
વેળા બપોરની થૈતી મોરી સૈયર
વેળા બપોરની થૈતી રે લોલ.
જેની તે વાટ જોઈ રૈતી મોરી સૈયર,
જેની તે વાટ જોઈ રૈતી રે લોલ,
તેની સંગાથ વેળ વૈતી મોરી સૈયર,
તેની સંગાથ વેળ વૈતી રે લોલ!'

આખી કવિતાઓ જોઈએ તો, 'મીનપિયાસી'ના ઉપર્યુક્ત મનોભાવને જ વ્યક્ત કરે છે નિરંજન ભગત. કાવ્ય છે 'સુધામય વારુણી'.

'એક ચૂમી,
મત્ત પાગલ મેહુલા જેવું ઝૂમી
બસ એક ચૂમી મેં લીધી;
શી સ્વર્ગની જ સુધા પીધી!
એકેક જેનું બિન્દુ
એ બિન્દુ નહીં, પણ ઘોર વડવાનલ જ્વાલો સિન્ધુ!
વળી તો એ જ બિન્દુ
પૂર્ણિમાની ચંદની ચંદન સમી વરસાવતો ઇન્દુ!
અહો, બસ એક પણ એ એક તે કેવી ચૂમી

Marwadi University

THE YOUNGEST UNIVERSITY
IN WESTERN INDIA WITH
9000 STUDENTS
FROM
38 COUNTRIES

ONE OF THE
HIGHEST PLACEMENT OPPORTUNITIES IN WESTERN INDIA
480+ PLACEMENT COMPANIES VISITED IN 2020-21

Godrej · MATRIX TELECOM | SECURITY · Reliance · BYJU'S The Learning App · ck · Capgemini
Coca-Cola · Berger · Nestlé · wipro · Reliance Industries Limited

MANAGEMENT | ENGINEERING | SCIENCE | DIPLOMA
RESEARCH STUDIES | COMPUTER APPLICATIONS
PHARMACY | PHYSIOTHERAPY | ARTS | LAW

Rajkot-Morbi Road, Rajkot, Gujarat | www.marwadiuniversity.ac.in | 89800 30090 | f in

કે આગની ને રાગની જ્યાં એક
થૈ જાતી ભૂમિ!'

'સોહાગ રાત અને પછી' સોનેટમાં કવિ ઉશનસ્ અત્યંત નાજુક ભાવને નકશીની રીતે આળેખે છે :

'તમે તે રાત્રે જે રીતથી રતિથી ગૂઢ ગહને
પ્રવેશ્યા પાતાળો મહીં સકલ અસ્તિત્વ મુજના :
ગર્યું જાણે સ્વાતિસુખદ અમીનું બુંદ છીપમાં,
હજી આનંદે તે વીજપુલકની ના કળ વળે!'

કવિ જયન્ત પાઠકનું ગીત, 'પ્રીત કીધી' પ્રથમ પ્રેમના આવિષ્કારને પ્રકૃતિનાં પ્રતીકો અને કલ્પનોને આધારે આ રીતે પ્રગટ કરે છે :

'એક એવી તે પ્રીત અમે કીધી
કે ઘૂંટમાં આખી પિયાલી પીધી!
એક જ ઉચ્છવાસ અમે લીધો ને રોમ રોમ
ઊઘડ્યાં ફટોફટ ફૂલ;
એક જ નિઃશ્વાસ અમે મૂક્યો ને કંપિયાં
વન વનમાં પરણો વ્યાકુલ.
એક એવી તે પ્રીત અમે કીધી
કે ભંગમાં રેખાઓ ઊઘડી આખી!'

કવિ હરીન્દ્ર દવે 'પ્રેમનો મર્મ' ગીતમાં પ્રથમ મિલનની વાત કરે છે. આપણે ગીતની બે પંક્તિ જ આસ્વાદીએ :

'તેં પૂછ્યો પ્રેમનો મર્મ
અને હું દઈ બેઠો આલિંગન,
જ્યાં પ્રથમ મેઘ વરસ્યો
સરિતાએ તોડ્યાં તટનાં બંધન.'

રઘુવીર ચૌધરી પૂરા ઔચિત્ય સાથે 'નારી' કાવ્યમાં કામ્ય નારીનું સંવેદન સભર ચિત્ર આલેખે છે :

'બે નેત્ર, બે અધર ને ભુજબંધ વચ્ચે
મારાં તમામ વસતાં જગ હોય જાણે!

એ આંખ ઉઘાડે અને શરમાય ગઝલ,
એ કેશને ગૂંથે અને બંધાય ગઝલ,
કોણે કહ્યું લયને કોઈ આકાર નથી?
એ અંગ મરોડે અને વળ ખાય ગઝલ

હું તો હજીય તવ લોચનની કીકીની
ચોપાસ ફેર ફરતો રમતો રહ્યો છું.
છૂટા પડેલા ગ્રહ-શો.

આદિલ મન્સૂરી નાયિકાના શૃંગારને ગઝલની સાથે જોડીને કેવી રીતે વર્ણવે છે?

'એ આંખ ઉઘાડે અને શરમાય ગઝલ,
એ કેશને ગૂંથે અને બંધાય ગઝલ,
કોણે કહ્યું લયને કોઈ આકાર નથી?
એ અંગ મરોડે અને વળ ખાય ગઝલ.'

બીજી એક ગઝલમાં કહે છે :

'આપનું મુખ જોઈ મનમાં થાય છે,
ચાંદ પર લોકો અમસ્તા જાય છે!'

'મદારીનું પ્રણયગીત'માં રમેશ પારેખ જાતીય આવેગને આ રીતે મૂકી આપે છે :

'મારી છાતીના રાફડામાં ચાહવું બનીને એક ગોટમોટ પોઢેલો નાગ છે,
આવ, સખી આવ, એને છંછેડી નાખ, તારી મહુવરમાં મૂંઝાતો રાગ છે!'

કવિ રાજેન્દ્ર શુક્લએ ગુજરાતી ગઝલના સીમાડા અનેક અર્થમાં વિસ્તાર્યા છે. 'રતિવાર્તિક' જૂથની એમની ગઝલો રતિસુખના અનુભવોની સૂક્ષ્મતાઓ પ્રગટ કરવાની સાથે-સાથે શેષશૈયા કે યોગનિદ્રા સુધી ઊર્ધ્વગમન કરે છે અને એક ઊંચાઈ સુધી લઈ જાય છે. કેટલાક શેર :

'પ્રથમ ફૂલ ચૂંટ્યું, પ્રથમ તીર તાક્યું,
પ્રથમ એક જુદું જ આકાશ આંક્યું.
રમ્યા રાસ રંગે પ્રહાર સૌ પરસ્પર,
વદત વાદ મધુરમ્, પ્રથમ કોણ થાક્યું?

'બાઈ કિયાં તે...' ગીતના એક અંતરામાં કવિ મનોહર ત્રિવેદી રતિભાવને રસની કોટિએ પહોંચાડે છે. એ ગીતનો એક અંતરો જોઈએ :

'સીમે ત્યાં ઘોઘમાર વરસ્યો વરસાદ એનું ઉંબર લગ પૂગ્યું ખેંચાણ,
કોણ આમ મારામાં હેલે ચડ્યું કે જેની પોતાને હોય નહીં જાણ?
લથબથ ભીંજાઈ હેલવેલ્લી : ભીંજાઈ ન્હોતી આવું હું સોળ સોળ શ્રાવણે!
બાઈ કિયા તે કામણને કારણે?'

અદ્યતન કવિ જયદેવ શુક્લની એકાધિક રચનાઓ શૃંગારના અનેક આવિર્ભાવો, સંસ્કૃતની પરંપરામાં રહીને પ્રગટ કરે છે, તો વિનોદ જોશીનાં ગીતોની નાયિકા મુગ્ધ ગ્રામકન્યા તરીકે આપણી સામે આવે છે.

'ફાંસ જરા શી વાગી ગઈ ને વાંસ જેવડું
ખટકે છે કંઈ અંદર અંદર,
પરબારું લે હડી કાઢતું હાંફી જઈને
અટકે છે કંઈ અંદર અંદર.'

-વિનોદ જોશી

આ રીતે જોઈએ તો હજી અસંખ્ય ઉદાહરણો મળી રહે, પરંતુ જે મુખ્ય વાત કહેવાની છે તે- ગુજરાતી કવિતામાં શૃંગારનાં અનેક શિખરો સર થયાં છે. અનેક કવિઓનું એમાં મહત્ત્વપૂર્ણ યોગદાન છે. ઘણી બધી કવિતાઓમાં આવેગપૂર્ણ અને ઇન્દ્રિયગ્રાહ્ય અદ્‌ભુત વર્ણનો એક ગરિમા સાથે અને કવિતામાં કવિતાની શરતે 'ને રીતે આવ્યાં છે. પરિણામે અહીં, આંજી નાંખે કે વિક્ષુબ્ધ કરી મૂકે એવી પદાવલીઓ નથી, પરંતુ શૃંગારની સાત્ત્વિકતા આપણા મનને એક પ્રકારનો રોમાંચ અને સંતોષ આપે છે. વધારામાં કાવ્યનો આનંદ તો આપણો છે જ! ■

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

विजया VIJAYA | देना DENA

લોન હવે ગણતરીની મિનિટો માં

બરોડા ડિજિટલ લોન

ની સાથે

- હોમ લોન
- કાર લોન
- પર્સનલ લોન
- પ્રિ–એપ્રુવ્ડ લઘુ પર્સનલ લોન

*નિયમો અને શરતો લાગુ

ટોલ ફ્રી નંબર પર કોલ કરો (24x7): 1800 258 44 55 | 1800 102 44 55 | www.bankofbaroda.in | અમને અહીં ફોલો કરો

ભારતીય શાસ્ત્રીય નૃત્યમાં વસ્ત્ર પરિધાન તથા શૃંગારનું અભિયોજન

ભારતીય શાસ્ત્રીય નૃત્યો ચહેરાના મેકઅપની ઉત્તમ કલાત્મક કુશળતાનું અનન્ય ઉદાહરણ છે. નૃત્ય માટે તૈયાર થતાં કલાકારને ૨-૩ કલાક સહેજે લાગી જાય છે. દરેક નૃત્યના સ્વરૂપમાં ચહેરાના મેકઅપની અનન્ય શૈલી હોય છે.

પ્રિયંકા **જોષી**

સુંદર દેખાવું સૌને ગમે છે, તેમાં જાતિ, વર્ણ કે વયનો કોઈ ભેદ નથી. સમૂહમાં સૌથી અલગ અને આકર્ષક દેખાવાની ઇચ્છાને કોઈ વ્યક્તિ નકારી શકે એમ નથી. સુંદરતાના માપદંડો વ્યક્તિએ વ્યક્તિએ અલગ હોય શકે, પણ સુંદરતાને સદા સર્વથા આવકાર મળે છે એ નિર્વિવાદ વાત છે. આમ જોઈએ તો દરેક વ્યક્તિ પાસે પોતાનું આગવું સૌંદર્ય છે, છતાં જે છે એથી બહેતર દેખાવાની ઇચ્છા સૌંદર્યને પ્રસાધન સુધી લઈ જાય છે. મેકઅપથી માત્ર બાહ્ય સૌંદર્ય જ વધે છે એવું નથી. તેના ઉપયોગથી આત્મવિશ્વાસ જાગે છે અને સંપૂર્ણ વ્યક્તિત્વમાં નિખાર આવે છે.

શૃંગાર અને સાજ-સજ્જાની વાત કરીએ તો આપણી સામે તેનો ભવ્ય ઇતિહાસ અને સૈકાઓથી ચાલી આવતી પરંપરાઓ છે. મંચ પર થતી અભિવ્યક્તિનાં વિવિધ સ્વરૂપોમાં વેશભૂષા અને શૃંગાર એટલે કે મેકઅપનું એક આગવું મહત્ત્વ છે. બલ્કે એવું કહી શકાય કે એ પણ એક આગવી કળા છે. ચહેરાના મેકઅપ સિનેમા, ટેલિફિલ્મ્સ, મંચ પર રજૂ થતાં નાટક, નૃત્યનાટિકા અને અન્ય ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આપણે જોઈએ છીએ કે મેકઅપનો વ્યાવસાયિક ધોરણે વિશેષ ઉપયોગ થાય છે.

શૃંગારને જ્યારે કળાનો સ્પર્શ મળે છે ત્યારે એ માત્ર સુંદરતા જ નહીં, પણ ચહેરાનું લાવણ્ય વધારીને તેને નકશીદાર બનાવે છે. ભારતીય શાસ્ત્રીય નૃત્યોમાં વેશભૂષા અને સજાવટનું આગવું મહત્ત્વ છે. ભારતીય શાસ્ત્રીય નૃત્યના કેટલાક મુખ્ય પ્રકારો

આભાર

'સહકાર થી સમૃદ્ધિ'ના
સપનાને સાકાર કરવા
તથા
દેશના સહકારી માળખાને મજબૂત કરવા
'સહકાર મંત્રાલય' શરૂ કરવા બદલ

માન. વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઇ મોદીનો

ખૂબ ખૂબ આભાર

છેલ્લા ૨૦ વર્ષથી સહકારી ક્ષેત્રના શિલ્પી
માન. **શ્રી અમિતભાઇ શાહ**ને
દેશના સર્વ પ્રથમવાર બનતા
સહકાર મંત્રાલયની ધુરા સંભાળવા
બદલ ખૂબ ખૂબ અભિનંદન

સહકાર થી જ સમૃદ્ધિ

શ્રી જગદીશભાઇ પટેલ
વાઇસ ચેરમેન

શ્રી એમ. એલ. બહેડિયા
CEO & MD

શ્રી અજયભાઇ પટેલ
ચેરમેન

તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ, શેર હોલ્ડર્સ, ડિપોઝીટર્સ, સ્ટાફ

ADC BANK

ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓ.બેન્ક લિ.

PROUDLY CO-OPERATIVE



તપાસતા ઘણી રસપ્રદ બાબતો જાણવા મળે છે.

ભરતનાટ્યમ

દક્ષિણ ભારત, ખાસ કરીને તામિલનાડુમાં વિકસેલી આ નૃત્ય પરંપરા ૧૨મીથી ૧૯મી સદીમાં ધાર્મિક પ્રસંગો અને મંદિરો પૂરતી મર્યાદિત રહી. 'દેવદાસી' એટલે કે ઈશ્વરને સમર્પિત સ્ત્રીઓ દ્વારા આ નૃત્ય ભજવવામાં આવતું. તેમાં મહદ્અંશે ઈશ્વરની સ્તુતિ, આરાધના અથવા પૌરાણિક પ્રસંગને અનુલક્ષીને કાર્યક્રમો થાય છે.

મૂળે ભરતનાટ્યમ 'એકાહર્યા' એટલે કે જેમાં એક જ વ્યક્તિ દ્વારા અલગ-અલગ પાત્રો ભજવવામાં આવે છે. ત્યાર બાદ સમય જતાં એકથી વધુ નૃત્યકારો દ્વારા પણ કાર્યક્રમો થવા લાગ્યા. આ નૃત્યમાં મુખભાવ સુચારુ રીતે પ્રગટ કરવા અનિવાર્ય હોવાથી ફેસ મેકઅપ અત્યંત મહત્ત્વનો બની જાય છે. ભરતનાટ્યમ નૃત્યનો પહેરવેશ ખૂબ સુંદર અને રંગીન હોય છે. પહેલાંના સમયમાં આ નૃત્ય રાજ્યના દરબારમાં તેમ જ મંદિરોમાં ખાસ પ્રસંગો પર કરવામાં આવતું. પૌરાણિક શિલ્પ-સ્થાપત્યો તથા સાહિત્ય અનુસાર આ પોશાકમાં પણ ઘણી વિવિધતા જોવા મળતી.

સામાન્ય રીતે આ પહેરવેશના બે પ્રકાર છે- પાયજામા (ચોરણી) અથવા સ્કર્ટ (ઘાઘરા) સ્ટાઇલ. પોશાકની પસંદગી વખતે નૃત્યની થીમ અને કલાકારની અનુકૂળતાને ખાસ ધ્યાને લેવાય છે. પહેલાંના સમયમાં લોકો આ પોશાક સીવવા માટે સોનાના તાર અથવા સિલ્કના દોરાનો ઉપયોગ કરતાં. સાડીની પાટલીને જરીકામ કરીને સુંદર ભાત તૈયાર કરવામાં આવતી. તેથી નૃત્યકાર જ્યારે બેઠક લે ત્યારે પાટલીઓ ખૂલીને કલાત્મક દ્રશ્ય સર્જાય છે.

ભરતનાટ્યમમાં સ્ત્રી કે પુરુષ નૃત્ય કરી શકે છે. પુરુષો ખાસ પ્રકારે સીવેલી ધોતી ધારણ કરે છે. જ્યારે સ્ત્રીઓ સીવેલી સાડી ધારણ કરે છે. જેમાં લાલ, લીલો, પીળો, નારંગી, મોરપીંછ કે ઘેરો ગુલાબી જેવા મનોહર રંગો અજબ આકર્ષણ ઊભું કરે છે.

ભરતનાટ્યમમાં પહેરવામાં આવતાં આભૂષણો 'ટેમ્પલ જ્વેલરી' તરીકે ઓળખાય છે. જેમાં હાથમાં બંગડીઓ અને કંકણ, કાનમાં કર્ણફૂલ, ગળામાં હાંસડી અને હાર, કપાળ પર ટીકો, કેસરી અને સફેદ ફૂલોની વેણીથી સુશોભિત અંબોડાની વચ્ચે 'થલાઇસામાન' અને સેંથીની બંને બાજુએ 'ચંદ્રસૂરજમ્', બાવડે બાજુબંધ અને કમરબંધ તરીકે 'વેંકઈ' શોભે છે. આ સઘળાં આભૂષણોમાં મઢેલા ઝીણા સફેદ મોતી અત્યંત સુંદર લાગે છે.

ભરતનાટ્યમમાં તાલ અને પગથાપનું વિશેષ મહત્ત્વ છે, તેથી પગને પણ ખાસ પ્રકારે સુશોભિત કરવામાં આવે છે. હથેળી અને આંગળીનાં ટેરવાં સાથે પગના તળિયે પણ અળતો લગાડીને પગને અનન્ય સુંદરતા બક્ષવામાં આવે છે. પગમાં પહેરવામાં આવતા 'ઘૂંઘરું'નું આગવું સ્થાન છે. તેને પવિત્ર અને પૂજ્ય માનવામાં આવે છે. ઘૂંઘરું નૃત્યકારના કલાકૌશલ્ય અને નિપુણતા સૂચવે છે. ચડતા ક્રમે બે, ત્રણ અને પાંચ પંક્તિઓ ધરાવતા ઘૂંઘરુંથી કલાકાર કેટલો અનુભવી અને પારંગત છે તેની જાણ થાય છે.

ભરતનાટ્યમમાં નૃત્યકારનો દેખાવ નૃત્યની થીમને અનુરૂપ હોય તે જરૂરી છે. ભરતનાટ્યમમાં મુખભાવ સાથે આંખ અને ભ્રમરના હલનચલનનું ખાસ મહત્ત્વ હોય છે. તેથી આંખોની આસપાસ ઘાટી કાજળની રેખાઓ દોરીને તથા ભ્રમરોને ઘેરી બનાવીને સુંદર આકાર અપાય છે. મેકઅપમાં ઘેરા રંગોના ઉપયોગથી ચહેરાના અવયવોને

તેજસ્વી ઓપ મળે છે અને મંચથી દૂર બેઠેલા પ્રેક્ષકો મુખભાવોને સ્પષ્ટ રીતે જોઈ શકે.

ઓડિસી

ઓરિસ્સા રાજ્યના ગર્વ સમાન ઓડિસી નૃત્ય પણ ભારતનાં અન્ય શાસ્ત્રીય નૃત્યો જેટલું જ લોકપ્રિય અને મહત્ત્વપૂર્ણ છે. ઓડિસી ભારતીય શાસ્ત્રીય નૃત્યોની સૌથી જૂની અને ટકી રહેલી પરંપરા છે. આ શૈલીનો ઉદ્‌ભવ પણ મંદિરોમાં થયેલો અને બહુધા તેને ધાર્મિક પ્રણાલીઓ સાથે સાંકળવામાં આવતું.

ઓડિસી નૃત્યમાં અભિવ્યક્તિના મુખ્ય પાયદાન છે. -

૧. અંગિકા - શારીરિક હલનચલન તથા અંગમરોડ દ્વારા
૨. વાચિકા - ગીતો તથા શબ્દો દ્વારા
૩. સાત્ત્વિકા - મુખભાવો દ્વારા
૪. અહર્યા - વેશભૂષા અને શૃંગાર દ્વારા

ભારતમાં શાસ્ત્રીય નૃત્ય કે લોકનૃત્યનો પહેરવેશ જે-તે પ્રદેશની સંસ્કૃતિને દર્શાવે છે. ઓડિસી નૃત્ય પણ તેમાં અપવાદ નથી. નૃત્યની આ પરંપરામાં ખાસ પ્રકારના પોશાક અને આભૂષણોના ઉપયોગ અંગેના આગવા સિદ્ધાંતો છે.

સિલ્કની સાડી સાથે સુંદર ચાંદીનાં આભૂષણો અને વાળના ઝૂડામાં 'શોલાપીઠ'નાં ફૂલોની સજાવટ ઓડિસી નૃત્યની એક ખાસ છબી ઉપસાવે છે. સાડીને કમરે વીંટાળીને ધોતીની માફક પહેરવામાં આવે છે. સાડીનો સુંદર પાલવ આગળની બાજુએ ફેલાવીને ગોઠવવામાં આવે છે. હવે તો સાડીને આ રીતે સીવી લઈને કોસ્ચ્યૂમની જેમ સરળતાથી પહેરી શકાય છે. નાની-નાની પાટલીઓ સીવીને સુંદર ડિઝાઇન બનાવવામાં છે. નૃત્યમાં પહેરવામાં આવતી સાડી સંબલપુર, બહેરામપુર તથા કટકમાં બને છે. કહેવાય છે કે સાડીમાં ઇકતની ડિઝાઇન દક્ષિણ એશિયાના પ્રદેશોથી આવેલી અને દ્રાક્ષના મણકા જેવી ડિઝાઇન હડપ્પા સંસ્કૃતિનો પ્રભાવ દર્શાવે છે. આ સાડીઓમાં શંખ, છીપ અને માછલી જેવી કુદરતી વસ્તુઓની ભાત પણ જોવા મળે છે.

ઓડિસીમાં મૂળભૂત રીતે ચાંદીનાં આભૂષણો ધારણ કરવામાં આવે છે. પછીથી કેટલાક નૃત્યકારો સોનાનાં ઘરેણાનો ઉપયોગ કરતાં થયાં. નૃત્યકાર માથાથી લઈને કમર સુધી ચાંદીના અલંકારોમાં શોભી રહે છે. માથે ટીકો, દામણી, ગળામાં બેથી ચાર નાના-મોટા હાર, કાનમાં કર્ણફૂલ જેમાં મોરની ડિઝાઇન વિશેષ જોવા મળે છે. હાથમાં બાજુબંધ, ચૂડી, કંકણ અને હાથફૂલ. કમર પર ત્રણ પંક્તિનો કમરબંધ. આ તમામ અલંકારો કટકમાં બને છે. ઓડીસા રાજ્યનો જ જિલ્લો કટક આભૂષણોની બનાવટ માટે ખૂબ પ્રખ્યાત છે. કટકની પરંપરાગત ડિઝાઇન દક્ષિણ પૂર્વીય પ્રદેશોમાં ખૂબ લોકપ્રિય છે.

ખાસ પ્રકારે ચાંદીના ગોળાકાર ચક્તા જોડીને બનાવેલ કમરબંધ 'મેખલા' તરીકે ઓળખાય છે. તેની બનાવટ ઓરિયા ધાર્મિક ગ્રંથોથી પ્રેરાઈને કરવામાં આવે છે. ૧૫મી સદીમાં સરલા દાસ રચિત 'ઓરિયા મહાભારત' અનુસાર પાંડવ અર્જુને પોતાનો અજ્ઞાતવાસ ત્યાં નૃત્યશિક્ષક નામે 'બૃહન્નારી' તરીકે વિતાવેલો. ઓડિસી નૃત્યમાં પહેરવેશથી માંડીને અલંકારો તેને સૂચિતાર્થ કરે છે.

'અભિનય ચંદ્રિકા' નામક ગ્રંથમાં ઓડિસી નૃત્યમાં કરવામાં આવતા શૃંગાર વિષે બારીક વિગતો આપવામાં આવી છે. એ અનુસાર નૃત્યમાં લાલ અથવા લીલા રંગની નવ ગજની સિલ્કની સાડી સાથે કંચુકી કે ચોળી પહેરવામાં આવે છે. પાટલીના ઢીંચણ સુધીના ઘેરને 'નિબિયાંધ' અને ફૂમતાંથી બાંધેલ કમરબંધને 'અજહોબા' કહે છે.

ઓડિસી નૃત્યમાં કરવામાં આવતા કેશકલાપ વિષે અભિનય ચંદ્રિકામાં સવિસ્તાર સમજાવ્યું છે. વાળને એક ગાંઠમાં બાંધીને તેના પર 'પુષ્પચૂડા'થી સજાવવામાં આવે છે. કેટલાક નૃત્યકારો અંબોડા સાથે લાંબો ચોટલો પણ ગૂંથે છે. માથા પર 'શોલા પીઠ'નો મુકુટ હોય છે.

પૂર્વ પ્રદેશમાં 'શોલા પીઠ'ના છોડ ઊગે છે. તેની ડાળીઓ પરથી છાલ ઉતારતા જે

B.B. PRODUCT
કોરોનાને જાકારો આપો, સ્વચ્છતા લાવો.
હસતો રમતો રહેશે પરિવાર, 'મીસ ઓકે' લેશે સ્વચ્છતાનો ભાર.
મીસ ઓકે
વ્હાઇટ ફીનાઇલ
એકસ્ટ્રા સ્ટ્રોંગ
OKAY PHENYLE
BLACK DISINFECTANT FLUID
ઓકે ફીનાઇલ
An ISO 9001:2015 Certified Company
કિંમતી કપડાની ચિંતા છોડો, 'ઓકે ફ્રેશ' ને દુકાન સોંપો.
પ્રીમીયમ કવોલીટી
OKAY Extra Thick POWER
ટોયલેટ કલીનર
+ ખૂણે ખૂણે પહોંચે
+ જીદ્દી ડાઘ પણ દુર કરે
OKAY FRESH
નેપ્થેલીન બોલ્સ
(ફીનાઈલની ગોળી)
કબાટ, બેગ, બુકસ, પોશ બેસીન, વિગેરે દરેક જગ્યા માટે અસરકારક
સ્ટ્રોંગ
Sale Service
નિર્માતા : બી.બી. હાઉસહોલ્ડ પ્રોડકટસ પ્રા. લી.
Ph. 02827-287773 | E-mail: bbokayindia@gmail.com | Web: www.okay-india.com

પદાર્થ મળે છે એ પ્લાસ્ટિક કે થરમોકોલ જેવો હોય છે. આ શોલા પીઠ પર નકશીકામ કરીને સુંદર કલાત્મક નમૂના બનાવી શકાય છે. ઓડિસી નૃત્યકાર પહેરે છે એ મુકુટ પણ શોલા પીઠમાંથી તૈયાર કરવામાં આવે છે. તેની આકૃતિ જગન્નાથપુરીના મંદિરના ઘુમ્મટની પ્રતિકૃતિ સામાન હોય છે.

નર્તકીના ચહેરાને ઉત્કૃષ્ટ સૌંદર્યની વ્યાખ્યાઓને ધ્યાનમાં લઈને સજાવવામાં આવે છે. કામદેવના ધનુષ સમી ભ્રમરો, માછલી જેવી મોટી અને તરલ આંખો માટે કાજલનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. કપાળ પર કંકુથી મોટો લાલ ચાંલ્લો અને તેની ફરતે સફેદ ભાત પાડવામાં આવે છે. જેની ડિઝાઇન સૂર્ય, ચંદ્ર અથવા ફૂલોની હોય છે. કાન પરથી વાંકડિયા વાળની લટ ગાલ પર સજાવવામાં આવે છે.

પગને અળતો લગાવીને લાલ રંગવામાં આવે છે, જેથી તે દૈવી ચરણકમલની આભા રચે છે. સાથે-સાથે નૃત્ય સમયે પગના દરેક હલનચલનને પ્રેક્ષકો સમક્ષ વધુ સ્પષ્ટ કરે છે.

ઓડિસી નૃત્યમાં માથું, ધડ અને નિતંબના હલનચલનનું ખાસ મહત્ત્વ હોય છે. તેથી જ શૃંગારમાં તેની ખાસ કાળજી લેવામાં આવે છે.

કથકલી

કેરળના જગવિખ્યાત શાસ્ત્રીય નૃત્ય 'કથકલી'નું લોકોમાં અનોખું આકર્ષણ છે. ૧૭મી સદીથી ચાલી આવતી આ નૃત્ય પરંપરા દેશ-વિદેશમાં ખૂબ લોકપ્રિય છે. આ નૃત્યમાં પાર્શ્વ સંગીત સાથે વેશભૂષાનો સમન્વય ખૂબ મનોરંજક અને નાટ્યાત્મક રીતે જોવા મળે છે.

આ નૃત્ય ફક્ત પુરુષ કલાકારો જ ભજવી શકે છે. આ નૃત્યમાં કલાકારોએ હિન્દુ ધર્મગ્રંથો અને માન્યતાને આધારિત પાત્રો ભજવવાના હોય છે. મંડળીના કલાકારો અલગ-અલગ પાત્રને અનુરૂપ વેશ ધરે છે અને પ્રેક્ષકોને કોઈ કથાની દ્રશ્યાત્મક સફરે લઈ જાય છે. અહીં રંગોનો ખૂબ સૂચક રીતે ઉપયોગ કરવામાં આવે છે. રંગો દ્વારા પાત્રોની તથા પાત્રોના સ્વભાવની ઓળખાણ થાય છે. જેમ કે, ક્રોધ તથા દુર્જન પાત્રને દર્શાવવા માટે લાલ રંગનો ઉપયોગ થાય છે. સ્ત્રી પાત્રો માટે પીળા રંગનો ઉપયોગ થાય છે. મુકુટ પહેરાવવાથી પાત્રને સશક્ત દેખાડી શકાય છે. નૃત્યમાં મુખભાવો, હાથ તથા શરીરના હલન-ચલન દ્વારા કથા રજૂ કરવામાં આવે છે. પરંપરાગત રીતે આ નૃત્ય સાંજથી શરૂ થઈને મોડી રાત સુધી ચાલે છે, પરંતુ હાલના સમયમાં તેને ત્રણેક કલાકના મર્યાદિત સમયમાં પણ ભજવવામાં આવે છે.

કથકલી નૃત્ય કલાકારને તૈયાર થવા માટે ૩-૫ કલાક લાગે છે. ભારેખમ પોશાક અને મહોરા જેવા મેકઅપ સાથે મુખભાવ પ્રેક્ષકો સામે સ્પષ્ટ થાય એ માટે અત્યંત કાળજી લેવામાં આવે છે.

પ્રસાધન માટે ઉપયોગમાં લેવામાં આવતી સામગ્રીમાં બહુધા કુદરતી પદાર્થોનો ઉપયોગ થયો હોય છે. જેમ કે લાલ અને પીળા રંગ માટે 'ચાઇલયમ' તથા 'માનયોલ' પથ્થરનો ઉપયોગ થાય છે. લીલા રંગ માટે માનયોલ સાથે ' નીલમ' મેળવવામાં આવે છે. ચહેરા પર આ રંગો લગાડતી વખતે તેમાં નારિયેળનું તેલ મેળવવામાં આવે છે. 'ચેનચીલીયમ' પથ્થરના પાઉડરથી ત્વચા પર થતો દાહ મટાડી શકે છે. 'કનમશાઈ' એટલે કે કાજળ બનાવવા માટે તલનું તેલ, તેમ જ કેસર અને કંકુ પણ પ્રસાધનના ઉપયોગમાં લેવાય છે.

પ્રથમ કલાકાર જાતે પોતાના ચહેરા પર ચિત્રણ કરે એ પ્રક્રિયાને 'થેપ્પુ' કહે છે. ત્યાર

PROUDLY CO-OPERATIVE

આભાર

'સહકાર થી સમૃદ્ધિ'ના સપનાને સાકાર કરવા
તથા
દેશના સહકારી માળખાને મજબૂત કરવા **'સહકાર મંત્રાલય'** શરૂ કરવા બદલ

માન. વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**નો

ખૂબ ખૂબ આભાર.

છેલ્લા ૨૦ વર્ષથી સહકારી ક્ષેત્રના શિલ્પી
માન. **શ્રી અમિતભાઈ શાહ**ને
દેશના સર્વ પ્રથમવાર બનતા
સહકાર મંત્રાલયની ધુરા સંભાળવા બદલ
ખૂબ ખૂબ અભિનંદન.

નવા ભારતમાં સૌનો સાથ સૌનો વિકાસ માટે સહકાર મંત્રાલયથી ઉત્પાદન, સર્વિસ, હાઉસિંગ, કામદાર અને બેંકિંગ જેવા કો-ઓપરેટિવ ક્ષેત્રની પ્રગતિ થશે

ખેતી | પશુપાલન | બેંકિંગ | સુગર ફેક્ટરી | હાઉસિંગ | ફૂડ પ્રોસેસિંગ | કામદાર | ગૃહ ઉદ્યોગ | હેન્ડીક્રાફ્ટ

શ્રી શંકરભાઈ એલ. ચૌધરી
વાઇસ ચેરમેન

શ્રી પ્રદિપ વોરા
CEO & MD

શ્રી અજયભાઈ એચ. પટેલ
ચેરમેન

તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ, શેર હોલ્ડર્સ, ડિપોઝીટર્સ, સ્ટાફ

GSC BANK

ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લિ.

(શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

Special Commemorative Award
STATE CO-OPERATIVE BANK AWARDEE (2020-21) By NABARD

બાદ 'ચુટ્ટીક્કરન' એટલે કે મેકઅપ કરનાર નૃત્યકારના ગાલ અને દાઢી પર 'ચુટ્ટી' એટલે કે સફેદ રંગની પાતળી પરત ગોઠવે છે.

કથકલીમાં ચુટ્ટીનું ખૂબ મહત્ત્વ હોય છે, કારણ કે તે જે-તે પાત્રનું વ્યક્તિત્વ દર્શાવે છે.

રંગોનો ઉપયોગ પણ તેની લક્ષણિકતાઓના આધારે થાય છે જેમ કે,

મુખ્યત્વે લીલો સાત્ત્વિક, લાલ રાજસિક અને કાળો તામસિક ભાવ દર્શાવે છે. આ ઉપરાંત પીળો સાત્ત્વિક અને રાજસિક તેમ જ સફેદ આધ્યાત્મિક, લાલ મહત્ત્વાકાંક્ષા અને ક્રૂરતા, કાળો આસુરી ભાવ સાથે જોડાયેલા રંગો છે.

ઉદાહરણ જોઈએ તો યુધિષ્ઠિર, અર્જુન જેવા પાત્રો માટે લીલા રંગના પ્રસાધન 'પાછા' સાથે 'કિરીટ' એટલે કે માથા પર મુકુટ પહેરાવવામાં આવે છે. વળી રામ, કૃષ્ણ કે વિષ્ણુ જેવા ઈશ્વરીય પાત્રો માટેનો મુકુટ અલગ હોય છે, તેથી આ વેશભૂષાને 'પાછા'ને બદલે 'મૂડી' કહેવાય છે.

'કાથી' પ્રકારના પરિધાન એવાં પાત્રો માટે હોય છે, જેમનામાં નકારાત્મક તત્ત્વો હોય છે. જેમ કે રાવણ, કંસ અને દુર્યોધન. નાકના વિલક્ષણ દેખાવથી આ પાત્રો 'પાછા'થી અલગ પડે છે.

'થાડી' વેશભૂષા ધરાવતાં પાત્રો વિનાશક વૃત્તિ તરફ સંકેત કરે છે. બકાસુર, જટાસુર રાક્ષસો તેમ જ શ્રીચક્ર અને વીરભદ્ર જેવા વિનાશક છતાં પવિત્ર પાત્રો માટે પણ આ વેશનો ઉપયોગ થાય છે. પાત્રના સ્વભાવ અનુસાર રંગોનો ઉપયોગ કરવામાં આવે છે.

'કારી' વેશમાં મેકઅપ તેમ જ વસ્ત્રોમાં મોટા ભાગે કળા રંગનો જ ઉપયોગ થયો હોય છે, જે આસુરી તત્ત્વોને રજૂ કરે છે.

'મીનુક્કુ' વેશભૂષા સંતો, બ્રાહ્મણો તથા સ્ત્રી પાત્રો માટે થાય છે. મેકઅપનો રંગ આછો પીળો હોય છે અને ચહેરા પર 'ચુટ્ટી' એટલે કે સફેદ પરત લગાડવામાં આવતી નથી.

કથકલી નૃત્યમાં કલાકારોની આંખો લાલાશ પડતી દેખાવી ખૂબ જરૂરી છે. જો આવું કરવામાં ન આવે તો નૃત્યકારનો ચહેરો તદ્દન નિર્જીવ લાગશે.

ચહેરાનો મેકઅપ થઈ જાય એ પછીના તબક્કે નૃત્યકાર ઘાઘરા જેવો પોશાક પહેરે છે. આ પોશાક ૨૦-૪૦ કાપડના અલગ-અલગ ટુકડાઓને સીવીને તૈયાર કરવામાં આવ્યો હોય છે. કમર પર એક દોરડું બાંધીને આ વેશને ચોક્કસ આકારે ગોઠવવામાં આવે છે. એ પછી ઉપરનું પહેરણ ધારણ કરવામાં આવે છે. અહીં પણ પાત્રોની લાક્ષણિકતાના આધારે રંગોનું ચયન કરવામાં આવે છે. કલાકારના ગળામાં આભલાં તથા મોટા મણકાની ઘણી માળાઓ પહેરેલી હોય છે.

મોટા ભાગના ભારતીય નૃત્યો વિવિધ પ્રકારના શૃંગાર દ્વારા વિવિધતા પ્રગટ કરે છે. ભરતનાટ્યમ, કુચિપુડી, મોહિનીઅટ્ટમ અને ઓડિસીમાં ચહેરાનો મેકઅપ લગભગ સમાન હોય છે. અન્ય ભારતીય નૃત્યોની તુલનામાં કથકલી માટેનો શૃંગાર અન્ય ભારતીય શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપોથી સંપૂર્ણપણે અલગ છે. એ જ રીતે ઉત્તર ભારતીય શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપ 'કથક' માટેનો મેકઅપ અન્ય નૃત્યોની

ઓડિસીમાં મૂળભૂત રીતે ચાંદીનાં આભૂષણો ધારણ કરવામાં આવે છે. પછીથી કેટલાક નૃત્યકારો સોનાનાં ઘરેણાનો ઉપયોગ કરતાં થયાં. નૃત્યકાર માથાથી લઈને કમર સુધી ચાંદીના અલંકારોમાં શોભી રહે છે

સરખામણીએ અલગ છે. કથક નૃત્યમાં હળવા પરિધાન અને શૃંગારને અપનાવવામાં આવ્યા છે. કથકની માફક, પૂર્વ ભારતીય મણિપુરના શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપ 'મણિપુરી'માં પણ નૃત્યકારો લાઇટ મેકઅપમાં જોવા મળે છે.

આ તો વાત થઈ ભારતીય શાસ્ત્રીય નૃત્યોમાં શૃંગારની જે પ્રથા અનુસરવામાં આવે છે તેની, પરંતુ આ ઉપરાંત અત્યંત મહત્ત્વની બાબત છે, નૃત્ય કલાકારની વ્યક્તિગત નૈસર્ગિક શારીરિક લાક્ષણિકતાઓ, જેનું મેકઅપ આર્ટિસ્ટે ખાસ ધ્યાન રાખવાનું હોય છે.

કલાકારની ત્વચાનો રંગ, તેના નાક-નકશા, ચહેરાના આકારને નૃત્યની પ્રસ્તુતિને અનુરૂપ બનાવવું અનિવાર્ય છે. આંખ, નાક, ભ્રમર, હોઠના આકારો ઉપસાવવા જરૂરી છે. વળી, કાર્યક્રમમાં ભાગ લેનાર અન્ય નૃત્યકાર સાથે એકવિધતા સધાય એ પણ એટલું જ મહત્ત્વનું છે. ભારતીય શાસ્ત્રીય નૃત્યોમાં મુખભાવો સટીક રીતે દર્શાવવા માટે આંખોનું પ્રભાવક દેખાવું અત્યંત જરૂરી છે. વરિષ્ઠ કલાકારો એવું માને છે કે આ માટે આઇલાઇનર, આઇશેડો કે આઇલેશ જેવી કૃત્રિમ વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઈએ. અપિતુ શાસ્ત્રોક્ત પ્રસાધનોનો ઉપયોગ થવો જોઈએ. આજકાલ કેટલાક મેકઅપ કલાકારો હોઠની રૂપરેખા માટે લિપ પેન્સિલનો ઉપયોગ કરે છે, પણ શાસ્ત્રીય નૃત્યના પાઠ માટે તે ઇચ્છિત નથી, કારણ કે ઘણી વખત પેન્સિલ આઉટ લાઇન અલગ દેખાય છે. ચહેરાને તેજસ્વી બનાવવા માટે હંમેશાં લાલ કલર પસંદ કરવામાં આવે છે.

પહેલાં ભરતનાટ્યમ માટે રેડ કે પિન્ક બ્લશ લગાવવામાં આવતું હતું. તેના લીધે ઘણીવાર ચહેરાનો આકાર બગડી જતો, તેથી મેકઅપ આર્ટિસ્ટ્સ બ્લશનો ઉપયોગ કરવાનું ટાળવા લાગ્યા. તેવી જ રીતે દરેક નૃત્યકારના નાકનો આકાર પણ એક બીજાથી ભિન્ન હોય છેઃ કેટલાકને તીણું નાક, કેટલાકને ટૂંકું નાક અને કેટલાકને લાંબું નાક હોય છે. નાકનાં આભૂષણ જેવા કે પિલ્કુ, નાથુ અને નાકના સ્ટડ્સ નાકના આકારને આવરી લે છે. ભ્રમરનો આકાર તો એકબીજાથી અલગ હોય જ છે. તેને આકાર આપવા માટે હાલમાં યુવાનો બ્લેક ઉપરાંત બલુઇશ બ્લેકનો પણ ઉપયોગ કરે છે.

ભારતીય શાસ્ત્રીય નૃત્યો ચહેરાના મેકઅપની ઉત્તમ કલાત્મક કુશળતાનું અનન્ય ઉદાહરણ છે. નૃત્ય માટે તૈયાર થતાં કલાકારને ૨-૩ કલાક સહેજે લાગી જાય છે. દરેક નૃત્યના સ્વરૂપમાં ચહેરાના મેકઅપની અનન્ય શૈલી હોય છે, જે આર્ટિસ્ટની સહાય વિના કરવું ખૂબ મુશ્કેલ છે.

આ કલાકારો પડદા પાછળના નાયક છે, જેમનું યોગદાન સંપૂર્ણ નૃત્ય કાર્યક્રમને સફળ બનાવે છે, પરંતુ એ ખરેખર અફસોસજનક છે કે તેમની તથા તેમણે પ્રદાન કરેલી સેવાની ઉચિત સરાહના થતી નથી. શૃંગાર નૃત્ય ક્ષેત્ર માટે ખૂબ જરૂરી પાયાનું પરિબળ છે, તેને સમર્પિત કલાકારોની વર્તમાન સમાજ નોંધ લે અને સમાજ દ્વારા તેમને સમ્માન પ્રાપ્ત થાય તેવી મનોકામના વ્યક્ત કર્યા વિના રહી શકાય નહીં.

જે કલાકાર પોતાના કુશળ પારસ-સ્પર્શથી લૌકિકને પારલૌકિક દિવ્યતા બક્ષે છે, તેઓ આ સત્કારના ખરા હકદાર છે, ખરું ને..! ■

Premium **Offices** at 49 Lac onwards*

Ready for Possession | No GST

9898 800 400

SWATI

CLOVER

SHILAJ CIRCLE, 2 MINS FROM SBR

RERA Number: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/MAA01884/060318 Website: https://gujrera.gujarat.gov.in

લોકસાહિત્યમાં અર્થપૂર્ણ હૃદયસ્પર્શી શૃંગારરસ

શૃંગાર મનમાં ઉત્પન્ન થતો રસ કે આનંદ શૃંગરૂપ હોવાથી તેને દરેક કવિઓએ પ્રાધાન્ય આપ્યું છે. પ્રેમરતિના વર્ણનથી ઉપજતો ઉલ્લાસ, પ્રેમ, આનંદ, રાજીપો માનવને મદોમસ્ત બનાવી દે છે. પ્રેમનો આનંદ, ઉલ્લાસ અદ્‌ભુત, અવર્ણનીય 'ને અર્વચનીય હોય છે.

જીવનના આનંદ માટે સાહિત્ય, સંગીત અને કળા હોય છે. કળા રસથી કૃતાર્થ થાય છે. રસ એટલે લાગણીઓનો અનુભવ. કળાઓ તો જીવનના શણગાર તરીકે જ શોભે છે અને કૃતાર્થ થાય છે. સાહિત્ય, સંગીત અને કળા પરસ્પરના સહકારથી જ જીવન પરમ રમણીય અને સુવાસિત થાય છે. કળા એ માનવસર્જિત કૃતિ છે. સાહિત્ય, સંગીત અને કળા ત્રણેય ભાવનાનાં ક્ષેત્રો છે. રસોનું પ્રયોજન માનવીય ભાવોને તંદુરસ્ત રાખવા માટેનું હોય છે. જૂના સાહિત્યકારોએ એ રસો આઠ, નવ 'ને દશ ગણાવ્યા છે. સાધારણતઃ નવ રસ સુપ્રસિદ્ધ છે. શૃંગાર, વીર, કરુણ, અદ્‌ભુત, હાસ્ય, રૌદ્ર, ભયાનક, બીભત્સ અને શાંત. પ્રાચીન રસ શાસ્ત્રના આદિ પ્રણેતા ભરતમુનિએ જે આઠ રસ સ્વીકાર્યા છે, તેમાં શૃંગાર, રૌદ્ર, વીર અને બીભત્સ એ ચારને તેમણે મુખ્ય અથવા પ્રકૃતિ રસ ગણાવ્યા છે અને બાકીના ચાર હાસ્ય, કરુણ, અદ્‌ભુત અને ભયાનકને અનુક્રમે ઉત્પાદક કહ્યા છે. ભોજ નામના 'અલંકારિક' કવિએ શૃંગાર સિવાયના અન્ય રસોને સ્વીકાર્યા જ નથી. એની દ્રષ્ટિએ શૃંગાર જ એક માત્ર રસ છે. વિશેષમાં તેઓ કહે છે કે, 'શૃંગારના અન્વયથી કાવ્યમાં કમનીયતા આવે છે, તેમ જ એની ગેરહાજરીથી કાવ્ય નાટ્યાદિ 'ને સમસ્ત જગત પણ નીરસ લાગે છે. શૃંગારને સમસ્ત વિશ્વસાહિત્યમાં જ વ્યાપકતાથી બહલાવવામાં આવ્યો છે. એ દ્રષ્ટિએ તેને રસરાજ પણ કહેવામાં આવે છે. રસશાસ્ત્રીઓએ પણ તેને આદિમરસ કહ્યો છે. રસોમાં શૃંગારનું સ્થાન સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ પ્રથમ છે અને એનું આનંદદાયિત્વ અજોડ સર્વોચ્ચ છે. જે રસ દ્વારા સ્ત્રી-પુરુષ, નાયક-નાયિકાનો પ્રેમ વ્યક્ત થાય છે, કામોદ્દીપન થાય છે, તેને શૃંગારરસ કહેવામાં આવે છે. આ રસના અધિષ્ઠાતા દેવ શ્રીકૃષ્ણ અને કારણરૂપ રતિ અથવા અનુરાગ છે. આ રસનો રંગ શ્યામ કલ્પ્યો છે. કામનો ઉદ્‌ભવ એટલે શૃંગ અને એના આગમનનો હેતુ એટલે શૃંગાર. ભરતમુનિ શૃંગાર વિશે કહે છે કે, 'જે કાંઇ શુચિ મૈષ્ય ઉજ્જવળ, દર્શનીય હોય તેને શૃંગાર કહી શકાય.' ભટ્ટાચાર્યના મતે શૃંગારના બે ભેદ છે. (૧) સંભોગ અથવા સંયોગ શૃંગાર અને વિપ્રલંભ શૃંગાર. આમાંના પ્રથમ સંભોગના પરે રૂપરાવલોકન, આલિંગન, અધરપાન, પરિચુંબન ભેદો છે.જેમાં નાયિકાએ અને નાયકે પ્રેમનો પ્રારંભ કર્યો હોય તેને નાયિકારબ્ધ અને નાયકારબ્ધ એમ બે પ્રભેદો પણ છે. માનવજીવનના પુરુષાર્થનું અવલંબન લઈને ભરતમુનિએ અને ભોજ જેવા અલંકારિકોએ ધર્મશૃંગાર, કામશૃંગાર અર્થશૃંગાર અને મોક્ષશૃંગાર એવું પણ વર્ગીકરણ કર્યું છે. આમાં એક પત્નીવ્રતવાળા ગૃહસ્થને ધર્મશૃંગાર, ઉદયનનાં પદ્માવતી સાથેના લગ્ન અથવા વૈરાગ્યગમનથી તંદુરસ્તી અને ધનનો નાશ થશે એવા ઇરાદાથી પોતાની પત્ની પ્રત્યે દાખવેલા પ્રેમને અર્થશૃંગાર, ઉદયન જેવા પ્રણસી અથવા અગ્નિવર્ણ જેવા લંપટના પ્રેમને કામશૃંગાર અને જેમાં ગૃહસ્થ પોતાની પતિવ્રતા સ્ત્રી સાથે મોક્ષની આકાંક્ષાથી પ્રેરાઈને પ્રેમ કરે છે તેને મોક્ષશૃંગાર કહેવામાં આવે છે. આ વર્ગીકરણને અન્ય રસ મીમાંસકોએ સ્વીકાર્યું જણાતું નથી. એક માન્યતાનુસાર વિપ્રલંભ વિના સંભોગ ખીલી શક્તો નથી. કુમારસંભવમાં શિવ અને પાર્વતીના અભિભાષ વિપ્રલંબ પછી નિરૂપાયેલો સંભોગ સુપુષ્ટ અને સુરુચિપૂર્ણ બન્યો છે. શૃંગારરસનું સુંદર, સફળ અને સુરુચિપૂર્ણ નિરૂપણ કવિ કાલિદાસે મેઘદૂત અને શાકુંતલમાં, ભવભૂતિએ માલતીમાધવમાં, ભાસે સ્વપ્નવાસદત્તમાં, હર્ષે રત્નાવલિમાં, બાણભટ્ટે કાદંબરીમાં, શુદ્રકે મુચ્છકટિમાં, જયદેવે ગીતગોવિંદમાં, અશ્વઘોષનું સૌન્દરનંદ ઘટકર્પ કાવ્ય, પ્રાકૃતકવિ સતસઈ (સપ્તશતી, બિલ્હણનું ચૌરપંચાશિકામાં, અમરુકવિના અમરુશતકમાં, ગોવર્ધનનું આર્યા સપ્તશતીમાં, ભર્તૃહરિના શૃંગારશતકમાં, જગન્નાથના ભામિની વિલાસમાં, રુદ્રભટના શૃંગાર તિલકમાં, હરિહર પંડિતના કામશાસ્ત્રના ગ્રંથમાં, શૃંગાર પ્રકાશ ગ્રંથમાં, આ બધામાં ભિન્ન ભિન્ન દ્રષ્ટિકોણથી

લક્ષ્મણ પિંગળશીભાઈ **ગઢવી**

VENUE 82

2 & 3 bhk inspired living
and retail spaces

7984917499
9825054838

www.venue82.com

Site Address :Venue 82, Nr. Shilaj Cross Road, S.P. Ring Road, Shilaj, Ahmedabad - 380058

RERA REG. NO.: **PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/MAA08370/220421** | www.gujrera.gujarat.gov.in

શૃંગારરસનું આલેખન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ચારણી સાહિત્યના, ગુજરાતી સાહિત્યનાં કાવ્યો, છંદો, દોહાઓ, કવિતાઓ, સવૈયાઓમાં, લોકસાહિત્યની લોકકથાઓમાં, લોકગીત, દુહાઓમાં, લગ્નગીત, પદ, ભજનો આદિમાં અછોવતે શૃંગારરસનું આલેખન કરવામાં આવ્યું છે. શૃંગાર મનમાં ઉત્પન્ન થતો રસ કે આનંદ શૃંગરૂપ હોવાથી તેને દરેક કવિઓએ પ્રાધાન્ય આપ્યું છે. પ્રેમરતિના વર્ણનથી ઉપજતો ઉલ્લાસ, પ્રેમ, આનંદ, રાજીપો માનવને મદોમસ્ત બનાવી દે છે. પ્રેમનો આનંદ, ઉલ્લાસ અદ્‌ભુત, અવર્ણનીય 'ને અર્વચનીય હોય છે. મૂંગા માણસને સ્વપ્નું આવે ને તે ન વર્ણવી શકે તેમ પ્રેમનો અનુભવ અકથ્ય હોય છે.

પ્રેમના ઉલટે પૂર, તર્યે અણતારું આઘા રીયે,
પણ તરીઆ તાગ લીએ, ભમરિયું વીંધીને ભૂદરા.

(ભૂદરજી જોષી)

કવિ કહે છે કે નદીના પૂરને પાર કરવું હોય તો જેને તરતા આવડતું હોય એ જ એમાં પડી શકે. અન્ય કોઈનું કામ નહીં. જે પ્રેમમય હોય, પ્રેમને ઓળખ્યો છે ઈ જ આ પ્રેમના પાણીનો તાગ લઈ શકે. ગમે તેવા વમળો વીંધીને પણ સાચો પ્રેમી લક્ષ્યાંકે પહોંચી શકે છે.

ભર્તૃહરિના શૃંગારશતકમાં યૌવનની મનોવૃત્તિ અને કામાસક્તપણાનું વર્ણન મુખ્યત્વે આપવામાં આવ્યું છે. શૃંગારશતકમાં સ્ત્રીસૌન્દર્ય, તેઓની પ્રકૃતિ-મનોવૃત્તિ, તેઓની દેહચેષ્ટાઓ હાવભાવ તથા વ્યક્તિના મનમાં તેની કેવી અસર ઉત્પન્ન થાય છે તે સર્વે શ્લોકોમાં વર્ણવેલ છે. આ સાથે દરેક ઋતુઓનું વર્ણન આપવામાં આવેલ છે. ભર્તૃહરિશતકમાં એ પણ વિષય આપવામાં આવેલ છે કે સૌથી મજબૂત, બળવાન દ્રઢ અંતઃકરણવાળા પુરુષને પણ સ્ત્રીના સૌન્દર્યની કેવી અસર થાય છે અને કામના બાણનો ભોગ કેવી રીતે થઈ શકે છે તે બાબતનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કેટલાક દ્રઢ મનોબળવાળો શક્તિશાળી શીલવંતો માનવી નૈનો બાણથી વીંધાતા ન હોય અને સ્ત્રીને તિરસ્કારથી જુએ છે તે બાબતને પણ દર્શાવી છે. જે માણસ સ્ત્રીથી કદાપિ વીંધાતો નથી તેના શૃંગારરસની વિગતો આ શૃંગારશતકમાં આપવામાં આવી છે. ભર્તૃહરિનું શૃંગારશતક વર્ષોથી લોકપ્રિય અદ્‌ભુત પુસ્તક છે.

રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશના ચારણોએ સાહિત્યક્ષેત્રે જે બહુમૂલ્ય પ્રદાન કર્યું છે તેને ચારણી સાહિત્ય, ચારણ સાહિત્ય, ચારણવાણી, ચારણ કાવ્ય, વીરગાથાકાલ એવા જુદા નામથી

ઓળખવામાં આવે છે. ચારણ સાહિત્ય જે ભાષામાં શબ્દસ્થ થયું છે તેને ડિંગળી કે ડિંગલી કહેવામાં આવે છે. તેથી ડિંગલ સાહિત્ય તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ડિંગલી સાહિત્ય ચારણી સાહિત્યમાં ચારણેતર જ્ઞાતિઓના સર્જકોએ પણ સર્જન કર્યું છે, ચારણ સાહિત્યમાં શૃંગાર વિષયક અનેકવિધ રચનાઓ મળી આવે છે. ચારણી સાહિત્યમાં શૃંગાર સંયમશીલ, મર્યાદાશીલ છે એટલે જ રાજા, મહારાજાઓ રાણીવાસમાં રાણીઓને પ્રેમાનંદના ઓખાહરણને બદલ ચારણ કવિ લાંગીદાસ મહેડુ રચિત ઓખાહરણ વાંચવાનો આગ્રહ રાખતા.

પવત્ર સત્રી પીઢ હે કેળિપત્રી
ચવા વેણ નંગ લઘ વેળ ચત્રી
વદનં વદાં ચદ્ર કોકલ વિણી
નકં દીપન સગહે મ્રગાનિળી

ઓખાહરણ - લાંગીદાસ મહેડુ

પવિત્ર અને ઉત્તમ સુંદરીની પીઠ કેળના પાન સમાન હતી, એની વેણીને હું નાગ અને નાની વેણી નાગના બચ્ચા કહીશ, એનું મુખ ચંદ્ર સમાન અને વાણી કોયલ સમાન વદીશ. નાક દીપશિખા અને નયનો મૃગનાં નેત્રો જેવા છે. ચારણી સાહિત્યમાં સ્ત્રીના સોળ શણગાર આ પ્રમાણે આપવામાં આવ્યા છે.

સ્નાન અભ્યંગ ને ચાતુરી કંકણ કાજળ સાર,
નેપૂર નક વૈશર અને પુષ્પ હાર નિરધાર,
તાંબૂલ ચોળી ચાંદલો, શિયળ ચીર અલંકાર
કર્ણ ભૂષણ કટી મેખલા એ સોળે શણગાર

પુરુષના સોળ શણગાર આ પ્રમાણે છે.

વસ્ત્ર વીંટી પાઘડી હાર તિલક હથિયાર,
કુંડળ કટી વસ્ત્રવળી તાંબૂલ સુમન સુધાર
કામકળા ને ચાતુરી વિદ્યા શિયળ સાર
ઉપાન ધારણ ક્ષૌર એ સોળ પુરુષ શૃંગાર

ચારણી સાહિત્યના મતે સૌંદર્યશીલ નારી સાથે પ્રેમ ન કર્યો હોય તો આ દેહ વ્યર્થ છે.

સુબરન બદનમેં મુખ હુલાસ મદનમેં,
કલીકુંદ રદનમેં તેવી મૃગ નારી હે,
અધર બીંબ લાલન મેં હેમ કર જ્યું ભાલન મેં,
બાલ શ્યામ બ્યાલનમેં હંસ હુશિયારી હે,
શેર કરી લંકનમેં કોકીલા સો કંઠન મેં,
રંભ થંભ જઘનમેં રંજન મનવારી હે,
લીલો ભનંત નારી એવી ગુનવારી સંગ,
નેહના કીયા તો યા દેહ વૃથા ધારી હે.

(પ્રસ્તાવિક પિંગલ કાવ્ય)

ચારણ મહાત્મા સ્વામી સ્વરૂપદાસજી દેથા કૃત પાંડવ યશેન્દું ચંદ્રિકામાં દ્રૌપદીના સ્વયંવરમાં તેનું વર્ણન આ રીતે કરે છે.

કવિત

ષોડસ વરષ કી હૈ ગતિ થકે હંસ કી સી,
કટી ભૂખે સિંહકી હૈ બાની રિષિ બીન કી,
ઇન્દિરા સી આભા જાકી મૃદુતાઈ કિસલૈ કી,
શીલતા ભવાની કી સી નૈન દ્યુતિ મીન કી,
સુરભી વસંત કી સી ભેજન પ્રમાન ચલૈ,
વિદ્યા સરસ્વતી કી સી આગમ અધીન કી,
દુપદ કી કન્યા રંગ ભૂ પ્રવેશ કીનો,
ઐસી નાહિં અન્યા બાની ભઈ લોકતીન કી.

Gymnasium & Health Center

Toddler's Day Care Center

Banquet Hall with Kitchen

Basketball Court

Indoor Sports Complex

Swimming Pool & Splash Pool

Box Cricket

Children Play Area

Indoor Badminton Court

Well landscaped Garden

SWATI

PARKSIDE

3 & 4 BHK SPACIOUS APARTMENTS
IN APPLEWOODS AT SHELA.

8000 58 5555 | SWATIPROCON.COM

GUJRERA.GUJARAT.GOV.IN PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/RAA06978/110520

કવિ કહે છે, દ્રુપદ-કન્યા માત્ર સોળ વર્ષની વયની છે. તેની ચાલ થાકેલા હંસ જેવી ધીમી છે; તેની કટિ ભૂખ્યા સિંહ જેવી પાતળી છે. વાણી નારદઋષિની વીણા જેવી સુમધુર છે. જેની શોભા લક્ષ્મીવત જેવી છે. નવા કોપલ સમાન એનાં અંગોની કોમળતા છે, તેમ જ શીલત્વ પાર્વતી સમાન છે. તેની આંખો મીન સમાન અને દેહગંધ વસંતઋતુ જેવી સુવાસવાળી છે. જેની વિદ્યા સરસ્વતીની સમકક્ષ અને સર્વ શાસ્ત્રોમાં પ્રવીણ છે. આવી દ્રૌપદી જેવી કોઈ પણ નારી નથી, તેના જેવી એક અકેલી જ છે.

રાજકવિ જશુરામ વરસડા નારી સૌન્દર્યને આ રીતે વ્યક્ત કરે છે.

મદ્ય નિઅણ, કોકિલ વિઅણ, કટી કેસરિયા લંક,
ગતિ ગજરાજાં છકીઆ, ભૃહ કબાંણા બંક,
ભ્રોહા કબાંણા બંક કે તલક કેસરાં;
નક ચૂડા રી ચયં કે, ચિર ગિન નસ બેસરાં,
દેહી કુંદણ ખંભ અપછર દેહીઆં,
સોમાણે અવિસાહં ત્રીઆં સ્નેહીઓ.

મૃગનયની, કોકિલ કંઠી સિંહણ જેવી સુંદર કેડ્યવાળી મદોન્મત હાથી જેવી મસ્ત ચાલવાળી ધનુષ્ય બાણ જેવા બંકિમ નેણવાળી કપાળે કેસરની પિયળવાળી, પોપટની ચાંચ જેવા નાકવાળી સુંદર આભૂષણો ધારણ કરેલી સુવર્ણ સ્તંભ જેવી અને અપ્સરા સમાન દેહાકૃતિ ધરાવનારી નારી રાજા શિવસિંહને પ્રેમપૂર્વક મળે છે.

રાજકવિ પિંગળશીભાઈ નરેલા ત્રિભંગી છંદમાં કારતક મહિનાનું વર્ણન આ રીતે કરે છે.

કહું માસ કાતી તિય મદમાતી દીપ લગાતી રંગરાતી,
મંદિર મહેલાતી સખે સુહાતી મેં ડર ખાતી ઝઝકાતી,
બિરહે જલ જાતી નીંદ ન આતી લખી ન પાતી મોરારિ
કહે રાધે પ્યારી હું બલિહારી ગોકુલ આવો ગિરધારી.

કારતક માસમાં સ્ત્રીઓ મદમસ્ત અને રંગે લાલઘૂમ બની છે. દીવડા પ્રગટાવે છે. મંદિર મહેલ બધાં જ શોભી ઊઠે છે, પરંતુ હું ડરની મારી ચમકું છું, કૃષ્ણ વિરહમાં બળી રહી છું, નિદ્રા આવતી નથી. હે મોરારિ! બધું લખી પણ શકતી નથી! હે ગિરિધારી કૃષ્ણ! તમે જલ્દી ગોકુલ પધારો. તમારી પ્યારી રાધા તમારા ઉપર બલિહારી છે.

મિલન રાત્રિના શૃંગારના મરજાદવાળા દોહાઓ માણવા જેવા છે.

પહેલો પહોરો રેનરો દીવડા ઝાકમઝોળ,
પિયુ કંટાળો કેવડો ધણ્ય કંકુની લોળ.
બીજો પહોરો રેનરો વધિયા નેહ સ્નેહ,
ધણ્ય ત્યાં ધરતી હો રહી પિયુ અષાઢો મેહ.
ત્રીજો પહોરો રેનરો દીવડા સાખ ભરે,
ધણ્ય જીતી પિયુ હારિયો રાખ્યો હાર કરે.
ચોથો પહોરો રેનરો બોલ્યા કુકડ-કાગ,
ધણ્ય સંભાળે કંચવો, પિયુ સંતાળે પાઘ.

નાયિકા નાગમદે તેના પ્રેમીને સામી મીટ માટ માંડવાનું કહે છે.

સામવિયું સગા મીટું કાં માંડો નહિ,
વઢીએ તો વાળા, નેણ ઝડાકે નાગડા

હે નાગ સામ સામી મીટ માંડો તો નયનોની ઝાપટો લગાવી લગાવીને આપણે લડાઈ કરી લઈએ.

પાગ બેડી પેરીએ, હાથે હડકલાં હોય,
(પણ) નાગડા નેવળ નોય આંખ્યું કેરે ઓડડે.

બેડી પગમાં હોઈ શકે, હાથે હાથકડી બંધાય, પરંતુ આંખોને પરહેજ કરવાનું કોઈ બંધન હોઈ શકતું નથી.

ગુજરાતી સાહિત્યમાં વિપુલ માત્રામાં શૃંગારરસનું સાહિત્ય રચાયેલું છે.

રાધાજી ગોકુળ ગામથી રાતે રમવા નીકળે છે. ચકોરી પક્ષી ચંદ્ર સામે ને સામે જોઈને ચંદ્રની સાથે ફર્યા કરે છે. રાધાજી રમવા નીકળતાં

આ અઠવાડિયાની

દસ બેસ્ટ સેલર બુક્સ

"અભિયાન"ના વાચકો માટે ખાસ ઓફર

આ કૂપન બતાવો અને દરેક પુસ્તક ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ મેળવો

બહારગામ વી.પી.પી.થી પુસ્તકો મોકલી આપીશું. • ફોન ઉપર ઓર્ડર સ્વીકાર્ય

બૉલિવૂડમાં ગુજરાતીઓ	: બૉલિવુડમાં પોતીની ઓળખ સ્થાપિત કરનારા ૧૧૦ ગુજરાતીઓની રસપ્રદ વાતો	હરીશ રઘુવંશી	₹ ૫૦૦.૦૦
કાઠિવાડની રસધાર	: લેટેસ્ટ બુક ૨૦૨૧ એડીશન	ડૉ. પ્રદ્યુમ્ન ખાચર	₹ ૪૦૦.૦૦
આદર્શ એકાંકી	: એ ક્લેકશન ઓફ એકાંકીશ	સતીષ વ્યાસ	₹ ૨૧૫.૦૦
આનંદનો વંટોળ	: શતાધિક જૈન-અજૈન કથાઓનો ઉત્તમ ગ્રંથ	આચાર્ય વાત્સલ્યદીપસૂરિજી	₹ ૩૫૦.૦૦
ધર્મનું ધન!	: શતાધિક જૈન-અજૈન કથાઓનો ઉત્તમ ગ્રંથ	આચાર્ય વાત્સલ્યદીપસૂરિજી	₹ ૩૫૦.૦૦
વાર્તાસંપુટ	: ૧૫૧ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ	ધીરૂબહેન પટેલ	₹ ૮૦૦.૦૦
વાર્તા વિહાર	: ૬૬ નવોદિત અને નીવડેલી લેખિકાઓનો વાર્તાસંગ્રહ	ધીરૂબહેન પટેલ	₹ ૪૫૦.૦૦
સર્જનની સંવેદના	: સ્ટોરીટેલિંગ ફોર્મેટમાં લખેલી હ્યુમન સ્ટોરીઝ	ડૉ. મૌલીન શાહ	₹ ૨૫૦.૦૦
ધ સાયકોલોજી ઓફ મની	: નાણાં માટેનો ખરો દ્રષ્ટિકોણ!	મોર્ગન હાઉઝેલ	₹ ૨૫૦.૦૦
શ્રી ભર્તૃહરિ કૃત વિજ્ઞાનશતક, વૈરાગ્યશતક, શૃંગારશતક, નીતિશતક (૪ બુક સાથે)		શ્રી ભર્તૃહરિ	₹ ૨૦૦.૦૦

નટરાજ બુક સેન્ટર : ૧૦, નેશનલ ચેમ્બર્સ, સિટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ લેન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ વોટ્સએપ : ૦૮૩૪૭૯-૬૧૨૯૯ ફોન નં. ૦૭૯-૨૬૫૮૭૯૩૦

પોકેટ બુક સેન્ટર : અમદાવાદ. ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૦૩૨ Email : natraj1963@gmail.com, www.booksforyou.co.in

bhagwat

altimus

4 BHK

SMART HOMES

7 LIMITED EDITION FLATS

READY POSSESSION

A Home is an emotion

63525 06347 **OFF SINDHUBHAVAN ROAD**

REG NO. : PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/RAA05748/190719

WWW.GUJRERA.GUJARAT.GOV.IN

ચકોરીને શું થાય છે.

પડતું મૂકી આભથી પૂગ્યો
કે બીજો વનરાઈમાં ઊગ્યો
ભરમાણી મુખ જોઈ ચકોરી
કોને કરું પ્યાર.

રમવા ગોકુળ ગામથી રાતે નીકળી રાધાનાર બે ચંદ્રમાને નિરખતાં ચકોરી કોને પ્યાર કરે!

હોઠ ગુલાબી કાળિયું ભ્રમર
મુખડું ખીલ્યું કુંજ સરોવર
ચુંગવાને ફૂલ પાંખડી જાણી
હંસલા હારો હાર
પ્રેમનો સાગર મઈનો દાણી
જોઈ સરિતા થઈ સમાણી
કાનમાં રાધા કાના રાધાના

રાધાજીના દેહ સૌંદર્યનું સ્વરૂપ બીજું બનાવવા માટે કવિ કહે છે કે:

તારો સુંદર ઘાટ ઘડીને સૃષ્ટા ચિંતવન એ જ કરે,
ક્યાંથી બીજી રાધા સરજુ બીજું ક્યાંક ખોવાઈ ગયું.
કાન તારો ભલેને વાન હોય કાળો,
મારે મન તું દુનિયાભરમાં લાગે છે સૌથી રૂપાળો.

કૃષિજીવનમાં ખેતરમાં પત્ની ભાતું દેવા જાય છે ત્યારે ખેડૂત તેની પત્નીને જોઈ બોલી ઊઠે છે કે:

તું આવે છે સીમમાં જ્યારે માથે લઈને ભાત,
છતે દિવસે લાગતી મુને શરદ પૂનમની રાત.
આજ તો મોડું થઈ ગ્યું જાણી વાંસો વાળી ઘૂંઘટો તાણી,
જીવને લાગ જાન લુંટાણી સીમડી સૂની થાત.

લોકસાહિત્ય એ લોકવાણીનું સાહિત્ય છે, એટલે તેમાં લોક સંસ્કૃતિનું પ્રભુત્વ રહેલું છે. જેટલી લોક સંસ્કૃતિમાં વિવિધતા, વિપુલતા અને વ્યાપકતા છે, તેટલી જ લોકસાહિત્યમાં ભરી પડી છે. જેમ લોકસાહિત્યનો આત્મા લોકજીવન છે, તેમ લોકજીવનનું વિજ્ઞાન



લોકસાહિત્ય છે. લોકસાહિત્ય તો ધરતીના કણે કણમાં પસરાયેલું છે. લોકસાહિત્ય સંઘ સંઘોર્મિ અને સહકારી સાહિત્ય છે. લોકસાહિત્ય શૃંગારરસથી સભર છે. લોકસાહિત્યનાં દરેક સ્વરૂપો પ્રકારો, વિભાગોમાં વિસ્તૃત રીતે પથરાયેલા છે. લોકસાહિત્યનાં વિદ્વાન, તજજ્ઞ શ્રી પુષ્કર ચંદરવાકર લોકસાહિત્યના લોકવાર્તાકાર કવિ પિંગળશીભાઈ ગઢવીના શૃંગારરસ વિશે લખે છે કે, 'શૃંગારરસને જેમ ઘોડાનો સ્વાર લગામને ચોકડા વડે અશ્વને સંયમમાં રાખે છે, તેમ શૃંગારરસ પર તે ખૂબ સંયમ દાખવે છે.' આથી ચારણી સાહિત્યકારોની લોકવાર્તાઓમાં, કૃતિઓમાં સંયમ શૃંગારના, મર્યાદાશીલ શૃંગારનાં દર્શન થાય છે. 'માલવો ને નાયકો જે સંયમને પિંગળશીભાઈ જાળવી શક્યા છે તે મેઘાણી ન જાળવી શકત.

લોકસાહિત્યના શૃંગારરસમાં નાયિકાભેદ વર્ણવાયો છે. નાયિકાભેદમાં સ્ત્રીઓના મનોભાવો દર્શાવાતા હોવાથી આંતરરાષ્ટ્રીય કક્ષાનો એ વિષય બની જાય છે. સંસ્કૃતમાં મહાકવિ વાત્સ્યાયનનો નાયિકાભેદ નામનો ગ્રંથ આ વિષયમાં પ્રમાણભૂત મનાય છે. લોકસાહિત્યમાં નાયિકાભેદનાં ઉદાહરણો સવિશેષ માત્રામાં મળે છે. પરપુરુષ સાથે પ્રેમ રાખનારી નાયિકાને પરકીયા; વર્તમાન, ભૂત ભવિષ્યની રતિકેલીને સંતાડનારી નાયિકાને ગુપ્તા; કોઈ પણ બહાનું બતાવીને પોતાના ચારને, પ્રેમીને જુએ, મળે કે સાંભળે તેવી નાયિકાને વિદગ્ધા, અનુશયા એટલે પિતૃ ગૃહે કોઈની સાથે પ્રેમ હોય તો એ કારણોસર સાસરેથી પાછી માવતરે ચાલી આવે તેને અનુશયા; પૈસાથી કે કિંમતી ચીજ-વસ્તુ લઈને પ્રેમ કરનારી નાયિકાને સામાન્યા; પરદેશ ગયેલા પતિના વિયોગમાં ઝૂરતી નાયિકાને પ્રોષિતપતિકા, પોતાના પતિ પરસ્ત્રીગમન કરી આવ્યા હોય છતાં જે સહન કરી લ્યે તેવી નાયિકાને ખંડિતા; જેના ઉપર દગો થયો હોય તો તેવી નાયિકાને વિપ્રલબ્ધા, પતિ પોતાના વશમાં, હુકમમાં હોય છતાં તે પતિને બહુ વહાલી લાગતી હોય તેવી નાયિકાને સ્વાધીનપતિકા, આ રીતે નાયિકાભેદો શાસ્ત્રોકારે બતાવ્યા છે.

શૃંગારરસનાં લોકગીતનાં ઉદાહરણો

સાસુ ઘાટ અનોપમ લાવે
રતિ વહુવારુ ને પ્હેરાવે
રતિ રૂપે દીસ રતનાળી
ગોફણ લે છે હીરની જાળી
રતિ રૂપ દીસે છે રંભા
તેમને જોવા મળ્યા છે બ્રહ્મા.

•

જોબનિયું આજ આવ્યું ને કાલે જાશે,
જોબનિયું કાલે જાતું રે'શે
જોબનિયાને હાથની હથેળીમાં રાખો...જોબનિયું
જોબનિયાને પગ કેરી પાનિયુમાં રાખો...જોબનિયું
કુંજલડી રે સંદેશો અમારો જઈને વાલમને કે'જો જી રે!
પ્રીતકાંઠાના અમે પંખીડા પ્રીતમ સાગર વિણ સૂના જી રે

•

મેંદી તે વાવી માળવે એનો રંગ ગિયો ગુજરાત
મેંદી રંગ લાગ્યો રે
નાનો દિયરિયો લાડકો, કાંઈ લાવ્યો મેંદીનો છોડ.

•

ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ! ચાંદો ઊગ્યો ચોકમાં
એ લેરીડા! હરણ્યું આથમ્યું રે હાલાર શે'રમાં અરજણિયા!
ઝાપે તારી ઝૂંપડી ઘાયલ! રે ઝાપે તારી ઝૂંપડી

PINNACLE-II

हिमालया MAINLAND INFRACON

2 & 3 BHK @ CHANDKHEDA

70-461-767-70

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/MAA07733/021220

એ લેરીડા! આવતા જાતાંનો
નેડો લાગ્યો રે, અરજણિયા!

●

મારી શેરીએથી કાન કુંવર આવતા રે
લોલ
મુખેથી મોરલી બજાવતા રે લોલ
હું તો ઝબકીને જોવા નીસરી રે લોલ
ઓઢ્યા ના અંબર વીસરી રે લોલ.

મૃત્યુ પછીય એ પ્રેમી-યુગલ પ્રેમ-વિરહ ચાલુ રહ્યો હોય, પ્રેત સૃષ્ટિમાં પ્રવેશીને પ્રેમિકા એના પ્રેમીની પાછળ ઝૂરતી, રઝળતી વિરહણી રહી હોય ને છકડિયા દોહાઓમાં એમના અદ્‌ભુત પ્રેમને વર્ણવતી હોઈ એવી અદ્‌ભુત રસિક કથા 'ચૂડ વિજોગણની' શૃંગારરસમાં ભાવસૃષ્ટિનું અદ્‌ભુત આલેખન વ્યક્ત કરે છે.

રિયો તો સજણા રાખીએ, કરીએ હથેલીની છાયા!
કલેજા કાઢીને કરીએ પથારિયું સોંપી દઈને કાયા
સોંપી દઈએ કાય તે જાણીએ
વાલા સજણની સેજની માણ રે
કરવી પ્રીત રાખવી માયા, રિયા તો સજણ રાખિયે;
કરિયે હથેલીમાં છાયા

●

મરજો દગાળા માનવી, વિશ્વાસે વેડ્યાં;
પહેલી લગાડી પ્રીતડી પછી શિખરથી પછાડ્યા;
શિખરથી પછાડ્યા તમે સજણા,
પાથરિયા પ્રાણ, તો'ય રિયા નગણા,
'ચૂડ' કહે એવા ગળિયલ મનખથી છોડવા છેડા
મરજો દગાળા માનવી વિશ્વાસે વેઠ્યા.

આ દગાખોર પ્રણયની વાત ઉત્કટ ઉપલંભથી કહેવાઈ છે.

દુહો એ ચારણી સાહિત્ય 'ને લોકસાહિત્યનું અણુકાવ્ય છે. દુહો દશમો 'વેદ' પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે કેઃ લોકસાહિત્યના ઘૂળધોયા, જેની આંગળીઓનાં ટેરવાં અડ્યે લોકજીવનને સાહિત્યના જંતરના તારે રણઝણી ઊઠતા ઈ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી એમની નોંધમાં લખે છે કે ભાઈ! એક એક દુહાનો મર્મ પારખવા પાછળ મેં એક એક કળશીઓ આંસુ પાડ્યા છે.

-આ આંસુ કોઈ કાયરની આંખ્યનાં નહીં, એક મર્મીલા સાચા ઝવેરીની આંખ્યનાં આંસુ... હા! દુહો એટલે? દુહો તો છે પરણેતરની ઘૂઘરિયાળા પાનેતર જેવો. શૂરવીરના હાથમાં શોભતી તેજીલી તલવાર જેવો, કોઈ જોગંધરની ધૂણીમાં સળગતી આગ્ય જેવો, કોઈ ભજનિકના હાથમાં વાગતા તંબુર જેવો, વાલા સાજણ માટે કસૂંબે ઘૂંટલે આંખડિયું જેવો... તખ્તદાન રોહડિયા, (દાન અલગારી)

રાખત મો મન, લોહ સમ, પારી પ્રેમ ઘન ટોરી
બિરહ અગનમેં તાઈકે, નૈન નીરમેં બારી

વિરહી દોહામાં કહે છે, મારા જીવને, મનને લોઢાને જેમ લુહાર જાળવે છે એમ પ્રેમ જાળવે છે. પ્રેમથી પાળે છે. લુહાર જેમ લોઢાને ઘડીકમાં અગ્નિમાં તપાવે છે ને ઘડીકમાં પાણીમાં બોળીને ઠંડું કરે છે, તેમ વિરહનો અગ્નિ કાયમ મનને બાળ્યે રાખે છે. નયનના નીર એ કાયમ બળતા વિરહને ટાઢો કરતો રહે છે ને આમ પ્રેમ પળાય છે.

ટાંકા લઈ તુલી લીયો પડદા પાપણ્યના,
જેવી અખંડ અખિયામાં, સ્વપ્ના સંઘરી સાજણના

પ્રીતમના સંભારણા કાયમી અખંડ જળવાઈ રહે માટે પાપણ્યના પડદા સીવી લેવાનું સૂચન કરે છે.

સજણ તમારી શેરીએ, ગળીને ખાતર થિયાં,
હેતુ હતા ઈ હાલ્ય ગયા ઘાયલ ઘીરે રિયાં.

પ્રેમીઓ જ્યાં ખાતર થયાં ત્યાં વિરહીઓ ઘાયલ થઈને ઘરે રહેશે, હેતવાળા માણસો તો હાલ્યા ગયા છે. ઘાયલ રહી ગયા છે.

બાધી જુએ બજાર, પ્રીતમ તમણી પાઘને
અમણી કી અભાગ્ય ઘમળના ઢાલુ દીઓ.

આખી બજાર સૌન્દયસભર પ્રિયતમને જોઈ રહે છે. પ્રેમિકાને જોઈ મોઢા આડી ઢાલ રાખી મોઢું સંતાડી રાખે છે, કારણ કે બંનેની પ્રીતને કોઈ જાણી ન જાય, પ્રેમની આ મરજાદ છે, પ્રેમિકા પોતાને અભાગ માને છે. તેના હૈયામાં ઠેસ પહોંચે છે.

સાજણ સપનામાં આવીઆ, આવી ઉરે ભરાવી બાથ,
જોગીને જોઉં તો જાતા રીયા, પલંગે પછાડું હાથ
આજ સખી મેં યું સૂણ્યો, પો ફાટે પિયુ ગૌણ
પો અરુ હિવડે હોડ હુઈ, પહેલા ફાટે કોણ.

પ્રીતઘેલી નાયિકા વહેલા પહોરે હોડ બકે છે. તેનો પ્રિયતમ વહેલા પહોરે પરદેશ જવાનો છે, તે પ્રાગટ્યના પહોર ફાટ્યે જાય છે કે તે પહેલાં, મારું હૈયું પેલાં ફાટે છે. આજે ભલે પ્રીતમના પારખા થઈ જાય.

લોકવાર્તાઓમાં શૃંગારરસ વિશેષઃ પ્રિયતમનો જોવા મળે છે. લોકવાર્તાઓમાં નાયિકાનું સ્વરૂપ વર્ણન આ રીતે કરવામાં આવે છે.

એવી હામકામ લોચના, ત્રાઠી મૃગલી જેવા નેણ, ભૂખી સિંહણ જેવો કડ્યનો લાંક, ઊગતો આંબો, રાણ્યનો કોળાંબો, બહારવટિયાની બરછી, હોળીની ઝાળ, પૂનમનો ચંદ્રમા જૂની વાડ્યનો ભડકો 'ને ભાદરવાનો તડકો.

સકેલી નખમાં સમાય, ઉડાડી આભમાં જાય, ઉગમણા વા વાય તો આથમણી નમે, આથમણા વાય તો ઉગમણી નમે, ઓતરાદા વાય તો દખણાદી નમે 'ને ચારે દિશામાં વા વાય તો ભાંગીને ભુક્કો થાય. એવા રૂપ લઈને થાળ લઈને સુંદરી પસાર થઈ.

સાજણ આયા હે સખી, જેની જોતાં વાટ,
થાંભા થડકે ઘર હસે, ખેલણ લાખી ખાટ.

સંત કબીર કહે છે કે, 'ભજન ભેદ હૈ ન્યારા' આ ભજનોમાં પણ સૌન્દર્યરસ, શૃંગારરસ છલકાતો જોવા મળે છે.

પ્રેમની પ્રેમની પ્રેમની રે મુંને લાગી કટારી પ્રેમની
હેરી મેં તો પ્રેમ દીવાની મેરો દરદ ન જાને કોઈ

- મીરાંબાઈ

સંત દાસી જીવણ સાહેબ પ્રેમ માટે કહે છે કે,

મારા પરમ પ્રિયતમનો વિરહ, વ્યથા-વેદના-પ્રેમ-વિયોગ અવર્ણનીય છે. પરમતત્ત્વને પામવા પ્રેમિકા બનવું પડે છે. પ્રેમ એ જ પરમાત્મા છે. પ્રેમગલી અતિ સાંકડી છે, એટલે એને પામવા એમાં એકાકાર થવા અભ્યાસ કરવો પડે છે. શૃંગાર વિશેનું સાહિત્ય તો ઢગલાબંધ છે, પરંતુ લેખના પાનાની મર્યાદાને કારણે આટલા જથી અટકવું પડે છે. ■

લોકસાહિત્યના શૃંગારરસમાં નાયિકાભેદ વર્ણવાયો છે. નાયિકાભેદમાં સ્ત્રીઓના મનોભાવો દર્શાવાતા હોવાથી આંતરરાષ્ટ્રીય કક્ષાનો એ વિષય બની જાય છે

SUN

BUILDING · COMMUNITIES

SMALL
TO
LARGE
AND EVERYTHING
IN-BETWEEN

MULTIPLE ONGOING PROJECTS.
VARIOUS CATEGORIES.

PREMIUM RESIDENTIAL • LUXURY HOMES • AFFORDABLE HOMES
PLOTTED DEVELOPMENT & WEEKEND HOMES • RETAIL & OFFICE SEGMENTS

sunbuilders.in

શૃંગારનું સાચું રહસ્ય તો આયુર્વેદમાં છે, એ વાત 'શહનાઝ હુસૈને' પુનઃ પ્રસ્થાપિત કરી

શહનાઝના જીવનમાં આવેલો બ્યુટી-ટર્ન પણ એકદમ રોમાંચક છે. દિલ્હી ખાતે એક દિવસ શહનાઝ હુસૈનના હાથમાં એક બ્યુટી સ્કૂલની જાહેરાતનું નાનકડું કટિંગ આવ્યું અને એ નાનકડા કટિંગે વિશ્વને શહનાઝ હુસૈનનો પરિચય કરાવ્યો.

શૃંગાર એ વ્યક્તિત્વનો એક વિશેષ ભાગ છે. એમાંય જ્યારે વાત સ્ત્રીની હોય ત્યારે તો આ બાબત અત્યંત મહત્ત્વપૂર્ણ બની જાય છે, પણ જો એમાં એ સ્ત્રી પોતે જ શૃંગાર પ્રત્યે વિશેષ જાગૃત હોય તો શૃંગાર એ રસ અને કળા બેયને અતિક્રમી જતો હોય એવું લાગે. શહનાઝ બેગ એક એવું જ નામ છે જેને આપણે શહનાઝ હુસૈન તરીકે ઓળખીએ છીએ. એમણે વ્યક્તિગત શૃંગાર પ્રત્યેની સજાગતા અને સજ્જતાને સમષ્ટિ સુધી પહોંચાડી અને દેશવિદેશમાં ભારતની પ્રાચીન સભ્યતાના અણમોલ રહસ્યને નવા જમાનાની જરૂરિયાત મુજબ ફરીથી વ્યવહારમાં લાવી મૂક્યું.

કાશ્યપી **મહા**

શહનાઝ હુસૈનનો જન્મ એક પારંપરિક મુસ્લિમ પરિવારમાં થયો હતો. શહનાઝ હુસૈનના પિતા નસીરુલ્લાહ બેગ, હૈદ્રાબાદના ચીફ જસ્ટિસના પુત્ર હતા અને માતા સઈદા બેગમ હૈદ્રાબાદના આર્મી કમાન્ડર ઇન ચીફની પુત્રી હતા. હૈદ્રાબાદના નિઝામ દ્વારા આ સંબંધ રચાયો હતો. બેગ દંપતીના ત્રણ સંતાનોમાં શહનાઝ સૌથી નાની. ૧૪ વર્ષની ઉંમરે નાસિર હુસૈન સાથે વેવિશાળ અને ૧૬ વર્ષની ઉંમરે લગ્ન થઈ ચૂક્યાં હતાં. લગ્નના એક વર્ષ પછી એમની કૂખે પુત્રીનો જન્મ થયો, એ પુત્રી નીલોફર. એના ઘણા વર્ષ પછી પુત્ર સમીરનો જન્મ થયેલો, પરંતુ એક અકસ્માતમાં એનું અવસાન થયું હતું.

નસીરુલ્લાહ એકદમ સ્વતંત્ર મિજાજના માણસ હતા. એટલે એમણે પોતાનાં સંતાનોને એમના જીવન વિશે નિર્ણય કરવા માટે પૂરેપૂરી સ્વાયત્તતા આપી હતી. છતાં જ્યારે નાની ઉંમરમાં શહનાઝનાં લગ્ન થઈ ગયાં અને એના કારણે અભ્યાસ અધૂરો છૂટ્યો ત્યારે પિતાએ મહામૂલી સલાહ આપેલી કે, અત્યારે તું માત્ર ૧૬ વર્ષની છો. અત્યારે એક જ વાત બિલકુલ સાચી છે અને એ છે કે પહેલાં તું પોતાનો અભ્યાસ પૂર્ણ કરે. જેનાથી તું તારા

પોતાના પગ ઉપર ઊભી રહી શકીશ. તારે આત્મનિર્ભર બનવું જોઈશે. આજે દેશભરમાં જ્યારે 'આત્મનિર્ભર' શબ્દ ગુંજી રહ્યો છે, સરકાર પણ એના માટે વિશેષ સવલતો પૂરી પાડી રહી છે ત્યારે સમય કરતાં આગળ જોઈ-વિચારી શકતા નસીરુલ્લાહ જેવા દૂરદ્રષ્ટાની દૂરંદેશીનો ખ્યાલ આપણને આવે છે.

શહનાઝનો શૃંગાર પ્રત્યેનો એક અલગ જ દ્રષ્ટિકોણ છે એ એમના જીવનના કંઈકેટલાય પ્રસંગો પરથી જાણી સમજી શકાય છે. શૃંગારની વાત નીકળે એટલે શહનાઝ હુસૈનની પોતાની એક આગવી શૈલીના શૃંગારની વાત કરવી જ પડે. એમના ઊંચી એડીના શૂઝ-સેન્ડલ, લહેરાતું કાફ્તાન, કોટ, વીંટીઓ અને ઘરેણા, જેની કિંમત શહનાઝ હુસૈનના પહેર્યા પછી ઘણી વધી જતી. ક્યાંય પણ ક્યારેય પણ જતા પહેલાં એ પોતાની જાતને અરીસામાં એક વાર ચોક્કસ જોઈ લેતાં અને પછી પોતાની મંઝિલ તરફ કદમ માંડતા, ત્યારે એમનો આત્મવિશ્વાસ જોવા જેવો રહેતો.

કરિયરના શરૂઆતના તબક્કામાં પોતાની પહેલી નોકરી વિશે શહનાઝનો અનુભવ રોચક હતો. 'નારી કલા મંદિર' નામની એ સંસ્થાની મહિલાઓ નાનાં બાળકોનાં કપડાં તૈયાર કરતી. શહનાઝ હુસૈને ત્યાં કામ માટે અરજી કરી. ડિઝાઇનિંગનો કોર્સ કર્યા વિના આ વિશે તમે વિચારી પણ કેવી રીતે શકો, એવા પ્રશ્નના જવાબમાં શહનાઝ હુસૈને જે જવાબ આપ્યો એ જાણવા જેવો છે. એમણે કહ્યું, કલા સાથે જોડાયેલી દરેક બાબતમાં મને સ્વાભાવિક સમજ છે, પરંતુ તમે એની પરીક્ષા નહીં કરો ત્યાં સુધી તમને એનો ખ્યાલ ક્યાંથી આવશે? કલા ખાતર આવો ગજબનો આત્મવિશ્વાસ જોઈને સંચાલિકા પણ રાજી થયાં. શહનાઝ હુસૈને કામના બદલામાં મળનારા પગારને બદલે પોતાની પુત્રી નિલોફર માટે કપડાં લેવાની સગવડ માગી. 'દુનિયામાં કોઈ પણ ચીજ કરતાં હું મારી પુત્રીને સુંદર કપડાં પહેરાવવાનું વધુ પસંદ કરીશ', આ અભિગમમાં શહનાઝ હુસૈનની શૃંગાર પ્રત્યેની એક વિશિષ્ટ સમજસૂઝ દેખાઈ આવતી હતી.

પછીનાં વર્ષોમાં, જ્યારે પણ સવારે ૪ વાગે ફ્લાઇટ પકડવાની હોય તો એ પહેલાં વાળમાં મહેંદી લગાવીને જ નીકળતાં. એ પણ ઉતાવળે નહીં, પૂરેપૂરી પ્રક્રિયા મુજબ, મહેંદીમાં ભેળવવાના દરેકેદરેક પદાર્થને યોગ્ય પ્રમાણમાં ભેળવીને યોગ્ય રીતે વાળ ઉપર લગાવતાં. આવી નાની-નાની બાબતોમાં રાખેલી ચીવટ એટલા માટે મહત્ત્વની છે, કારણ કે મોટા ભાગના લોકોની એવી ફરિયાદ હોય છે કે અમને તો સમય જ નથી મળતો પોતાની જાત સંભાળવાનો, સારી ટાપટીપ કરવાનો. પરંતુ શહનાઝ હુસૈનની વાત માનીએ તો એ વાત બિલકુલ સાચી છે કે, સમય તો હંમેશાં હોય છે, પણ પોતાની જાતને સુંદર દેખાડવાનું નક્કી કરવું પડે, એ કોઈ કરતું નથી. બસ, એટલું પાક્કું નક્કી કરો અને મંડી પડો.

બ્યુટી કોન્શિયસ હોવા સાથે શહનાઝ હેલ્થ કોન્શિયસ પણ રહ્યાં છે. એટલે શહનાઝ હુસૈનના દિવસની શરૂઆત મધ અને લીંબુ મિશ્રિત હર્બલ ટી પીવા સાથે થતી. સવારના નાસ્તામાં કાચા શાકભાજીનો જ્યૂસ, પપૈયા સફરજન જેવા ફળ લેતાં. એક કલાક યોગ અને ધ્યાન કર્યા પછી પોતાના હેઅર ડ્રેસર અને

જેવી રીતે મનની શાંતિ માટે
જરૂરી છે દર્શન
તેવી જ રીતે કોવિડથી બચવા
જરૂરી છે વેક્સિન
ચાલો તો આજે સૌ સાથે સંકલ્પ કરીએ વેક્સિન લઈએ
અને આપણા પરિવાર અને દેશને સુરક્ષિત કરીએ
વેક્સિન લીધા પછી પણ નીચેની બાબતોનું અચૂક પાલન કરીએ
માસ્ક પહેરીને જ મંદિરમાં જઈએ
બે વ્યક્તિ વચ્ચે ઓછામાં ઓછુ ૬ ફૂટનું અંતર રાખીએ સભા ન કરીએ
સમૂહમાં પ્રાર્થના, ગીત, ભજન
મંદિરમાં કોઈ જગ્યાએ સ્પર્શ ન કરીએ
કોઈપણ જાહેર જગ્યાએ થુંકીએ નહીં
વેક્સિન અવશ્ય લઈએ.
ગુજરાત સરકાર દ્વારા જનહિતાર્થે પ્રસારીત
ધર્મસ્થાનોમાં સોશ્યલ ડિસ્ટન્સિંગનું ચુસ્તપણે પાલન કરીએ
ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
ગુજરાત સરકાર, ગાંધીનગર
www.yatradham.gujarat.gov.in • gpyvb@yahoo.co.in • +91 79 23252468
/gypvb.official

મેકઅપ આર્ટિસ્ટ સાથે તૈયાર થતાં. દિવસના શિડ્યૂલ મુજબ આ બેય સહાયકોની મદદથી એમનો મેકઅપ નક્કી થતો. જો એ દિવસ ફોટો શૂટ કે ટીવી ઇન્ટરવ્યૂ હોય તો એની પણ વિશેષ તૈયારીઓ થતી. મસ્કારા, લાઇનર અને ફાઉન્ડેશનનું એમના સામાનમાં સ્થાન રહ્યું છે. પોતાની કંપનીની કોઈ પણ પ્રોડક્ટ બજારમાં ઉતારતા પહેલાં એ પોતે એનો ઉપયોગ કરતાં. પૂરેપૂરો સંતોષ થાય પછી જ શહનાઝ હુસૈનની લીલીઝંડી મળતી. સામાન્ય રીતે મેકઅપના એક દિવસ પહેલાં શહનાઝ હુસૈન પહેરવાનાં કપડાં પસંદ કરીને નક્કી કરી રાખતાં. દરેક મેકઅપ સાથે એની મેચિંગ એક્સેસરિઝનું શહનાઝ હુસૈનને મન ઘણુ મહત્ત્વ હતું. એમના કલેક્શનમાં મોંઘામાંના ડિઝાઇનર્સ જેમ કે ડિયોર, લાગરફેલ્ડ, રોહિત બલ અને તરુણ તહલિયાનીના વિવિધ રંગી અનેકવિધ ટેક્સચરનાં કપડાં સામેલ રહેતાં.

શહનાઝના જીવનમાં આવેલો બ્યુટી-ટર્ન પણ એકદમ રોમાંચક છે. દિલ્હી ખાતે એક દિવસ શહનાઝ હુસૈનના હાથમાં એક બ્યુટી સ્કૂલની જાહેરાતનું નાનકડું કટિંગ આવ્યું અને એ નાનકડા કટિંગે વિશ્વને શહનાઝ હુસૈનનો પરિચય કરાવ્યો. એક રૂમમાં ચાલતી નાનકડી બ્યુટી સ્કૂલના એક સામાન્ય કોર્સથી શહનાઝ હુસૈનની શૃંગારયાત્રાને એક નવી ઓળખ મળી. એવામાં નાસિર હુસૈનની બદલી તહેરાન ખાતે થઈ. ત્યાંની પ્રખ્યાત ઇન્ટરનેશનલ બ્યુટી સ્કૂલમાં શહનાઝ હુસૈને પ્રવેશ મેળવ્યો. ચાર વર્ષના કોર્સમાં એ ઘણુ શીખ્યા. બ્યુટી કેઅરનો એક વિભાગ, ખિલ, કરચલી, વાળ ખરવા અને ચામડીની અન્ય સમસ્યાઓનું નિવારણ પણ છે, એ વિષયમાં શહનાઝને વધુ દિલચસ્પી હતી. આ સારવાર અને એના પરિણામ માટે ઉપયોગમાં લેવાતી ક્રીમ અને લોશન વિશે પણ એ સજાગ હતાં. એ વિશે વધુ અભ્યાસ માટે કોસ્મેટોલોજીનો અભ્યાસ કરવા ધાર્યો. એની ફી એટલી બધી હતી કે પતિના પગારમાંથી પૂરી ભરી શકાય એમ નહોતી. એટલે શહનાઝ હુસૈને શિક્ષકની નોકરી કરવા ધારી પણ ત્યાં અધૂરો છોડેલો અભ્યાસ અને ન મળેલી ડિગ્રી નડી. આખરે તહેરાન ટિવ્યૂનમાં કામ મળ્યું. નામી-અનામી રીતે, ટાઇપરાઇટર પર આંગળીઓ છોલાઈ જતી ત્યાં સુધી સતત લેખો લખ્યે રાખ્યા અને કોર્સની ખૂટતી ફી ભેગી કરી. લંડનમાં કરેલા અનેકવિધ કોર્સ પછી શહનાઝ હુસૈનના અનુભવ અને કૌશલ્ય બેયમાં ઉમેરો થયો. કેમિકલનાં વિવિધ પરિણામો વિશે પણ હવે એ પૂરતા માહિતગાર બની ચૂક્યા હતા. લંડનથી પરત આવીને તહેરાનમાં એમણે નાનકડું સલૂન ખોલ્યું. પરંતુ પોતાના આ વ્યવસાય માટે એમણે ભારતની પસંદગી ઉતારી અને ભારત પરત ફર્યા.

શહનાઝ હુસૈનને એટલો તો ખ્યાલ આવી ગયો હતો કે દુનિયાભરની નામીઅનામી સ્કૂલોમાં બ્યુટીશિયનનો અભ્યાસ કરી લીધા પછી હજુ એમને એવી કોઈ ચીજવસ્તુની શોધ હતી કે જેના લીધે એમનું કામ જરા હટકર દેખાય. શહનાઝ હુસૈનને વિશ્વાસ હતો કે હર્બલ પ્રોડક્ટ જ એમની ઓળખ બની શકે એમ છે. એવામાં એક દિવસ એમનું ધ્યાન પોતાની માતાના ચહેરા પર ગયું. દેશવિદેશમાં બ્યુટીફિકેશન વિશેના કોર્સ કર્યા પછી શહનાઝનું આ વિષયનું જ્ઞાન, સમજ અને અનુભવ વિકસ્યાં હતાં. જીવનની પાછલી વયે પણ એકદમ ચમકતી, બિલકુલ તાજી હોય એવી ત્વચા જોઈને શહનાઝના આશ્ચર્યનો પાર ન રહ્યો. એમણે પોતાની માતાને આ બાબતનું રહસ્ય પૂછ્યું. પૂછ્યા પછી જે વાત એમણે જાણી એ શહનાઝ માટે એક જાદુઈ કથાથી સહેજે ઊતરતી નહોતી. ક્ષણનો પણ વિલંબ કર્યા વિના, પોતાની માતા પાસેથી શહનાઝે એ રહસ્ય નોંધવાનું શરૂ કર્યું. એ બધી જ ચીજવસ્તુઓની યાદી બનાવી કે જે સઈદા બેગમ ઉપયોગમાં લેતાં હતાં. એમની પાસે હોઠ ફાટી જવા, વાળ ખરી પડવા, ગડગૂમડ ઇત્યાદિ માટેના વિશેષ પ્રયોગ કરવાના નુસખા હતા. એક રેસિપીમાં તો ચોખાની સાથે અન્ય ચાર પદાર્થો ભેળવીને ૪૦ દિવસ સુધી પાણીમાં પલાળીને રાખવામાં આવતા. એનું પાણી અને ગુલાબની પત્તી રોજ બદલાતી. જેના કારણે એક તાજી, ખુશબુદાર ઉત્તમ પ્રોડક્ટ તૈયાર થતી. આજે પણ એ સૂચિમાંથી તૈયાર કરેલા આવી કેટલીક પ્રોડક્ટ એમની કંપનીના બેસ્ટ સેલર છે.

માતાના પ્રયોગ અને એનાં પરિણામો પરથી શહનાઝ હુસૈનને અભ્યાસ કરતી વખતનો પોતાની ધારણાને યોગ્ય પુરાવો મળ્યાનો આનંદ થયો. શહનાઝ હુસૈનને વિશ્વાસ હતો કે માનવસમસ્યાનો ઉકેલ સિન્થેટિક નહીં, હર્બલમાં જ છે. પછી તો એમણે આયુર્વેદનાં પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું. અનેક આયુર્વેદ નિષ્ણાતો સાથે મુલાકાત કરી. સરવાળે એમને એટલો તો ખ્યાલ આવ્યો કે જે પ્રાચીન પદ્ધતિ પાસે આપણી બધી જ સમસ્યાઓના ઇલાજ છે એને જ આપણે સાવ ભૂલાવી દીધી છે. ૫૦૦૦ વર્ષ જૂની સભ્યતાને નવા જમાનાની જરૂરિયાત પ્રમાણે જારમાં બંધ કરીને વેચવાનો શહનાઝ હુસૈનનો પ્રયોગ એમની વિશિષ્ટ ઓળખ બની રહેવાનો હતો. શહનાઝ હુસૈનના હર્બલનો ઝંડો આજે દેશવિદેશમાં લહેરાઈ રહ્યો છે. જોકે જ્યારે શહનાઝ હુસૈને એક જબરજસ્ત હાઈરેન્જ મોસ્ટ એક્સક્લુસિવ બ્યુટીસલૂન ખોલવાનું આયોજન કર્યું, પરંતુ ભેગી કરેલી મૂડી આગલી રાત્રે જ ચોરી થઈ ગઈ એટલે આખરે એક નાનકડા એપાર્ટમેન્ટથી શહનાઝની સફર શરૂ થઈ. જોકે ત્યાર બાદ શહનાઝ હુસૈને પાછું વળીને જોયું નથી. પોતાના મનગમતા કામને કર્યે રાખતાં શહનાઝ હુસૈનને દેશવિદેશના કંઈકેટલાય મહત્ત્વપૂર્ણ માનઅકરામ સામેથી આવી મળ્યાં છે. ભારત સરકારે પણ એમને પદ્મશ્રી તરીકે નવાજ્યાં છે.

સખત પરિશ્રમ અને વિપરીત સંજોગો વચ્ચે પણ પોતાના હર્બલ બ્યુટીના પ્રચારપ્રસારના ધ્યેયને હાંસલ કરવાનો ભગીરથ પ્રયાસ કરતાં શહનાઝ હુસૈન ભારતીય મહિલા ઉદ્યમીઓની સૂચિમાં પહેલી મહિલા ઉદ્યોગ સાહસિક તરીકે પોતાનું નામ નોંધાવી ચૂક્યાં છે. એમની આ વિશેષ ઉપલબ્ધિને લીધે વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીના આમંત્રણ પર પછી તો શહનાઝ હુસૈને કોમનવેલ્થના ૧૨ દેશોના પ્રમુખોની પત્નીઓની સૌંદર્ય સમસ્યાઓના ઉકેલ આપવા સાથે આયુર્વેદ વિશે વિગતે વાત કરી હતી.

સરવાળે જોવા જઈએ તો આપણા સૌનું પણ શહનાઝ હુસૈન જેવું જ છે. દેશવિદેશમાં અનેકવિધ મોંઘાદાટ કોર્સ કરી, તાલીમ મેળવ્યા પછી એમને જે સૌંદર્યની જડીબુટ્ટી મળી એ તો એમના પોતાના ઘરમાંથી, પોતાની માતા, સઇદા બેગમ પાસેથી જ મળી અને એય એકદમ ફ્રીમાં. જેના આધારે એમણે ભારતની ૫૦૦૦ વર્ષ પુરાણી પ્રાચીન સંસ્કૃતિની ધરોહર એવા આયુર્વેદ આધારિત હર્બલ પ્રોડક્ટ રજૂ કરી અને પરિણામ આપણી સામે છે. આમ પણ બાહ્ય શૃંગારને જોતા-જાણતા-માણતા આપણે સૌ આપણા પ્રાચીન વૈભવ અને વારસારૂપે સચવાયેલી આંતરિક શૃંગારની વાતને જ્યારે જાણીશું ત્યારે વિશ્વભરમાં અકારણ ભટકવાની આપણી વૃત્તિને વિરામ મળશે. ■

Jayesh Harshadbhai Nagori

Timber & Plywood Merchant

Gitamandir Sahakari Lati Bazar Zone No.2, Jagannathji Road,
Ahmedabad-380 022 • Email : jayeshnagori@yahoo.co.in
Phone : 079-2539 1074, 2535 1074, (R) 2656 3698 Fax : 079-2532 4533

છલકે છે રૂપ ઓ સુંદરી!

બંગાળીમાં વિવાહનો ઠસ્સો તદ્દન અલગ અને પરંપરાગત રહ્યો છે. કેશ ગૂંથણી, અંબોડો તેમાં રત્નજડિત પિનો, મહેકતાં ફૂલો, રંગાયેલા નખ પણ લાલ આલતાથી પગ પર કલાત્મક ચિત્રણ અને બદામી આંખોમાં આંજણ સાથે નયનો ધારદાર દેખાય.

શૃંગારરસ તરીકે આદિકાળથી બંગાળમાં અલગ તારવી શકાય તેમ પ્રખ્યાત છે. સોનાના અલંકાર પ્રાચીન મૂર્તિઓના આધારે કેવા હતા તે બંગાળના નિપુણ સુવર્ણ કારીગરો તારવી ડિઝાઇનો બનાવે છે. બંગાળમાં આધુનિક ફેશન યુગમાં સમય સાથે બદલાવ આવ્યો છે. સાથે પરંપરા પણ જળવાઈ છે. પહેલાં પુરુષો અને સ્ત્રીઓ બંને શણગાર કરતાં તેવો ઉલ્લેખ છે, પણ સ્વતંત્રતા પછી બાબુ સંસ્કૃતિમાં ધોતિયા અને કડક ચૂર કરેલા ઝભ્ભાનું ચલણ આવ્યું. અંગ્રેજોની નકલ ધીમે-ધીમે પહેરવેશ ધનિક વર્ગમાંથી પણ ઓસરી ગઈ. બંગાળની નારી આધુનિકતામાં આગળ હોવા છતાં તેના મનપસંદ પોશાકમાં સાડીનું હોવું જરૂરી ગણાય છે. હાથથી વણેલી તાંતની સુતરાઉ સાડી, તેમાં ફૂલ અને વેલપત્તાની ડિઝાઇન હંમેશાં ચાલતી રહી છે. તેને પણ કાંજી કરી કડક કરવામાં આવે છે. આ કલકત્તી સાડી પૂર્વોત્તર સહિત આખા દેશમાં નારીની પસંદ રહી છે. ટાંગાઇલ અને ધનિયાખાલી સુતરાઉ સાડી સાથે બનારસી સિલ્કની સાડીની શૈલી કદી જૂની થતી નથી. દર વર્ષે દુર્ગાપૂજામાં નવી સાડી તો જોઈએ જ!

મુકેશ ઠક્કર

તેનું આકર્ષણ વસંત પંચમી તે પશ્ચિમ બંગાળમાં સરસ્વતી પૂજાના દિવસથી આરંભ થાય. મેય એટલે કન્યા તે દિવસે પહેલીવાર સાડી પહેરીને પૂજા કરે તેવી પરંપરા ચાલતી આવી છે. નવી પેઢીમાં પણ તેનો જબરજસ્ત પ્રભાવ જોવા મળે છે. કેટલીક શાળાઓમાં લાલ બોર્ડરવાળી ક્રીમ ગ્રાઉન્ડની સાડી ગણવેશ છે. બંગાળી લગ્નોમાં કન્યા પણ આ જ મેચિંગની સાડી મોંઘી સિલ્કની પહેરીને માંડવે આવે છે. નવલકથાથી આજની મોડર્ન સુંદરીનો આ શણગાર તેની નમણી કાયાને સુંદર બનાવે છે. તેની સાથે કેટલાક અલંકાર પણ એક જેવા હોય છે. જેમ કે શંખમાંથી બનાવેલી સફેદ બંગડી અને સુહાગણો માટે લાખથી બનેલી લાલ બંગડી. માંગ ટીકા જેને ટીઆરા અને ટિકલી કહેવાય છે, રત્નચૂડ-હાથ ફૂલ, કાનમાં પહેરાતાં બાલા અને રણકતા ઝૂમખાં, મોતીની માળા અને નેકલેસ તેમાં આકાર અને વિવિધતા ઉમેરાતી જાય, પણ શોભા એવી જ રહે છે. તે પ્રમાણે પગમાં લાલ રંગથી રેખા દોરાય છે. ચાંદીની પાયલ જેને બંગાળી ઢબે નૂપુર કહેવાય છે, હવે તેમાં કુંદન કે અમેરિકન ડાયમન્ડ જડાય છે.

આજકાલ લૂક પર વિશેષ ધ્યાન અપાય છે. દરેક ક્ષેત્રમાં સ્ત્રી-શૃંગારની અલગ મહત્ત્વતા હોય છે. સ્ત્રી જોબ કરતી હોય ત્યારે સિન્થેટિક સાડી વધુ પસંદ કરે છે. અસલ ઘરેણાનું સ્થાન આર્ટિફિશિયલ જ્વેલરીએ લીધું છે. જે ઢબ મૂળ સોના અને ચાંદીના દાગીનામાં હતી તેવી જ કૃત્રિમ દાગીનામાં મળી જાય છે. એટલે કોલકાતામાં આર્ટિફિશિયલ જ્વેલરીનું બજાર વિસ્તરી ગયું છે. તેમાં વૈવિધ્ય પણ આખી રેન્જમાં જોવા મળે છે. ટ્રેન્ડ બદલાય તો નવા ખરીદવામાં બહુ મુશ્કેલી નથી. આમ શૈલીમાં સ્ટાઇલ અને સ્ટેટસ બંને જળવાય છે.

બંગાળીમાં વિવાહનો ઠસ્સો તદ્દન અલગ અને પરંપરાગત રહ્યો છે. તેમાં વર અને કન્યાના માથે સોલા પેપરથી બનેલા મુગટ (ટોપોર)નો ભાર હોય છે. આ લગભગ દરેક લગ્નમાં જોવા મળે છે. કન્યાના માથે સોનાનો મુગટ પહેરાવવાની પ્રથા હતી, જેથી તેના પગલે લક્ષ્મી પણ ગૃહપ્રવેશ કરે. જોકે સમય સાથે કેટલાક પરિવારોમાં અલ્પ સમય માટે માથે સોનાનો મુગટ રાખવાનો રીવો છે. બાકી ફૂલોનો મુગટ સુગંધ અને શોભા બન્યા છે. શણગાર હજી પણ પ્રણાલિકા મુજબ સોહામણો હોય છે. કેશ ગૂંથણી, અંબોડો તેમાં રત્નજડિત પિનો, મહેકતાં ફૂલો, રંગાયેલા નખ પણ લાલ આલતાથી પગ પર કલાત્મક ચિત્રણ અને રીતિ રિવાજ મુજબ હોય, બદામી આંખોમાં આંજણ સાથે આધુનિક ઢબે નયનો ધારદાર પણ દેખાય. વસ્ત્ર પરિધાનમાં સિલ્કની ભારે સાડીમાં ગૂંથણી અને કાંથા સ્ટિચ કરેલી સાડીમાં નારી સોહામણી બની વિષ્ણુપુરના મંદિર કે કુમારટોલીમાં મૂર્તિઓ સાથે ફોટો સેશન કરાવે ત્યારે એવું જ લાગે દેવીની કલાની ગઈકાલ અને આજ વચ્ચે હરીફાઈ થઈ છે!

શાંતિ નિકેતનમાં ઉત્સવ પ્રમાણે રંગો અને દેખાવ બદલાય. ભારતીય સંસ્કૃતિની સૌન્દર્ય છાયા અને સ્વદેશી ઝલક સાથે સ્ત્રી અને પુરુષની શૈલી પ્રખ્યાત છે. વસંત ઉત્સવમાં રવિન્દ્ર નાચ-ગાન, રવિન્દ્ર સંગીતના લયમાં ઋતુના રંગો સાથે પહેરવેશ અને પવનની લહેરમાં ફૂલોની સુગંધ શૃંગારનો રસ આખી દુનિયામાં જાણીતો છે! બંગાળી નારી માટે રૂપચર્યા રૂપેરી પડદાથી સંસદ ભવન સુધી થતી રહે છે.

સાદગી પણ શૃંગાર છે, જો તેમાં દંભ ન હોય, દર્પણમાં જોઈને મલકાવવું અને દમદાર પ્રભાવ સાથે પસાર થતાં નજરો સ્તબ્ધ થઈ જાય એ વટ ઊભરાય, કેશની ઊડતી લટોને આંગળીમાં ભેરવી સરખી કરવાની રમત, ગાલમાં પડતાં ખંજનમાં હર્ષની છલકાઈ જવાની અદા, પગમાં ઊંચી એડીના સેન્ડલ, હાથમાં મોટું પર્સ, મોટા ગોગલ્સ અને હોઠો પર લાલી હોય એના માટે જ લખાય ઓગો બધૂ સુંદરી..! ■

VTV
ગુજરાતી

ગુજરાતના દરેક નાના મોટા સમાચાર જુઓ સૌથી પહેલા

VTVGujarati પર

VTVGujarati.com

DOWNLOAD APP

સૌંદર્યની સભાનતા ક્યારે પ્રગટી?

હોઠને રંગવા માટેનો પ્રથમ પ્રયોગ મેસોપોટામિયાની સ્ત્રીઓએ શરૂ કર્યો હતો. તેઓ ફળોના રસ, માટીની રજ અને મહેંદીનો ઉપયોગ કરી અલગ-અલગ રંગો હોઠને રંગવા માટે બનાવતા. ઇજિપ્તના લોકો પહેલાંથી લિપસ્ટિકપ્રેમી માનવામાં આવે છે.

સૌંદર્ય ઉપર પુસ્તકો લખાયાં, ગઝલકારોની કલમશાહી ખૂટતી જાય, પણ સૌંદર્ય ઉપરની ચર્ચા બંધ ન થાય!

જમાના વીત્યા, પરંતુ સૌંદર્યનો મહિમા ઓછો ન થયો! સ્ત્રીઓની સૌથી પ્રિય ક્રિયા પોતાને શણગારવાની, સૌથી પ્રિય વાત કરવાનો વિષય સૌંદર્ય, સૌથી વધુ થનારી ચિંતા સૌંદર્ય વિષયક૫. પુરુષોને સ્ત્રીઓ આકર્ષક લાગે એનું સૌથી સહજ કારણ સૌંદર્ય!

આ સભાનતા આજકાલની નથી, વર્ષો પુરાણી પરંપરા છે. માનવામાં આવે છે કે ૩૧૦૦-૨૯૦૭ ઈ.સ. પૂર્વ ઇજિપ્તના લોકો દ્વારા પોતાના ચહેરાને આકર્ષક દેખાડવા માટે તેને રંગવાના પ્રયોગો શરૂ થયા હતા. સ્વાભાવિક રીતે એ સમયે સ્ત્રી પુરુષ બંને આ પ્રયોગ કરતાં હતાં.

ચહેરાને રંગવા માટે તેઓ ચૂનાના પથ્થરનો ઉપયોગ કરતા, આંખોની આસપાસ તેઓ સુરમો લગાડતાં. ધીરે ધીરે આ વ્યાપ રોમન સુધી પહોંચ્યો હતો. આ ક્રિયા સમય માગી લે તેવી હોવાથી ધીરે ધીરે પુરુષોનું ધ્યાન તે તરફ ઓછું થતું ગયું અને સ્ત્રીઓ સુધી સીમિત થતું ગયું. ત્યાં સ્ત્રીઓ અલગ-અલગ વેશભૂષા માટે વિવિધ વસ્તુઓ જેમ કે પીછાં, શંખ, પશુઓની ખાળ વગેરેનો ઉપયોગ પણ કરતી. પુરુષો ખાસ પ્રસંગ, ખાસ દિવસોમાં ચહેરાને રંગતા. અમુક ખાસ દિવસો માટે ખાસ પ્રકારની વેશભૂષા માટે તેઓ અમુક પ્રકારનાં આભૂષણો તથા અલગ પ્રાણીઓની ખાળ અલગ રાખતાં.ચહેરાની માવજત માટે સ્ત્રીઓ વિવિધ પ્રકારના લેપ લગાડતી. ચહેરાની કરચલી છુપાવવા અને તેને ચમકદાર રાખવા તેઓ અલગ-અલગ ઉબટનના માલિશનો પણ ઉપયોગ કરતા. આંખોને તેઓ વધુ આકર્ષક દેખાડવા અલગ કલરથી રંગતી.

દેવલ **જોષી**

રૂપ-રંગ માટેની સભાનતાએ ધીરે-ધીરે પદ અને જાતિના આધારે અલગતા જન્માવી. કબીલાના માલિકો અને તેમની રાણીઓ માટે વિશેષ પ્રકારની સુગંધિત ચીજ વસ્તુઓ અને પ્રસાધનોનો ઉપયોગ થવા લાગ્યો. અનેક બીજા પ્રસાધનો જેમ કે ચહેરાને ખીલેલો રાખવા સફેદ ચરોડીનો પાવડર વપરાશમાં આવ્યા. સહેજ પીળાશ પડતો ચહેરો ઉચ્ચપદાધિકારીનું પ્રતીક મનાવા લાગ્યું. ધીરે ધીરે અમુક દુર્લભ્ય ચીજોનો ઉપયોગ કરી સૌંદર્ય પ્રાપ્ત કરવાના તરીકાઓ પર શાહી પરિવારોનો ઇજારો બનવા લાગ્યો. ચહેરાને ગુલાબી કલરથી રંગવાવાળી સ્ત્રીઓને નિમ્ન કક્ષાની માનવામાં આવતી. સાથે અલગ-અલગ પ્રકારના રંગોનો ઉપયોગ કરી ચહેરાને થોડો સમય માટે આકર્ષક બનાવવાવાળી સ્ત્રીઓને ભોગવિલાસ માટે ઉપયોગમાં લેવાતી સ્ત્રીઓ માટે વપરાતા કીમિયા તરીકે જોવાવા લાગ્યો. કેશસજ્જા તથા કેશની માવજત માટે ગૂગળના તથા લીમડાના ધુમાડાનો ધૂપ અપાતો, દૂધ માખણ અને કાળી માટીનો ઘોળ બનાવી તેનાથી વાળની માવજત થતી.

ઘટાદાર તથા લાંબા વાળવાળી સ્ત્રી વધુ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

બધાને વેક્સિન
મફત વેક્સિન
ધન્યવાદ મોદીજી

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રીશ્રીનાં માર્ગદર્શન હેઠળ

કોવિડ વેક્સિનેશન મહાઅભિયાન

- રાજ્યમાં ૫૦૦૦ સેન્ટરો પર વેક્સિનેશનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે
- ૧૦૨૫ વેક્સિનેશન સેન્ટરો પર મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, ધારાસભ્યો, સંસદ સભ્યો, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ તેમજ મહાનગરપાલિકા અને નગરપાલિકાના સભ્યશ્રીઓ વિવિધ સેન્ટરો પર દિપ પ્રાગટ્ય કરી વેક્સિનેશન મહાઅભિયાનની કરી શરૂઆત
- સમગ્ર રાજ્યના વેક્સિનેશન સેન્ટર્સ પર લોકો ઓન-સ્પોટ રજીસ્ટ્રેશનથી વોક-ઈન વેક્સિનેશનનો લાભ મેળવી શકશે

**"ગુજરાત સંકલ્પ કરે, એક પણ વ્યક્તિ વેક્સિન વગર રહે નહિ.
ઝડપથી વેક્સિન લગાવીએ, ગુજરાતને કોરોનામુક્ત બનાવીએ"**

- જે લોકોએ વેક્સિન લીધી હતી તેમને કોરોનાની બીજી વેવમાં રક્ષણ મળ્યું અને ઘણાં લોકોના જીવ પણ બચાવી શકાયા છે
- વેક્સિન સંપૂર્ણપણે સુરક્ષિત અને અસરકારક છે માટે કોઈ અફવાઓ, ગેરસમજ કે અંધશ્રદ્ધામાં આવ્યા વગર વેક્સિન મૂકાવો
- કોરોનાની ત્રીજી વેવને ટાળવા માટે વેક્સિનેશન જ એકમાત્ર ઉપાય છે

#VaccineForNormalLife

૨.૨૦ કરોડ ડોઝ સાથે વેક્સિનેશનમાં અગ્રેસર ગુજરાત

- સમગ્ર દેશમાં પ્રતિ ૧૦ લાખ વ્યક્તિએ કોરોના વેક્સિનેશનમાં ગુજરાત પ્રથમ નંબરે
- આરોગ્ય કર્મી, ફ્રન્ટલાઈન વોરિયર્સ અને ૪૫ થી વધુ વયના લોકોના વેક્સિનેશનમાં ગુજરાત અગ્રેસર

સમગ્ર રાજ્યમાં કોઈપણ વ્યક્તિ કોઈપણ જિલ્લામાં રસીકરણ કેન્દ્ર પર માન્ય ઓળખપત્ર રજૂ કરીને રસી લઈ શકશે

આવો આપણે બધા વેક્સિનેશનના મહાઅભિયાનમાં જોડાઈએ, પોતાની અને પોતાના પરિવારની સુરક્ષા માટે વેક્સિન જરૂર લગાવીએ

- શ્રી નીતિનભાઈ પટેલ, ઉપ મુખ્યમંત્રી, ગુજરાત

સુંદર માનવામાં આવતી. કુંવારી સ્ત્રીઓને કેશ ગૂંથણ ફરજિયાત ન હતું. દાસીઓ તથા અન્ય સેવામાં રહેતી સ્ત્રીઓને પોતાના કેશના પ્રદર્શનનો અધિકાર નહોતો. હોઠને રંગવા માટેનો પ્રથમ પ્રયોગ મેસોપોટામિયાની સ્ત્રીઓએ શરૂ કર્યો હતો. તેઓ ફળોના રસ, માટીની રજ અને મહેંદીનો ઉપયોગ કરી અલગ-અલગ રંગો હોઠને રંગવા માટે બનાવતા. આમ છતાં ઇજિપ્તના લોકો પહેલાંથી લિપસ્ટિકપ્રેમી માનવામાં આવે છે. તેઓ જાંબુડિયા અને કાળા કલરથી હોઠને રંગતા, આ રંગ તેઓ અલગ પ્રકારના જંતુઓને મારીને બનાવતા. ત્યાર બાદ તેઓ લીડ અને આયોડિન જેવા હાનિકારક દ્રાવ્યોનો ઉપયોગ કરતા હોવાનું પણ જાણવામાં આવ્યું છે. લાલ રંગ દેહવિક્રી કરનારી મહિલાઓ માટે આરક્ષિત મનાતો.

એક રસપ્રદ કિસ્સો છે. રાજકુમારી સંયોગિતા સ્વયંવર પહેલાં પોતાની સખીઓ સાથે વનવિહાર માટે નીકળ્યાં. વધુ પડતી ધૂળ ઊડવાના કારણે રાજકુમારીનો ચહેરો ઝાંખો પડી ગયો. ચહેરાનો રંગ થોડો ઘેરો થઈ ગયેલો હતો. સ્વયંવર નજીક હોવાના કારણે તેઓ થોડા વ્યથિત થઈ ગયાં. જેના કારણે તેમની સેવામાં રાખેલ દાસીઓ એક પછી એક ઉપચારમાં લાગી. ઘણા લેપ અને ઉબટનના પ્રયોગો બાદ રંગ થોડો ઉઘડ્યો તો હતો, પરંતુ હજી સંતોષકારક પરિણામ ન હતું. આથી એક અનુભવી દાસીએ તેમને દૂધ, મધ અને હળદર અને ગુલાબની પાંદડીઓનો લેપ બનાવી લગાડ્યો, જેથી તેઓ ફરી વાર પોતાના નિખારમાં આવ્યાં.

જેમ જેમ સમય વીતતો ગયો પરિવર્તન, સંશોધન થતાં નવી-નવી સૌંદર્ય પ્રણાલી વિકસતી ગઈ. આજના સમયમાં સૌંદર્યની અવનવી પ્રણાલીઓ અસ્તિત્વમાં આવતાં, ચહેરાની કુરૂપતાને ઢાંકવી સહજ બની છે. ફક્ત ચહેરાની જ શું કામ, આખા શરીરની દરેક અંગોની સુંદરતા હવેના સમયમાં હાથવગી બની છે. તેમાં અમુક જટિલ પ્રક્રિયાઓ સમય પણ માગી લે છે. સાથે-સાથે વ્યવસ્થિત માર્ગદર્શન હેઠળ અને નિષ્ણાત પાસે ન કરાવવામાં આવે તો પરિણામો ભયાનક પણ બની શકે છે. માઇકલ જેક્સનએ પોતાના ચહેરા ઉપર ઘણી પ્લાસ્ટિક સર્જરી કરાવી હતી. જેનાથી આખું વિશ્વ જાણકાર છે, પરંતુ એ સર્જરીના કારણે તેના ચહેરા પર પણ અલગ-અલગ પ્રકારના દાગ-ધબ્બા ઉપસી આવતા હતા. બોલિવૂડની એક્ટ્રેસ આયશા ટાકિયાના કોસ્મેટિક ઊપ્સ! વિશે કોણ નથી જાણતું?

જોકે આ પદ્ધતિના ચાહક ઘણા લોકો છે. પાછી અત્યંત ખર્ચાળ પદ્ધતિ હોવાથી અમુક વર્ગના લોકો સુધી સીમિત ચોક્કસ રહી છે, પરંતુ આવનારા સમયમાં કદાચ સામાન્ય વર્ગના વ્યક્તિઓ સુધી એ પહોંચી શકે તેની શક્યતા નકારી ન શકાય. આજકાલ

સુપર મૉડેલ બેલ્લા હૅડઈડને વિજ્ઞાને ૨૦૧૯માં સૌથી સુંદર સ્ત્રીનો ખિતાબ આપ્યો. જેમાં ૫૦થી પણ વધુ માપનના કાઇટેરિયા હતા. જેમાં તેઓ ૯૯.૭% સુધી ખરા ઊતર્યા હતાં

ચલણમાં આવેલી make up ટ્રિક્સ પણ ઘણા ચહેરાને સૌંદર્યવંતી બનાવી દે છે. ભારતમાં સૌંદર્ય વિશે સૌથી સજાગ સાઉથના લોકોને માનવામાં આવે છે. સૌથી વધુ પ્રાકૃતિક નુસખાઓનો ઉપયોગ પણ તેઓ જ કરે છે. ત્યાંના ફક્ત ૮% લોકોને સૌંદર્યલક્ષી સમસ્યાઓ જેમ કે ખીલ થવા, ત્વચા ટેન થવી, વાળ ખરવા, ખોડો થવો, ચહેરા પર દાગધબ્બા પડવા વગેરેનો સામનો કરવો પડે છે.

આમ તો સૌંદર્ય ચિકિત્સાનો આયુર્વેદમાં પણ બહુ વિસ્તારથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આયુર્વેદમાં આહાર વિહારની, વાતાવરણની સૌંદર્ય પર થતી અસર પર પણ વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. તેઓ આંતરિક અને બાહ્ય બંને ઉપચારનો સહારો લઈ પરિણામ સુધી પહોંચે છે. સ્ત્રીના સૌંદર્યને દરેક સમુદાય, દરેક પ્રદેશ, દરેક ચિકિત્સા પદ્ધતિમાં પ્રાધાન્ય અપાયું છે. ફિઝિયોથેરાપીમાં પણ ચહેરાના સ્નાયુઓને જેટલા બને એટલા રિલેક્સ રાખવાથી કઈ રીતે તમે વધુ તારોતાજા દેખાઈ શકો એના વિશે વાત કરવામાં આવી છે. નેચરોપેથીમાં આહારવિહારના પ્રયોગોથી એકદમ તરોતાજા ત્વચા કઈ રીતે મેળવી શકાય, એના ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

૨૩ વર્ષની સુપર મોડેલ બેલ્લા હેડઇડને વિજ્ઞાને ૨૦૧૯માં સૌથી સુંદર સ્ત્રીનો ખિતાબ આપ્યો. જેમાં ૫૦થી પણ વધુ માપનના કાઇટેરિયા હતા. જેમાં તેઓ ૯૯.૭% સુધી ખરા ઊતર્યા હતાં. તેણીનું આ સૌંદર્ય આહાર વિહારથી જ બરકરાર રહ્યું છે, એવું એમનું કહેવું છે. અમુક સમુદાય સ્ત્રીના સૌંદર્યને પ્રદર્શિત કરવાના વિરોધમાં હોવા છતાં તેઓની સ્ત્રીઓમાં સૌંદર્ય પ્રત્યે જાગૃતતા બીજા વર્ગના પ્રમાણમાં વધુ જોવા મળી છે. પડદાપ્રથાની પાછળનું રહસ્ય સ્ત્રીઓના રૂપને લાલચુ નજરથી બચવવાનું તો હતું જ પરંતુ સાથે સાથે તેમના ચહેરાની ચમકને બરકરાર રાખવાનું પણ હતું. ચહેરાને વાતાવરણના સીધા સંપર્કમાં રાખવાથી ત્વચાની નમી ઓછી થતી જવાનું, જેના કારણે તેમાં કરચલી પડવાનું, ચામડી ઉંમર કરતાં વધુ તંગ દેખાવાનું વગેરે જેવી સમસ્યાઓ દેખા દેવાનું શરૂ કરે છે. જાણીતા beautician શહેનાઝ હુસૈનના કહેવા મુજબ ચહેરાને નરમ સુતરાઉ કાપડના આવરણ હેઠળ રાખવું હિતાવહ છે, જેથી ચહેરાને પૂરતો પ્રકાશ પણ મળી રહે અને તેની નમી પણ જળવાઈ રહે. ચહેરાને કસીને બાંધવાની રીત પણ ચહેરાના નાજુક સ્નાયુઓને નુકસાન પહોંચાડી શકે છે.

પ્રાકૃતિક સૌંદર્ય શરીરની ભીતરથી ઊભરે છે. વધુ સારી ત્વચા માટે તણાવમુક્ત જીવનશૈલી, પૂરતી ઊંઘ, પોષણયુક્ત આહાર, પાણી વગેરે ઉપર નિર્ભર રહેવું અત્યંત જરૂરી છે. ભીતરથી આવતા નિખારની સામે બાહ્ય ઉપચારો કાચા પડે છે. સૌંદર્યને ચહેરાના ઘાટ, રંગ, નાક નકશા સાથે તેને કોઈ નિસ્બત હોતી નથી. આંધળી દોટ અને દેખા-દેખીમાં અવનવા અખતરા કરી નવા રોગોને આમંત્રણ આપવા કરતાં જે હોય એને નિખારવાના પ્રયત્નોમાં વધુ સક્રિય થવું એ જ સૌંદર્યની સાચી પરિભાષા! ■

TOP FM

Jab Suno Top Suno

ગુજરાતનું પોતાનું રેડિયો સ્ટેશન, Top FM

13 Stations 1 Network

Junagadh 91.9 ▪ Jamnagar 91.9 ▪ Bhavnagar 93.1 ▪ Godhra 93.1 ▪ Veraval 93.5 ▪ Porbandar 93.5
Bharuch 105.2 ▪ Mehsana 92.7 ▪ Leh 91.1 ▪ Kargil 91.1 ▪ Kathua 91.1 ▪ Poonch 94.3 ▪ Bhaderwah 94.3

www.topfm.in I Follow Us on :

શૃંગારરસની સર્વોચ્ચ અનુભૂતિ શૃંગારશતક

શૃંગારશતક એ ભર્તૃહરિ દ્વારા રચવામાં આવેલા ત્રણ પ્રસિદ્ધ શતકોમાંનું એક છે. જેમાં શૃંગાર સંબંધિત ૧૦૦ શ્લોક સંગ્રહિત છે. આ રચનામાં કવિએ રમણિયોના સૌંદર્યનું અને એમના દ્વારા પુરુષોને આકર્ષનારા શૃંગારમય હાવભાવોનું ચિત્રણ કર્યું છે.

ત્રણેક વર્ષ પૂર્વે જ્યારે ૧૫૮ વર્ષ જૂનો લગ્નેતર સંબંધ વિષયક વ્યભિચારનો કાયદો રદ થયો ત્યારે રાજા ભતૃહરિ અને એમના પ્રખ્યાત 'શતક'શ્રેણીનાં ત્રણ પુસ્તકો ચર્ચામાં આવ્યાં હતાં. ભારતની સર્વોચ્ચ અદાલતે પરિણીત મહિલા સાથે પરપુરુષના સંબંધને ગુનાહિત ગણતી આઇપીસીની કલમ ૪૯૭ને ગેરબંધારણીય ગણાવી હતી. પાંચ જજની બંધારણીય બેન્ચે કહ્યું કે પતિ તેની પત્નીનો માલિક નથી. જોકે અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે લગ્નેતર સંબંધ ભલે ગુનો નથી, પણ સામાજિક દ્રષ્ટિએ ખોટું છે.

પરીક્ષિત **જોશી**

વ્યભિચારના મુદ્દે ભગ્નહૃદય થયેલા રાજા ભર્તૃહરિ પોતાના ઉત્તરજીવનમાં સંન્યાસી બની ગયા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે એક સમયે જે કવિએ રાજકાજમાં અને જીવનમાં સુખી તથા સફળ બનવા માટેની ટિપ્સ આપતું નીતિશતક અને રસમય શૃંગારશતક લખ્યું હતું એ જ કવિએ બધી મોહમાયા છોડીને વૈરાગ્યશતક લખ્યું હતું. શૃંગારશતકના એક શ્લોકમાં રાજા ભતૃહરિ લખે છે કે, 'હું જેનું નિરંતર રટણ કરું છું તે સ્ત્રી મારાથી વિરક્ત છે અને એ કોઈ અન્ય પુરુષને ચાહે છે. મારી સ્ત્રી જે પુરુષને ચાહે છે એ વળી બીજી કોઈ સ્ત્રીમાં આસક્ત છે. વળી મને જેના પર લગીરેય પ્રીતિ નથી એવી અન્ય સ્ત્રી મારા માટે તડપે છે. મારી પ્રીતિપાત્ર સ્ત્રીને, એને ન ચાહતા પુરુષને, મને ચાહતી સ્ત્રીને, એને ન ચાહતા મને અને આ બધો ઉપદ્રવ મચાવનારા કામદેવને ધિક્કાર છે.'

નીતિ, શૃંગાર અને વૈરાગ્ય એ ત્રણ વિષયે શતક અર્થાત્ ૧૦૦ શ્લોક લખનારા રાજા ભર્તૃહરિ ઉજ્જૈનના સમ્રાટ વિક્રમાદિત્યના ભાઈ હતા. વિક્રમાદિત્યના નામથી જ હાલનું વિક્રમ સંવત ચાલી રહ્યું છે. અત્યારે વિક્રમ સંવત ૨૦૭૭ ચાલી રહ્યું છે. આ વીર વિક્રમાદિત્ય પહેલાં ભર્તૃહરિ જ રાજા હતા. ભર્તૃહરિની પત્ની પિંગલાએ તેમને પ્રેમમાં છેહ દીધો હતો. જેના કારણે તેમણે રાજપાઠ છોડી દીધો અને વિક્રમાદિત્યને રાજા બનાવી દીધા હતા. ભર્તૃહરિએ સંન્યાસ લીધો ત્યારે પહેલી ભિક્ષા એમની પત્ની પિંગલા પાસેથી માગી હતી. એ સંદર્ભે રચાયેલું ગીત, 'ભિક્ષા દો ને મૈયા પિંગલા' તત્કાલીન સમયનું એક યાદગાર ગીત રહ્યું હતું.



શૃંગારશતક એ ભર્તૃહરિ દ્વારા રચવામાં આવેલા ત્રણ પ્રસિદ્ધ શતકોમાંનું એક છે. જેમાં શૃંગાર સંબંધિત ૧૦૦ શ્લોક સંગ્રહિત છે. આ રચનામાં કવિએ રમણિયોના સૌંદર્યનું અને એમના દ્વારા પુરુષોને આકર્ષનારા શૃંગારમય હાવભાવોનું ચિત્રણ કર્યું છે. કવિએ સ્ત્રીઓના હાવભાવ, એના પ્રકાર, એના આકર્ષણ અને શારીરિક સૌષ્ઠવ ઇત્યાદિ વિશે ઘણી વિસ્તૃત ચર્ચા કરી છે. કવિ લખે છે કે, ઇન્દ્રાદિ દેવતાઓને પણ પોતાના કટાક્ષોથી વિચલિત કરનારી રમણીઓને અબળા માનવી ઉચિત નથી. સ્ત્રી પોતાના આકર્ષક હાવભાવોથી માનવમનને આકર્ષિત કરીને બાંધી લે છે. આ સિવાય ભર્તૃહરિએ શૃંગારશતકમાં વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર ઋતુમાં સ્ત્રી અને સ્ત્રીઓના અત્યંત શૃંગારિક અને એ પણ કામુક કહી શકાય એ કક્ષાનું વર્ણન કર્યું છે. હકીકતમાં આ શતકમાં સાંસારિક ભોગ અને વૈરાગ્ય એ બે વિકલ્પોની વચ્ચે અટવાયેલી અનિર્ણીત મનોવૃત્તિનું ચિત્રણ છે, જે ભર્તૃહરિ રચિત વૈરાગ્યશતક સુધી પહોંચીને એક અડગ નિર્ણય પર પહોંચે છે.

શતકના મંગલાચરણમાં જ કામદેવને નમસ્કાર કરતાં ભર્તૃહરિ કહે છે કે, જેણે વિષ્ણુ અને શિવને મૃગ સમાન નયનવાળી કામિનીઓનું ગૃહકાર્ય કરવા માટે સતત દાસ બનાવી રાખ્યા, જેનું વર્ણન કરવા માટે મારી વાણી અસમર્થ છે, એવા ભગવાન પુષ્પાયુધ અર્થાત્ ભગવાન કામદેવને મારા નમસ્કાર છે. કામદેવના વિચિત્ર મહિમાનો પાર નથી. એમનું શસ્ત્ર ફૂલોનું ધનુષબાણ છે છતાં એ આ જ આયુધ દ્વારા ત્રિલોકને પોતાના આધીન કરી રાખ્યું છે. બીજાની તો શું વાત કરવી, પણ કામદેવે જગતની ઉત્પત્તિ, પાલન અને સંહારનું કારણ બનનારા ત્રિદેવ બ્રહ્મા વિષ્ણુ મહેશને પણ છોડ્યા નથી. એટલે જ કદાચ, પશ્ચિમી વિદ્વાન ગેટે કહે છે કે, કામદેવ હંમેશાં છળ કરે છે, જે એનો વિશ્વાસ કરે છે એને દગો દે છે. એનું મૂળ કારણ છે, શૃંગાર.

શૃંગારને લીધે સુંદરતાની આભા અનેકગણી વિસ્તરે છે. એટલે જ કહ્યું છે કે પુરુષ એ સૌંદર્યનો દાસ છે. સૌંદર્યની સત્તા સર્વત્ર છે. એ સત્તા કેવી રીતે પોતાનું કાર્ય સિદ્ધ કરે છે, એ વિશે રાજા ભર્તૃહરિ પોતાના શૃંગારશતકના બીજા શ્લોકમાં જ લખે છે કે,

વર્ષા ઋતુમાં સ્ત્રીઓ, ભયંકર ગર્જના કરતાં મેઘ અને ચમક-ચમક કરતી વીજળીના ડરથી અપરાધી પતિઓને પણ શય્યા પર, વારંવાર આલિંગન કરવા લાગે છે, એટલે કે ભયભીત થઈને પતિના શરીરને લપેટાઈ જાય છે

સ્મિતેન ભાવેન ચ
લજ્જયા ભિયા, પરામુખૈરર્દ્ધ
કટાક્ષવીક્ષણૈઃ,
વચોભિરીર્ષ્યાકલહેન લીલયા,
સમસ્તભાવૈઃ ખલુ બન્ધનં સ્ત્રિયઃ.

એટલે કે, મંદમંદ સ્મિતથી, લજ્જાથી, ભયભીત થઈને, રિસાઈને મોઢું ફેરવી લઈને, ત્રાંસી નજરે જોઈને, મીઠીમીઠી વાતો માંડીને, ઈર્ષ્યા કરીને, કલહ દ્વારા અને વિવિધ પ્રકારના હાવભાવ દેખાડીને - સ્ત્રીઓ પુરુષોને મોહજાળમાં ફસાવે છે. આ માટે સ્ત્રી જે આયુધોનો ઉપયોગ કરે છે એ પણ જાણવા જેવા છે. ભર્તૃહરિ લખે છે કે, પોતાનું ધાર્યું કામ પાર પાડવા માટે સ્ત્રીઓ પોતાની પાંપણના ઉતારચઢાવ જેવી ચતુરાઈ, માદક અને તીક્ષ્ણ નયનોની કળા દ્વારા કટાક્ષ, અત્યંત સ્નિગ્ધ અને મધુર વાણી, લજ્જાયુક્ત કોમળ હાસ્ય, મંદ મંદ લચકતી ચાલ જેવા ભાવ સ્ત્રીઓનાં આભૂષણ પણ છે અને આયુધ પણ.

તો કવિરાજ ભર્તૃહરિ શૃંગારશતકમાં સૌથી ઉત્તમ શેને ગણાવે છે, એ પણ જાણવા જેવું છે. કવિ પહેલા પ્રશ્ન કરે છે અને પછી એને ઉત્તર આપે છે.

આ સંસારમાં રસિકો માટે દર્શનીય વસ્તુઓમાં ઉત્તમ શું છે. - મૃગનયનીનું પ્રેમથી પ્રસન્ન મુખમંડળ.

સૂંઘવાની વસ્તુઓમાં ઉત્તમ શું છે. એના મુખને સ્પર્શીને આવતો સુગંધિત પવન.

સાંભળવા જેવી યોગ્ય વસ્તુઓમાં ઉત્તમ શું છે. સ્ત્રીઓના મીઠાંમધુર

શબ્દ.

સ્વાદિષ્ટ વસ્તુઓમાં ઉત્તમ શું છે. સ્ત્રીઓના પલ્લવ સમાન અધર (હોઠ)નો મધુર રસ.

સ્પર્શ યોગ્ય વસ્તુઓમાં ઉત્તમ શું છે..એનું ફૂલ જેવું કોમળ શરીર.

ધ્યાન કરવા યોગ્ય ઉત્તમ વસ્તુ શું છે..હંમેશાં વિલાસિનીઓનો યૌવન વિલાસ.

પુરુષ જ્યાં સુધી લગ્ન કરતો નથી ત્યાં સુધી અધૂરો રહે છે. મનુસ્મૃતિમાં પણ આ જ વાત કહી છે કે વિધાતા બ્રહ્માએ પોતાના શરીરના બે ભાગ કરીને એક ભાગમાંથી પુરુષ અને બીજા ભાગમાંથી સ્ત્રી પેદા કરી. એ અર્થમાં અંગ્રેજીમાં સ્ત્રી એટલે કે પત્નીને બેટરહાફ તરીકે ઓળખાવવામાં આવે છે. હિન્દુ સંસ્કૃતિમાં આદિપુરુષ મનુ અને આદિસ્ત્રી શતરૂપા થઈ ગયા. કેટલાક અન્ય ધર્મોમાં આ સ્થાન આદિપુરુષ આદમ અને આદિસ્ત્રી ઈવને આપવામાં આવે છે. મનુમાંથી મનુષ્ય શબ્દ ઊતરી આવ્યાનું પણ નોંધાયું છે. રસરાજ કવિ લખે છે કે, સમાગમ સમયે બેય પાત્રમાંથી કોઈ એકનું પણ ચિત્ત એ ક્રિયામાં પરોવાયેલું ન હોય તો એ ક્રિયાને અટકાવી દેવી જોઈએ અથવા તો પછી બેય સમભાગ રહીને સમગ્ર ક્રિયાનો આનંદ લઈ શકે એવી પરિસ્થિતિ નિર્માણ કરવી જોઈએ. બેય બાજુ આગ બરાબર લાગેલી હોય ત્યારે ઐક્ય સધાવું ઉત્તમ છે. કામેચ્છા જગાવવા માટેની ઉત્તમ વિધિ ચુંબન ક્રિયા છે.



શૃંગારને લીધે સુંદરતાની આભા અનેકગણી વિસ્તરે છે. એટલે જ કહ્યું છે કે પુરુષ એ સૌંદર્યનો દાસ છે. સૌંદર્યની સત્તા સર્વત્ર છે. એ સત્તા કેવી રીતે પોતાનું કાર્ય સિદ્ધ કરે છે?

શૃંગારરસને રસરાજ કે રસપતિ કહેવામાં આવ્યો છે. એના મુખ્ય બે પ્રકાર ગણવામાં આવે છે, સંયોગ અને વિપ્રલંભ એટલે કે વિયોગ. એમાંય પછી અનેક વિદ્વાનોએ વિવિધ પ્રકારના પ્રકાર અને પેટાપ્રકારનો સુધારો વધારો કર્યો છે. શૃંગારરસમાં નાયિકાના અલંકાર, ઋતુ અને પ્રકૃતિનું વર્ણન પણ કરવામાં આવે છે. વર્ષા ઋતુનું વર્ણન કરતાં કવિ લખે છે કે,

વિયદુપચિતમેઘં ભૂમય: કન્દલિન્યો, નવકુટજકદમ્બામોદિનો ગન્ધવાહા:,
શિખિકુલકલકે કારબરમ્યા વનાન્તા:, સુખિનમસુખિનં વા સર્વમુત્કણ્ઠયન્તિ.

અર્થાત્ મેઘથી આચ્છાદિત આકાશ, નવા અંકુરણથી પૂર્ણ પૃથ્વી, નવી કૂંપળો અને કદંબનાં ફૂલોથી સુગંધિત વાયુ અને મયૂરના ટોળાની મનોહર વાણીથી રમણીય વનપ્રાન્ત, વર્ષા ઋતુમાં, સુખી અને દુ:ખી બેય પ્રકારના પુરુષોને ઉત્કંઠિત કરે છે. રસની દ્રષ્ટિએ જોવા જઈએ તો શૃંગારશતકની એકદમ નજીક ચાલતું હોય એવું મહાકવિ કાલિદાસનું ઋતુસંહાર શ્લોકે-શ્લોકે લાગે છે. આ જ વાતને ઋતુસંહારનો કવિ જુઓ કેવી રીતે લખે છે...

પયોધરૈર્ભીમગભીરોન: સ્વનૈસ્તડિદ્વિરુદ્ધૈર્જિતચેતસો ભૃશમ,
કૃતાપરાધાનપિ યોષિત: પ્રિયાન પરિષ્વજન્તે શયને નિરન્તરમ

અર્થાત્ વર્ષા ઋતુમાં સ્ત્રીઓ, ભયંકર અને ગંભીર ગર્જના કરતાં મેઘ અને ચમક-ચમક કરતી વીજળીના ડરથી અપરાધી પતિઓને પણ શય્યા પર, વારંવાર આલિંગન કરવા લાગે છે, એટલે કે ભયભીત થઈને પતિના શરીરને લપેટાઈ જાય છે. સરવાળે, બેય મહાકાવ્યોમાં કહ્યા મુજબ વર્ષા ઋતુમાં સુખી હોય કે દુ:ખી, દરેક પુરુષના મનમાં કામવાસનાનો ઉદય થાય છે.

શૃંગાર વિષયક ૧૦૦ શ્લોકને અંતે કવિરાજ ભર્તૃહરિ લખે છે કે,

વૈરાગ્યે સચરત્યેકો નીતૌ ભ્રમતિ ચાપર:,
શૃંગારે રમતે કશ્ચિત ભુવિ ભેદ: પરસ્પરમ

અર્થાત્ કોઈને વૈરાગ્ય પસંદ આવે છે, કોઈ નીતિમાં મસ્ત રહે છે તો કોઈ શૃંગારમાં મગ્ન રહે છે. આ પૃથ્વી પર, મનુષ્યોમાં પરસ્પર ઇચ્છાઓમાં પણ ભેદાભેદ છે. જોકે દરેક મનુષ્ય કોઈ એક ઇચ્છાવૃત્તિ સાથે બંધાયેલો હોય છે એ વાતને કવિરાજ ભર્તૃહરિએ જરા જુદી રીતે ખોટી પાડી છે, કારણ કે એમને થયેલા અનુભવ અને જ્ઞાનને આધારે એમની કલમથી પહેલાં નીતિશતક પછી શૃંગારશતક અને છેલ્લે વૈરાગ્યશતકની રચના થઈ છે. જીવનમાં સફળતાથી શરૂ કરીને શૃંગાર પામી, ભોગવીને છેક વૈરાગ્ય સુધી પહોંચવું જ જીવનું અંતિમ ધ્યેય છે એ રીતે પણ આ શતકશ્રેણીના પુસ્તકની વાતને લઈ શકીએ. વૈરાગ્ય સાથે જ્યારે જીવ પરમતત્ત્વ સુધી પહોંચવાનો સાર્થક પ્રયાસ કરે છે ત્યારે એને શિવતત્ત્વની પ્રાપ્તિ થાય છે, જે જીવમાત્રનું એકમાત્ર અને અનન્ય જીવનધ્યેય છે. ■

દરેકને રૂપાળા, સૌંદર્યવાન, આકર્ષક ગણવાની નવી ફેશન શરૂ થઈ છે

ફેશન વરસાદ છે, ફેશન ગરમી છે, ફેશન ઠંડી છે, ત્રણ-ચાર મહિને બદલાય અને ફરી ફરીથી રિપિટેશન થાય. ફેશન પોતે જ પરિવર્તનશીલતાનો પર્યાય છે. એટલે આજની ફેશન અને ગયા મહિનાની ફેશનમાં ફરક હોય તે સ્વાભાવિક છે.

કેટલાકને માટે ફેશનવીક આખું વરસ ચાલતું રહે છે. આ અને આવાં કટાક્ષયુક્ત લખાણો વખતોવખત વાંચવા મળે છે, કારણ કે ફેશન રોજબરોજની એક મોટી પ્રવૃત્તિ છે. તેના થકી અનેક ઉદ્યમો ધમધમે છે છતાં દરેકને લાગે છે કે ફેશન એટલી આવશ્યક નથી કે અપનાવીએ નહીં તો જીવનનો અંત આવે. ફેશનના હોર્મોન્સમાં ઉંમર ભાગ ભજવે છે. આધેડ અને વૃદ્ધોને નવી ફેશન ચલણમાં આવે તે ખૂબ વિચિત્ર લાગે છે, પરંતુ એમણે યુવાનીમાં જે ફેશન અપનાવી હોય તે ફરીથી સામે ચલણમાં આવે ત્યારે એ નવાઈ પામી જાય. જેમ કે બેલ બોટમ પેન્ટ્સ આજે ફેશનમાં આવી રહ્યાં છે.

વિનોદ **પંડ્યા**

ફેશન ટ્રેન્ડનાં આયુષ્યો અલગ-અલગ હોય છે. હમણા ત્રણ-ચાર વરસ અગાઉ બહેનોમાં પ્લાઝો ફેશનમાં આવ્યો હતો. પ્લાઝો એટલે સિત્તેર વરસ અગાઉ કાઠિયાવાડી પુરુષો પહેરતા હતા એવો લેંઘો. પ્લાઝો પહેરીને બહેનોના બંને હાથ એને થોડો ઊંચો રાખવા માટે રોકાઈ જાય. ઝડપથી ચાલવું ન હોય, બાળક કે શાકની થેલી ઊંચકવી ન હોય તે માટે એ પ્લાઝો ઘણો મદદરૂપ રહેતો. બીજાના આંગણા પણ સાફ કરી આપે. ઠીક છે, એ પહેરીને બહેનો એટલી ચપળ જણાતી ન હતી. તો પણ બે-ચાર વરસ ટ્રેન્ડ ચાલ્યો. ખરીદ્યો હોય એટલે અમુક સમય પહેરવો તો પડે!

સામાન્ય સમાજમાં વધુ ફેશનેબલ કે છેલબટાઉ થઈને ફરવું તે હજી આવકાર્ય ગણાતું નથી. ભારતમાં ગ્રામીણ સમાજ મોટો. તેઓ સદીઓથી એક જ જાતનાં કપડાં પહેરે. હવે ગામડાંમાં યુવાનો અને યુવતીઓ ફેશન સ્વીકારતાં થયાં છે. તો પણ મહાનગરોમાં જે ફેશનનો અંત આવી રહ્યો હોય ત્યારે તેનો

ટ્રેન્ડ ગામડામાં પહોંચે. ગ્રામીણ ભારત એ આગ્રહ રાખે કે કપડાં પહેરવામાં વિવેક અને વિવેકબુદ્ધિ બંને હોવા જોઈએ, પરંતુ ફેશન એટલે આંધળું અનુકરણ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પહેરે છે તો બધા જ બંડીઓ પહેરવા લાગ્યા. અમારા મતે તો ફ્લોરેસેન્ટ રંગની બંડીઓ એમને ખાસ સૂટ થતી ન હતી. છતાં બધાએ ખૂબ વખાણી. ભારતમાં આવેલા વિદેશી ફેશન ડિઝાઇનરોએ પણ ભૂરી ભૂરી પ્રશંસા કરી. એ પછી ટીકાઓ થઈ. અમુક જણનું કહેવું છે કે નરેન્દ્રભાઈ એક વખત પહેરે છે તે કપડું બીજી વખત પહેરતાં નથી. ઠીક છે, આવી વાત નહેરુના સૂટબૂટ માટે પણ કહેવાતી હતી. વાસ્તવિકતા એ છે કે ગાંધીજી શર્ટ કે કેડિયું પહેર્યા વગર આટલા લોકપ્રિય થઈ શકતા હોય તો નિતનવાં મોંઘાદાટ વસ્ત્રો પહેરવાની જરૂર શી છે? છતાં લોકો પહેરે છે, કારણ કે મગજમાં ફેશન પસંદ કરતા, નવું નવું ઇચ્છતાં રસાયણો હોય છે જેને અંગ્રેજીમાં સકાયાટ્રિસ્ટો (સાઇકિયાટ્રિસ્ટને હવે સકાયાટ્રિસ્ટ કહેવાની ફેશન છે.) 'નોવેલ્ટી સિકર' રસાયણો કહે છે. તેને રોજ કંઈક નવું અને નવું જોઈએ. યુવાની અને ઢળતી યુવાનીમાં તે વધુ સક્રિય હોય. તેના વડે કથિત સંતો પણ ફેશનેબલ થતાં હોય. ઉંમર ઢળવાની સાથે એ ગ્રંથિ ધીમી પડી જાય. છતાં ભપ્પી લહેરી (અઘમણ સોનું, રૂપાના શૃંગાર રે... આવું એક લગ્નગીત હતું) વગેરેમાં તે લાંબો સમય સુધી કામ કરે છે. ઘણી વખત વિવેકબુદ્ધિના ભોગે ફેશન અપનાવાય. તાર્કિક રૂપે જુઓ તો નવી ફેશનવાળાઓએ જૂની ફેશનના લોકોને પછાત ગણવાનું કોઈ કારણ નથી. એ ફર્સ્ટ ક્લાસ ભદ્ર સમાજ પણ કોઈ દાયકા કે સૈકા અગાઉની ફેશનનું પુનરાવર્તન કરી રહ્યો હોય છે. બરાક ઓબામા પ્રમુખ હતા ત્યારે માત્ર બ્લેક અથવા ડાર્ક કલરના સૂટ પહેરતા. ટ્રમ્પની પણ લાલ ટાઈ અને સફેદ ખમીસ કાયમી હતાં. ઓબામાને પૂછવામાં આવ્યું કે હંમેશાં એક જ રંગનો સૂટ શા માટે? જવાબમાં ઓબામાએ કહ્યું કે, 'વધારે રંગો હોય તો તૈયાર થતી વેળાએ વિચારમાં સમય બગાડે કે કયાં રંગનો સૂટ પહેરું? તેમાં સમય બરબાદ ન થાય તે માટે તમામ સૂટ એક જ રંગના રાખ્યા છે.'

ફેશન વરસાદ છે, ફેશન ગરમી છે, ફેશન ઠંડી છે, ત્રણ-ચાર મહિને બદલાય અને ફરી ફરીથી રિપિટેશન થાય. એ બધાનો મૂળ સ્ત્રોત, અમેરિકા અને હોલિવૂડના ફેશન ડિઝાઇનરો. અગાઉ હોલિવૂડમાંથી બોલિવૂડમાં અને ત્યાંથી એ પાણી દેશભરમાં ફરી વળતું હતું. હવે સીધું હોલિવૂડમાંથી આવે છે. હાલમાં સ્થિતિ સારી છે. જે કંઈ ચિત્રવિચિત્ર પહેરો કે સોબર પહેરો, નવી શૈલીનું કે જૂની શૈલીનું પહેરો. બધું જ આજકાલ સ્વીકાર્ય છે. એટલે

આધુનિક યુગમાં સૌંદર્ય કલ્પના, સૌંદર્ય મીમાંસા અને સૌંદર્ય સાધનામાં જે વૈચારિક પરિવર્તન આવ્યું છે તે કદાચ કોઈ કાળમાં આવ્યું નહીં હોય

પસંદગીની મોકળાશ ખૂબ છે. માટે ખરીદી પણ અનેકગણી કરવી પડે છે. આ કારણથી જ ફેશનવીક વરસ લાંબા બની ગયાં છે.

ફેશને હવે તમામ ક્રિયા, પ્રક્રિયા, સૌંદર્ય વિશેની માન્યતાઓ પર પકડ જમાવી છે. વાળ, કાન, નાક, આઇબ્રો, આંખ, આઇલેશ (પાંપણ - મસ્કરા), કાન, ગાલ, હોઠ, નાક, હડપચી, ગરદન, સ્તન, પેટ, નાભિ, પેલ્વિસ, થાઈ, નખ અને લેગ્સ અને ફીટ. આ બધામાં માણસ સતત પરિવર્તન ઝંખે છે. તેને ક્ષણિક કે કાયમી સ્વરૂપે વધુ આકર્ષક બનાવવા મથે છે. વ્યક્તિગત પસંદગીઓમાં ખૂબ મોટા તફાવતો હોય છે. વ્યક્તિ પોતાને પસંદ હોય અથવા ક્યારેક બીજાને પસંદ હોય તે મુજબ ફેરફારો કરાવે છે. ફેશનની સાથે કારણ વગર દોડનારા પણ ઘણા હોય. જેમ કે, પોતાના હોઠ, ગાલ સુંદર હોય અને છતાં બીજી સ્ત્રીઓ કરાવે છે તે માટે બોટોક્સ કરાવે. જ્યારે વ્યક્તિ પોતે ફેરફાર કરાવે છે ત્યારે એને પોતાને લાગે છે કે એનું એ અંગ કદરૂપું છે. આ લઘુતાગ્રંથિ ફેશન ઇન્ડસ્ટ્રીને મહાન બનાવે છે. આ કોઈ નવી વાત નથી. હમણા ઝડપ વધી છે. ટેક્નોલોજીને કારણે અમુક પરિવર્તનો શક્ય બન્યાં. વાસ્તવમાં ફેશનને માનવજાતે સૈકાઓથી નહીં, હજારો વરસથી સ્વીકારી છે. પ્રાચીન કાળથી કોડી, છીપલાં, અણિયાળી ચીજો, ટેટૂ, કાંબી, કડલાં, હાંસડી, હાથીદાંતની રિંગો, હાડકાં વગેરેનાં આભૂષણો અને ચિતરામણો લોકોએ હજારો વરસથી સ્વીકાર્યા જ છે. ફેશન પોતે જ પરિવર્તનશીલતાનો પર્યાય છે. એટલે આજની ફેશન અને ગયા મહિનાની ફેશનમાં ફરક હોય તે સ્વાભાવિક છે. સમાજમાં દરેક ક્ષેત્રમાં નેત્રદીપક પરિવર્તન આવ્યું છે. ફેરફારો જોઈ, અનુભવી શકાય છે. આધુનિક યુગમાં સૌંદર્ય કલ્પના, સૌંદર્ય મીમાંસા અને સૌંદર્ય સાધનામાં જે વૈચારિક પરિવર્તન આવ્યું છે તે કદાચ કોઈ કાળમાં આવ્યું નહીં હોય. ભૌતિક કે શારીરિક સૌંદર્યની કલ્પનાઓમાં વખતોવખત ખૂબ ફેરફારો થયા, પણ અહીં આપણે માનસિક વિચારોની વાત કરી રહ્યા છીએ. આજકાલ એ વિચાર બળવત્તર બન્યો છે કે વ્યક્તિનો દેખાવ કંઈ પણ હોય, સારો કે નબળો હોય, તેને સૌંદર્યવાન જ ગણવી. દેખાવના આધારે ભેદભાદ પાડવો નહીં, પણ વ્યક્તિને મૂલવવાના અન્ય સારા માપદંડો છે તે જ અજમાવવા. આ પ્રકારની એક આંતરરાષ્ટ્રીય ચેતનાની હજી શરૂઆત થઈ છે અને ફેશન ઇન્ડસ્ટ્રીમાં તે ફેરફારો, પરિવર્તનો પ્રત્યક્ષરૂપે જોઈ શકાય છે.

વરસ ૧૯૯૭ના નવેમ્બરમાં દુનિયાના પ્રસિદ્ધ ફેશન મેગેઝિન 'એલે'ના કવર પર સુદાનમાં જન્મેલી એક આફ્રિકન કાળી મોડેલની અલેક વેકની મુખપૃષ્ઠ તસવીર છપાઈ. પરંપરાગત રીતે જોઈએ તો અલેકને આફ્રિકન પરિભાષા પ્રમાણે પણ સૌંદર્યવાન તો ઠીક, સામાન્ય પણ ગણી ન શકાય. અલેક વેકના સૌંદર્ય વિશે યુરોપ-અમેરિકામાં ચર્ચાઓ ઘણી થઈ, તેમાં મુખ્યત્વે અલેકને રૂપાળી ગણવા સામે ઘણાને વાંધો હતો. એ પછી તો અલેકના ફોટો આલ્બમ અનેક

મશહૂર મેગેઝિનોમાં છપાયા. તેની ત્વચા સુંવાળી અને ખૂબ કાળી છે; પણ પરંપરાગત રીતે વર્ણવામાં આવે તો તેને કોઈ દેખાવડી ન કહી શકે. છતાં જેમણે કર્યા એમણે એ કવરના અને અલેકની અન્ય ખાસિયતોના ભરપૂર વખાણ કર્યા. જેમ કે એનું પહોળું સ્મિત, આફ્રિકન મુખાકૃતિ વગેરે.

કવર-ગર્લ તરીકે અલેકની તસવીર પ્રથમવાર છપાઈ તે પછીના બે દાયકા બાદ સૌંદર્યની પરિભાષા ઝડપથી વિસ્તરી છે. નવી પરિભાષામાં ત્વચાનો કોઈ પણ રંગ કે વર્ણ ધરાવતી સ્ત્રીઓ કાળી, ગોરી, ભૂરી, બ્રાઉન ઉપરાંત જાડી, પતલી કે સફેદ દાગ ધરાવતી; સફેદ વાળ કે ટાલ કે કરચલીઓ ધરાવતી સ્ત્રીઓને પણ સૌંદર્યની નવી પરિભાષામાં સમાવવામાં આવી છે. સૌંદર્ય માટેની એક વિશાળ છત્રી તૈયાર થઈ છે જેની નીચે કોઈ પણ સ્ત્રી આવકાર્ય છે. પુરુષો અને નાન્યતર સમાજ (એલજીબીટીક્યુ પ્લસ)ના સભ્યો પણ આવકાર્ય છે. ફ્રાન્સની પ્રજાએ આ નવો વિચાર અન્યોની સરખામણીમાં વધુ અપનાવ્યો છે. સોશિયલ મીડિયામાં લોકો વિચારો રજૂ કરે, માગણીઓ મૂકે તેની અસર પણ ફેશન ઇન્ડસ્ટ્રી પર પડી છે.

સૌંદર્યની પરિભાષા સમાજ, વર્ગ, દેશ, પ્રદેશ પ્રમાણે બદલાતી હોય છે. વેસ્ટ ઇન્ડિઝની કાળી મૂળ આફ્રિકન પ્રજામાં માન્યતા છે કે સ્ત્રી જેટલી વધુ સ્થૂળ એટલી વધુ રૂપાળી. એક સમાજની સુંદર કે રૂપાળી સ્ત્રી બીજા સમાજને કદરૂપી જણાય. સૌંદર્યદ્રષ્ટિ વ્યક્તિગત હોય છે, વળી સમૂહ અથવા સમાજની એક અલગ હોય છે. રાજસ્થાનના લોકોને ચળકતા રંગો ગમે છે, એટલા ગુજરાતીઓને ગમતાં નથી. સમૂહની પસંદગી વ્યક્તિની પસંદ પર અસર પાડે છે. સૌંદર્યની પસંદ વ્યક્તિગત પણ હોય છે અને રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પણ હોય છે.

આભૂષણો પરથી પણ સ્ત્રીની જ્ઞાતિની ઓળખ થાય. ફેંટાના રંગથી ભરવાડની પેટા જ્ઞાતિ જાણી શકાતી. હવે એ ઓળખાણો ધીમે-ધીમે લુપ્ત થવા માંડી છે. સ્ત્રીઓની વેશભૂષાઓ ખાસ બદલાઈ નથી, પરંતુ યુવાનો પેન્ટ શર્ટ પહેરવા માંડ્યા છે.

સમગ્ર રીતે જોઈએ તો અનેક પેઢીઓથી સ્ત્રીની છાતી ભરાવદાર હોય અને કમર પાતળી હોય, આંખો ચમકતી અને મોટી હોય તેને આદર્શ સૌંદર્ય ગણવામાં આવ્યું છે. ચિત્રકારો પણ એ જ રીતે નિરૂપણ કરતા આવ્યા છે. પ્રગતિશીલ જગતમાં અગાઉ અને આજે પણ આ માપદંડ સ્વીકારાયેલો છે. જોકે પંદરમી સદી અને તેની આસપાસ યુરોપના ચિત્રકારો સ્ત્રીઓને નગ્ન અને સ્થૂળ તરીકે

હમણા ત્રણ-ચાર વરસ અગાઉ બહેનોમાં પ્લાઝો ફેશનમાં આવ્યો હતો. પ્લાઝો એટલે સિત્તેર વરસ અગાઉ કાઠિયાવાડી પુરુષો પહેરતા હતા એવો લેંઘો

વધુ રજૂ કરતા. ભારતમાં સ્ત્રીઓની ત્વચાનો રંગ પણ મહત્ત્વનો ગણાતો. જાગતિક ક્ષેત્રે સ્ત્રીઓના ચહેરા અને ગાલ, સુડોળ નાક, 'રસ ભરે અધર' અર્થાત્ ભરેલા હોઠ પણ ચિત્રો અને વર્ણનોમાં વ્યાપક જોવા મળે છે. સુંવાળા લાંબા કેશ, તેમાંય સોનેરી હોય તો વધારે સુંદર ગણાતા. અગાઉના, બે દાયકા પહેલાંનાં, વિકસિત જગતનાં બ્યુટી અને સ્ત્રી વિષેના સામયિકોમાં પણ સૌંદર્ય માટેના ઉપર જણાવ્યા છે તે માપદંડોને વધુ ભાવ અપાતો હતો. આપણે જોઈએ છીએ કે કોઈક જૂજ અપવાદ સિવાય, ફિલ્મોમાં કોઈ હીરોઇન કે તેની સખીઓ પણ કદરૂપી હોતી નથી, બલ્કે સૌંદર્યવાન જ હોય છે. હીરોનું પણ એવું. ખૂબ જ પ્રતિભા હોવા છતાં ઓમ પુરી કોઈ ફિલ્મમાં નાયક બન્યા નથી. ભારતમાં મધુબાલા, ઐશ્વર્યા રાય વગેરે સૌંદર્યનું બીજું નામ છે. એ જ રીતે હોલિવૂડમાં કેથેરીન દનેવ, સોફિયા લોરેન, ઇલિઝાબેથ ટેઇલર, મેરેલિન મનરો, ગ્રેસ કેલી વગેરેનાં નાક, નકશા, ચહેરા, આંખો અને દેહયષ્ટિ પરથી સૌંદર્યનો પરિચય આપવામાં આવતો. હજી પણ અપાય છે, પણ ધીમે-ધીમે એવી વિભાવના સ્થાપિત કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે કે સૌંદર્યની આ બાંધેલી પરિભાષામાં ફીટ ન થાય તે સ્ત્રીને વધુ એક્ઝોટિક, અલગ પ્રકારની સૌંદર્યમય સ્ત્રી ગણવી. અગાઉની અને હજી પણ ચાલી રહેલી આ વિચારધારામાં સ્થાન ન મેળવી શકતી સ્ત્રી કે વ્યક્તિ; સ્વાભાવિક પણે જ ભેદભાવ અને સંતાપ અનુભવતી હશે. સૌંદર્ય એ વ્યક્તિની પોતાની સિદ્ધિ નથી, પણ કુદરતી દેન છે. તો ભેદભાવ શા માટે? રૂપાળી વ્યક્તિ રૂપાળી દેખાય છે તો તેમાં એણે શો મીર માર્યો? તેમને ઉદાહરણો બનાવીને બીજાની મનોભાવનાઓનો અનાદર શા માટે કરવો? જો કરાય તો તે અમાનવીય છે. તે પાયાના વિચાર સાથે નવી ભાવનાને ફેશન જગત અને અન્ય લોકો પ્રોત્સાહન આપી રહ્યા છે, પરંતુ મગજના ભાર જેવી ડિફોલ્ટ બની ગયેલી 'રાધા ક્યુ ગોરી, મૈં ક્યું કાલા'ની ભાવના એમ દૂર થઈ શકશે ખરી? સિવિલ વોર, લિંકનના અથાગ પ્રયત્નો, ત્યાર બાદના કાનૂનો પછી પણ લગભગ બસ્સો વરસ દરમિયાન ચળવળો ચાલતી રહી તો પણ ગોરા અમેરિકનોના એક મોટા વર્ગમાં કાળાઓ માટેની ઘૃણાઓ ઓછી થઈ નથી.

તો સમાજ સૌંદર્ય, લાવણ્ય, લાલિત્યની, રૂપની નવી બોલી સ્વીકારશે? જ્યાં દીકરીઓનાં નામ રૂપવતી, કંચન, કામિની, ઐશ્વર્યા, સોના, રૂપા રખાતાં હોય ત્યાં સૌંદર્ય વિશેના ખ્યાલો એમ આસાનીથી મટી શકશે નહીં. છતાં નવો વિચાર ખોટો નથી. જે ક્ષેત્રમાં સિનેમા, મોડેલિંગ નાટકમાં કહેવાતી અસુંદર નારીઓને પ્રવેશ નથી તેમાં પ્રવેશ મળશે તો એક સારી શરૂઆત થઈ ગણાશે. બાકી લગ્ન વિષયક જાહેરખબરોમાં હજી પણ સુંદર, ગૌરવર્ણી જેવાં વિશેષણો જ વધુ વપરાય છે અને વપરાતાં રહેશે. પુરુષોના મનમાં સુંદર પત્ની અને સ્ત્રીના મનમાં રૂપાળો પતિ પામવાની ઇચ્છા પાવરફુલ હોય છે તેને કેમ બદલવી?

છતાં ધીમે-ધીમે ફેરફારો થઈ રહ્યા છે. હમણા સુધી ઓસ્ટ્રેલિયાનું સ્પોર્ટ્સ ઇલસ્ટ્રેટેડ સામયિક તેના કવરપેજ પર સુંદર અને સુડોળ સ્પોર્ટ્સ ગર્લની બિકીનીમાં તસવીરો છાપતું આવ્યું છે. સ્પોર્ટ્સ ઇલેસ્ટ્રેટેડના કવર માટેની તસવીર માટે જ મોટો ખર્ચ થાય છે. તે કવરની દુનિયામાં વાહ વાહ થાય છે, તેની કવર-ગર્લ ગોરી જ હોય, પણ હવે ક્યારેક કાળી યુવતી પણ હોય છે. ૧૯૯૦ના દાયકામાં અભિનેત્રી કેટ મોસના પ્રવેશ અને સફળતા પછી હોલિવૂડના સ્ટાન્ડર્ડમાં નહીં બેસતી સ્ત્રીઓનો સ્વીકાર થવા માંડ્યો છે. કેટ મોસ હોલિવૂડના ધોરણ પ્રમાણેની દેહયષ્ટિ ધરાવતી નથી. બ્રિટનની આ છોકરી એવા કોઈ પ્રિવિલેજ્ડ ખાનદાનમાંથી આવતી ન હતી કે 'નબળી' હોવા છતાં તેનો એ રીતે સ્વીકાર થાય, જે રીતે સોનમ કપૂરનો થયો છે. કેલ્વિન ક્લેન નામક મશહૂર બ્રાન્ડમાં કેટ મોસને તો પણ લેવામાં આવી, જ્યારે એના પગ લાંબા અને પાતળા નથી. મોસનો આ પ્રવેશ ફેશન ઇન્ડસ્ટ્રીની સ્થપાયેલી પેટર્ન તોડનારો હતો. જોકે એ ગોરા વંશની, યુરોપિયન યુવતી હતી. એટલી ખરાબ પણ ન હતી કે લોકો મોઢું મચકોડે.

એક સમયે મોડેલ લોરલ હટનના બે દાંત વચ્ચે ગેપ હતી તો તે બાબતની પણ ટીકા થઈ હતી. જોકે સમાંતરે આફ્રિકન વંશની કાળી મહિલાઓ સુપર મોડેલો તરીકે બહાર આવી. બેવરલી જહોનસન પ્રથમ હતી જેની તસવીર અમેરિકાના 'વોગ' મેગેઝિનના કવર પર છવાઈ હતી. વોગના કવર પર ચમકનારી એ પ્રથમ કાળી સ્ત્રી હતી. ત્યાર બાદ સોમાલિયામાં જન્મેલી ઇમાન, આફ્રિકન અમેરિકન નાઓમી કેમ્પબેલ, ટાયરા બેન્ક્સ અને બીજી સુપર મોડેલો બની, પણ તેઓ બ્લેક બ્યુટી હતી. નમણાશ અને સુંદર દેહલાલિત્ય ધરાવતી હતી. ટાયરા બેન્ક્સ તો સ્પોર્ટ્સ ઇલેસ્ટ્રેટેડની કવર-ગર્લ બની હતી. વોગ, એલી, સ્પોર્ટ્સ ઇલેસ્ટ્રેટેડ, વેનિટી ફેર વગેરેની કવર-ગર્લ તરીકે પસંદ થવું તે મોડેલો માટે નોબેલ મેળવવા કરતાં પણ વિશિષ્ટ સિદ્ધિ હોય છે.

સૌંદર્યના માપદંડ માટેના વર્તુળને ખૂબ ફેલાવવામાં આવે તો સ્પર્ધાનો કોઈ અર્થ રહેતો નથી. બીજી વાસ્તવિકતા એ છે કે આજકાલ સૌંદર્યનું રૂપાંતર નાણાકીય મૂલ્યના રૂપમાં થાય છે

એ પછી અલેક વેક આવી, જેનો આપણે આગળ ઉલ્લેખ કર્યો. અલેકને આફ્રિકન પુરુષો અને સ્ત્રીઓ પણ સુંદર સ્ત્રી તરીકે સ્વીકારવા તૈયાર નથી. છતાં એના લાંબા પગ, ખામી રહિત અત્યંત કાળી ત્વચા વગેરેને એના ગુણો ગણવામાં આવ્યા. વેકના હાથ-પગ ખૂબ પતલા અને લાંબા હતા, તે ખૂબી ગણાઈ. વેકનો સ્વીકાર થયો એટલો બીજી, સ્ટાન્ડર્ડ બહારની સ્ત્રીઓનો હજી સ્વીકાર થયો નથી. સ્થૂળ, અપંગ અથવા વૃદ્ધ સ્ત્રીઓને વિચારોમાં બ્યુટીફુલનું સ્થાન છે, વ્યવહારમાં નહીં.

હવે સવાલ એ જાગે છે કે, આ વિચાર અપનાવવામાં આવે તો સૌંદર્ય સ્પર્ધાની શી જરૂર? શું જે કોઈ આવે તેને તાજ અને ઇનામ આપી દેવા? કે પછી બ્યુટી માટેની વ્યાખ્યાનો વિસ્તાર કરવો? વધુ લોકોને સમાવવા? તેમ કરવામાં આખો હેતુ જ હણાઈ જાય. એક વર્ગ સાથે ભેદભાવ તો થાય. તેના કરતાં તો હાલનો ક્રાઇટેરિયા સારો. જેમાં વધુ વિશાળ વર્ગને લાગે કે પસંદ થયેલી વ્યક્તિ અનન્ય છે અને એક વિશાળ વર્ગ અનન્ય હોતો નથી તેમ જાણવાથી આશ્વાસન પણ મળે. ભેદભાવ ન લાગે, પરંતુ દરેક ક્ષેત્રમાં જોવા મળે છે કે તેમાં આદર્શવાદને વધુ ઘૂસાડવામાં આવે ત્યારે વાસ્તવિકતા અને વ્યવહાર્યતા ભૂલી જવાય છે. સૌંદર્યના માપદંડ માટેના વર્તુળને ખૂબ ફેલાવવામાં આવે તો સ્પર્ધાનો કોઈ અર્થ રહેતો નથી. બીજી વાસ્તવિકતા એ છે કે આજકાલ સૌંદર્યનું રૂપાંતર નાણાકીય મૂલ્યના રૂપમાં થાય છે. અનેક લોકોનાં નાણા રોકાયેલાં હોય. સામાન્યપણે લોકો સુંદર સોહામણા, રૂપાળાં લોકો સાથે રહેવાનું એટલા માટે પસંદ કરે છે કે તેઓ સ્વાભાવિકપણે સારા હશે એવું માનવામાં આવે છે. જોકે આ હંમેશાં સાચું હોતું નથી. એમ પણ વાતો થાય છે કે આકર્ષક લોકો સામાન્યપણે વધુ પગાર મેળવતા હોય છે. આ પણ સાચું નથી. બ્રેઇન હોય, મળતાવડાપણું હોય તો સૌંદર્ય, ચાર્મ તેમાં પૂરક, સહાયક અથવા સ્પ્રિંગ બોર્ડ તરીકેની ભૂમિકા જરૂર ભજવે છે. છતાં તમામને તમે આકર્ષક તરીકે સ્વીકારો, એની સાથે એ રીતે વરતો તો એ લોકોને ફીલ થાય કે સાંસ્કૃતિક મેળમિલાપમાં તેઓ બીજાની સમકક્ષ છે, સમાજને તેઓની જરૂર છે. એડવર્ટાઇઝિંગ અને માર્કેટિંગ દુનિયામાં તેઓનું પણ યોગદાન છે અને એ દુનિયા એમના માટે ચાંદ-તારા સમાન નથી એવું તેઓને પ્રતીત થાય. જોકે આજકાલ કોઈને કહી શકાતું નથી કે ફલાણી વ્યક્તિ આકર્ષક નથી. એવું બોલનાર પર સોશિયલ મીડિયા તૂટી પડે છે. સોશિયલ મીડિયામાં એવા લોકો બહુમતીમાં છે, જેઓ જાણે છે કે કોઈને કદરૂપા ગણાવવા તે ગાળ સમાન છે. માત્ર દેખાવમાં સારા ન હોય, પણ વ્યક્તિ ગુણવાન હોઈ શકે છે, બુદ્ધિમાન અને જવાબદાર હોઈ શકે છે. તેઓને અપમાનબોધ, કરાવવાની જરૂર નથી.

દુનિયામાં લંડન, મિલાન, પેરિસ અને ન્યૂ યોર્ક ફેશન જગતનાં કેન્દ્રો મનાય છે. ત્યાં હવે આ ભાવનાની નોંધ લેવાઈ રહી છે. ભલે ખૂબ ધીમી ઝડપે, પણ ઐતિહાસિક

પરિવર્તન શરૂ થયું છે. છેલ્લાં દસ વરસમાં સૌંદર્ય માટેનાં માનકોમાં ધરખમ ફેરફારો થયા છે, જે અગાઉનાં એકસો વરસમાં પણ જોવા મળ્યા ન હતા. જોકે ત્યારે ફેશન ઉદ્યોગ માત્ર રાજામહારાજાઓ અને શ્રીમંતો પૂરતો મર્યાદિત હતો. દુનિયામાં જ્વેલરી, કપડાંની જે ટોચની બ્રાન્ડ ગણાય છે તે પેરિસના 'કાર્ટિયર' હાઉસે ભારતના રાજઘરાનાઓ પાસેથી જ સૌથી વધુ આવક રળી પોતાનું રજવાડું સ્થાપ્યું હતું. પ્રથમ તેઓને જ્વેલરી, ઘડિયાળો, કપડાં, ફર્નિચર વેચીને અને બાદમાં રજવાડાં ખતમ થયાં ત્યારે રજવાડાંઓની એ જ વસ્તુઓ પાછી ખરીદીને તેઓએ અઢળક કમાણી કરી. આ અને આવાં અનેક ફેશન હાઉસો માટે તૈયાર થતી જાહેરખબરો માટે અગાઉ જે રનવે મોડેલની પસંદગી થતી તે પતળી અને કમનીય, મરોડદાર કાયા ધરાવતી હોવી જોઈએ તે પાકું હતું. મુંબઈ, દહીસરમાં જન્મીને મોટી થયેલી ઉજ્જવલા રાઉત આ પ્રણાલીગત કેટેગરીમાં આવતી હતી તેથી એ આંતરરાષ્ટ્રીય સુપર મોડેલ બની શકી, પરંતુ આજે ઘણી ભારતીય મોડેલો પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં દાખલ થઈ શકે છે, કારણ કે આજે આદર્શ મોડેલની સાઇઝ શૂન્યમાંથી લગભગ છ સુધી ઊંચે લઈ જવામાં આવી છે. સ્ટેજ પર આવીને કપડાંનું પ્રદર્શન કરે તે રનવે મોડેલ તરીકે ઓળખાય છે. આ ક્રિયાને આપણે કેટવોક તરીકે પણ જાણીએ છીએ. અનેક જાણીતા ફેશન ડિઝાઇનરો જેવા કે જહોન ગલીઆનો અને અલેક્ઝાન્ડર મેક્વીનની મોડેલો અત્યંત પતળી રહેતી. તેઓની છાતી સપાટ હોય અને નિતંબ પણ ન હોય. હમણાના યુગના ચિત્રકારોના પોટ્રેઇટ્સ પણ આ પ્રકારના હોય છે, જેમાં સ્ત્રીનું શરીર મરોડદાર ઘાટીલું ન હોય. પ્લસ સાઇઝની એશલી ગ્રેહામ સ્પોર્ટ્સ ઇલસ્ટ્રેટેડની કવર-ગર્લ બની. એ જ મેગેઝિનમાં હિજાબ પહેરીને હલીમા એડન પ્રથમ કવર-ગર્લ બની. બાકીની બધી બિકિનીઓમાં જ આવી હતી. હવે બધા ભરાવદાર અંગમરોડવાળી છોકરીઓ વિષે વાતો કરવા માંડ્યા છે. સ્વીકાર્યતાની બાબતે એટલી પ્રગતિ થઈ છે કે વ્હાઇટળો અને એલજીબીટીક્યુના અન્ય પ્રકારના સભ્યો પણ કેટવોક કરવા માંડ્યા છે. તેઓ જાહેરખબરોમાં પણ દેખાઈ રહ્યા છે. ઘણા જાણે છે કે ફેશન ડિઝાઇનરોમાં તેમાંના મોટા ભાગના પુરુષોના દેહમાં સ્ત્રી રૂપે જીવતાં હોય છે, અર્થાત્ ગે હોય છે. સ્ત્રીઓને ગમતી કલા અને પ્રવૃત્તિઓ આ લોકોને પણ ગમે છે. ભારતમાં પણ ફેશન ડિઝાઇનરોમાં ગે લોકોનું પ્રભુત્વ જોવા મળે છે.

ટેક્નોલોજીની વ્યાપકતા વધી તેથી

ફેશન એક વિશાળ બિઝનેસ છે, એટલે સ્વાભાવિકપણે તેમાં રાજકારણ ઘૂસવાનું. કોણ સાચો વિરોધ કરે છે અને કોણ આર્થિક હેતુથી પ્રેરાઈને કરે છે તે નક્કી કરવાનું મુશ્કેલ છે

લોકોમાં ફેશન વિષે વધુ સમજણ ફેલાઈ છે. સોશિયલ મીડિયા અને તેમાં ઇન્સ્ટાગ્રામ ફેશન ઇન્ડસ્ટ્રી માટે વરદાનરૂપ સાબિત થયા છે. કંપનીઓ અને ડિઝાઇનરોમાં માર્કેટ શેર, ઓડિયન્સ અને સંભાવિત ગ્રાહકો મેળવવાની હોડ મચી છે. ડિઝાઇનર ડ્રેસથી માંડીને સેન્ડલો, ફૂટવેર, લિપસ્ટિક વગેરે તેઓ વેચવા માગે છે. અગાઉ, નેવુના દશકમાં ડિઝાઇનરોએ તૈયાર કરેલા કલેક્શનની તસવીરો લોન્ચ થયા અગાઉ છપાઈને જાહેર ન થાય તેની ડિઝાઇનરો સાવચેતી રાખતા હતા. છપાઈ જાય તો ડિઝાઇનરનાં કપડાં બજારમાં આવે તે અગાઉ તેની નકલો બજારમાં આવી જાય અને ડિઝાઇનરના તમામ ખર્ચ પર પાણી ફરી વળે. આજે સોશિયલ મીડિયાના સમયમાં પણ તસવીરો લીક થઈ જાય છે, પરંતુ દરેક રસ ધરાવતી ફેશનપરસ્ત વ્યક્તિ તે જોઈ શકે છે કે કપડાં વગેરે કોણે ડિઝાઇન કર્યા છે! વળી તેઓ તે ડિઝાઇનર પાસેથી જેન્યુઇન કપડાં ખરીદી શકે છે. સોશિયલ મીડિયામાં ફેશન ઇન્ફ્લુઅન્સર્સ (પ્રભાવકો)ની એક મોટી ફોજ ઊભી થઈ છે. તેઓ એમના ફેન્સ ફોલોઅર્સ સાથે ફેશન પ્રોડક્ટ્સ વિશે વારંવાર વિગતવાર ચર્ચા કરે છે. કઈ પ્રોડક્ટ સારી છે અને કઈ નથી તે સ્પષ્ટપણે જાહેર કરે છે. પ્રતિભાવો અને મંતવ્યો મેળવે છે. ડિઝાઇનરો અને પ્રોડક્ટ કંપનીઓએ આ ઇન્ફ્લુઅન્સરોના મતનો આદર કરવાનું ફરજિયાત થઈ પડ્યું છે. અન્યથા પ્રોડક્ટ્સ માટે વિપરીત પરિણામો આવી શકે છે.

હવે ફેશન જગતમાં શરીર, વાળ, ચહેરો, રંગ વગેરે રાજકારણ માટેનાં કારણો બની ગયાં છે. ફેશન એક વિશાળ બિઝનેસ છે, એટલે સ્વાભાવિકપણે તેમાં રાજકારણ ઘૂસવાનું. કોણ સાચો વિરોધ કરે છે અને કોણ આર્થિક હેતુથી પ્રેરાઈને કરે છે તે નક્કી કરવાનું મુશ્કેલ છે. ૨૦૨૦માં વિશ્વમાં માત્ર કપડાંનું માર્કેટ ૧૫૦૦ અબજ યુ.એસ. ડોલરનું રહ્યું હતું. પગરખાં, કોસ્મેટિક્સ, જ્વેલરી વગેરે અલગ. ચાર વરસ બાદ તે પ્રમાણ વધીને અઢી ટ્રિલિયન ડોલરનું થશે. જ્યાં આટઆટલા રૂપિયા છે ત્યાં રૂપ હોવાનું, રૂપકારણ હોવાનું અને રાજકારણ પણ. ■

શૃંગારરસના ઘૂંટડે ઘૂંટડે પરમ ઉત્ક્રાંતિ પામતી માનવજાત

કુદરતે માણસને પહેલા ખોળાના બાળક બનાવ્યા છે. સૌંદર્યદ્રષ્ટિ આપી છે. શૃંગાર લોહીમાં ભેળવ્યું છે. માટે મિકેનિકલ પ્રોસેસ જેવી પ્રજનનક્રિયાથી એક સ્ટેપ નીચે અને પ્લેટોનિક લવથી એક સ્ટેપ ઉપર જે વસે છે તે શૃંગાર છે.

અભિમન્યુ **મોદી**

જગતભરના ખ્રિસ્તી આસ્થાળુઓના શ્રદ્ધાના મુખ્ય કેન્દ્ર સમાન રોમ ખાતે આવેલા પોપના નિવાસસ્થાન - સિસ્ટિન ચેપલની ઊંચી ઊંચી છતો ઉપર એક નજર કરો. હવામાં ઊડતા હોય એવા સ્નાયુબદ્ધ પુરુષ એન્જલ અને સૌંદર્યવાન સ્ત્રીઓ નજરે ચડશે. 'લાસ્ટ જજમેન્ટ' નામના એ મહાન ચિત્રની બાજુમાં, એ જ છતના બીજા ખૂણે, એક વધુ મહાન ચિત્ર દેખાય છે જેનું નામ છે: 'ક્રિએશન ઓફ આદમ'. આદમ અને ઈવની જોડી માંહ્યલા આદમનો હાથ હવામાં લંબાયેલો છે અને તેને સ્પર્શવા જઈ રહેલા ગોડનો હાથ પણ ખેંચાયેલો છે. ગોડ વસ્ત્રોમાં સજ્જ છે, પણ સોહામણો આદમ નિર્વસ્ત્ર છે. નિર્વસ્ત્ર શબ્દ તો વસ્ત્રોની શોધ થયા પછી આવેલો શબ્દ છે. અનાવૃત આદમને દિગંબર કહી શકાય.ફક્ત દિશાઓ જ નહીં, સમગ્ર સમષ્ટિને પોતાનાં વસ્ત્રો બનાવીને અવતરેલો આદમ જે ઈવના અંગસૌષ્ઠવથી અંજાઈને તેને સફરજન આપવા ગયો અને સંસારના મંડાણ થયા.

ખ્રિસ્તી કથામાં ભલે માનતા ન હોઈએ. પણ જે-જે જમીની વિસ્તારોમાં માનવસંસ્કૃતિના પગરણ થયા છે એ શૃંગારરસના પગલે જ થયા છે. માનવ સમુદાયની રચનાએ આપોઆપ તેની વિશિષ્ટ સંસ્કૃતિ અને આગવા ધર્મને અભિમંત્રણ આપ્યું. મનુષ્ય અને સંસ્કૃ

તિ એકબીજાને ઘડતા ગયા. માનવજાતના વિકાસની માળામાં એક પછી એક મણકા પરોવાતા ગયા, પણ દોરો તો શૃંગારરસનો જ રહ્યો. જૈનીઝમ અને હિન્દુ વિચારધારામાં આદિનાથ છે. જૈનોમાં આદિનાથ એટલે ઋષભદેવ અને હિન્દુમાં મહાદેવ શંકર. બંનેના દેખાવને ખાસ્સું મહત્ત્વ અપાયું છે. બંનેના દેખાવનાં વર્ણનો જાણે સૌંદર્યશાસ્ત્રનું એક પ્રકરણ હોય એવું લાગે છે. પ્રાચીન કાળમાં રોમનો કે ગ્રીકોના દેવી-દેવતાઓ પણ એવા જ હતા, ખૂબસૂરત અને દેખાવડા. રેસીઝમ ત્યારે ન હતું, પણ શૃંગાર આદિ નથી, અનાદિ છે. શૃંગારરસનો રંગ શ્યામ છે. બ્રહ્માંડની બિગબેંગ વડે ઉત્પતિ થઈ એ પહેલાં કંઈ જ ન હતું ત્યારે અંધકાર તો હતો જ, કાળા રંગનું સામ્રાજ્ય તો હતું જ. વિસ્ફોટની પોતાની અલગ ખૂબસૂરતી હોય છે. શૃંગાર માનવશરીરમાં જુદાં જુદાં રસાયણોનો વિસ્ફોટ માટે કારક બને છે. ભાષાના ઉદ્ભવ પહેલાં શ્યામ અને શૃંગાર બંને સમાનાર્થી હશે?

આપણો એટલે કે મનુષ્ય નામની જાતનો સૌથી જૂનો વ્યવસાય શું હતો? બહુ જાણીતી વાત છે. જવાબ બધાને ખબર છે. ઇટાલીના દક્ષિણમાં જમીનમાં ગરકાવ થઈ ગયેલું પોમ્પેઈ શહેર. વેશ્યાલયોની સુગમ વ્યવસ્થા માટે પોમ્પેઈ નગરીના મેયરે બહાર પાડેલા 'બ્રોથેલ સિક્કા' હજારો વર્ષો પછી પણ લગભગ આબેહૂબ અવસ્થામાં મળી આવ્યા છે. શૃંગારરસ છલકતો હોય એવાં રોમન ચિત્રો અને એ ચિત્રો ધરાવતી પોમ્પેઈની દીવાલો. ગ્રીકો અને હુણો, સ્પાર્ટન્સ અને એથેનિયન્સ- બહાદુર પ્રજા, યુદ્ધકુશળ પ્રજા, હોશિયાર પ્રજા. કારણ? જાહેર જીવનમાં અને અંગત જિંદગીમાં શૃંગારરસને આપવામાં આવતું પૂરતું પ્રાધાન્ય. ધર્મોમાં ઠાંસોઠાંસ શૃંગાર ભળ્યો માટે ધર્મ ટકી રહ્યો અને તેના આસ્થાળુઓ વધતા રહ્યા. જીસસ ક્રાઇસ્ટ- અણીદાર ચહેરો, ઘેઘૂર દાઢી, રૂપાળી ચામડી, પાતળું શરીર. આજથી બે હજાર વર્ષ પછી પણ ઇચ્છવાજોગ યુવાન માટેની આ જ પરિકલ્પના હશે, કોઈ પણ યુવતીના અંતરમાં. મંગળ ગ્રહ ઉપર ચડાઈ કરવાની ઇલોન મસ્કીય લાલસા પણ છેવટે તો મંગળની લાલ માટી પ્રત્યેનું ચુંબકીય આકર્ષણ બતાવે છે. મેન આર ફ્રોમ માર્સ અને વિમેન આર ફ્રોમ વિનસ. મંગળ ઉપર વસાહતો સ્થાપીને પુરુષ સ્ત્રીને પુરુષની દુનિયાના સૌંદર્યની માયા લગાડવા ચાહે છે. ધ બર્થ ઓફ વિનસ- બોટીચેલીનું છસ્સો વર્ષ પહેલાંનું ખૂબસૂરત ચિત્ર તે સમયે છુપાઈને બતાવવામાં આવતું. રેનેસાંનો દૌર આવવાનો બાકી હતો અને નગ્નતા સામે યુરોપિયનોને અચાનકથી આભડછેટ લાગી ગઈ હતી.

ફિક્શનલ મોનાલીસા અને રીયલ ક્લીઓપેત્રા જેવી સુંદરિકાઓની કલ્પના કરતાં થાક કેમ લાગતો નથી? ડોલ્ફિન અને માણસના જિનેટિક્સમાં માત્ર વીસ ટકાનો જ ફેર છે તો એ વીસ ટકામાં એવું તો શું હતું જે માણસને માણસ બનાવી ગઈ અને પેલી એક માછલીમાત્ર રહી. મનુષ્યની શૃંગારરસ પ્રત્યેની અવિચલ પ્રીતિ. મનુષ્યજાતનો પહેલો વ્યવસાય દેહનો હતો. પણ એ તો જાનવરોની પણ ગમતી પ્રવૃત્તિ છે. કુદરત પણ તેની જ ફેવર કરે છે. ઊંઘો, આરોગો અને પ્રજનન કરો, પણ માણસ બનવાનો હેતુ ફક્ત સંતતિ

The Co-Operative Bank of Rajkot Ltd.
ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.
મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ બેંક
Estd. 24.11.1980
Raj Bank
સ્વપ્ન તમારું...
સહકાર અમારો...
હોમ લોન
8%
ગ્રાહકલક્ષી સુવિધામાં વધુ એક કદમ આગળ
બેંકમાં રજીસ્ટર્ડ થયેલા મોબાઈલ નંબર દ્વારા
+91 70434 70435
નંબર ઉપર મીસ કોલ કરો અને SMS દ્વારા આપના ખાતાની બેલેન્સ મેળવો
Rupay Debit Card ની સુવિધા
ધંધાકીય હેતુ માટે રૂ. ૬૦ લાખ સુધીની લોન / ઓવરડ્રાફ્ટ સવલત
9.00 %
ધંધાદારીઓ માટે ખુશખબર....POS Machine ની સુવિધાનો પ્રારંભ
24 x 7
સેલ્ફ સર્વિસ પાસબુક પ્રિન્ટીંગની તમામ શાખાઓમાં સુવિધા ઉપલબ્ધ
૨૭ શાખાઓ
તમામ શાખાઓમાં લોકર સુવિધા
૧૬ ATM
સોનાના દાગીના સામે ધિરાણ સુવિધા ઉપલબ્ધ
ગોલ્ડ લોન સુવિધા
માનવંતા ગ્રાહક માટે વિવિધ સેવાઓ
૨૪ કલાક
૩૬૫ દિવસ
જગદીશ કોટડીયા
ચેરમેન
Registered Office : 'Sahakar Sarita', Panchnath Road, Rajkot - 360 001 (Gujarat)
Phone : 0281 - 2234454 / 2224120 / Fax : 0281 - 2236682 / Email : info@rajbank.in / website : rajbank.net

વધારવાનો નથી. કુદરતે માણસને પહેલા ખોળાના બાળક બનાવ્યા છે. સૌંદર્યદ્રષ્ટિ આપી છે. શૃંગાર લોહીમાં ભેળવ્યું છે. માટે મિકેનિકલ પ્રોસેસ જેવી પ્રજનનક્રિયાથી એક સ્ટેપ નીચે અને પ્લેટોનિક લવથી એક સ્ટેપ ઉપર જે વસે છે તે ઇરોટિકા છે, શૃંગાર છે. ઉત્ક્રાંતિ એના માટે થઈ અને એના લીધે થઈ. આદિ માનવ શિકારમાંથી ખેતી કરતો એટલે થયો કે પોતાના કુટુંબ-કબીલા સાથે સ્થિર રહી શકે અને પ્રકૃતિ તથા મનુષ્યોમાં રહેલી સુંદરતાનું પાન કરી શકે. માટે ગુફાચિત્રો શરૂ થયાં. માટે પોતે રક્ષક બન્યો જેથી નાજુક-કોમળપ્રકૃતિના પ્રતીકોનું જતન થઈ શકે.

ધર્મો, સમાજો, રીતિરિવાજો, વિજ્ઞાન, હથિયાર, ભાષા, યુદ્ધો, અન્વેષણ, માલિકીભાવ બધાનું બળ શૃંગાર પૂરું પાડતું હતું. કોઈ દ્વિધા સતત રહેતી, માણસ મનોવૈજ્ઞાનિક ખોજમાં સતત રહેતો. થાક લાગે ત્યારે શૃંગારદેવીના શરણમાં જાય અને તેને શાતા મળતી. આધુનિક કન્સેપ્ટ એવા સુકુનની પહેલા શાતાની વિભાવના હતી જે શૃંગારે આપી. અંગ્રેજીમાં ક્યુરિઓસિટી એટલે જિજ્ઞાસા કે ઉત્સુકતા. એ શબ્દ આવ્યો લેટીન ક્યુરિઓસા ઉપરથી. ક્યુરિઓસાનો એક પર્યાયવાચી શબ્દ છે ઇરોટિકા અર્થાત્ શૃંગાર. જેને નગ્નતા સાથે સીધો સંબંધ નથી તો પણ એ બંને વચ્ચે ઊંડો સંબંધ છે એવું લાગે છે, કારણ કે માનવમનની સૌંદર્યલાલસા સંતૃપ્ત થતી જ નથી. સ્ત્રીના દેહલાલિત્યને ત્રણસો સાઠ ડિગ્રીએ આંખ ઠારીને માણી લીધા પછી પણ સંતોષ નથી થતો. કેમ? શૃંગારનો રંગ કાળો છે અને કાળાની કોઈ સીમા નથી. અમુક આચાર્યો કહેતા કે, નવ રસોમાંથી માત્ર એક જ રસ છે અને તે છે કરુણ રસ. પણ ભોજ કહેતો કે એક જ રસ આદિમ રસ છે અને તે છે શૃંગારરસ. શૃંગાર અને કરુણ રસ છેલ્લે તો એક લાગણીના જુદા જુદા પડાવ માત્ર છે, પણ એ અલગ વિષય છે.

વાંદરામાંથી માણસ બનવાની પ્રક્રિયા મુખ્યત્વે તેના શૃંગારરસ પ્રત્યેના આકર્ષણને કારણે સફળ નિવડી, પણ શૃંગારના શ્યામત્વને સમજવામાં જે-જે સમાજે ગોથું ખાધું ત્યાં લોચા થયા. કપડાંની શોધ પછી બેશરમી ટ્રેન્ડિંગ બની. એમાં જડ ધર્મગુરુઓ આવ્યા. યુરોપમાં પાદરીઓ અને ચર્ચનું વર્ચસ્વ વધ્યું. રાજાઓ ચર્ચના ગુલામ બન્યા. તે અરાજકતામાંથી રેનેસાંનો દૌર શરૂ થયો. નવનિર્માણનું જબરદસ્ત આંદોલન જે સદીઓ સુધી ચાલ્યું. એ દરમિયાન જગતને શ્રેષ્ઠ કલાકારો, સંગીતકારો, ચિત્રકારો, લેખકો મળ્યા. યુરોપિયન બાંધકામની દીવાલો શૃંગારના રંગે રંગાઈ ગઈ. કેદમાં રહેલું સ્ત્રીસૌંદર્ય સામૂહિક ચેતનાના આકાશમાં મુક્તમને વિહરવા લાગ્યું. વિક્ટોરિયન યુગ એટલે કે ઓગણીસમી સદીની શરૂઆત

વિદ્વાનો પણ કહેતા રહ્યા કે સૌંદર્ય તો આંખોમાં વસે છે. જ્યારે ભારતીય ભર્તૃહરિ તો આજથી સદીઓ પહેલાં શૃંગારને પાંચેય ઇન્દ્રિયો માટેનો રસ કહેતા. ભર્તૃહરિ એવું પણ કહે છે કે, ધ્યાન કરવા યોગ્ય કંઈ હોય તો એ છે યૌવન વિલાસ

સુધી તો અશ્લીલતાનો કન્સેપ્ટ જ કોઈ માણસ જાણતો ન હતો. જે હતું એ માત્ર શૃંગાર હતો. ગંદું કશું નહીં, ખરાબ કશું નહીં, ઉઘાડાપણાનો છોછ કશે નહીં.

મેસોપોટેમિયા, ઇજિપ્ત, ગ્રીક અને રોમન સંસ્કૃતિ, પેરુવિયન સંસ્કૃતિ, એશિયામાં જાપાન, ચાઇનીઝ અને ભારતીય સંસ્કૃતિ, યુરોપિયન ઇતિહાસ - બધે જ શૃંગાર તેની સોળે કળાએ ફૂલ્યોફાલ્યો. જે દેશોમાં બહુ બંધન આવ્યાં, સ્ત્રીના દેહલાલિત્યના પ્રદર્શન સામે વિરોધો થયા અને ત્યાં ઉદ્ભવેલા ધર્મમાં પણ બહુ જ પ્રતિબંધો મુકાયા ત્યાં શૃંગારરસ કરમાયો. તે ધર્મ કે વિચારધારાને અનુસરતા લોકો પણ એવા તામસી વૃત્તિના કટ્ટરવાદી બન્યા અને આખી દુનિયા માટે સરદર્દ. ચાઇનીઝ સંસ્કૃતિ તો વિકસેલી સંસ્કૃતિ હતી, પણ છેલ્લાં દોઢસો વર્ષમાં ત્યાં આવેલા સામ્યવાદી સરમુખત્યારોએ જે પકડ જમાવી તેને કારણે ત્યાં પણ શૃંગારરસ બાષ્પીભવન પામતો ગયો અને પ્રજાની હાલત દયનીય થતી ગઈ. જ્યાં જ્યાં શૃંગારરસને કલુષિત કરવામાં આવ્યો છે ત્યાંના સમાજની પેઢીઓની પેઢીઓ પતનમાં જ જીવી છે. ભારતના ધર્મો - હિન્દુ, બૌદ્ધ, જૈન - શૃંગારનો મહિમા સારી પેઠે સમજ્યા. ત્યાં લોકશાહી છે, મુક્તિનો શ્વાસ છે, પ્રજા ખુશ છે, હિંસાનું તત્ત્વ ઓછું છે, નવી પેઢીઓ ખુશનસીબ છે.

દસ્તાવેજી ઇતિહાસમાં સૌથી વધુ જાહોજલાલી ભોગવનાર શહેર રોમ હતું. રોમના પતનનાં અનેક કારણો છે, પણ તેની સમૃદ્ધિનું એક મુખ્ય કારણ અને એ ત્યાંની પ્રજાની શૃંગારપ્રિયતા. પતનનું કારણ એ જ કે શૃંગારરસ અશ્લીલતામાં પરિણમવા લાગ્યો. સુંદરાંગીઓને જ્યાં જંજીરોમાં જકડવામાં આવી છે તે સિંહાસનો કડડભૂસ થઈ ગયા છે. વિશ્વભરમાં શૃંગારરસ ફક્ત આંખોનો રસ રહ્યો. વિદ્વાનો પણ કહેતા રહ્યા કે સૌંદર્ય તો આંખોમાં વસે છે. જ્યારે ભારતીય ભર્તૃહરિ તો આજથી સદીઓ પહેલાં શૃંગારને પાંચેય ઇન્દ્રિયો માટેનો રસ કહેતા. મૃગનયનીનું પ્રસન્ન મુખ આંખ માટે, તેના મુખમાંથી વહેતો સુગંધિત પવન નાક માટે, સુંદરીઓનું મધુર વચન કાન માટે, સ્ત્રીઓના પાલવ જેવા હોઠોનો મધુર રસ જિહ્વા માટે અને તેનું સુકુમાર શરીર સ્પર્શ માટે- ઉત્તમ છે. આનાથી એક સ્ટેપ ચડીને ભર્તૃહરિ એવું પણ કહે છે કે, ધ્યાન કરવા યોગ્ય કંઈ હોય તો એ છે યૌવન વિલાસ.આગળ કહ્યું એમ, સત્તરમી સદી સુધી તો કશું અશ્લીલ હતું જ નહીં.

ડી.એચ. લોરેન્સની નવલકથા 'લેડી ચેટર્લિઝલવર' જેવી કેટલીયે ઇરોટિક નવલકથાઓ આવી - જે તે સમયે ન સ્વીકારવામાં આવી, પણ પછીની પેઢીએ તેને હોંશે હોંશે વધાવી. શૃંગારની અભિલાષા અખૂટ રહેવાની છે. શૃંગારના ચરમબિંદુની ખોજ જ માનવજાતને ધબકતી રાખે છે. જે દિવસે એ બિંદુ પ્રાપ્ત થઈ ગયું, માણસ પાસે જીવવાનો બીજો હેતુ શું રહેવાનો? ■

વાંકી રે પાઘલડીનું ફૂમતું રે...!

સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ શૃંગારના દ્રાવણમાંથી જ તો થઈ છે. આખાય અસ્તિત્વના આનંદ અને ઊર્જાનો સ્ત્રોત આ શૃંગાર જ છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે, મનુષ્યોમાં હું કામ છું. તો પછી એનાથી ભાગવાની શી જરૂર?

તારી વાંકી રે પાઘલડીનું ફૂમતું રે,
મને ગમતું રે
આ તો કહું છું રે પાતળિયા તને અમથું રે!

કાલિન્દી **પરીખ**

કોઈને કોઈની આ વાંકી પાઘડીનું ફૂમતું કે ફેંટો ગમી જાય, તેના પર તે તેને પોતાને જ ન્યોચ્છાવર કરી દે અને ઓળઘોળ થઈ જાય તો તેમાં ખોટું શું છે? ઉલટું આ ગમી જવાની ક્ષણને વસંતોત્સવ માનીને ઉજવવી જોઈએ. કુદરતે પણ આ ક્ષણ પર હસ્તાક્ષર કર્યા છે એટલે તો વસંતમાં બધું જ નવપલ્લવિત થાય છે. કોકિલ ટહુકાર કરે છે અને આમ્રમંજરી મ્હોરે છે. આ ટહુકાર અને પમરાટમાંથી શૃંગાર રસ ટપકે છે જેને ઝીલીને પૃથ્વી ફરી નવ યૌવન ધારણ કરે છે. સાગર, નદી, ઝરણાં, ફૂલો, પર્વતો, કોતરો એ બધાં જ તેના અલંકારો છે. તેનાથી તો તે શૃંગારવંતી બને છે.

'ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય' (વસંતવિજય-કાન્ત) અહીં આ વાયુ નર અને માદા પુષ્પોના ફલિનીકરણ માટે કામદેવની ભૂમિકા પૂરી પાડે છે. શું ફૂલ કે શું પશુ-પંખી કે પછી મનુષ્ય અરે, સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ શૃંગારના દ્રાવણમાંથી જ તો થઈ છે. આખાય અસ્તિત્વના આનંદ અને ઊર્જાનો સ્ત્રોત આ શૃંગાર જ છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે, મનુષ્યોમાં હું કામ છું. તો પછી એનાથી ભાગવાની શી જરૂર? એની ટીકા કરી એને નિમ્ન શા માટે ગણવો? તેને વરણાગી કહી નાકનું ટીચકું ચડાવનાર વ્યક્તિ જગતની સહુથી વધુ કુરૂપ વ્યક્તિ કહેવાય. કાદવમાં ઊગેલા કમળ પર બેસી નિરાંતે રસનું પાન કરનારો ભ્રમર જ શાણો ગણાય. પત્ની માટે વેણી ન લાવનારો પૂજારી ભગવાનની ગ્રીવા પર ગુલાબ-ગજરાનો હાર કે વૈજયંતી પુષ્પોની માળા પહેરાવતો હશે ત્યારે આ બુડથલ પર ભગવાનને ગુસ્સો

આવતો હશે. પ્રેમિકાએ જન્મદિવસની ભેટ તરીકે આપેલા કુંડામાં ગુલાબ વાવવાના બદલે રીંગણ વાવનારને શું કહેવું? મર્યાદા પુરુષોત્તમ રામ પણ પંચવટીમાં તેમની કુટિરની પરસાળમાં બેસીને પ્રિય સીતા માટે તેમને ગમતાં પુષ્પોની માળા બનાવતા હતા.

રામાયણ, મહાભારત, પુરાણો અને અન્ય એવા ગ્રંથોમાં શૃંગારનો મહિમા કરવામાં આવ્યો છે. વાત્સાયને 'કામશાસ્ત્ર' ગ્રંથની રચના કરી છે, એ એમ જ તો નહીં કરી હોય ને. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થમાં કામને મોક્ષની પહેલા મૂકવામાં આવ્યો છે. તો પછી શૃંગારથી વંચિત રહેવામાં કઈ ધાર્મિકતા છે? આદિ ગુરુ શંકરાચાર્યને પણ પરકાયા પ્રવેશ કરી સંસારનો અનુભવ લેવો પડ્યો હતો. વસિષ્ઠ, અત્રિ વગેરે ઋષિઓ પણ ગૃહસ્થાશ્રમ ધર્મનું પાલન કરતા હતા. નીતિમય કામનું સેવન એ ધર્મ છે. પ્રજાતંતુનો લોપ કરવો એ અધર્મ છે. મર્યાદા કે કુળ પરંપરાના નામે તાજાં પરણેલાં યુગલને દૂર રાખવા જેવું કોઈ પાપ નથી. હરમાન હેસ તેમની નવલકથા 'સિદ્ધાર્થ'માં કહે છે, 'જે પળે તે નિમંત્રણ આપતી ત્યારે તે સુંદર વસ્ત્રો પહેરી, ઉપાન (પગરખાં) પહેરી સુંદર કમલાને મળવા જતો. તેના માટે કિંમતી ભેટ-ઉપહારો પણ લઈ જતો. તે કમલાના રાતા અધરો પાસેથી ઘણુ ઘણુ શીખવા પામ્યો. રતિવિલાસમાં તે તો હજુ શિશુ સમો હતો. કમલાએ તેને શીખવ્યું હતું કે આનંદ આપ્યા વિના આનંદ મળતો નથી. એક એક હાવભાવને, પ્રત્યેક આલિંગનને, દરેક સ્પર્શને અને દ્રષ્ટિને તથા દેહના એકે એક અવયવને તેનું રહસ્ય હોય છે. આ રહસ્ય જે એને સમજી શકે તેને આનંદ આપી શકે.' અમસ્તો જ શૃંગારને બ્રહ્માનંદતુલ્ય આનંદ આપનારો નથી કહ્યો.

શૃંગાર જ ચૈતન્ય છે. ચૈતન્ય સ્વભાવે જ આનંદદાયી છે. જીવનની કવિતાનો છંદ અને ગઝલનો મિજાજ છે તો ગીતનો લય પણ એ જ છે. રામ અને સીતાની પ્રીતિયુક્ત રતિ સોનેટ જેવી છે, પણ આ બધાં તો તેના પ્રકાર જ થયા મુખ્ય તો શૃંગાર જ છે. ભરત મુનિએ તેમના નાટ્ય શાસ્ત્રમાં વર્ણવેલા આઠ રસ અને અન્ય વિદ્વાનોએ ગણાવેલા નવમા શાંત રસમાં પણ મુખ્ય તો શૃંગારરસ જ છે. વળી, આ આઠ કે નવ રસમાં ક્યાંક ને ક્યાંક શૃંગાર તો રહેલો જ હોય છે. માનુનીઓના રોષમાં રૌદ્ર તો ખસખસના દાણા જેવો હોય છે, મુખ્યત્વે તો શૃંગારનો મોદક જ છે. વીરરસની પછીતમાં યુદ્ધના પડઘમ શાંત થયા પછી શૃંગારની શરણાઇયું સંભળાતી હોય છે. ચારણી સાહિત્યમાં વીરરસની સાથે સાથે શૃંગારરસ પણ પીરસાતો હોય છે.

' મુંજ ભણઈ મૃણાલવઈ, કેસા કાંઈ ચૂયંતિ
લદ્ધઉ સાહુ પયોહરઈ, બંધાણ ભણીસ દુઅંતિ

(અગરચંદ નાહટા, પરંપરા: ૧૨ સને ૧૯૬૧, પૃ.૧૦૪)

મુંજ પૂછે છે, મૃણાલવતી! આ કેશમાંથી જળ કેમ ટપકે છે? તેના ઉત્તરમાં મૃણાલવતી કહે છે, તેઓ મારા ઉરોજ પર લુબ્ધ થયા છે, પણ હવે અંબોડારૂપે બંધાઈ જતાં વિયોગ થશે એ વિચારે રડવા લાગ્યા છે.

નભમાં કડાકા-ભડાકા કરતી વીજળીયું વિરહિણીના અંબોડલેથી વગર આયાસે

પ્રત્યેક આલિંગનને, દરેક સ્પર્શને તથા દેહના એકે એક અવયવને તેનું રહસ્ય હોય છે. આ રહસ્ય જે સમજી શકે તેને આનંદ આપી શકે. અમસ્તો શૃંગારને બ્રહ્માનંદતુલ્ય આનંદ આપનારો નથી કહ્યો

સોનેરી કે રૂપેરી ચીપિયા માટીની ગારમાં કે આરસ પર પથરાઈ જાય છે, જાણે તે જ પથરાઈ જતી ન હોય! આકાશેથી ખાલી મેહ જ નથી વરસતો, શૃંગારની ધાર વરસતી હોય છે. પૂછો લીલાછમ્મ ઘાસમાં મલપતી ચાલે ચાલતા પેલા ઇન્દ્રગોપને. તેનો રેશમિયો લાલ રંગ રોમાંચક બની રહે છે.

એક ડોસો ડોસીને વહાલ કરે છે ત્યારે રતિ કામદેવ સામે ઠપકાભરી નજરે જોઈ રહે છે. એમાંય જ્યારે વારાફરતી બેય એકબીજાનું ચોકઠું પહેરે છે ત્યારે હોટેલમાં એક પ્લેટમાંથી ઇટાલિયન કે મેક્સિકન ચીઝી પિત્ઝા ખાતાં કોલેજિયનોને થાય છે કે આપણે ક્યારે ડોસા-ડોસી થઈશું? શૃંગાર કંઈ વય, વર્ણ, જાતિ કે ધર્મનો મોહતાજ નથી. તે પાપ તો નથી જ તે પુણ્ય પણ નથી. તે તો બસ છે. સારો કે ખરાબ, શુભ કે અશુભ એવા કોઈ જ વિશેષણની એને જરૂર નથી. શૃંગાર તો સ્વનામધન્ય છે. એ સર્વ અલંકારોનો અલંકાર છે. મહા કવિ અશ્વઘોષના 'સૌન્દરનંદ' મહાકાવ્યનો નન્દ સુન્દરીના ગાલ પર ચિત્ર વિશેષક બનાવે છે, તેમાં નરી કામુકતા જ નથી. કલાના પાસવાળો શૃંગાર છે. આજે યુવક-યુવતીઓ ટેટુઓ ચિતરાવે છે તે કલા અને શૃંગાર છે. માત્ર ફેશન કે આધુનિકતા કહી તેને વગોવનાર યુવાન હોય તોય તેને સિનિયર સિટીઝન ગણવો.

સૌંદર્ય જોનારની દ્રષ્ટિમાં હોય તેવું જ શૃંગારનું છે. ફૂલ અંબોડે ગૂંથાયું હોય તો તે શૃંગારની મ્હેંકનો અનુભવ કરાવે. એ જ ફૂલ ફૂલદાનીમાં બેઠું હોય તો એવી કોઈ અનુભૂતિ નથી કરાવી શકતું.

ઇયળને બધા જ ધિક્કારે છે કેમ કે તે લીલાછમ્મ પર્ણોથી માંડી ધાન્ય સુધ્ધાંને ખાઈ જાય છે. જ્યારે પતંગિયું સહુ કોઈના આકર્ષણનું કેન્દ્ર બને છે. જેવો અને જેટલો ભેદ ઇયળ અને પતંગિયા વચ્ચે છે તેવો અને તેટલો તફાવત કામુકતા અને શૃંગાર વચ્ચે છે. નરસિંહ અને મીરાંના પદોમાં રહેલો શૃંગાર પ્રેમ ભક્તિનો દરજ્જો પામે છે. દયારામની ગરબીમાં 'કિયા ઠામે મોહિની ન ભાળી' આ વસ્તુ વૃન્દાવનના કદંબીય શૃંગાર સુધી ખેંચી જાય છે. વાંસળીનું ઉપાદાન ભલે વાંસ હોય તેનું નૈમિત્તિક તો શૃંગાર જ છે. એટલે તો એના સૂરોની ધારા રાધા થઈ જાય છે. વૈષ્ણવ સંપ્રદાય તો શૃંગાર શિરોમણિ છે, પરંતુ જૈન ગુફાઓ પણ નાયક-નાયિકાના શૃંગારનું નિરૂપણ કરે છે. 'રંગ રમઈ મનિ હરસઈ નિજ ભરતારિ, દીસઈ તે ગય ગમણીય નમણિય કુચરભરથારી.' અર્થાત્ પોતાના ભરથાર, સ્વામી સાથે સુંદરી મનમાં હર્ષથી રંગ રમે છે. શૃંગાર આનંદ અને સૌંદર્યનો પર્યાય છે. શૃંગારમાંથી રસ નથી સ્રવતો બલ્કે શૃંગાર સ્વયં રસ છે. પાંચેય ઇન્દ્રિયોથી માણી શકાય અને છતાંય છઠ્ઠી ઇન્દ્રિય પણ ઓછી પડે તેવો રસ તે શૃંગાર. કામુકતાના ખડકો પીગળે પછી જે ઝરણ વહે તે છે શૃંગાર. આ અર્થમાં શૃંગાર પ્રેમાશ્રયી છે. તે અશરીરી છે. આમ તો મન્મથ કહેતાં કામ પણ અશરીરી છે, પરંતુ શિવ દ્વારા તે ભસ્મીભૂત થઈ જાય છે. જ્યારે શૃંગારને તે ગોદમાં બેસાડે છે અને તે પણ ભરી સભામાં. આથી જ કુમારસંભવ મહાકાવ્યનો શૃંગાર કાર્તિકેયને જન્મ આપી તારકાસુર જેવા દૈત્યનો વિનાશ કરાવવા જેટલો શક્તિશાળી છે. અભિજ્ઞાન શાકુન્તલમ્ નાટકનો શકુંતલા -દુષ્યંતનો શૃંગાર ભરત જેવા વીર પુત્રને જન્મ આપે

છે. મેઘદૂત ખંડકાવ્યનો વિયોગી શૃંગાર શાશ્વત મિલનમાં પરિણમી પ્રેમનો વિસ્તાર કરે છે.

આમ તો શૃંગાર એટલે શણગાર. કોઈ સ્ત્રી આભૂષણો અને કિંમતી સાડી પહેરે તો તેણે શણગાર કર્યો કહેવાય. ભગવાનને વાઘા પહેરાવવા, મુગટ-માળા પહેરાવવા, કેસર ચંદનનું તિલક કરવું વગેરે શણગાર કર્યો કહેવાય. પછી શૃંગારનાં દર્શન થાય, પણ જે સ્વયં શૃંગાર છે તેને ક્યો શણગાર કરવો? પ્રેમનો!!

શૃંગાર જ્યારે પ્રેમ ધારણ કરે છે ત્યારે તે અરૂપ સ્વરૂપ બની જાય છે. બસ, પછી માત્ર તેના દર્શનથી જ ધન્યતા અનુભવાય.

સંસ્કૃત કાવ્યશાસ્ત્રીઓએ કહ્યું છે - શૃંગાર જ એક માત્ર સર્વ રસોનો રાજા છે. શૃંગાર ન હોત તો જીવન અંધકારમય થઈ જાત! ઋગ્વેદના સંવાદ સૂક્તમાં (૧૦.૯૫)રાજા પુરુરવા અને અપ્સરા ઉર્વશીના રાગોત્કટ પ્રણયને અભિવ્યક્ત કરવામાં આવ્યો છે. તો અમરુ કવિનું અમરુશતક , ભર્તૃહરિનું શૃંગારશતક અને જયદેવનું ગીતગોવિંદ, આ ત્રણેયમાં શૃંગારનું અદ્‌ભુત નિરૂપણ સદ્રષ્ટાંત

શૃંગારમાંથી રસ નથી સ્રવતો બલ્કે શૃંગાર સ્વયં રસ છે. પાંચેય ઈન્દ્રિયોથી માણી શકાય અને છતાંય છઠ્ઠી ઈન્દ્રિય પણ ઓછી પડે તેવો રસ તે શૃંગાર

કરવામાં આવ્યું છે. જોઈ એક જ આસને પ્રિયતમા બેને, પૂરા માનથી

આંખો પાછળથી જઈ રમતના બા'ને બીડી એકની ઢાળી ડોક જરા અને પ્રણયના ઉલ્લાસ-રોમાંચને હાસ્યે ફુલ્લ કપોલવાળી અપરાને ધૂર્તે ચૂમી લીધી.

(અમરુશતક-૧૯)

ભર્તૃહરિએ શૃંગાર શતકની શરૂઆત જ કામદેવને નમસ્કાર કરીને કરી છે. જેણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને હંમેશને માટે મૃગનયની સુંદરીઓના, ગૃહકાર્ય કરનાર દાસ બનાવી દીધા હતા અને વાણી પણ જેના વિચિત્ર ચરિત્રનો પાર પામી શકતી નથી તેવા, મકરધ્વજ સ્વરૂપ કામદેવને નમસ્કાર.

લલિ
તલવંગ
લતાપરિશી
લનકોમલમલય
સમીરે
મધુકરનિકરકરમ્બિ
બતકોકિલકૂજિતકુંજકુ
ટીરે - ગીતગોવિંદમાં રાધાકૃષ્ણના ઉત્કટ રાગને કોમલ, રમણીય પદાવલીઓમાં ગાયો છે.

નરસિંહે પણ ગાયું છે ને -

તત્ત્વનું ટૂંપણું તુચ્છ છે
પ્રેમરસ પાને મોરના પિચ્છધર.

આજે સાંજે મારી સામે વરસાદમાં પલળતું મજૂર યુગલ એક જ મકાઈનો ડોડો વારાફરતી ખાતું હતું અને હસતું હતું. તેમના આ હાસ્યમાં મીઠું, મરી કે લીંબુનો રસ હતો કે શૃંગાર?

શૃંગાર જ વળી!

મારા મોબાઇલમાં ગીત વાગતું - મૌસમ હૈ આશિકાના,

એય દિલ કહીંસે ઉનકો ઐસેમેં તૂ ઢૂંઢ લાના.

ઓછુ સાંભળતા લોકો માટે
રાહત દરે દવા, આયુર્વેદીક નિષ્ણાંત દ્વારા
ઉંમરના કારણે, બહેરાશ તથા કાનમાં તમારા બોલવા, કાનમાં રસી થવી, દુઃખાવો થવો, ચકકર આવવા તથા નસ સુકાઇ હોય તેવી સમસ્યાથી છુટકારો મેળવો
વ્યસનથી બંધ થયેલ મોઢુ ખોલો
ગુજરાતમાં પ્રથમવાર પાન, ગુટકા, તમાકુ અને માવા ખાવાથી જકડાઇ ગયેલ મોઢુ ખોલે છે, જમવામાં પડતી તકલીફ દુર થાય છે
ડો. મકાનીરાજ
લાઇફ કેર આર્યુવેદીક
૨૦૨, સદ્‌ગુરૂ કોમ્પલેક્ષ,
કરણપરા ગરબી ચોક, રાજકોટ
98981 33076

કાગળ પર ફરતી પેન્સિલ અને તેની રેખા દ્વારા **સર્જાતું ચિત્ર એ જ શૃંગાર**

કલાકારોના મતે દુનિયામાં શૃંગારરસ સિવાય કંઈ જ નથી. જ્યાં કોઈ પણ પ્રકારના સર્જનની વાત આવે ત્યાં શૃંગાર હોય જ છે. ચિત્રકલા એટલે લાવણ્ય અને લાવણ્ય એટલે જ શૃંગાર. શૃંગારરસ 'ને ચિત્રકલાને પરાપૂર્વથી સાતત્યપૂર્ણ નાતો રહ્યો છે.

પહેલાંના જમાનામાં શૃંગારિક ચિત્રો ખૂબ જ ખૂલીને બનાવાતાં હતાં, પરંતુ અત્યારે સમાજ બદલાયો છે, સમાજની વિચારધારા બદલાઈ છે, ત્યારે કળા પણ બદલાઈ રહી છે. આજે કલાકાર ખુલ્લો શૃંગાર દર્શાવવાના બદલે પ્રતિકાત્મક શૃંગાર બતાવવાનું વધુ પસંદ કરે છે.

ચિત્રકલાનો ઇતિહાસ હજારો વર્ષ જૂનો છે. ભારતમાં લગભગ ૧૫ હજાર વર્ષ પહેલાંનાં ચિત્રોના પુરાવા મળે છે. તેવી જ રીતે ચિત્રકલા અને શૃંગારરસનો સંબંધ પણ જ્યારથી વિવિધ રસોની વિભાવના અસ્તિત્વમાં આવી ત્યારથી રહ્યો છે. ભરતમુનિએ રચેલા નાટ્યશાસ્ત્રમાં શૃંગારરસ અને નાયિકાઓનાં વર્ણનો મળે છે. એ જ વસ્તુઓ કવિ કાલિદાસની કૃતિઓમાં પણ જોવા મળે છે. જ્યારથી સાહિત્યમાં શૃંગારરસ આવ્યો ત્યારથી જ તે ચિત્રકલામાં પણ આવ્યો તેમ કહી શકાય. બીજા શબ્દમાં કહીએ તો કલાકારોના મતે દુનિયામાં શૃંગારરસ સિવાય કંઈ જ નથી. જ્યાં કોઈ પણ પ્રકારના સર્જનની વાત આવે ત્યાં શૃંગાર હોય જ છે. ચિત્રકલા એટલે લાવણ્ય અને લાવણ્ય એટલે જ શૃંગાર. શૃંગારરસ અને ચિત્રકલાને પરાપૂર્વથી ખૂબ જ સાતત્યપૂર્ણ નાતો રહ્યો છે.

સુચિતા બોઘાણી **કનર**

પહેલાંના ચિત્રકારો દ્વારા મુક્ત રીતે શૃંગારનાં ચિત્રો દોરાતાં હતાં, તેને સમાજમાં સ્વીકૃતિ પણ મળતી હતી. દેવી-દેવતાઓનાં શૃંગારનાં ચિત્રો પણ બનતાં હતાં. મંદિરોની દીવાલો પણ શૃંગાર ચિત્રોથી શોભતી હતી, પરંતુ આજે આ ખ્યાલ કે વિચારમાં બદલાવ આવ્યો છે. સમાજ શૃંગારનાં ચિત્રોને પહેલાંની જેમ સ્વીકારતો નથી. વ્યક્તિ અને સમાજ બદલાયો છે, તેથી સમાજની માનસિકતા બદલાઈ છે ત્યારે કળાઓ બદલાય તે સ્વાભાવિક છે. કારણ કળા એ સમાજની માનસિકતાનું પ્રતિબિંબ છે. અત્યારે અમુક ચિત્રકારો સમાજની પરવા કર્યા વગર શૃંગારનાં ચિત્રો પહેલાં જેટલી જ મુક્ત રીતે બનાવે છે, પરંતુ અનેક ચિત્રકારો સમાજના વિરોધનો વિચાર કરીને શૃંગાર પ્રતિકાત્મક રીતે દર્શાવે છે. જેમ કે ધરતી અને મેઘનો શૃંગાર. પક્ષીઓ કે ફૂલોનો શૃંગાર બતાવીને પણ ચિત્રકારો પોતાની ભાવના વ્યક્ત કરતાં હોય છે. શૃંગાર ચિત્રકલાનું શાશ્વત અને અભિન્ન અંગ હોવા છતાં સમાજના કહેવાતા ચોખલિયા તત્ત્વોનો સામનો કલાકારોને કરવો પડતો હોય છે.

પહેલાંના જમાનામાં ચિત્રોની જેમ જ

શિલ્પોમાં પણ શૃંગાર મુક્ત રીતે દર્શાવાયો હતો. જોકે શિલ્પોના શૃંગારનો ક્યાંય વિરોધ થયો ન હતો. અનેક જૂનાં મંદિરોની દીવાલો પર શૃંગારનાં અને મૈથુનનાં શિલ્પો જોવા મળે છે, પરંતુ જ્યારે રાજા રવિવર્માએ મોડેલ પરથી દેવીદેવતાનાં ચિત્રો બનાવ્યા ત્યારે તે મોડેલનો નાયનારી કહીને ભારે વિરોધ થયો હતો. વિખ્યાત ચિત્રકાર સ્વ. રઘુવીર મુલગાંવકરે લક્ષ્મીનારાયણ તથા સરસ્વતીનાં ચિત્ર બનાવ્યા હતા. તો કૃષ્ણના વિચાર માત્રથી ગોપીનું માટલું ફૂટી જવું જેવા શૃંગારનાં સુંદર ચિત્રો દોર્યા હતા. લોકો તેને હોંશે હોંશે જોતા હતા અને ખરીદતા હતા. તેમ જ તેમને ક્યારેય વિરોધનો સામનો કરવો પડ્યો ન હતો, પરંતુ આજે સ્થિતિ અલગ છે.

ચિત્રકલામાં શૃંગારનું સ્થાન, તેનું મહત્ત્વ વગેરે અંગે વાત કરતાં વલ્લભ વિદ્યાનગરની સી.વી.એમ. યુનિવર્સિટીની કોલેજ ઓફ ફાઇન આર્ટ્સના ડાયરેક્ટર ડો. કનુભાઈ પટેલ જણાવે છે કે, 'ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં શૃંગારરસ ખૂબ મહત્ત્વનો છે. ચિત્રકળાને શૃંગાર સાથે સાતત્યપૂર્ણ નાતો છે. કાલિદાસ અને રાગમાળામાં પણ શૃંગારરસનાં ચિત્રો મળે છે. કામસૂત્રમાં ચિત્ર માટે ષડ્અંગ- છ અંગ વિષે વાત કરી છે. આ છ અંગો એટલે રેખા, રંગ, પ્રમાણ, ભાવ, લાવણ્ય અને યોજના છે. શૃંગારરસ અતિ સુંદર રસ છે. તેમાંથી જ સૌંદર્ય નિષ્પન્ન થતું હોય છે. શૃંગારનો મૂળ ભાવ રતિ છે. આધુનિક ચિત્રકળામાં બંગાલ સ્કૂલની સ્થાપના પછી રવીન્દ્રનાથ ટાગોર, નંદલાલ બોઝ, ગુજરાતમાં રવિશંકર રાવળ વગેરેએ શૃંગારનાં ચિત્રો દોર્યા હતા. તેમાં વિરહિણીથી લઈને પ્રતિક્ષારત નાયિકા જેવા વિવિધ વિષયોને લઈને શૃંગારિક ચિત્રો દોરાયા હતા. જે મુખ્યતઃ ભારતીય નવજાગરણ પદ્ધતિથી દોરાયેલાં ચિત્રો હતાં. મધ્યયુગમાં ચિત્રો ખાસ તો પ્રેમકથાને દર્શાવવા માટે પ્રયોજાતાં. રાજા રવિવર્માએ દેવી દેવતાઓનાં ચિત્રો દોર્યા હતા. ઉપરાંત તેમણે નળ-દમયંતી, શકુંતલા જેવી રાજઘરાનાની સ્ત્રીઓનાં ચિત્રો દોર્યા હતા. આ ચિત્રો શૃંગારરસનાં જ ચિત્રો હતાં. આધુનિક જમાનામાં પણ આવાં ચિત્રો દોરાયા છે. મેં પોતે પણ શૃંગાર આધારિત ૨-૩ શ્રેણીઓ કરી છે. શિવ અને સતીનાં શૃંગારનાં ચિત્રો પણ બનાવ્યાં છે.'

આજના અને કાલનાં ચિત્રોના તફાવતની વાત કરતાં તેઓ કહે છે, 'શૃંગાર તો માનવજીવનનું અભિન્ન અંગ અને સર્જનાત્મકતાનું પ્રતીક છે. શિવલિંગ પણ શૃંગારરસનું સૌથી મોટું અને સૌથી પ્રાચીન પ્રતીક છે. રાગમાળામાં રાધા અને કૃષ્ણનાં ચિત્રો પણ ખૂબ શૃંગારમય છે. પહેલાંનાં ચિત્રોમાં ખુલ્લેઆમ અને મુક્ત રીતે શૃંગાર દર્શાવાતો હતો. ભારતીય સંસ્કૃતિમાં મૂળભૂત રીતે શૃંગાર અંગે સંકુચિતતા નથી, પરંતુ તે પાછળથી વિદેશી અસર તળે ઊભી કરવામાં આવી છે. આજે સો- દોઢસો વર્ષથી આપણે કળાથી કપાઈ ગયા છીએ. આપણી કળાનું શ્રેષ્ઠ શું છે તે આપણે જાણતા નથી. અત્યારે આપણે વિદેશ કે પશ્ચિમ પ્રેરિત બધું શ્રેષ્ઠ હોય તેમ માનવા લાગ્યા છીએ. આપણી કળાઓને નીચી દેખાડવાનું કામ વિદેશી શાસકોએ ખૂબ કર્યું હતું. આથી નવી વિચારધારાઓ ઘર્ષણ

IVF એટલે ટેસ્ટ ટ્યુબ બેબી વિશે તમે જાણવા ઇચ્છુક છો તે માહિતી

IVF એટલે કે in vitro fertilization એટલે કે સામાન્ય માણસની ભાષામાં ટેસ્ટ ટ્યુબ બેબી શબ્દ હવે અજાણ્યો કે અછૂત રહ્યો નથી, બલ્કે ઘેર-ઘેર જાણીતો શબ્દ બન્યો છે. જેનો સાદો અર્થ એવો થાય છે કે લેબોરેટરીમાં ગર્ભ બનાવવાની પ્રક્રિયા અને ત્યાર બાદ એ ગર્ભને ગર્ભાશયમાં સ્થાપન કરવાની સમગ્ર પ્રોસેસને IVF એટલે કે ટેસ્ટ ટ્યુબ બેબી કહેવામાં આવે છે.

IVFમાં ગર્ભ કેવી રીતે બનાવવામાં આવે છે?

આ પ્રક્રિયામાં સંભવિત માતાને ઇન્જેક્શન આપી વધારે સ્ત્રીબીજ બનાવી અંડાશયમાંથી તેને બહાર કાઢીને સંભવિત પિતાના શુક્રાણુ લઈને તેને સ્ત્રીબીજમાં રોપણ કરવું એટલે ગર્ભ બનાવવાની પ્રક્રિયા. ત્યાર બાદ ત્રણ કે પાંચ દિવસમાં વિકસિત થયેલ ગર્ભને પુનઃ માતાના ગર્ભાશયમાં મૂકવામાં આવે છે.

આ બાબતને ઊંડાણપૂર્વક સમજીએ તો બનનાર માતા કે સંભવિત માતાને ૧૦થી ૧૪ દિવસ દરમ્યાન સ્ત્રીબીજ બનાવવા માટેના ઇન્જેક્શન આપવામાં આવે છે. ઉપરાંત સોનોગ્રાફી તેમ જ બ્લડ ટેસ્ટ કરીને સ્ત્રીબીજની સંખ્યા અને સાઇઝનું સતત મોનેટરિંગ કરવામાં આવે છે. ત્યાર બાદ યોગ્ય સમયે સોનોગ્રાફીની મદદથી સ્ત્રીને (દર્દી)

ડો. જીતેન્દ્ર પટેલ

શીશી સુંઘાડીને દસ-પંદર મિનિટની પ્રોસેસ દરમ્યાન પાતળી સોય દ્વારા શરીરમાંથી સ્ત્રીબીજ બહાર કાઢવામાં આવે છે.

IVFની કોને જરૂર હોય છે?

ફાલોપિયન ટ્યુબ બંધ હોય, શુક્રાણુની કમી, સ્ત્રીબીજની કમી, Endometriosis, Failed IUI, Idiopathic (કોઈ કારણ ના હોય) સીધું IVF પણ કરી શકાય છે.

જ્યારે દંપતીને સલાહ આપવામાં આવે છે ત્યારે મોટા ભાગે લોકોનો સવાલ હોય છે કે આ છેલ્લી સારવાર છે, હમણાં અમારે નથી કરાવવી. પછીથી પણ કરી શકીએ છીએ, પણ આ લોકો માટે સાદી સમજણ એ છે કે દા.ત. તમને બ્લડપ્રેશર હોય અને ડૉક્ટરે સલાહ આપી હોય કે તમે બી.પી.ની દવા નહીં લો તો જીવને જોખમ છે, શું ત્યારે પણ તમે દવા નહિ લો? અમારા દ્વારા જ્યારે IVF અંગે સજેશન આપવામાં આવે છે કે તે લાસ્ટ નહીં, પરંતુ બેસ્ટ ટ્રીટમેન્ટ છે.

IVF કરવાથી મેનોપોઝ જલ્દી આવતું હોવાની અને IVF બાદ પુષ્કળ આરામ કરવો પડતો હોવાની ખોટી માન્યતા

દર મહિને સ્ત્રીના હૉર્મોન્સના કારણે ૧૦-૨૫ ઈંડાં રિક્રુટ (Recruit) થાય છે અને કુદરતી રીતે તેમાંથી એક જ ઈંડું બહાર નીકળે છે. જ્યારે IVFમાં આ જ વસ્તુનો ફાયદો ઉઠાવીને જે ઈંડાં નાશ પામવાના હતા એને પણ મોટા કરીને વિકસિત કરીને ઉપયોગમાં લેવામાં આવે છે. આથી IVF કરવાથી મેનોપોઝ જલદી આવતું હોવાની માન્યતા ખોટી છે, સંશોધનથી પણ માલૂમ થયેલ છે કે આ ખોટું છે. IVFની પીડા શારીરિક નથી અથવા ખૂબ ઓછી છે, પણ માનસિક વધારે છે. ટેસ્ટ ટ્યુબ બેબી પ્રક્રિયામાં દર્દી ઇન્જેક્શન, સોનોગ્રાફી, બ્લડ ટેસ્ટ વગેરેમાં સમય ફાળવે છે છતાંયે સફળતા મળતી નથી. જ્યારે ડૉક્ટર અને દર્દી સામસામે બેસીને પૂછે કે આ વખતે રીઝલ્ટ કેમ ન મળ્યું અને તેનો કોઈ જવાબ ન હોવાની બાબત પીડાદાયક હોય છે. એ માન્યતા પણ ખોટી છે કે IVF પછી ફરજિયાત આરામ કરવો પડે છે. સતત સૂઈ રહેવું પડે છે. બહાર ન જઈ શકાય. વાસ્તવમાં એવું નથી. એક વખત પ્રેગ્નન્સી રહ્યા બાદ નોર્મલ પ્રેગ્નન્સીની જેમ તમે હરીફરી, ખાઈ શકો છો. કોઈ તકલીફ હોય તો જ આરામની જરૂર પડે છે, નહીં તો જરૂર નથી.

શોધે છે. આપણે ત્યાં તો શૃંગાર પવિત્ર સ્થિતિ છે. આપણે જેને પવિત્ર માનીએ છીએ તેને કોઈ વિચારધારા અશ્લીલ કહે છે. આ બે શબ્દોનો ફરક છે. હકીકતે તો જે-તે વસ્તુ તરફની સમજ કેવી છે તે મુખ્ય છે. આ નવી વિચારધારાઓના કારણે આપણે આપણું સત્ત્વ ખોઈ બેઠાં છીએ. સમાજ કલા તરફથી કપાઈ ગયો છે. કલા પ્રત્યેની અભિરુચિ સમાજમાં નથી. સમાજના લોકો પાસે ચિત્રકળા વિશે જ્ઞાન નથી. લોકોનું વાંચન ઘટ્યું છે, વિચારવાની શક્તિ ઘટી છે. કલ્પનાશક્તિ ઘટી છે. તેથી ગાડરિયો પ્રવાહ વધ્યો છે. આથી ચિત્રકાર પોતાની કળાના ખોટા અર્થઘટન થવાની વાતથી ગભરાય છે. લોકો અથવા સમાજનો એક વર્ગ પોતે દોરેલા ચિત્રનો ખોટો અર્થ કરીને તેને અશ્લીલ ગણાવશે તો શું એવા પ્રશ્નથી તે મનોમન મૂંઝાતો હોય છે. આથી જ કહી શકાય કે સમાજ બદલાય ત્યારે કળાઓ બદલાય છે. એક જમાનામાં ભારત પાસે હતાં તે કળાનાં ગૂઢ રહસ્યો આજે સમાજમાંથી લુપ્ત થઈ ગયા છે. જે ગહનતા હતી તે આજે ક્ષીણ થઈ છે. પશ્ચિમના સ્તરીય - સપાટી પરનાં આકર્ષણોએ ભારતીય સમાજમાં આધિપત્ય જમાવી દીધું છે. આજે ન્યૂડ સ્ત્રીનું ચિત્ર જોઈને લોકોને બળાત્કારનો વિચાર આવે છે, શૃંગારનો આવતો નથી.'

ચિત્રો અને શૃંગારની વાત કરતાં ભુજના ચિત્રકાર બિપીનભાઈ સોની જણાવે છે કે, 'શૃંગાર જીવન સાથે વણાયેલો છે, આથી ચિત્રકલામાં પણ તે મુખ્ય છે. વલય રેખાનું વૈવિધ્ય એ ચિત્રમાં રેખાનો શૃંગાર છે. સફેદ કાગળ પર ફરતી કાળી પેન્સિલ અને તેની રેખા દ્વારા થતું ચિત્ર સર્જન એ જ શૃંગાર છે. રંગોનું વૈવિધ્ય એ દ્રશ્યનો શૃંગાર છે. સવારની લાલિમા, બપોરનો આકાશી રંગ, સાંજનો પીળો રંગ એ રંગોના માધ્યમથી થતો દિવસનો શૃંગાર છે. તેવી જ રીતે પાકશાસ્ત્રનું સર્જન એ ધાન્યનો શૃંગાર છે. બગીચા અને ઉપવનને માનવે સર્જેલો ધરતીનો શૃંગાર કહી શકાય. વલય કે વળાંક રેખામાં જે શૃંગાર રહેલો છે, તેને જ ચિત્રકાર પોતાના ચિત્રમાં ઉપસાવે છે. મંદિરોનાં ચિત્રોમાં વળાંક રેખાનો ખૂબ ઉપયોગ થાય છે, તેથી જ તે સુંદર લાગે છે. સીધી લીટીનાં ચિત્રોમાં મોહકતા કે લાલિત્ય જોવા મળતું નથી. તેથી તેમાં શૃંગાર નથી.'

આજના ચિત્રકારો કેવી રીતે શૃંગારને દર્શાવે છે તેની વાત કરતાં તેઓ કહે છે, 'પહેલાંના ચિત્રકારો મુક્ત રીતે શૃંગારને કાગળ પર ઉતારી શકતા હતા. દેવી-દેવતાઓનાં શૃંગારનાં ચિત્રોવાળાં કેલેન્ડરો ઘરની દીવાલોને શોભાવતા હતાં. તેને કોઈ અશ્લીલ ગણતું ન હતું. જ્યારે આજે પરિસ્થિતિ બદલાઈ છે. મોટા ભાગના ચિત્રકારો વિવાદમાં સપડાવાનું ટાળવા માટે શૃંગારને પ્રતિકાત્મક રીતે ચિતરે છે. એક ચિત્ર મેં જોયું હતું, જેમાં ચિત્રકારે પલંગનો

પ્રકૃતિ સાથે શૃંગારરસનાં ચિત્રો જોડાયેલાં છે. દરેક રસ - ભાવ સાથે ઋતુ સંકળાયેલી છે અને વસંત અને વર્ષાઋતુ આધારિત શૃંગારચિત્રો વધુ છે. રંગો પણ ઋતુ સાથે જોડાયેલા છે

કલાત્મક પાયો દોર્યો હતો. પાસેની ખુરસી પર કોઈ સ્ત્રીના આંતરવસ્ત્રનો માત્ર એક છેડો જ ચિતર્યો હતો. આમ દોરીને તેઓએ ચિત્ર નિહાળનારની કલ્પના પર વિષયવસ્તુ છોડી દીધી હતી. આ ચિત્ર ખૂબ જ સુંદર રીતે દોરાયેલું હતું. તેમાં ભારોભાર શૃંગાર હતો, પરંતુ તેમાં માનવાકૃતિ ન હતી. પહેલાંના ચિત્રકારોનાં ચિત્રોમાં શૃંગારને સહજ રીતે પ્રસ્તુત કરાતો હતો. સમાજ પણ તેને સાવ સહજ, કુદરતી અને વૈજ્ઞાનિક રીતે જોતો હતો. આજે ચિત્રના બેકગ્રાઉન્ડમાં ઋતુઓનાં દ્રશ્યો બતાવીને પણ શૃંગારને પ્રતિકાત્મક રીતે દર્શાવાય છે. પહેલાં દેવી-દેવતાનાં શૃંગારનાં ચિત્રો બહુ સહજ હતાં, પરંતુ હવે તેવા દોરાતાં નથી. પહેલાંના ચિત્રકારો વિદ્વાન હતા. તેમને પોતાની કલાની અભિવ્યક્તિ માટે મુક્તિ હતી. આજના ચિત્રકારોને તેટલી મુક્તિ મળતી નથી.'

પ્રકૃતિ સાથે શૃંગારરસનાં ચિત્રો જોડાયેલાં છે. દરેક રસ - ભાવ સાથે ઋતુ સંકળાયેલી છે અને ઋતુ સાથે પ્રકૃતિ સંકળાયેલી છે. વસંત અને વર્ષાઋતુ આધારિત શૃંગારચિત્રો વધુ છે. રંગો પણ ઋતુ સાથે જોડાયેલા છે. શિયાળો એટલે શ્વેત, ઉનાળો એટલે ઉષ્ણ રંગો એટલે કે પીળો અને કેસરી, ચોમાસું એટલે લીલો અને બ્લૂ રંગ, પરંતુ આજે માનવજીવનનો ઋતુઓ સાથેનો સંપર્ક ઘટ્યો છે. લોકો ભૌતિકતામાં જીવવા લાગ્યા છે, પરંતુ ભૌતિકતામાં કલા નથી.

કળાએ સમાજને પોતાની આગવી ઓળખ ઊભી કરવામાં મદદ કરી હતી. કળા જેવી રીતે સમાજ સાથે ઓતપ્રોત છે તેવી જ રીતે તે ધર્મ સાથે જોડાયેલી હતી. શાસન સાથે પણ કળા વણાયેલી હતી, પરંતુ આજે કળાની મૂળ ઓળખ વિસરાઈ ગઈ છે. સમાજના અમુક વર્ગની વિચારધારાની અસરના કારણે ચિત્રકારને પોતાની કળા બદલવાની ફરજ પડી છે. આજે શૃંગારિક ચિત્રોનો વિરોધ થાય છે, સ્ત્રીઓને નીચી દેખાડવાનું કામ કર્યું હોવાના આક્ષેપો થાય છે, આથી જ કલાકાર શૃંગાર વ્યક્ત કરવામાં પહેલાંની જેમ ખૂલતો નથી. તેને પ્રતીકોનો સહારો લેવો પડે છે.

આજના જમાનામાં ચિત્રોના ચાહકો અલગ જ પ્રકારનાં ચિત્રોને પસંદ કરે છે. આ અંગે બિપીન સોની જણાવે છે કે, 'અત્યારે વિદેશના લોકો જૂના જમાનાનાં શૃંગારનાં ચિત્રો પસંદ તો કરે છે, પરંતુ તેમાં તેઓ થોડા બદલાવ કરાવે છે. જૂના જમાનાના મેનકાના ચિત્રમાં પોતાની પ્રેમિકા કે પત્નીનો ચહેરો દોરાવે છે, તો કોઈ કોઈ રાજા રવિવર્માનાં ચિત્રો પર પોતાનો ચહેરો મુકાવે છે. ઘણા લોકોને ગ્રામ્ય જીવનના ચિત્રમાં પોતાનો ફોટો કે પોતાનું ચિત્ર હોય તે ગમે છે. કોઈ બંજારનના ચિત્રમાં પોતાની પ્રેમિકા કે પુત્રીનો ચહેરો ચિતરાવે છે. એક વ્યક્તિએ પોતાના વિચારોને અનુલક્ષીને ચિત્ર બનાવરાવ્યું હતું. તેઓ માનતા હતા કે ગમે તેવી કપરી સ્થિતિમાં માણસે સમભાવથી જીવવું જોઈએ. તેમના વિચારને મૂર્તસ્વરૂપ આપવા માટે અલગ-અલગ ઋતુનાં ચિત્રોની વચ્ચે તેમનો ચહેરો દોર્યો હતો. અત્યારના લોકોની પસંદગી બદલાઈ છે.' ■

(ચિત્ર સૌજન્ય : બિપીન સોની)

અખંડ સૌભાગ્યવતી મહિલાના સોળ શૃંગાર

એક અખંડ સૌભાગ્યવતી મહિલા પોતાના સૌભાગ્ય માટે જે સોળ શણગાર કરે છે એ નીચે મુજબ છે. એમાંના કેટલાક સ્થાયી શૃંગાર છે તો કેટલાકને વસ્ત્ર પરિધાન કે પ્રસંગોપાત અનુકૂળતા મુજબ મેચિંગ કે કોન્ટ્રાસમાં બદલી શકાય છે.

૧. સેંથીમાં તિલક - સેંથીમાં જ્યાં સુધી તિલક ન લગાવાય ત્યાં સુધી અખંડ સૌભાગ્યવતી મહિલાનું સાચું સૌંદર્ય નિરખી આવતું નથી. એમાં કુંદન, સ્ટોન, મોતી, ફૂલ ઇત્યાદિ સેંથી તિલક વધુ લોકપ્રિય છે.

૨. ચાંદલો - ચાંદલા વગર અખંડ સૌભાગ્યવતી મહિલાનો શૃંગાર અધૂરો જ લાગે છે. સૌભાગ્ય માટે લગાવેલો ચાંદલો ભાલપ્રદેશનું સૌંદર્ય પણ ખિલવે છે.

૩. સિંદૂર - સેંથીમાં સિંદૂર વગર સૌભાગ્યવતી મહિલાના સઘળા શૃંગાર વ્યર્થ છે. કેટલીક મહિલાઓ પોતાના પતિના દીર્ઘ આયુષ્ય માટે સેંથીમાં છેક સુધી સિંદૂર પૂરવાની શ્રદ્ધા પણ ધરાવતી હોય છે.

૪. કાજળ - સ્ત્રીની આંખ પણ એના બાહ્ય સૌંદર્યનું એક મહત્ત્વનું પાસું છે. એમાં આંખમાં કાજળ લગાવેલી મહિલાઓનું મુખમંડળ અન્ય કરતાં સહેજમાં અલગ આભા દર્શાવતું હોય છે.

૫. નથણી - નથ તરીકે ઓળખાતી નાનકડું પણ ચહેરાને અનોખી ઓળખ આપતું ઘરેણું આજકાલ જરા વધુ ચલણમાં આવ્યું છે.

૬. કર્ણફૂલ - આજે જેને આપણે ઇયરિંગ્સ તરીકે ઓળખીએ છીએ એ કાનમાં પહેરાતાં ઝૂમકા પણ ચહેરાને ચમકાવવામાં પોતાનું વિશેષ યોગદાન આપે છે. પરંપરાગત ઝૂમકા એક જુદી આભા ઊભી કરે છે.

૭. હાર - ગરદનના શૃંગાર માટે વિવિધ પ્રકારના હાર ઉત્તમ ઘરેણું છે. જેમાં રાણી હાર, મોતી અને કુંદન જેવા જડતર કરેલા હાર પ્રસંગોચિત પસંદગી મુજબના હાર પહેરી શકાય છે.

૮. ગજરા - કાળા, જથ્થાદાર અને લાંબા વાળ મહિલાની સુંદરતાને અનેક ગણી વધારી દે છે અને એમાં જો વાળમાં ગજરાની સજાવટ થઈ જાય તો એમાં જાણે ચાર ચાંદ લાગી જાય છે. કાળાભમ્મર કુદરતી વાળમાં સફેદ મનમોહક સુગંધીદાર ફૂલનો ગજરો એક ડેડલી કોમ્બિનેશન જેવું કામ કરે છે.

૯. મંગળસૂત્ર - મંગળસૂત્ર શબ્દમાં જ એની શુભકામના છુપાયેલી છે કે પોતાના પ્રિયપાત્ર માટેની મંગળકામના કરતું સૂત્ર. લગ્ન કર્યા પછી મંગળ પરિણયના પરિપાક રૂપે દરેક સૌભાગ્યવતી મહિલા પોતાના ગળામાં મંગળસૂત્ર પહેરતી હોય છે.

૧૦. મહેંદી - મહેંદી વ્યાપક રીતે વપરાતી ચીજ છે, પરંતુ લગ્ન વખતે કન્યાની મહેંદીમાં જ્યાં સુધી વરપક્ષ તરફથી આવેલી મહેંદી ભળતી નથી ત્યાં સુધી મહેંદીના સંસ્કાર અને રિવાજ અધૂરા છે. વરકન્યા વચ્ચે જેટલો પ્રેમસંબંધ પાક્કો એટલો ઘાટ્ટો રંગ મહેંદીનો ઊઘડે છે એવી માન્યતા છે. જોકે ગાઢ રંગ લાવવા માટે પ્રેમ સિવાય પણ કેટલાક ઘરગથ્થુ ઉપાયો કરી શકાતા હોય છે.

૧૧. બંગડી - હાથમાં પહેરાતું એક મહત્ત્વનું ઘરેણું છે બંગડી. એને એક કરતાં વધુ સંખ્યામાં, સામાન્ય રીતે પહેરવામાં આવે છે. કામકાજી મહિલાઓ ક્યારેક એક હાથે બંગડીઓ અને બીજા હાથે ઘડિયાળ પહેરવાનું પસંદ કરે છે.

૧૨. વીંટી - હાથની આંગળીઓમાં વીંટી પહેરવાનો ચાલ છે. વેવિશાળ વખતે વર અને કન્યા એકબીજાને વીંટી પહેરાવે છે એને રિંગ સેરેમની તરીકે પણ ઊજવવામાં આવે છે.

૧૩. કમરબંધ - કમરબંધનું પ્રચલન આમ તો હવે ઓછું થયું છે, પરંતુ રાજારજવાડાના સમયમાં એ ખાસ પ્રચલિત હતું. કમરબંધ ધારણ કરેલી મહિલાની કમનીય કમરની લવચિકતાને લીધે એની સૌંદર્યપ્રતિભા ઓર નિખરી આવે છે.

૧૪. પાયલ - ઝાંઝર કે પાયલ એ પગની સુંદરતા તો વધારે છે, સાથોસાથ એનો મધુર રણકાર મહિલાની વિશિષ્ટ ઉપસ્થિતિની હાજરી પુરાવે છે. જોકે હવે એના બદલે મોટા ભાગે કાળા દોરા પહેરવાનો ચાલ પ્રચલિત થયો છે.

૧૫. વીંછિયા - હાથની આંગળીઓમાં જેમ વીંટી પહેરવામાં આવે છે એમ પગની આંગળીઓમાં વીંછિયા પહેરવાથી પગનું પણ સૌંદર્ય જણાઈ આવે છે.

૧૬. પરિધાન - પહેરવેશ કે વસ્ત્ર પરિધાન એ સૌભાગ્યવતી મહિલાના બાહ્ય સૌંદર્યનું એક મહત્ત્વનું અંગ છે. એક નૂર આદમી, હજાર નૂર કપડાં અમસ્તું જ કહ્યું હશે. ■

‘ચાંલ્લા’ સાચા શૃંગારની ઓળખ

શૃંગારની વાત આવે એટલે તેમાં સૌથી ઉપર સ્થાન બિંદી એટલે કે ચાંલ્લાને આપવામાં આવ્યું છે. કોઈ પણ સ્ત્રી સંપૂર્ણ શૃંગાર કરે પણ જો ચાંલ્લો લગાવવામાં ના આવ્યો હોય તો તે શૃંગારને અપૂર્ણ માનવામાં આવે છે.

એક સોટી જિંદગી સિરિયલમાં આવતું વેમ્પનું પાત્ર તેના અભિનયની સાથે નિત-નવી બિંદીને લઈને વધુ ફેમસ હતું. કોમલિકા વેમ્પનું પાત્ર નિભાવતી હતી, છતાં તે સમયગાળામાં દુલ્હન કોમલિકા જેવો ડિઝાઇનર ચાંલ્લો કરાવવાનો આગ્રહ મેકઅપ આર્ટિસ્ટ પાસે રાખતી. પછી તો સાથ નિભાના સાથીયાની કોકિલા હોય કે, અન્ય સિરિયલની સુંદર શોભિત પુત્રવધૂઓ, બધાના ચાંલ્લાનો યુગ શરૂ થઈ ગયો હતો. માર્કેટમાં પણ લોકો કોકિલા ચાંલ્લા, કોમલિકા ચાંલ્લા કે પછી અન્ય ચાંલ્લા માંગતા, પરંતુ આ બધાની પાછળ એક વાત સ્પષ્ટ હતી કે બિંદી માત્ર તમને સુશોભિત નથી કરતી, સામેના પાત્રને આકર્ષિત પણ કરે છે.

હેતલ **રાવ**

ગોમતી ઘાટ પર પૂજા-પાઠ કરાવતા પંડિત જ્ઞાનેશ્વર કહે છે, ‘ચાંલ્લાને ત્રિનેત્રનું પ્રતીક માનવામાં આવે છે. જે મહિલાના શૃંગારનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. એટલું જ નહીં, ચાંલ્લો સ્ત્રી શક્તિનું પણ પ્રતીક માનવામાં આવે છે. માટે જ સ્ત્રીઓ હંમેશાં પૂજા-પાઠ જેવા ધાર્મિક કાર્યો કે પરંપરાગત તહેવાર દરમિયાન ચાંલ્લો લગાવે છે. મહિલાઓ ભવાંની વચ્ચે ચાંલ્લો લગાવે છે. આ સ્થાન શરીરનું સૌથી મહત્ત્વપૂર્ણ સ્થાન માનવામાં આવે છે, જેને યોગમાં આજ્ઞાચક્ર તરીકે ઓળખવામાં આવે છે. આ સ્થાન પર શરીરની ત્રણ ચેતા આવીને મળતી હોય છે. માટે તે સંગમ તરીકે પણ ઓળખાય છે.’ વધુમાં પંડિતજી કહે છે, ‘આ ચક્ર તમારા ધ્યાન કેન્દ્રિકરણ અને આધ્યાત્મિક વિચારો માટે પણ કાર્ય કરે છે અને ચાંલ્લો લગાવવાથી તમને એક અલગ જ લાગણી થાય છે. હિન્દુ ધર્મ અનુસાર બિંદી ભગવાન શિવના ત્રીજા નેત્રનું પ્રતીક

સોળ શૃંગારમાં પ્રથમ સ્થાન ચાંલ્લાનું છે

હિન્દુ ધર્મમાં એવી માન્યતા છે કે લગ્ન પછી સ્ત્રીએ સોળ શૃંગાર કરવા જોઈએ. આપણા શાસ્ત્રોમાં મહિલાઓને દેવીનું સ્વરૂપ માનવામાં આવે છે. એમ પણ કહેવામાં આવે છે કે જે સ્ત્રી સોળ શૃંગાર કરે છે તેમાં દેવી લક્ષ્મીનું સ્વરૂપ હોય છે. આ શૃંગાર વિના સ્ત્રીનું વિવાહિત જીવન અધૂરું માનવામાં આવે છે. સોળ શૃંગાર સૌંદર્યની પરિપૂર્ણતા હોય છે અને તેમાં પ્રથમ સ્થાન ચાંલ્લાને આપવામાં આવ્યું છે. જો અન્ય શૃંગારની વાત કરીએ તો સિંદૂર, કાજલ, બંગડી, મહેંદી, લગ્ન સમયે પહેરાતું પાનેતર, વાળને સુશોભિત કરતી વેણી અથવા ગજરો, નથણી, મંગલસૂત્ર, બાજુબંધ, અંગૂઠી, કમરબંધ, કાનનાં કુંડલ, હાથ પહોંચા, પગમાં પહેરાતી માછલી, પાયલનો સમાવેશ થાય છે, પરંતુ આ સમગ્ર શૃંગાર માત્ર ચાંલ્લા વગર અધૂરો છે.

માનવામાં આવે છે. સાથે જ શાસ્ત્રો પ્રમાણે ચાંલ્લાને પારિવારિક સુખ અને સમૃદ્ધિની નિશાની પણ માનવામાં આવે છે.'

આજ વાતની જુદી રીતે રજૂઆત કરતા નર્મદા કાંઠે પોતાનો આશ્રમ બાંધીને છેલ્લા છ દાયકાથી વસેલા ગુરુ કર્મયોગી કહે છે, 'જૂના જમાનામાં સ્ત્રીઓ કુમકુમ, કેસરનો ચાંલ્લો લગાવતી હતી. પૂજા-પાઠ સમયે સ્ત્રી અને પુરુષ બંને ચંદન, હળદળ, કેસર કે પછી કપાળ ભભૂતીનો ટીકો લગાવતા હતા. તમામ પ્રકારના શૃંગારથી દૂર રહેતી સાધ્વી પણ લલાટે ચંદનનો ચાંલ્લો કરતાં. મસ્તિષ્કના આજ્ઞાચક્રને ચંદનનો ચાંલ્લો શાંત કરે છે. આ પ્રકારે બ્રહ્માંડીય ઊર્જા ગ્રહણ કરવાની શક્તિ તમારામાં વધી જતી હોય છે. દ્રવ્ય રૂપમાં હોવાથી ચાંલ્લો તમારી બ્રહ્મગ્રંથિ કે આજ્ઞાચક્રને અવરોધક બનતી નથી. પુરાતનકાળમાં કુમકુમનો ચાંલ્લો લગાવવાનો રિવાજ હતો, પરંતુ સમય સાથે બધું બદલાઈ ગયું છે.'

આયુર્વેદિક કોલેજના ડોક્ટર સત્યમ ભટ્ટ કહે છે કે, 'અમારી પાસે સતત માથું દુખવાના પ્રશ્નો લઈને આવતા દરેક દર્દીને ચાંલ્લો લગાવવાની સલાહ આપીએ છીએ. શરીરના મહત્ત્વના ભાગરૂપે અમે બિંદીને જોઈએ છીએ. કપાળના વચ્ચે ચાંલ્લો લગાવવાથી ત્યાં દબાણ થાય છે. જેનાથી સાઇનસના દર્દીને પણ આરામ મળે છે. એટલું જ નહીં, પરંતુ બિંદી લગાવવાથી લોહીનું પરિભ્રમણ ઝડપથી થાય છે. જેના કારણે ચહેરા પર કરચલીઓ પણ પડતી નથી. ચહેરાની એક નસ આપણા કાનની નસ સાથે જોડાયેલી હોય છે. ચાંલ્લો લગાવવાથી સાંભળવાની શક્તિમાં પણ વધારો થાય છે.'

ચાંલ્લાને સવિશેષ ગણવામાં આવે છે. ઘરમાં સત્યનારાયણની કથા હોય કે પછી દિવાળીના દિવસે ચોપડા પૂજન હોય, ચાંલ્લા વગર કોઈ પણ શુભ કાર્ય અધૂરું માનવામાં આવે છે. અહીં તો માત્ર સ્ત્રી અને ચાંલ્લાની વિશેષતા દર્શાવવામાં આવી છે, પરંતુ હકીકતમાં તો યુગો યુગોથી આપણા ત્યાં દરેક પ્રસંગમાં સ્ત્રી અને પુરુષ બંને માટે ચાંલ્લાનું વિશેષ મહત્ત્વ રહેલું છે. માટે જ એમ કહેવું જરાય અતિશયોક્તિ નથી કે દરેક શૃંગાર ચાંલ્લા વગર અધૂરો છે. ■

કોઈ પણ મેકઅપ ચાંલ્લા વગર અપૂર્ણ : ચાંલ્લા આર્ટિસ્ટ

મેકઅપ અને ચાંલ્લાને સરખાવતા જાણીતા ચાંલ્લા વિશેષજ્ઞ પ્રતીક્ષા પરીખ કહે છે, હું મેકઅપ આર્ટિસ્ટ તો છું જ પરંતુ મારું કામ ચાંલ્લાને લઈને વધુ જાણીતું છે. દુબઈથી લઈને કેપટાઉન અને અન્ય દેશમાં પણ હું બ્રાઇડ સાથે જઉં છું. જેમાં શાઇની મેકઅપમાં સોફ્ટ, ક્રિએટિંગની ગ્રાફિક લાઇન્સ અને કલર્સની મ્યુઝ રેન્જ હોય છે. તેમાં પિચી પિન્ક આઇશેડ, સ્મગ્ડ બ્રાઉન આઇલાઇનરની સાથે સિમ્પલ પોઇન્ટવાળા ચાંલ્લા વધુ સારા લાગે છે. આ લુક અનુષ્કા શર્માએ પોતાના લગ્નમાં સમયે પસંદ કર્યો હતો. આજકાલ પિન્ક મેકઅપનો ટ્રેન્ડ પણ જોવા મળે છે. આ મેકઅપ ખાસ કરીને બ્રાઇડની સાથે તેની મિત્ર કે બહેન કરાવે છે. જેમાં લાઇટ મેકઅપ અને ચાંલ્લાનો કલર ડાર્ક રાખવામાં આવે છે. જેથી ફેસ બિલકુલ અલગ લાગે. મોડર્ન ઇન્ડિયન મેકઅપ ભારતીય સ્કિન ટોનને પરફેક્ટલી સૂટ થાય છે. આ મેકઅપમાં ચીકના ભાગને વધુ હાઇલાઇટ કરવામાં આવે છે. જેના કારણે ચાંલ્લો સિમ્પલ અને ગોળાકારમાં પસંદ કરાય છે. આજુબાજુ ક્લરિંગ પેન્સિલનો સિમ્પલ લુક આપવામાં આવે છે. બ્રાઇડ સિવાય અન્ય યુવતી અને મહિલાઓ પોતાના ખાસ દિવસને યાદગાર બનાવવા સોફ્ટ ડ્યુઇ મેકઅપનો યુઝ કરે છે. જેમાં સ્કિનની સાથે કપાળે કરવામાં આવતો ચાંલ્લો પણ બધાથી અલગ હોય છે. એમ કહી શકાય કે આ મેકઅપનો ટ્રેન્ડ ક્યારેય જતો નથી. આજના સમયમાં મેકઅપની સાથે ચાંલ્લા આર્ટિસ્ટની પણ ખાસ ડિમાન્ડ રહેલી છે. ઘણી વખત માત્ર ચાંલ્લો કરવા માટે પણ યુવતીઓ પૈસા ખર્ચે છે. આપણી સંસ્કૃતિ પ્રમાણે બિંદી આપણી ઓળખ છે. વર્તમાન સમયમાં રોજિંદા જીવનમાં જે યુવતીઓ ચાંલ્લાથી દૂર હોય છે, તે પણ પોતાના કે અન્યના પ્રસંગમાં ચાંલ્લાને વિશેષ મહત્ત્વ આપે છે.

વાર્ષિક વિશેષાંક

આંતરિક સૌંદર્ય અને બાહ્ય સૌંદર્ય બંને પરસ્પર સંકળાયેલાં છે

સુંદર દેખાવવા માટે શૃંગારની જરૂર પડતી હોય છે અને શૃંગાર કરવા માટે મેકઅપ આર્ટિસ્ટની જરૂર પડતી હોય છે. સમયની સાથે હવે મહિલાઓમાં મેકઅપને લઈને જાગૃતિ આવી છે. લોકો હવે પોતાની રીતે બેઝિક મેકઅપ કરતા થયા છે, પણ જ્યારે કોઈ પ્રસંગના અનુસંધાનમાં મેકઅપ કરવાનો હોય ત્યારે લોકો મેકઅપ આર્ટિસ્ટની મદદ લેતા હોય છે. શિવાની વિપુલ દેસાઈ આવા જ એક મેકઅપ આર્ટિસ્ટ છે. તેમના મતે સારા મેકઅપ આર્ટિસ્ટ બનવા માટે મેકઅપને લગતી પ્રોડક્ટના જ્ઞાન કે ઉપયોગની સાથે અન્ય ઘણી બધી બાબતો પર ધ્યાન આપવું જરૂરી બની જાય છે. મેકઅપ આર્ટિસ્ટ ટેક્નિક અને ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા પોતાની જાતને સતત અપડેટ કરતો રહે છે. જ્ઞાન અને કલ્પનાશક્તિના સહારે તે ક્લાયન્ટની ખૂબસૂરત દેખાવાની ઝંખનાને સાકાર કરે છે. તેથી જ કહેવાયું છે કે મેકઅપ એ આર્ટ છે અને મેકઅપ કરનારી વ્યક્તિ આર્ટિસ્ટ.

હેતલ **ભટ્ટ**

તમારા મતે શૃંગારની પરિભાષા શું છે?

સામાન્ય સમજ પ્રમાણે શૃંગાર એટલે સુંદરતા. સમજ પ્રમાણે વાત સાચી છે, પણ મારા મતે શૃંગાર એટલે સુંદરતા નિખારવાનું માધ્યમ. દરેક વ્યક્તિ સુંદર જ છે, પણ મેકઅપ એ સુંદરતાને ઉભારે છે. મેકઅપ આર્ટિસ્ટની દ્રષ્ટિએ વાત કરું તો મેકઅપ એ વ્યક્તિની નેચરલ બ્યુટીને ઓછામાં ઓછી વસ્તુનો ઉપયોગ કરી - પોલિશ કરી સુંદર બનાવવાની કળા છે. શૃંગારને જો વધુ માર્મિક શબ્દોમાં વ્યક્ત કરવાનો પ્રયત્ન કરું તો શૃંગાર એ વ્યક્તિની લાગણી-ભાવને અભિવ્યક્ત કરનારું તત્ત્વ છે. શૃંગાર વ્યક્તિને સુંદરતા તો બક્ષે છે સાથે જ આત્મવિશ્વાસ વધારવાનું કામ કરે છે. આનંદ આપે છે.

પ્રસંગોને અનુરૂપ મેકઅપમાં શું ધ્યાન રાખો છો?

કોઈ પણ પ્રસંગે મેકઅપ કરવાનો હોય - લગ્ન સાથે જોડાયેલા પ્રસંગો હોય, આરંગેત્રમ હોય, ગરબા કે નાટક માટે મેકઅપ કરવાનો હોય કે અન્ય કોઈ પ્રસંગે મેકઅપ કરવાનો હોય ત્વચાનો પ્રકાર (સ્કિન ટાઇપ), વાતાવરણ (વેધર) અને સમય (દિવસ છે કે રાત) તેને ધ્યાનમાં રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે કોઈ ડાન્સ ફોર્મ માટે વ્યક્તિને તૈયાર કરવાની હોય તો એ સમયે પસેવો ખૂબ થાય. એમાંય જો ગરમ ઋતુ હોય તો એ પણ ધ્યાને લેવી પડે. લાઇટિંગને કારણે પણ મેકઅપ પર અસર પડતી હોય તેથી એ બાબત પણ ધ્યાને રાખવી પડે. આવા સમયે લાંબા સમય સુધી ટકી રહે એવો મેકઅપ કરવા પર ભાર મૂકવામાં આવે છે. જ્યારે અમે ડાન્સ માટે વ્યક્તિને તૈયાર કરતા હોઈએ ત્યારે એક વાતનું ધ્યાન રાખીએ છીએ કે ચહેરાના હાવભાવ સ્પષ્ટ તરી આવે, કારણ કે ડાન્સમાં ભાવ અને અભિવ્યક્તિનું ખૂબ મહત્ત્વ હોય છે. આ ઉપરાંત કયા પ્રકારનો ડાન્સ છે તે પણ ધ્યાને લેવાય છે. જેમ કે ગરબા માટે કોઈને તૈયાર કરતા હોઈએ તો તેની આંખના ખૂણા પર અમે ત્રણ નાનાં નાનાં ટપકાં કરીએ અને જો પારંપરિક નૃત્ય માટે તૈયાર કરતા હોઈએ તો તેની આંખના ખૂણા અણિયાળા બનાવીએ. આંખોને સ્મોકી ઇફેક્ટ આપીએ. હવે વાત કરીએ લગ્નપ્રસંગની તો જ્યારે અમે લગ્નપ્રસંગ માટે કોઈને તૈયાર કરતા હોઈએ તો એમાં પણ ક્લાસિકલ ડાન્સ ફોર્મની જેમ હેવી લુક આપતો મેકઅપ કરવામાં આવે છે. જ્યારે રિસેપ્શન માટે મહદ્અંશે નીટ એન્ડ ગ્રીટ પ્રકારનો મેકઅપ કરવામાં આવે છે. રિસેપ્શનમાં વ્યક્તિએ બહુ કશું ખાસ કરવાનું હોતું નથી. આમંત્રિતોને ગ્રીટ જ કરવાના હોય છે તેથી એવા સમયે લાઇટ મેકઅપ કરવાનો ટ્રેન્ડ વધ્યો છે.

સમય સાથે મેકઅપ સ્ટાઇલમાં શું પરિવર્તન આવ્યું છે?

ઘણુ બધું પરિવર્તન આવ્યું છે. હું સ્વતંત્ર રીતે કામ કરતી થઈ એ પહેલાંથી મારા મમ્મી સોનલબહેન કે જેઓ પોતે પણ મેકઅપ આર્ટિસ્ટ છે, તેમને આસિસ્ટ કરતી હતી. તેથી આ મારું ઓબ્ઝર્વેશન છે કે મેકઅપ ઇન્ડસ્ટ્રી તો ખરી જ મેકઅપ સ્ટાઇલમાં પણ ઘણુ પરિવર્તન આવ્યું છે. પહેલાં લોકો હેવી મેકઅપ કરવામાં માનતા હતા હવે ક્લાયન્ટ લાઇટ મેકઅપ પર ભાર મૂકે છે. વસ્તુઓ તો બધી વપરાય જ છે, પણ તેના રંગોની પસંદગીમાં ઘણુબધું પરિવર્તન આવ્યું છે. પહેલાની મહિલાઓ બોલ્ડ કલર એટલે કે રેડ-મરુન- ચોકલેટ પ્રકારના શેડનો ઉપયોગ કરવામાં માનતી હતી. આજે પણ આ પ્રકારના શેડનો ઉપયોગ થાય જ છે, પણ તેમાં કયા પ્રકારના ફંક્શન માટે મેકઅપ કરવામાં આવી રહ્યો છે, તેમ જ કોસ્ચ્યુમ સેન્સ કયા પ્રકારની છે તેના આધારે મેકઅપ થાય છે. હવે મેકઅપ કરવા માટે સ્કિન ટાઇપને ધ્યાને લેવાય છે. લોકો આગ્રહ રાખે છે કે મેકઅપના થપેડા ન લાગવા જોઈએ. મેકઅપ સુંદર દેખાય એવો હોવો જોઈએ. હવે લોકોમાં મેકઅપને લઈને જાગૃતિ આવી છે, સાથે જ સ્કિન કેરને લઈને પણ જાગૃતિ આવી છે. હવે લોકો અવેર તો બન્યા છે સાથે જ ક્લિયર પણ બન્યા છે. ક્લાયન્ટ પોતે સ્પષ્ટ હોય છે કે અમારે આ પ્રકારનો મેકઅપ જોઈએ છીએ. ટૂંકમાં, આજના સમયે મેકઅપ આર્ટિસ્ટનું કામ વધારે ચેલેન્જિંગ થઈ ગયું છે. ક્લાયન્ટની સ્પષ્ટતા અમારું કામ થોડું સરળ પણ બનાવી દે છે.

બાહ્ય મેકઅપ આંતરિક સૌંદર્યને પ્રભાવિત બનાવી શકે અથવા આંતરિક સૌંદર્ય બાહ્ય મેકઅપને નિખાર આપી શકે?

હા. જો વાત કરીએ બાહ્ય મેકઅપ અને આંતરિક સૌંદર્યની તો મેકઅપ કરવાથી વ્યક્તિમાં આત્મવિશ્વાસનો સંચાર થાય છે. મન આનંદિત-પ્રફુલ્લિત બની જાય છે. આત્મવિશ્વાસ, આનંદ વ્યક્તિના આંતરિક સૌંદર્યને ઉજાગર કરતા જ પરિબળો છે ને. જો વાત કરીએ આંતરિક સૌંદર્યની મેકઅપ પર પડતી અસરની. તો હું એને એક ઉદાહરણ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરીશ. જ્યારે અમે કોઈ વધૂને તૈયાર કરતા હોઈએ તો અમે હંમેશાં તેમને કહીએ છીએ કે આજે ખુશીનો દિવસ છે. જિંદગીના યાદગાર દિવસો પૈકીનો એક દિવસ છે એટલે ખુશ રહેજો. તમારી ખુશી ચહેરા પર છલકાશે અને મેકઅપ એ ખુશીને અભિવ્યક્ત કરવાનું માધ્યમ બનશે. પરિણામે તમારા ફોટા પણ સુંદર આવશે. જ્યારે તે અંદરથી દુઃખી હોય તો એ દુઃખ તેના ચહેરા પર પણ પ્રતિબિંબિત થતું હોય છે. એવા સમયે ભલે અમે તેને ગમે તેટલી સુંદર રીતે તૈયાર કરીએ પણ જ્યાં સુધી તે અંદરથી ખુશ નથી હોતી ત્યાં સુધી મેકઅપ ઉઠાવ-નિખાર નથી આપતો. તેથી આંતરિક સૌંદર્ય અને બાહ્ય સૌંદર્ય બંને પરસ્પર સંકળાયેલા છે એમ કહી શકાય.

મેકઅપના પ્લાનિંગમાં દેહાકૃતિ-મુખાકૃતિને લક્ષ્યમાં લેવામાં આવે છે?

હા, મેકઅપ કરતી વખતે વ્યક્તિના ચહેરાને ધ્યાને લેવાય છે. તેની દેહાકૃતિને પણ ધ્યાને લેવાય છે. મેકઅપ આર્ટિસ્ટ માટે કોઈ પણ આકારનો ચહેરો હોય તેને ઓવલ એટલે કે અંડાકાર ચહેરો બનાવવો મુખ્ય લક્ષ્ય હોય છે. એવું નથી કે એવો મેકઅપ કરવામાં આવે છે કે વ્યક્તિ ઓળખાય જ નહીં, પણ ચહેરાના ફિચરને હાઇલાઇટ કરવામાં આવે છે. કોન્ટુર ટેકનિકનો ઉપયોગ કરવામાં આવે છે. જો વ્યક્તિ સપ્રમાણ શરીર ધરાવતી હોય તો તેના ગાલ પાતળા હશે એવા સમયે અમારે કોન્ટુર ટેકનિકનો ઓછો ઉપયોગ કરવો પડે છે. જો વ્યક્તિ જાડી હોય તો તેના ગાલ પણ ભરાવદાર હોય છે એવા સમયે ટેકનિકનો ઉપયોગ કરીને ચહેરાને સુંદર દેખાડવામાં આવે છે. મેકઅપ કરતી વખતે અફકોર્સ મુખાકૃતિને ધ્યાનમાં લેવામાં આવે છે. દેહાકૃતિ મહત્ત્વ રાખે છે, પણ મુખાકૃતિ જેટલું નહીં. ફેશન ઇન્ડસ્ટ્રીમાં દેહાકૃતિ વધુ મહત્ત્વ રાખે છે.

સૌંદર્ય જાળવી રાખવા તમે કાયમી ધોરણે કાળજી રાખવા માટે શું સૂચનો-માર્ગદર્શન આપો છો?

હું દરેક મહિલાને કહીશ કે ત્વચાની કાળજી રાખતા શીખો. જેવી રીતે આપણે સ્વચ્છ-ધોયેલા સાફ સૂથરા કપડાં પહેરવાનું પસંદ કરીએ છીએ, એ જ ફન્ડા આપણી સ્કિન પર પણ એપ્લાય કરવાનો છે. ત્વચાની જેટલી કાળજી રાખશો એટલી જ તે તંદુરસ્ત રહેશે અને દેખાશે. આપણે અભિનેત્રીઓની સ્કિન જોતાં જ હોઈએ છીએ. ઘણાને જન્મજાત વરદાન હોય છે ફ્લોલેસ સ્કિનનું. જ્યારે કેટલાકે ફ્લોલેસ સ્કિન મેળવવા કે રાખવા માટે મહેનત કરવી પડે છે. આ માટે રોજ ક્લિન્ઝર-ટોનર-મોઇશ્ચરાઇઝરનું રૂટિન અનુસરો. ત્વચાને તંદુરસ્ત રાખવા માટે આ ત્રણ વસ્તુઓ ખૂબ મહત્ત્વની છે. તેને અનુસરશો તો સુંદર દેખાવવા માટે બહુ મહેનત નહીં કરવી પડે. રોજ સવારે અને સાંજે ઋતુ અનુસાર ક્લિન્સર-ટોનર અને મોઇશ્ચરાઇઝરનો ઉપયોગ કરવાનો રાખો. ■

મહત્તમ રૂ. ૩૦ લાખ
સુધીનું ધિરાણ તુરંત જ
સરલ ધિરાણ સુવિધા
LOAN
હિસાબોની ઝંઝટમાંથી મુક્તિ
સરળ દસ્તાવેજી પ્રક્રિયા
મહિલા અરજદારોને વ્યાજદરમાં ૧%ની વિશેષ રાહત
વ્યાજદર ફકત ૧૦.૫૦%થી
Follow us on :
Download Our App on :
વધુ માહિતી માટે નજીકની શાખાનો સંપર્ક કરો અથવા ૯૪૨૮૨૮૨૯૨૮માં મિસ્ડ કૉલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
(મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
વિનોદ શર્મા
સી.ઈ.ઓ. - જનરલ મેનેજર
નલિન વસા
ચેરમેન
શૈલેષ ઠાકર
વાઈસ ચેરમેન
મુખ્ય અને રજી. ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' ફીટ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ - ૩૬૦૦૦૫,
ફોન : ૨૫૫૫૫૫૫ Email : marketing@rnsbindia.com Website : www.rnsbindia.com
નાના માણસની મોટી બેંક

અંતિમ સંસ્કાર પહેલાંના અંતિમ શૃંગારની પરંપરા

‘આ જે મને નવાં વસ્ત્રો પહેરાવજો.’

બીમાર અવસ્થામાં પથારીવશ મહિલા તેમને સ્પંજ કરવા આવનાર સેવિકાને આવું કહે અને પછીની પંદર મિનિટમાં જ દેહત્યાગ કરે ત્યારે પ્રશ્ન થાય કે આવી ઇચ્છા, આવા શબ્દોની પ્રેરણા માટે કોઈ ચેતના કામ કરતી હશે?

પ્રશ્ન વિચારણીય છે, એટલા માટે કે ઈશ્વરના દરબારમાં પણ શૃંગાર સાથે જવાનું તેમાં ઇંગિત છે. પરમ ધામમાં નૂતન વસ્ત્ર પરિધાન જ નહીં તો સ્વચ્છ અને સૌમ્ય શરીરની આખરી સફરનું મહાત્મ્ય હોવું જોઈએ.

- શરીર અહીં જ નાશ પામવાનું છે અને આત્મા નિરાકાર છે. એ જ શરીર છોડીને જાય છે છતાં જતાં પહેલાં આવી ઇચ્છા પ્રગટ કરાવનાર તત્ત્વ કયું હોય?

- પરમ તત્ત્વ મૃત્યુને અશુભ નહીં ગણતું હોય. એટલે આવા આખરી વિધાનમાં મૃત્યુનું શુભત્વ પ્રગટ થાય છે. મૃત્યુનું મહાત્મ્ય અને પવિત્રતા પ્રગટ થાય છે.

આપણી ગુજરાતી ભાષાના સ્વનામધન્ય લેખક અને ચિંતક કિશનસિંહ ચાવડા વિશે એવું જાણ્યું છે કે તેઓ રોજ રાત્રે વ્યવસ્થિત તૈયાર થઈને, વાળ ઓળાવીને સૂતા. તેઓ કહેતા કે, રાત્રે ભરનિદ્રામાં પણ મૃત્યુ આવે તો ઈશ્વર પાસે અવ્યવસ્થિત ન જવાય. અધ્યાત્મના રંગે રંગાયેલા કિશનસિંહ ચાવડાની આ વાત દાર્શનિક પ્રકારની છે.

સૌભાગ્યવતી સ્ત્રીના મૃત્યુ વખતે તેને ચૂંદડીના શૃંગાર સાથે અંતિમ વિદાય આપવાની પ્રણાલી હિન્દુ સમાજમાં છે. રાજપૂત સ્ત્રીઓના જૌહરની કથાઓ જાણીતી છે. આ રાજપૂતાણીઓ પણ મૃત્યુને આલિંગન આપવા જતાં પહેલાં શૃંગાર કરતી હતી. યુદ્ધમાં જનાર રાજપૂતો કેસરિયા કરતા. આ ‘કેસરિયા કરવા’ એટલે યુદ્ધમેદાનમાંથી જીવતા પાછા આવવાનું નક્કી નહીં. કુટુંબને છેલ્લા જુહાર કરીને નિકળે ત્યારે કેસરી વસ્ત્રોમાં સજ્જ થઈને નિકળે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં ક્રાંતિકારીઓ ‘રંગ દે બસંતી ચોલા...’ની ભાવના સાથે ફાંસીએ ચઢતા હતા. રંગ વાસંતી હોય કે કસુંબલ હોય, એ બલિદાનનો શૃંગાર છે એટલું તો નિશ્ચિત.

મૃતદેહના શૃંગારની પરંપરા અને પ્રણાલી ક્યાંક ઘેરી તો ક્યાંક આછી-પાતળી, પણ સર્વ સમાજોમાં વ્યાપ્ત છે. ઇજિપ્તના પિરામિડોમાંથી મળી આવેલા મમીઓ પણ કેટલા શૃંગારિત અને સુસજ્જ છે. સદીઓ સુધી દેહ અને મુખાકૃતિને સુંદર રાખી શકે એવા શૃંગાર પ્રસાધનો એ વખતે વિદ્યમાન હતાં અને મૃતદેહના માન-સન્માનની કેવી ઉદાત્ત ભાવના હશે તેની આપણે માત્ર કલ્પના જ કરી શકીએ છીએ.

મૃતદેહના શૃંગારની વિવિધ સમાજોની આવી પ્રણાલી વાસ્તવમાં સંશોધનનો વિષય છે.

થોડા સમય પૂર્વે જ્યારે બોલિવૂડની પ્રખ્યાત અભિનેત્રી શ્રીદેવીનું મૃત્યુ થયું ત્યારે એમને નવવધૂના પૂરેપૂરા શૃંગાર સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. એક અખંડ સૌભાગ્યવતી ભારતીય હિન્દુ મહિલાની જેમ એમની સેંથી સિંદૂરથી ભરેલી હતી. એમને સોનેરી અને મરુન રંગની કાંજીવરમ સાડી તથા ગળામાં મંગળસૂત્ર પહેરાવવામાં આવ્યું હતું. કહે છે કે તેના શૃંગાર માટે બ્યુટિશિયનોને બોલાવાઈ હતી.

ભારતીય સમાજમાં અને એમાંય ખાસ તો હિન્દુ ધર્મ પાળતા, હિન્દુ જીવનશૈલી જીવતા લોકોમાં આ પ્રકારનો શવ-શૃંગાર એક વિશેષ મહત્ત્વ ધરાવતો હોય છે. સામાન્ય રીતે દરેક સમાજમાં અંતિમ સંસ્કાર પૂર્વે મૃતદેહને એક વિશેષ પદ્ધતિના શૃંગારથી શણગારમાં આવે છે. એનું ધાર્મિક મહત્ત્વ છે, એટલું જ સામાજિક મહત્ત્વ પણ છે. પરણિત દંપતીમાંથી જો પહેલા પુરુષનું અવસાન થાય તો એના માટે એવો કોઈ વિશિષ્ટ શૃંગાર હોતો નથી, પરંતુ કોઈ પણ સમાજ હોય એમાં જો દંપતીમાંથી પહેલા પત્નીનું મૃત્યુ થાય એટલે કે એ સૌભાગ્યવતી હોય ત્યારે મૃત્યુ પામે તો એના માનસન્માનમાં કેટલીક વિશિષ્ટ પદ્ધતિ અને પ્રવિધિ ઉપયોગમાં લેવાની જોગવાઈ હોય છે.

આપણે ત્યાં જેમ મૃતદેહને શૃંગાર કરીને અગ્નિ સંસ્કાર કરવામાં આવે છે એવી જ રીતે પ્રાચીન કાળમાં ઇજિપ્ત ઇત્યાદિ દેશોમાં પણ એવો રિવાજ હતો, પરંતુ ત્યાં શબને શૃંગાર કર્યા પછી એક વિશિષ્ટ પેટીમાં કે એવી વિશેષ રીતે તૈયાર કરેલી ઇમારત કે જેને પિરામિડ કહેતા એમાં રાખવાનો રિવાજ હતો. આ પેટી કે પિરામિડમાં કેટલાંક રસાયણો અને જડીબુટ્ટીઓના પ્રયોગ દ્વારા પ્રાણવિહીન શરીરને વરસોનાં વરસો સુધી યથાવત્ જાળવી રાખવાનો પ્રયાસ થતો. આજ દિન સુધીમાં, સૌથી જૂની અને કુદરતી રીતે ૧૯૩૬માં મળી આવેલું મમીમાં રાખેલું મનુષ્યનું શરીરથી અલગ કરવામાં આવેલું માથું છે, એ લગભગ ૬૦૦૦ વર્ષ જૂનું છે એવું કાર્બન ટેસ્ટ પછી જાણી શકાયું છે. ઇજિપ્તની સૌથી વધુ પ્રસિદ્ધ અને સૌથી પહેલી મમી ૩૩૦૦ બી.સી.ના સમયગાળાની જણાતી ‘જિંજર’ મમી છે, જે એના માથાના વાળને આધારે ઓળખાય છે. એ જમાનામાં શબને દફન કરનારાઓ મીઠાનો છૂટથી ઉપયોગ કરતા. જેથી શરીરમાંથી ભેજ દૂર કરીને એને લાંબો સમય સુધી સુરક્ષિત સાચવી શકાય. મમીને ધાર્મિક વિધિ સાથે સુગંધિત પદાર્થો અને તેલ વડે અભ્યંજિત કરવામાં આવતું.

પેટી કે પિરામિડની સંરચના એ પ્રકારની હોય છે કે એમાં હવા, ભેજ ઇત્યાદિની ગેરહાજરીને લીધે શબ સારી રીતે સુકાયા પછી ઘણા લાંબા સમય સુધી યથાવત્ જળવાઈ રહે છે. જોકે એમાં વિશિષ્ટ રસાયણો અને કેટલીક જડીબુટ્ટીઓ ઉપયોગ થતો. નેટ્રોન માનવ શરીરને રણની રેતીથી પણ વધારે ઝડપથી સૂકવે છે અને શરીરની લાંબા સમય સુધીની સાચવણી પણ કરે છે. આંગળી અને અંગૂઠા પર સફેદ લીનનની પટ્ટીઓ લપેટવામાં આવતી. આખા શબના રક્ષણ કરવા માટે એને કેનવાસના પતરામાં લપેટવામાં આવતું. મૃતદેહની આસપાસ, કેટલાંક પવિત્ર આભૂષણો પણ મૂકવામાં આવતાં. પછી આ શવને એક તાબૂતમાં સુરક્ષિત રીતે ગોઠવવામાં આવતું. જોકે મમીના મોઢાને શ્વાસોચ્છ્વાસની ધાર્મિક પ્રક્રિયાના સંદર્ભે ત્યાંથી ખુલ્લું રાખવામાં આવતું. થોડા સમય પહેલાં મિસરના એલેક્ઝાન્ડ્રિયા શહેરની પાસે તપોસિરિસ મગ્ન ખાતે બે મમી મળ્યા છે. જે ૨૦૦૦ વર્ષ પહેલાં રાણી કિલિયોપેટ્રાએ આત્મહત્યા કરી ત્યાર બાદ અહીં દફનાવવામાં આવી હશે. મિસરની અંતિમ રાણી અને દુનિયાની સૌથી સુંદર મહિલાઓમાં સામેલ કિલિયોપેટ્રા, ઇતિહાસની સૌથી લોકપ્રિય મહિલા શાસક રહી છે, પરંતુ તેના અંતિમ સંસ્કારને લઈને આજે પણ રહસ્ય રહેલું છે. હોલિવૂડની મમી સિરીઝની ઢગલાબંધ ફિલ્મોને કારણે ઇજિપ્તમાંથી મળી આવતી મમી વિશે અને મમી સાથે હંમેશાં કંઈ ને કંઈ રહસ્ય જોડાયેલું હોય છે, એ વાત જગજાહેર થઈ ચૂકી છે. પ્રાચીન ઇજિપ્તના કારીગરો રસાયણના એવા જાણકાર હતા કે ત્યારે મૃતદેહને લપેટતાં અને આજે અઢી-ત્રણ હજાર વર્ષ પછી ખોલવામાં આવે તો પણ મમી સચવાયેલા મળી આવે છે. ઇજિપ્તના પાટનગર કૈરોમાં ગિઝા અને ખુફુ સહિતના અનેક કદાવર પિરામિડો આજે પણ ઊભા છે. પુરાતત્ત્વશાસ્ત્રીઓ કૈરોના દક્ષિણ આવેલા સક્કારા નામના એક પુરાતનનગરના અવશેષો તપાસતા હતા ત્યારે એમને એક બે નહીં, પૂરી ૫૯ મમી મળી આવી. ઇજિપ્તના ઇતિહાસમાં મોટી સંખ્યામાં મમી મળી આવવાનો આ એક વિરલ પ્રસંગ હતો. આમ પણ ઇજિપ્તના અર્થતંત્રનો મોટો આધાર પિરામિડો જોવા આવતા પ્રવાસીઓ પર છે. આ ૫૯ મમી ૨૫૦૦થી ૨૬૦૦ વર્ષ જૂના છે. સક્કારા મિસરના યુગમાં પાટનગર રહેલા મેમ્ફિસનો ભાગ હતું. જેને યુનેસ્કોએ ૧૯૭૯માં વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર કરી દીધી હતી. હવે ઇજિપ્ત પાસે પિરામિડોમાંથી મળી આવતા અવશેષો એટલા બધા થવા લાગ્યા છે કે સમાવવા માટે સંગ્રહાલય ખૂટી રહ્યાં છે. ઇજિપ્ત સરકાર એટલે ગિઝા પાસે જ ગ્રાન્ડ ઇજિપ્શિયન મ્યુઝિયમ તૈયાર કરે છે. આમ તો આ મ્યુઝિયમ તૈયાર થઈ ગયું હોત, પણ કોરોનાએ કામ અટકાવી દીધું. એટલે હવે આ વર્ષે, ૨૦૨૧માં ખુલ્લું મુકાશે અને આ મમીનો સંગ્રહ પ્રદર્શિત કરાશે.

આપણી સંસ્કૃતિમાં અખંડ સૌભાગ્યવતી મહિલાના મૃતદેહનો શૃંગાર હોય કે ઇજિપ્તની સંસ્કૃતિમાં મમીના શૃંગારની વાત હોય, જીવનના અંતિમ સંસ્કાર પહેલાના અંતિમ એવા શવ-શૃંગારનું મહત્ત્વ હંમેશાં રહ્યું છે અને રહેશે, કારણ કે આખરે તોએ જે-તે વ્યક્તિ પ્રત્યે માનસન્માન આદર વ્યક્ત કરવાનો અંતિમ પડાવ છે. ■

પરીક્ષિત જોશી

'અદના આદમીની અડીખમ બેંક'
શ્રી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી.
હેડ ઓફિસ: 'જીલ્લા બેંક ભવન', કસ્તુરબા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧.(ગુજરાત-ભારત)
ફોન: ૦૨૮૧-૨૨૩૧૬૫૦/૧/૨/૩, ૨૨૨૬૬૧૦-૫૦-૬૦-૭૦, (એક.) ૦૨૮૧-૨૨૨૪૮૬૫
ફેક્સ : ૦૨૮૧-૨૨૨૩૪૫૭. E-mail : admin@rdcbank.org web : www.rdcbank.org
વિશિષ્ટ સુવિધાઓ
- દેશના માન. વડા પ્રધાનશ્રી/નાણાંપ્રધાનશ્રી હસ્તે સતત પાંચ વખત 'બેસ્ટ પરફોર્મન્સ એવોર્ડ' તેમજ ત્રણ વખત 'નાફસ્કોબ તકથી એવોર્ડ' મેળવતી બેંક.
- NEFT-RTGS-MICRO ATM, SMS એલર્ટ, આધાર લીંકેજ સુવિધા ધરાવતી બેંક.
- રાજયમાં સતત ૨૮ વર્ષથી વસુલાતમાં પ્રથમ નંબરે રહી રાજય બેંકનો દશાબ્દિ એવોર્ડ મેળવનાર બેંક.
- ૯૯% વસુલાત કરતી અને નાબાર્ડના ધોરણો મુજબ '૦' નેટ NPA વાળી બેંક.
- નિયમાનુસાર (₹ ૫.૦૦ લાખ સુધી) વિમાથી સુરક્ષિત ₹ ૬,૬૫૯ કરોડની થાપણો અને ₹ ૬૦૬ કરોડનું રિઝર્વ ફંડ ધરાવતી બેંક.
- મુખ્ય કચેરી રાજકોટમાં ૩ થી ૧૦ રાત્રિના દાગીના ધિરાણ સુવિધા તેમજ ૨૪ કલાક અને ૩૬૫ દિવસ લોકર ઓપરેટિંગની સુવિધા આપતી માત્ર એક જ બેંક.
- કેન્દ્ર સરકારની PMSBY યોજના હેઠળ, ₹ ૧૨/- ના પ્રિમિયમથી અકસ્માત વિમો, PMJJBY યોજના હેઠળ ₹ ૩૩૦/ના પ્રિમિયમથી જીવન વિમો, APY હેઠળ, પેન્શન યોજના તથા ગ્રાહકોને પાનકાર્ડ કઢાવી આપવાની કામગીરી કરતી બેંક.
- ૮૮૯ સંયોજીત સહકારી સંસ્થાઓ તથા બેંકની ૧૯૯ શાખાઓ અને ૧૧૦૪ કર્મચારીઓનાં નેટવર્ક દ્વારા ખેતી અને ખેતી આધારીત ઉદ્યોગો માટે ધિરાણ તથા ગ્રાહકોને ઉત્તમ સેવા પુરી પાડતી બેંક.

નાણાંકીય સ્થિતિ
તા. ૩૧-૦૩-૨૦૨૧ (ઓડીટેડ) (આંકડા લાખમાં)

શેર ભંડોળ	૧૦,૧૮૫	રોકાણો	૩,૫૪,૦૩૮
અનામત તથા અન્ય ભંડોળ	૬૦,૫૭૦	ધિરાણો (બાકી)	૪,૧૮,૦૫૨
થાપણો	૬,૬૫,૮૬૯	ચોખ્ખો નફો	૪,૭૦૦
રીકવરી (૩૦/૦૬/૨૦૨૧)	૯૯.૩૪%	ડિવિડન્ડ (સુચિત)	૧૫%

વી. એમ. સખીયા
જનરલ મેનેજરશ્રી
ઘનશ્યામભાઈ ખાટરીયા
મેનેજીંગ ડિરેકટરશ્રી
મગનભાઈ વડાવીયા
વાઈસ ચેરમેનશ્રી
જયેશભાઈ રાદડીયા
ચેરમેનશ્રી

સગર્ભાવસ્થા દરમ્યાન કોવિડ-19 રસીકરણ
01 જો સગર્ભાવસ્થામાં કોરોનાનો ચેપ લાગે તો અધુરા માસે પ્રસુતિ થવી, અપૂરતા વિકાસના લીધે જન્મ સમયે બાળકનું વજન ૨.૫ કિલો કરતા ઓછું કે પછી ગર્ભમાં જ બાળકનું મૃત્યુ થવાનું જોખમ રહેલું છે.
02 ૧૮ કે તેથી વધુ વયની તમામ સગર્ભા મહિલાઓએ સગર્ભાવસ્થા દરમ્યાન કોઈપણ સમયે કોરોનાની રસી લેવી હિતાવહ છે.
03 જો સગર્ભાવસ્થામાં કોરોનાનો ચેપ લાગ્યો હોય તો પ્રસૂતિ બાદ તરત જ કોરોનાની રસી લેવી જોઈએ.
04 સગર્ભાવસ્થામાં કોરોનાના જોખમ ને જોતાં, કોરોનાની રસી લઈ લેવી હિતાવહ છે.
રસી લીધા પછી પણ કોવિડને અનુરૂપ વ્યવહારોનું પાલન કરો
કોવિડ-19ને અનુરૂપ વર્તણુકનું પાલન કરતા રહો
માસ્ક પહેરો
એક બીજા પ્રત્યે સલામત અંતર રાખો
વારંવાર હાથ ધુઓ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

પુરુષ સાજ-સજ્જા કરે છે, શૃંગાર નહીં

પુરુષ સલૂનમાં જઈને ફેસિયલ, હેર ટ્રીટમેન્ટ વગેરે કરાવે છે. પ્રભાવશાળી દેખાવ માટે સૌંદર્ય પ્રસાધનો વાપરે છે. આભૂષણ ધારણ કરે છે. વસ્ત્ર પરિધાનમાં પણ લગભગ સ્ત્રીઓના જેટલી જ ચીવટ રાખે છે. આમ છતાં પુરુષે શૃંગાર કર્યો છે એમ નહીં કહેવાય.

શૃંગાર તો હવે પુરુષો પણ કરે છે ત્યારે ચર્ચા માત્ર નારી શૃંગારની જ કેમ? આવો પ્રશ્ન પૂછાય ત્યારે કહેવું પડે કે શૃંગારની સમગ્ર વિભાવના જ નારી-કેન્દ્રિત છે. તેમાં પુરુષ ગૌણ તત્ત્વ છે. 'શૃંગાર' શબ્દાવલીના પ્રયોજનમાં પણ ક્યાંય પુરુષનું સ્થાન જણાતું નથી. પુરુષોએ તેમાં ઈર્ષ્યા કરવાની જરૂર નથી. પૌરુષ તત્ત્વની ઉપસ્થિતિ, દૃષ્ટિ વિના નારી શૃંગાર નિરર્થક બની રહે છે. શૃંગારરસના તત્ત્વાવધાનમાં પુરુષની ભૂમિકા અલગ અને અનોખી છે. એ ભૂમિકા માટે પુરુષને કોઈ શૃંગારની આવશ્યકતા નથી તેમ અપેક્ષા પણ નથી. પુરુષનું પૌરુષ જ તેનો શૃંગાર છે. આ પૌરુષ તેની દેહયષ્ટિમાં, તેની ચાલ અને તેની વાણીમાં પ્રતિબિંબિત થયા વિના રહેતું નથી. આ પ્રાકૃતિક સોગાદ જ તેનું આભૂષણ છે. એ ઉપરાંત પુરુષ જે કાંઈ ધારણ કરે છે એ તેની સાજ-સજ્જા છે. આ પરંપરાગત વિભાવનામાં પુરુષ પણ ગળામાં માળા, કાને કુંડળ, વંકાયેલી મૂછો, વસ્ત્ર પરિધાનની છટા, હાથમાં કડું વગેરેને ધારણ કરે છે.

એમ તો પરાપૂર્વથી કહેવાતું આવ્યું છે કે સ્ત્રીની લજ્જા એ જ તેનો સૌથી મોટો શૃંગાર છે. વાત સાચી, પરંતુ એ તો પ્રત્યેક સ્ત્રીનું પ્રાકૃતિક ગુણલક્ષણ છે. સ્ત્રી સ્વભાવગત રીતે જ શૃંગાર-ઉત્સુક હોય છે. પુરુષને માટે એકદમ એવું નહીં કહી શકાય.

- પણ આપણે વિચાર કરવો પડે આજના પુરુષના સંદર્ભમાં. આજનો પુરુષ સ્ત્રીઓની માફક જ સલૂનમાં જઈને ફેસિયલ, હેર ટ્રીટમેન્ટ વગેરે કરાવે છે. પ્રભાવશાળી દેખાવ માટે સૌંદર્ય પ્રસાધનો વાપરે છે. આભૂષણ, ઉપકરણો ધારણ કરે છે. વસ્ત્ર પરિધાનમાં પણ લગભગ સ્ત્રીઓના જેટલી જ ચીવટ રાખે છે. આમ છતાં પુરુષે શૃંગાર કર્યો છે એમ નહીં કહેવાય. પુરુષ અવસર માટે સારી રીતે તૈયાર થાય છે, એવું જ કહેવાશે. પુરુષ ગમે તેટલો ફેશનેબલ કે વરણાગી થાય તો પણ તેને માટે શૃંગાર શબ્દ પ્રયોગ નહીં થઈ શકે. એ પુરુષને પણ ગમે તેવી વાત નથી. પુરુષ તૈયાર થવામાં કોઈની મદદ લે તો પણ તેને બ્યુટીશિયન નહીં કહી શકાય. શૃંગારના સંદર્ભમાં જે કોઈ કલા, સાહિત્યની રચના થઈ છે તે સ્ત્રીને અનુલક્ષીને છે. શૃંગાર શબ્દાવલી તો સ્ત્રીઓના માનાર્થે તેમને માટે જ અનામત રાખવી પડશે. પુરુષ સારા દેખાવ માટે ગમે તેટલા ઉધામા કરે તો પણ આખરે તો એ તેની સજાવટ ગણાશે, શૃંગાર નહીં. પણ આજનો પુરુષ સજધજમાં સ્ત્રીઓથી પાછળ નથી એટલું તો સ્વીકારવું પડશે. નાટકો અને ફિલ્મોના ઉદયકાળે પુરુષો સ્ત્રીનાં પાત્રો ભજવતા ત્યારે તેમને શૃંગારનો આશ્રય લેવો પડતો, પરંતુ એ પણ 'સ્ત્રી' બનવા માટે. અન્યથા કોઈ પુરુષ વ્યક્તિગત રીતે વધુ પડતો શૃંગારનો આશ્રય લે તો તેને વિશે જુદા પ્રકારની ચર્ચા શરૂ થવાની શક્યતા રહે છે. એટલે પુરુષની સાજ-સજાવટ માટે જ્યાં સુધી તેમને મનપસંદ શબ્દાવલી ન મળે ત્યાં સુધી 'શૃંગાર'થી તો દૂર રહેવામાં મજા છે. શૃંગાર સ્ત્રીઓને મુબારક. ■

www.hofindia.com

HOF
Furniture & more

AWE-INSPIRING SOFA
desires an inviting host

OOH & AAH
SOFAS BY HOF

OOH for the looks. AAH for the comfort.

Office Chairs | Sofas | Modular Systems | Institutional Furniture | Hospital Furniture

Available at shop.hofindia.com | amazon | flipkart | GeM Government e Marketplace | **Toll Free No. 1800 123 404040**

Franchisee & Dealer Inquiry Solicited +91 9904302521 rajesh@hofindia.com

T & C apply

TRITON

Pioneer in spices since 60 years

JHAVERI's MAST !

Desh ka Swad

Rajashahi Garam Masala

Available in 10g, 50g, 100g, 200g, 500g, 1kg & 5kg

jspl JHAVERI SPICES PVT. LTD.

Email: info@mastspices.com | Call 1800-313-3424 | www.mastspices.com

Now Available on amazon & Flipkart

R.No. MNW/280/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 4340/86 LICENCE TO Tech/RO/AHD/LPWP/Misc./2021-23 POST AT PSO. AHD-380 002 ON SATURDAY 31-07-2021. PUBLISHED EVERY SATURDAY FROM:- SAMBHAAV MEDIA LTD. OPP CHIEF JUSTICE BUNGLOW AHD-380015